મહાત્મા ગાંધીના સહયાત્રીઓ વિશેષાંક

# પ્રબુદ્ધ જીવન

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલવર્ષ-૬૪)

અંક-૧૧ • ફેબ્રુઆરી, ૨૦૧૬ • પાનાં ૧૨૦ • કીમત રૂા. ૨૦/-

RNI NO. MAHBIL/2013/50453

YEAR : 3 • ISSUE : 11 • FEBRUARY 2016 • PAGES 120 • PRICE 20/-



## જિન-વચન

**બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરનારે સ્નિગ્ધ ભોજનનો ત્યાગ કરવો જોઇએ**

पणीयं भत्तपाणं तु खिप्पं मयविवड्ढणं ।
बंभचेररओ भिक्खू निच्चसो परिवज्जए ।।

(ઉ.૧૬-૭)

સ્નિગ્ધ ભોજન કામવાસનાને જલદી વધારનાર નીવડે છે. એટલે બ્રહ્મચર્ય વ્રતનું હોંશથી પાલન કરવા ઇચ્છતા મુનિએ એવા ભોજનનો કાયમને માટે ત્યાગ કરવો જોઇએ.

Rich food arouses passions quickly. Therefore, a monk who is keenly interested in practising the vow of celibacy should always avoid such rich food.

**ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन वचन' માંથી**

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

**પ્રબુદ્ધ વાચકોને પ્રણામ**

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

# હું 'મહાત્મા' જન્મ્યો નહોતો

ગાંધીજીને તો આચરણ એ જ પ્રવચન. છેલ્લાં વરસમાં બંગાળમાં કોઈએ સંદેશો માંગ્યો ત્યારે એમણે બંગાળીમાં 'આમાર જીવનઈ આમાર વાણી'-મારું જીવન એ જ મારો સંદેશ છે, એમ લખી આપ્યું હતું.

આફ્રિકાથી હિંદ આવ્યા પછી પહેલી વાર જેલમાં ગયા ત્યારે આપણાં દેશના ખેડૂતોની જેમ સવારે વહેલાં ચાર વાગ્યે ઊઠતા અને આખો દિવાસ કામ કરતા. આમજનતા પરિશ્રમ કરીને પરસેવાનો રોટલો ખાય છે એની સાથે પોતાનું તાદાત્મ્ય સાચવવા ચાર કલાક રેંટિયો કાંતવાનું અને બે કલાક પીંજવાનું એમ રોજ છ કલાક શ્રમકાર્ય કરતા.

એમની સાથે જેલમાં શંકરલાલ બેંકરને મૂકવામાં આવ્યા ત્યારે એમને માટે ગાંધીજીએ તરત સમયપત્રક ગોઠવી આપ્યું. શંકરલાલભાઈ પણ બે કલાક કાંતતા.

શંકરલાલભાઈને છૂટવાનો સમય આવ્યો. બાપુએ એમને જેલના સહવાસમાં એક રીતે નવું જીવન જ આપ્યું હતું. ગદ્ગદ્ભાવે તેઓ એ વિષે બોલી રહ્યા હતા.

સાંભળીને બાપુ કહેઃ અહીંના મારી સાથેના જીવનથી તમને લાભ થયો છે એમ લાગે તો બહાર જાઓ ત્યારે અહીંના આ જીવન વિશે લોકોને વાત કરજો.

'જરૂર, એ વિશે તો સહુને વાત કરીશ જ. એથી એમને લાભ પણ થશે એમ માનું છું.'

ત્યાં ગાંધીજીએ તરત પ્રશ્ન કર્યોઃ એ વાત સાંભળી લોકો શું કહેશે તે જાણો છો ને?

'એનો વિચાર મેં કર્યો નથી.'

મનુષ્ય-સ્વભાવને, મનુષ્યની કમજોરીઓને બાપુ બરાબર ઓળખે. મહાજનોને અનુસરવા કરતાં માન આપીને અભરાઈએ ચઢાવી દેવામાં મનુષ્ય પાવરધો છે. બાપુએ કહ્યું: જુઓ, હું કહું, લોક તો કહેશે કે, એ તો મહાત્મા રહ્યા. એવું જીવન તેઓ જ જીવી શકે. અમારાથી થોડું એવું કંઈ થઈ શકે?

શંકરલાલભાઈના મનમાં એ વાત ઊતરીઃ ખરું છે. લોકોને એમ લાગે ને એમ જ કહે.

બાપુઃ તો તમે એ વિશે એમને શું કહેશો?

શંકરલાલભાઈ : એ બાબતનો મેં કશો જ વિચાર કર્યો નથી. એટલે હું શું કહું?

બાપુએ એમને કહ્યુંઃ કોઈ તમને એમ કહે તો કહેજો કે હું કાંઈ પહેલેથી મહાત્મા જન્મ્યો નહોતો. મારામાં પણ અનેક દોષો હતા અને તે દૂર કરવા કાળજીપૂર્વક સતત પ્રયત્ન કરતો રહ્યો. વાણિયો જેમ અડધી અડધી એકઠી કરી શાહુકાર બને તેમ સદ્ગુણો કેળવતો ગયો અને આજે સ્થિતિ એવી થઈ છે કે લોકો મને મહાત્મા કહે છે. જોકે એનાથી હું હજીયે ઘણો દૂર છું. એટલે સર્વે માણસો માટે એ ધોરી માર્ગ છે ને દરેક જણ વિચાર કરીને શ્રદ્ધાપૂર્વક દૃઢતાથી એ દિશામાં પ્રયત્ન કરે તો જરૂર આગળ વધી શકે.

□ ઉમાશંકર જોષી

# પ્રબુદ્ધ જીવન

## મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક — ફેબ્રુઆરી ૨૦૧૬

## સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | ગાંધીધન | ડૉ. ધનવંત શાહ | ૦૫ |
| ૨ | બે બોલ | સોનલ પરીખ | ૦૭ |
| ૩ | માનવતાનું મેરૂપદ | સ્વામી આનંદ | ૦૯ |
| ૪ | ગાંધીજીના આધ્યાત્મિક સહપાંથીઓ | ડૉ. નરેશ વેદ | ૧૧ |
| ૫ | મહાત્મા ગાંધીના સાહિત્યસાથીઓ | રઘુવીર ચૌધરી | ૧૫ |
| ૬ | ધરતીનું લુણ સ્વામી આનંદ | વિપુલ કલ્યાણી | ૧૯ |
| ૭ | સરદાર–નહેરૂ–શાસ્ત્રી–કૃપાલાણી | — | ૨૨ |
| ૮ | મહાત્મા ગાંધી અને તેમના કુટુંબીજનો | નીલમ પરીખ | ૨૭ |
| ૯ | બાપુના પગલે પગલે | તુષાર ગાંધી | ૩૧ |
| ૧૦ | મહાત્મા ગાંધી અને દક્ષિણ આફ્રિકાના સાથીઓ | યોગેન્દ્ર પરીખ | ૩૩ |
| ૧૧ | મહાત્મા ગાંધી અને તેમના આશ્રમના સાથીઓ | નીલમ પરીખ | ૩૬ |
| ૧૨ | મહાત્માના રહસ્યમંત્રીઓ | જયાબેન શાહ | ૩૯ |
| ૧૩ | મહાત્મા ગાંધીના સત્યાગ્રહો અને તેના સાથીઓ | સોનલ પરીખ | ૪૩ |
| ૧૪ | નઈ તાલીમ અને તેના ધુરીણો | રમેશ સંઘવી | ૪૪ |
| ૧૫ | મહાત્મા ગાંધી અને તેમના સૌરાષ્ટ્રના સાથીઓ | ગંભીરસિંહ ગોહિલ | ૫૩ |
| ૧૬ | છે તેટલું તો વાપરો ! | રવિશંકર મહારાજ | ૫૬ |
| ૧૭ | મહાત્મા ગાંધીના અમદાવાદના સાથીઓ | સોનલ પરીખ | ૫૭ |
| ૧૮ | મહાત્મા ગાંધીના મહિલા સાથીઓ | જિતેન્દ્ર દવે | ૬૩ |
| ૧૯ | મહાત્મા ગાંધી અને એમના કેટલાક સાથીઓ | ડૉ. દિનકર જોષી | ૬૬ |
| ૨૦ | મહાત્મા ગાંધી અને આંબેડકર | મહેબૂબ દેસાઈ | ૬૪ |
| ૨૧ | ગાંધીજીના પરમ સેવક–નરહરિભાઈ | — | ૬૫ |
| ૨૨ | વિનોબા યુગની આકાશગંગા | મીરા ભટ્ટ | ૬૬ |
| ૨૩ | મહાત્મા ગાંધી અને તેમનાં વિદેશી સાથીઓ | જિતેન્દ્ર દવે | ૬૮ |
| ૨૪ | મહાત્મા ગાંધીના સેવાયજ્ઞના સાથીઓ | — | ૭૨ |
| ૨૫ | ગાંધીજી અને ગુરુદેવ | રવીન્દ્ર સાંકળિયા | ૭૪ |
| ૨૬ | ગાંધીજી–પ્રાર્થના–સંગીત | સોનલ પરીખ | ૭૬ |
| ૨૭ | ગાંધીજી આ સહુમાં જીવ્યા | ડૉ. સેજલ શાહ | ૭૯ |
| ૨૮ | ગાંધીજનોની ગઈકાલ, આજ અને આવતીકાલ | ગુણવંત શાહ | ૮૧ |
| ૨૯ | ગાંધીજીના શબ્દોમાં... ગોખલે અને ગાંધી / મોતીલાલ નહેરુ અને ગાંધીજી | સંકલન : યશવંત મહેતા | ૮૩ |
| ૩૦ | ગાંધી બિફોર ગાંધી | પ્રીતિ એન. શાહ | ૮૬ |
| ૩૧ | ગાંધી આકાશના તેજસ્વી તારલા | — | ૮૮ |
| ૩૨ | ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને અનુસરતા કેદીઓ | તુલસીદાસ સોમૈયા | ૯૨ |
| ૩૩ | 'બિલવેડ બાપુ' –એક અનન્ય મૈત્રી મહાત્મા અને મીરા | સોનલ પરીખ | ૯૩ |
| ૩૪ | પુણ્ય સ્મરણ | સૂર્યકાંત પરીખ | |

| | | | |
|---|---|---|---|
| ૩૫ | 'પ્રબુદ્ધ જીવન'–કાલ–આજ–કાલ | ડૉ. સેજલ શાહ | ૯૮ |
| ૩૬ | ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળા : વક્તવ્ય ૧૩મું, ૧૪મું, ૧૫મું, ૧૬મું. | — | ૧૦૧ |
| ૩૭ | ભાવ-પ્રતિભાવ | — | ૧૦૪ |
| ૩૮ | અમારા જે. પી. | — | ૧૦૮ |
| ૩૯ | Seeker's Diary : Gandhi–Raj | Reshma Jain | 109 |
| ૪૦ | Gandhi Katha | Umshankar Joshi Trans.Divya Joshi | 111 |
| ૪૧ | He Became A Gandhian | Kaka Kalelkar Trans. Pushpa Parikh | 112 |
| ૪૨ | Gandhiji And His Disciples | Prachi Shah | 113 |
| ૪૩ | Enlighten Yourself By Study Of Jainology<br>Lesson 11 : Essence of Liberation (Nine Tattvas) | Dr. Kamini Gogri | 116 |
| ૪૪ | ગાંધીજીના સહયાત્રીઓની તસવીરી ઝલક | — | ૧૧૯ |
| ૪૫ | પંથે પંથે પાથેય : સત્યાગ્રહી સૈનિકનો પત્ર | મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા, તા.૧૯.૦૫.૩૦ | ૧૨૦ |


**આ અંકનું સૌજન્ય રૂપિયા ૬૦.૦૦**


**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી.શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ૩૦૦ |
| ૮ | जैन धर्म दर्शन | ૩૦૦ |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ૨. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |

**નવું પ્રકાશન**

**ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ
કિંમત રૂપિયા ૩૫૦

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૯. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| | **પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદિત**<br>**શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત** | |
| ૪૦. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | રૂા.૩૫૦ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૪) ● અંક : ૧૧ ● ફેબ્રુઆરી ૨૦૧૬ ● વિક્રમ સંવત ૨૦૭૨ ● વીર સંવત ૨૫૪૨ ● માહ સુદ તિથિ-૯ ●

● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

## મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●  ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

આ વિશેષાંકના માનદ પરિકલ્પનાકાર અને સંકલનકર્તા :

સોનલ પરીખ

## ગાંધી ધન

**તંત્રી સ્થાનેથી...✍**

***તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે***

ભારત એટલું ભાગ્યશાળી છે કે એને ગાંધી મળ્યા. અને ગાંધી પણ એટલા જ ભાગ્યશાળી કે એની હાક સુણીને લાખો ભારતવાસીઓએ એમની સાથે કૂચ કરી, અને એ બધાં એક નહિ અનેક ધ્યેય માટે એમના સહયાત્રી બની રહ્યા.

ઉપર મેં ગાંધી ધનની વાત કરી; જોકે ભારત સરકારે તો આ ગાંધીને એમના ધનમાં–નોટોમાં બેસાડી દીધા છે જ; પરંતુ એથી વિશેષ તો ગાંધીમૂલ્યોનું આ ગાંધીધન ભારતની કાલ, આજ અને આવતીકાલની પ્રજામાં આત્મસ્થ હતું, છે અને રહેવાનું જ.

હમણાં થોડા સમય પહેલાં પૂ. નારાયણભાઈ દેસાઈ અને પૂ. ચુનીકાકા આપણી વચ્ચેથી વિદાય થયા. થોડા સમય પહેલાં વિશ્વમંગલ આશ્રમ-હિંમતનગર જવાનું થયું અને પૂ. ગોવિંદભાઈ રાવળ અને સુમતિબેનના દર્શન થયા. પંચાણુથી વધુ ઉંમર વટાવી ગયેલા સ્વાતંત્ર્ય સેનાની શ્રી સૂર્યકાંત પરીખના તો પ્રતિ સપ્તાહે બે પત્રો આવે જ, અમદાવાદથી પૂ. મનુ પંડિત અને ભારતી પંડિત એમનું 'જીવન-સ્મૃતિ' અને પ્રોત્સાહિત પત્રો આવે, આવા આ બધાં કર્મશીલ. સમગ્ર ભારતમાં વિસ્તરેલા આ બધા ગાંધીજીના સહયાત્રીઓનો વિચાર કરીએ. ભારતને ઊભું કરવામાં એ મહાનુભાવોએ આપેલા યોગદાનનો વિચાર કરીએ તો વિચાર આવે કે આ ગાંધીએ આપણને કેટલું બધું ધન એકઠું કરીને આપણને આપ્યું! પૂ. ગાંધીજીએ આપણને આઝાદી તો અપાવી પણ વિશેષ તો આવા મહાપુરુષો એમણે આપણને આપ્યા છે. એ પણ જીવનના બધા જ ક્ષેત્રો માટે. અધ્યાત્મ, કેળવણી, રાજકારણ, કલા વગેરે વગેરે.

ગાંધીએ કેટલા બધાને ઘેલા કર્યા? એ પણ અનુયાયીઓની જેમ નહિ, સહયાત્રીઓની જેમ, ખરેખર ગાંધી આ યુગના કૃષ્ણ છે, અનેક અર્થો અને સંદર્ભોમાં.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ**
**અને**
**શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
**પુણ્ય સ્મૃતિ**
**માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ગાંધીજીએ સર્જેલું આ અમૂલ્ય ધન દેશને ઉપયોગી થયું, એટલે એમના સ્મૃતિધનને સાચવવાની આપણી ફરજ છે, જે ભવિષ્યની પ્રજા માટે માર્ગદર્શક બની રહેશે.

આ વિષય પર સમૃદ્ધ લેખો આ અંકમાં પ્રસ્તુત છે એટલે વિશેષ હું શું લખું?

૨૦૧૫ના ફેબ્રુઆરીમાં ગાંધીજીના અંતિમ દિવસોની 'પ્રબુદ્ધ જીવન' દ્વારા વાતો થઈ, ચિંતન થયું, આ ફેબ્રુઆરી માટે પણ ગાંધીને કેન્દ્રમાં રાખી એવું જ ચિંતન આપવાનો વિચાર આવ્યો અને આ શીર્ષક સૂઝ્યું. આવા વિષય સૂઝે ત્યારે ગાંધી જીવનના અંશ અને ગાંધી ચિંતનના અભ્યાસી સોનલબેન સિવાય બીજું કોઈ યાદ જ કેમ આવે? વળી, ગયા વરસના ગાંધી અંકનું એમણે જે રીતે સંકલન કર્યું . એ સંકલનને બધાંએ ખોબલે ખોબલે વધાવ્યું અને પોંખ્યું હતું. ઉપરાંત ગયા વરસે આ વરસના અંક માટે અમે વિનંતી તો કરી જ હતી એટલે એ વિનંતીને અમે હકમાં પરિવર્તિત કરી દીધી.

ગાંધીજીના સહયાત્રીઓને શોધવા અને એમના વિશે લખવા માટે ગાંધીવાદી લેખકો શોધવા, આ ઊંચા ચઢાણનું કામ સોનલબેને પૂરી શક્તિ અને સ્વસ્થતાથી એકલે હાથે પાર પાડ્યું અને બધી સામગ્રી એકઠી કરી. અને આ અમૂલ્ય ગ્રંથ આપણને આપ્યો એ માટે એમનો આભાર માનીએ. સોનલબેન પૂરા યશાધિકારી છે.

'પ્રબુદ્ધ જીવન'ના વાચકો હવે તો સોનલબેનથી પૂરા પરિચિત છે એટલે આ અંકમાં એમના વિશે વિશેષ લખી એમની નારાજગી વહોરી લઉં તો આવતા ૨૦૧૭ના ગાંધી અંકનું શું?

'પ્રબુદ્ધ જીવન'માંની એમની લેખમાળા 'બિલવેડ બાપુ' વાચકો અને અન્ય સામાયિકોને ખૂબ ગમી છે એટલે સોનલબેન હવે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોનાં 'બિલવેડ'.

વાંચકોને વિનંતી કે એઓ ૨૦૧૭ના અંક માટે વિષયનું સૂચન કરે.

આ અંક પ્રકાશિત કરવામાં અમારા પુષ્પાબેન પરીખ, મુદ્રક જવાહરભાઈ શુક્લ અને સંનિષ્ઠ કર્મચારીગણ શ્રી પ્રવીણભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી હસમુખભાઈ, ભાઈ અશોક, હરિશ્ચંદ્ર અને મનસુખભાઈનો સહિયારો સાથ મળ્યો છે.

સોનલબેનનાં પરિશ્રમ અને સૂઝને 'પ્રબુદ્ધ જીવન'નો વાંચક વર્ગ વધાવશે એની શ્રધ્ધા છે.

**ધનવંત શાહ**
dtshah1940@gmail.com

**શ્રી ભદ્રંકર વિદ્યા દીપક જ્ઞાન વિજ્ઞાનસ્વાધ્યાય સત્રના ઉપક્રમે**
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને મુંબઇ વિદ્યાપીઠ (ગુજરાતી વિભાગ) મુંબઇ**
**તેમ જ જૈન એકેડમી દ્વારા યોજિત**

# વિનય-યશ પરિસંવાદ

૨૦૧૬ –માર્ચ–૧૯-૨૦ શનિવાર–રવિવાર ● સમય : સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦
સ્થળ : મુંબઈ યુનિવર્સિટી કોન્વોકેશન હોલ, ફોર્ટ–મુંબઈ.

**ઉપાધ્યાય વિનયવિજયજી અને ઉપાધ્યાય યશોવિજયજીના સાહિત્યનો આસ્વાદ – આચમન**

**વિદ્વાન વક્તા**

ડૉ. કુમારપાળ દેસાઈ – 'શાંત સુધારસ' ● ડૉ. જિતેન્દ્ર શાહ – બીજ વક્તવ્ય
ડૉ. કલાબેન શાહ ● ડૉ. ગુલાબ દેઢિયા ● ડૉ. અભય દોશી
ડૉ. કોકિલા શાહ ● ડૉ.સેજલ શાહ ● ડૉ.પાર્વતી ખીરાણી,
ડૉ. રશ્મિ ભેદા ● ડૉ. સીમા રાંભિયા ● પ્રા. શિલ્પા છેડા

સમાપન : ડૉ. ધનવંત શાહ

**શ્રીપાળ રાસની સંગીતમય પ્રસ્તુતિ શ્રી જ્હોની શાહ**

ઉપસ્થિત રહેનાર જિજ્ઞાસુઓને પોતાના નામો
શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસમાં લખાવવા વિનંતી

ટેલિફોન: ૦૨૨ ૨૩૮૨ ૦૨૯૬

**પરિસંવાદમાં બપોરે ભોજનની વ્યવસ્થા છે.**

**ભોજન આતિથ્ય : ભદ્રાબેન દિલીપભાઇ શાહ**

# બે બોલ

મહાત્મા ગાંધીને લગતું એક નાનું પણ કામ નાના પાયે શરૂ કરનાર દરેકને એક તબક્કે એવો અનુભવ થાય છે કે કામ વધતું વધતું આકાશને ઢાંકી દે તેવું વિરાટ થઈ જાય છે ને પછી કરનારને સળ સૂઝતી નથી.

મહાત્માના સહયાત્રીઓ વિશે અંક બનાવવાનું કામ તો આમ પણ નાનું નથી. તેથી મારું જે થયું હશે તેની કલ્પના આપ સૌને થોડી તો આવતી જ હશે.

પણ કેવું સુખદ છે આ આમ મૂંઝાવું, અટવાવું અને છતાં પડકાર ઉઠાવી લીધા વિના ન રહેવું–જાણે ઈશ્વરનો મહિમા અનંત અપાર છે તે જાણવા છતાં ભક્તો તેને વર્ણવ્યા વિના રહી ન શકતા હોય. આમ કરતાં જ્યાં જ્યાં પારસમણિનો સ્પર્શ થાય છે, સોનાનું થતું આવે છે.

કલ્પના કરો, એકલા મીઠાના સત્યાગ્રહમાં પચાસ હજાર લોકોએ ભાગ લીધો હતો. મહાત્મા ગાંધીના આવા અનેક સત્યાગ્રહો હતા ઉપરાંત રચનાત્મક કાર્યક્રમો, રાજકીય પ્રવૃત્તિઓ, સમાજ સુધારણા, વ્યક્તિ ચૈતન્યથી લઈ વિશ્વચૈતન્ય સુધીનું સઘળું ગાંધીવ્યાપમાં સમાયું હતું. ઘર આંગણાની સમસ્યાથી લઈ સમગ્ર માનવજાતની સંવેદના સુધીના વિસ્તારમાં ગાંધીજીએ અનેકવિધ કાર્યો ઉપાડ્યાં અને પોતાની સાથે વિરાટ સમૂહને સક્રિયપણે સાંકળ્યો. ગાંધી સાથે પ્રત્યક્ષપણે-પરોક્ષપણે, દૂરથી-નિકટથી, છૂટુંછવાયું કે સાતત્યપૂર્ણ કામ કરનારનાં ફક્ત નામ શોધી શોધીને લખીએ તો પણ પુસ્તક ભરાઈ જાય અને છતાં સૂચિ અધૂરી રહે.

તો પણ થોડું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. જો તેનાથી એ યુગમાં શ્વસતા ગાંધીજનોનું ચિત્ર થોડું પણ ઊભું થશે તો પ્રયાસ સાર્થક થશે. આ ચિત્ર સમગ્ર નથી તેનો મને ખ્યાલ આવે છે. જે પણ ક્ષતિ રહી ગઈ હોય તેને માટે ક્ષમાપ્રાર્થી છું.

એ યુગ અને એ યુગના ગાંધીજનોની અધિકૃત માહિતી આપનારી પેઢી હવે રહી નથી. અન્ય સ્રોતો જો કે છે, પણ સમગ્ર ચિત્ર આપવાનું આમાંના કોઈનું ગજું ન જ હોય.

આ બધાની વચ્ચે મહાત્મા ગાંધીના મુખ્ય સાથીઓને આવરી લેવાની કોશિશ કરવાની હતી. આ અંકના લેખકોનો હૃદયપૂર્વકનો સાથ જો ન મળ્યો હોત તો આ કોશિશ કેમે ય કામિયાબ ન થાત. પોતપોતાની વ્યસ્તતાઓની વચ્ચેથી સમય કાઢી આ સૌએ અમારી વિનંતી સ્વીકારી આ અંકને શોભાવ્યો છે. તે માટે સૌનો નતમસ્તક થઈ આભાર માનું છું. અંકની રૂપરેખાથી લઈ અંતિમ રૂપ આપવા સુધીના દરેક તબક્કે મારા ગુરુ ડૉ. નરેશભાઈ વેદનું માર્ગદર્શન મળ્યું.

'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી ધનવંતભાઈ શાહની એક ખાસિયત છે. એકાદો સરસ વિચાર બતાવી દોડાવી મૂકે અને પછી પ્રસન્ન તૃપ્તિથી એ દોટને જોયા કરે. કામ કરવાની પૂરી મોકળાશ આપે, વિશ્વાસ મૂકે અને મદદ-માર્ગદર્શન માટે સદા તત્પર રહે. અને 'પ્રબુદ્ધ જીવન'ની ટીમ–અનુભવી, કુશળ અને પડ્યો બોલ ઝીલી લેનારી અને કામગીરીને સરળ અને હળવી બનાવવા પૂરો સહકાર આપનારી. આ ટીમ વિના આવા અંક બની શકે જ નહીં. જવાહરભાઈ શુકલથી લઈ હેમંતભાઈ કાપડિયા, ચીવટથી સામગ્રી પહોંચાડનારા મનસુખકાકા અને નાની મોટી વ્યાવહારિક-ટેકનિકલ બાબતો સંભાળનાર સૌનો આ તકે હૃદયપૂર્વક આભાર માનું છું.

ટીમવર્કનું આ એક અંક માટે આટલું મહત્ત્વ હોય તો એક ગુલામ દેશને બેઠો કરવા અને તેને આઝાદ કરાવવા માટે કેવી જબરદસ્ત ટીમ જોઈએ! ગાંધીજીની સિદ્ધિઓ આકાશને આંબી શકી કેમ કે તેમને દિગ્ગજ સાથીઓ સાંપડ્યા હતા. એટલું જ નહિ, જનસામાન્યનો પણ તેમને ગજબનો સાથ મળ્યો. જુદા જુદા પ્રકારના, વિવિધ કક્ષાના અને અલગ અલગ શક્તિમતિ ધરાવતા આટલા બધા લોકોને પોતાની સાથે લેવા અને એક મહાન ધ્યેય પ્રત્યે અભિમુખ અને સમર્પિત કરવા એ બહુ મોટી, વિરાટ ગજું માગી લે તેવી વાત છે. મહાત્મા ગાંધી આ મહાકાર્ય સહેજે સહેજે કરી શક્યા હતા, તે વિચારથી ખૂબ આશ્ચર્ય થાય છે. તેથી જ અંકનું નામાભિધાન કર્યું છે, 'મહાત્મા ગાંધીના સહયાત્રીઓ'. અનુયાયીઓ નહીં; સાથીઓ, સહયાત્રીઓ.

આવો, તેમને મળીએ.

❑ **સોનલ પરીખ**
sonalparikh1000@gmail.com

મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# માનવતાનું મેરૂપદ

**□ સ્વામી આનંદ**

ગાંધીજીના ઉદય પછી આ દેશમાં નવા યુગનો આરંભ થયો ને પ્રજામાં નવી ચેતના ને નવા પ્રાણ ફૂંકાયા. કાઠિયાવાડના ધુરંધર ધારાશાસ્ત્રી શ્રી ચૂડગરે કહેલું કે ગાંધીજીએ આ દેશમાં આવીને લોઢાના માથાનાં માનવી પકવ્યાં.

૧૯૩૦ના મુક્તિસંગ્રામમાં પેલી લોખંડી કોટિના થોડાક ગુજરાતી કાઠિયાવાડી યુવકોની એક ટોળીનાં પ્રથમ દર્શન મને આપણી જેલોમાં થયેલાં. એમનામાં એવા યુવકો હતા જેમણે બેઉ હાથ વચ્ચે મીઠાની પોટલીઓની પકડ સાચવવા લોખંડી તાર વડે બેઉ હાથ કાંડાં સુધી બાંધી બાંધીને સરકારી કબજા હેઠળનાં નીમક ધરાર લૂંટ્યાં હતાં; જેમણે સીમેંટ-જેલોની ઠંડી બરાકોમાં જેલ-ખવીસોને હાથે શરીરની એકે ઇંચ જગા નિશાનીઓ વગરની ન રહી એટલા ઢોરમાર પ્રતિકારનું દાંતિયું કર્યા વગર ટાઢી તાકાતથી ખાધા હતા, ને ગોરા ન્યાયાધીશોના મોંમાં આંગળાં ઘલાવ્યાં હતાં; જેમણે નાગફણિયા થોરની વાડ ઉપર કોઈ પથ્થરનો ઘા કરે તેમ તાકેલી સંગીનો વાળા બંદૂકધારીઓ ઉપર પોતાનાં શરીરોને બેફામ બેગુમાનપણે ફગાવ્યાં હતાં!

એ સંગીનોના વણરૂઝ્યા ઘા કાનેકપાળે લઈને તેઓ જેલોમાં આવેલા. દિવસ બધો જેલવાડાઓમાં ને સૂતી વેળા સુધી પોતપોતાની બરાકોમાં કે બંધખોલીઓમાં ચંડોલોની જેમ યુદ્ધગીતો ગાતા; જેલના દળદરી ખોરાક જાનીવાસાના 'કલેવા'ની અદાથી આરોગતા, રાતદિવસ જેલ-અધિકારીઓની રેવડી કરતા. અને તેમના તરફથી હરઘડી અપાતી આકરી જેલ-સજાઓને,

*નાસીક વિસાપૂર યેરવડા મેં ભી ખુશ હૈ*
*પૂરે હૈં વો હી મર્દ જો હર હાલ મેં ખુશ હૈ*

એવાં એવાં તરેહવાર સંગીત સાથે સ્વીકારી લઈ રીઢા ગુનેગારોને વિમાસણમાં ગરકાવ કરી દેતા! મને થતું કે પેલાં ચૂડગર કથિત લોઢાનાં માથાંનાં માનવીઓ જે વેલા પર પાકતાં હશે, તેને પ્રથમ આવી કુણી શીંગોના ફાલ ફૂટતા હશે શું?

(૨)

૧૯૨૦-૨૧ની ચળવળ વેળાએ ગુજરાત-કાઠિયાવાડનો આ યુવકવર્ગ હજુ ઊગતો હતો. '૩૦ની લડત વેળાએ એણે વિશેષ સમજ વગર નર્યા પુરશારથ પરાક્રમના ખેંચાણના માર્યા, તેમજ ગાંધીજીના વિભૂતિમત્વથી અંજાઈને ઝોકાવ્યું હતું. ભારતવર્ષ એમની આગળ એક અખંડ અવિભાજ્ય માતૃમૂર્તિ હતું. એની આઝાદીની ઝંખના એમનો શ્વાસોશ્વાસ હતો. મંત્રમુગ્ધની જેમ જ્યાંથી હાકલ પડે ત્યાં ઊડીને જઈ પડવું એટલી એક જ ગમ હતી. સાધનની સમજછોછ એ કાળે એમને નહોતી. ક્રાન્તિ કૂચ કરી રહી છે, આપણે એના મશાલચીઓ છીએ, ગાંધીજીના સૈનિકો છીએ, એટલી જ એક ભાવનાથી તેઓ તરબોળ હતા.

આવી સાધનામાં અને સ્વપ્નસૃષ્ટિમાં રંગાઈ રોળાઈને જે જુવાનોએ પોતાનું ખમીર પકવ્યું, તેમણે '૩૨ની લડત વીત્યા બાદ પોતાના પુરશારથને સારું નવાં ક્ષેત્ર શોધવા માંડ્યાં. એમના સાથીદારોમાં જે કેટલાક હંગામી હતા તે તો આંદોલનની મોસમ વીત્યે શહેરોમાં, નાનામોટાં વેપાર-વણજનાં કે નોકરીઓના ક્ષેત્રોમાં બેખટકે પેઠા અને થાળે પડી ગયા. એવા કેટલાકે પોતાની ત્યાગ-કુરબાનીની ટૂંકી કારકિર્દીને વટાવી પણ ખરી. પણ જેઓ બત્રીસા હતા, 'સરફરોશી કી તમન્ના'વાળી જમાતના હતા, તેમને જીવન જોડે એવી કશી હીણી માંડવાળ કરવાની કલ્પના છબે એમ નહોતું. જીવન તેમને મન એક અખંડ આજીવન સાધના રૂપે અંકાઈ ચૂક્યું હતું.

એટલે એમણે તો સેવાક્ષેત્ર જ શોધ્યાં. પોતે એક અદમ્ય આદર્શવાદને વરેલા છતાં એની સાધનાના ધોરી મારગ તરીકે તેમણે સ્વેચ્છાપૂર્વક અદના ગ્રામસેવકનો દરજ્જો સ્વીકાર્યો; અને કયાંક ગામડાંનાં ગંદાંગોબરાં બાળકોને ધોઈ નવડાવી રમાડનારા અને વાર્તાઓ કહેનારા પંતુજીઓ તરીકે, તો ક્યાંક સફાઈસેવકો તરીકે, ક્યાંક ખાદી-કેન્દ્રોમાં, તો ક્યાંક હરિજનવાસમાં, ક્યાંક દૂબળા-ધારાળા વચ્ચે તો ક્યાંક કિસાન મજૂરોના સેવકને નાતે, – જ્યાં અને ત્યાં, ભાંગ્યાના ભેરુ તરીકે અન્યાય અને આતંક હેઠળ ભીંસાતી કચડાતી રાંક જનતાના આલંબન-આશ્વાસન તરીકે, ગામડે ગામડે પોતાને રોપીને સુખનાં જીવતર એમણે સોંઘાં કરી મૂક્યાં.

(૩)

આવા આ ખમીરવંતા ક્રાંતિવાદી કાર્યકરોમાં સાધનશુદ્ધિનો ચાહ અને આગ્રહ રફતેરફતે, એમને પોતાને પણ ભાગ્યે સમજાય એવી અગમ રીતે કેવો દાખલ થયો, કઈ રીતે એણે મૂળ પકડ્યાં, એનો ઇતિહાસ પણ તેવો જ મનોરમ છે.

'૩૩ પછીનાં પાંચ સાત વરસ ગાંધીજીના લડાયક, પ્રવર્તક તેમજ રચનાત્મક કાર્યક્રમોથી લદબદ હતાં. હરિજનોને હિંદુથી વેગળા કરવાનાં અંગ્રેજી સલ્તનતના કૂડા કાવતરા સામે પોતાની

જિંદગીને હોડમાં મૂકીને જે શાંત વિજય ગાંધીજીએ તાજો મેળવ્યો હતો, તેણે એમની અહિંસક પ્રતિકાર-પ્રણાલીની શક્તિનું નવું દર્શન યુવકોને કરાવ્યું હતું.

ગાંધીજીનો અવિરત કર્મયોગ '૩૩ પછીનાં વર્ષો દરમ્યાન અખંડ ગતિએ ચાલી રહ્યો હતો. તમામ જમાતો અને ફિરકાઓના ક્રાંતિકરો પ્રત્યેની ગાંધીજીની મમતા, આશા, એ બધા જોડેની એમની બિરાદરી અને ભેરુબંધી, પોતાની ભૂમિકા પર અટલ રહીને તેમને હૂંફ અને સાથ આપવાની અગર તો પોતાનો સાધનમાર્ગ તેમને સમજાવવાની ગાંધીજીની હરહંમેશ ઇંતેજારી, તેમના દુ:ખે દુ:ખી અને સુખે સુખી થવા સારુ ચાહે તે હદ સુધી અંગત ભોગ આપવાની, અથવા તો હજાર કામ પડ્યાં મેલીને તેમના કામ પાછળ બેસી જવાની ને પોતાનું તમામ નૈતિક વજન ખરચી નાખવાની એમની તૈયારી – આ બધું છેક અંદામાનના ઉપવાસી ક્રાંતિકરો સુધી પહોંચી ગયું ને દેશ બધામાં ફેલાયું, તે આ જ કાળમાં.

ક્રાંતિકરોની આલમમાં સુદ્ધાં ગાંધીજીના સાધનમાર્ગ પ્રત્યે ઉપહાસ આથમી, તેની જગા જાણ્યેઅજાણ્યે આદર અને શ્રદ્ધાએ લેવા માંડી હતી. ઉપવાસી અંદામાનવાસી રાજદ્વારીઓ સારુ તેમ જ સમસ્ત બંગાળના નજરકેદીઓને સારુ ગાંધીજીએ મધ્યસ્થી કરી અને બિનકૉંગ્રેસી–બલ્કે કોંગ્રેસ વિરોધી–મંત્રીમંડળ વાળી સરકાર પાસેથી પણ પોતાની અજબ સમાજવટશક્તિ તથા અજાતશત્રુત્વને બળે લગભગ આખા ક્રાંતિકર વરગનો એમણે છૂટકારો મેળવ્યો.

આ બધી ઘટનાઓની અસર પેલા સફાઈ, શિક્ષણ અને સંગઠનના કાર્યક્રમો લઈને ગામોગામ બેસી ગયેલા સેવકો પર થયા વગર રહે એ અશક્ય હતું. જુદા વિચારવાળા એક હડહડતા વિરોધીઓ જોડે પણ વધુમાં વધુ મળતા થવાની, અને તેમને માટે વધુમાં વધુ કરી છૂટવાની, ગાંધીજીની કાર્યપદ્ધતિની તેમના પર જબ્બર અસર થઈ; અને તેમના ક્રાંતિવાદને તથા પુરશારથને ચોક્કસ દિશા મળી ગઈ. આમ આરંભે સાધનની શુદ્ધતા વિશે ખાસ આગ્રહ ન ધરાવનારા, પણ ભારોભાર પ્રમાણિક અને સ્ફટિક જેવા નિખાલસ એવા આ સેવકો ગાંધીજીનાં નૈતિક મૂલ્યાંકનોને અને આગ્રહોને અપનાવતાં શીખીને પેલી લપસણી સીડીથી બચવા પામ્યા.

અને એ જ બીના એમના ચારિત્ર્યના પ્રવાહને જાણ્યે અજાણ્યે, પણ નિ:શ્રેયસને પંથે આગળ લઈ જવામાં નિમિત્ત રૂપ બની. તેઓ સત્યપરાયણ પારદર્શી સાધકો હતા; પારોપાર મુક્તિઉપાસક હતા. અહંમન્ય, સ્વયંમન્ય મહત્ત્વાકાંક્ષી એક તકવાદી નહોતા. શક્તિના ઉપાસક અલબત્ત હતા, પણ તેમણે જોયું કે એ શક્તિનું એક અવનવું દર્શન તેમને ગાંધીજી પાસેથી મળી રહ્યું છે. આ શક્તિ શિવના દેહને પગતળે કચડી ખૂંદનારી ઉન્માદિની નથી, પણ એ શક્તિ છે જે સચરાચર સૃષ્ટિના પાયામાં પડેલા મૂલગત શ્રેય અને માંગલ્યરૂપી શિવની અતૂટ બેલડી અને સંસાર સમસ્તની ધાત્રી કલ્યાણી છે; ભયંકરી નહિ પણ શુભંકરી છે; જેને બળે ને આધારે દ્યાવાપૃથ્વી સહિત વિશ્વનાં સમસ્ત બળો પોતપોતાને સ્થાને જથાતથ ટકી રહ્યાં છે.

(૪)

સત્યનિષ્ઠા અને નીતિનિયમો પ્રત્યે આવી વફાદારીની હાંસી ઉડાવનારાઓનો વરગ પણ તેમની વચ્ચે હતો. 'દેશની મુક્તિનો પાવન ધર્મ આચરવા જતાં હિંસાઅહિંસા કે સત્યાસત્યના ચોખલિયાવેડા ન ચાલે.' એવી એમની વિચારસરણી જાણીતી છે. આવા લોકો ચાહે તેવા અગ્રણી હોવા છતાં પોતે માનેલા દેશહિતની ગણતરીએ સત્યને અવગણવા જતાં, રાગદ્વેષનાં માર્યા અંતે કેવી બેહૂદી ભૂમિકા ઉપર જઈને ઊભે છે એનો આબેહૂબ ચિતાર, જે અનેક કોમીવાદીઓ, સામ્યવાદીઓ, તકવાદીઓ આ અરસામાં ફાટી નીકળ્યા તેમણે પૂરો પાડ્યો. વખત જતે આ વર્ગો કેવા બેફામ બનવાના હતા. ફાટી વકરીને ધુમાડે જવાના હતા. નૈતિક અધ:પતનને કયે તબક્કે પૂગીને પ્રજાસમસ્તની નફરતને પાત્ર થવાના હતા, એની કલ્પના તો તે કાળે એમને બેશક નહોતી. પણ નરી વેરવૃત્તિથી શત્રુની શેતાનિયતનું જ રાતદિવસ કરેલું ચિંતવન, તેવું ચિંતવન કરનારા જ અંતરમાં નરી શેતાનિયતને કેવી સિફતથી આયાત કરે છે, એની પ્રતીતિ આપણા કાર્યકરોને એ લોકોની વિવિધ કારવાઈઓમાંથી થઈ.

વેરઝેરના એ માનસમાં દેશહિતની જગા જોતજોતામાં કોમહિતની ને પછી વર્ગહિતની દલીલોએ લીધી. વિદેશી જાલીમ રાજ્યકર્તાઓ સામેના રોશની જગા ધીખતા કોમીવાદે કે વર્ગવિગ્રહના વિચારપ્રચારે લેવા માંડી. રાજ્યકર્તા સલ્તનતનાં પ્રજાહિત વિરોધી શડયંત્રોને ફોક કરી મેલવાની કારવાઈઓની જગા કોમી ધર્માન્ધોને કે ઘરના ગુંડા, શોષક કે ભાડુતી પીડકવર્ગને જેર કરવાના શડયંત્રોએ લીધી. અને શઠં પ્રતિ શાઠ્યમ્‌ને ન્યાયે જુદા જુદા વાદ અને જુદી જુદી જમાતોનાં ઝનૂનોના જવાબ ઝનૂનથી, આગના બદલા આગથી, અપહરણના બદલા અપહરણથી અને છરાના જવાબ છરાથી વાળવાનાં મેલાં અંતસ્થ ઝેરવેરે પરાધીન પ્રજાજીવનને પળેપળે બેવડું દોહ્યલું કરી મૂક્યું; ને કુટિલ રાજ્યકર્તાઓને કોઠે ટાઢક વાળી દીધી.

સ્વામી વિવેકાનદ સંન્યાસને માનવતાનું મેરુપદ કહેતા, અને એવા સંન્યાસના સામર્થ્યને લગતો પોતાનો આદર્શ સમજાવવા બળવા કાળના એક મૌની બાવાની વાત કરતા, જેણે વાટમાં મળેલા ગોરા ટૉમીએ ખામોખાં હુલાવી દીધેલ સંગીનનો જવાબ 'તુંયે નારાયણ'

(તત્ત્વમસિ) કહીને વાળ્યો હતો! વર્ષોના અખંડ મૌનપાલન પછી અચાનક ભેટેલા મૃત્યુને આવકારતાં ઉચ્ચારાયેલા આ એક જ બોલ પાછળ જે મૂંગું આત્મબળ ઘૂઘવે છે અને જેના વિવેકાનંદ જિંદગીભર ઉપાસક રહ્યા, તે જ આજને કાળે માનવી આદર્શનું મેરુપદ છે.

(૫)

કોમી વિદ્વેશની ભૂમિકા ગળોગળ અકારી અને ઘૃણાસ્પદ છે. એક જ ભૂમિનાં સંતાન, એક જ દેશમાં સદીઓથી વસનારા ને સરખાં જ હિતાહિતથી સંકળાયેલા લોક, કુટિલ વિદેશીઓના કારસ્તાનોને કારણે આંધળાભીંત બનીને સદીઓથી સહેતા આવેલા એકબીજાના વાંકધોંક ખમી ખાવાની ના પાડે ને પોતપોતાની આગવી હિતરક્ષાને ખાતર એકબીજા સામે દળબંધી કરે, એ માનસ આજના જમાનાના આત્મહત્યાની હિમાયત કરનારા સંપ્રદાયોના જેવું જ વિકૃત અને કરુણ છે:

સામાની કરણી સામું જોઈને, એની નીતિરીતિ સામું જોઈને, હું મારી માણસાઈનો ને મારી નીતિરીતિનો ગજ ટૂંકો ન કરું. સ્વચ્છ જ રહું અને નિર્ભયપણે સત્યને વળગ્યો રહી સ્વચ્છ જ હથિયારોથી ખુલ્લમખુલ્લા પડકાર આપીને લડ્યે જાઉં. ચાહે તેવડું દેખીતું નુકસાન વેઠીને પણ સત્યના મારા આગ્રહમાં અણનમ રહું અને બીજી આળપંપાળમાં ન પડું, કારણ સત્ય એક જ શાશ્વત છે. એની હાનિ એ જ સાચું નુકસાન છે, બીજા તમામ નુકસાન અનિત્ય યાને જતાં આવતાનાં છે, એમ વિચારી સત્યનો આગ્રહી નર્યા નિર્ભેળ સ્વચ્છ સત્યાચરણનો જ પક્ષપાતી બનીને જીવશે; અન્ય કાયાવાચામને કરીને નિર્વૈર અહિંસક રહી સત્યનો જ પક્ષ કરતો અને સત્યને જ પક્ષે લડતો મરશે.

સત્યધર્મ કે નીતિના આવા પક્ષપાત તેમજ આગ્રહને નિશ્ઠાપૂર્વક વળગી રહેવું અને પ્રાણાન્તે પણ એવા આગ્રહને ન છોડવો એને જ ગાંધીજીએ 'સત્યાગ્રહ' એવું રુડું નામ આપ્યું; અને એમણે જ એને સર્વ દેશકાળમાં સંમત અને માન્ય એવા શાસ્ત્રવચનની પ્રતિશ્ઠા આપી. એવા સત્યાગ્રહના અનેકવિધ પ્રયોગો પણ એમણે આ દેશમાં ઠેરઠેર વારંવાર કરી બતાવ્યા અને દેશની કાર્યક્ષમ પ્રજાને ને દેશનાં અસંખ્ય ઉછરતાં યુવક-યુવતીઓને કોઈ અજબ આકર્શણથી પુરશારથ અને સેવાના વિવિધ ક્ષેત્રોમાં દોરી તરણાંનાં મેરુ કરી દાખવ્યા.

(૭)

જે નવાં મૂલ્યાંકનોની લંબાણભરી ચર્ચા એટલે સુધી કરી તે બધાં આજની ઘડીએ નાદાર નીવડેલાં લાગે અને તેના પ્રણેતા તેમ જ હિમાયતીઓ પણ આજે હાર્યાલુંટાયા જેવા ભાગે, એ શક્યતા આ લખનારના ધ્યાનબહાર નથી. છતાં સત્ય સદાકાળને સારુ કદી રૂંધાયું નથી, અને રૂંધાવાનું નથી; શિવસુંદર સત્યના પાયા પર અધિશ્ઠિત એવાં એ નવાં છતાં પ્રાચીન મૂલ્યાંકનો જ આજનાં હિંસાબળોને પરાસ્ત કરી અંતસરવાળે સંસારને ગ્રહણમુક્ત કરશે. એ શ્રદ્ધા આજે પૃથ્વીનાં થોડાં પણ અદમ્ય આશાવાદી માનવ હૈયાઓમાં જીવંત છે ને એ જ એમની પાસે આખરી મુક્તિના પુરશારથ કરાવશે, એ મારી અંતરગત આસ્થાનો ત્રિવાર ઉચ્ચાર કરવાની હું ધૃશ્ટતા કરું છું.

આવાં અદમ્ય આશાવાદી માનવીઓના આજની દુનિયામાં ચાલી રહેલા નાના મોટા પુરશારથોનો વિકાસક્રમ આપણને જડે અને સમજાય તો જ આજે એવા પુરશારથો અને તેની પાછળ રહેલા તેના કરવૈયાઓનાં પોતપ્રત નાણી જોવાનું આપણને સુગમ થઈ પડે. (અનંતકળા)

## વિરોધી બળોનો સમન્વય

જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમાં ગાંધીજીએ કંઈ ને કંઈ ન કર્યું હોય. જેમ સૂર્ય ઊગે અને ખુલ્લામાં તો અજવાળું થાય, પણ બંધ બારણામાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમાં પણ અજવાળું પહોંચે તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામાં અંધારા ભાગમાં પણ પહોંચ્યું છે. તેમનામાં અનેક વિરોધી બળોનો સમન્વય થયો છે. ક્રાંતિકાર છતાં તે પ્રાચીનતાને માટે આદર ધરાવે છે. મૃદુ છતાં હઠીલા છે. આગ્રહી છતાં છૂટછાટ મૂકનાર છે. પ્રેમાળ છતાં ભીષણ છે. ભીષણતાનાં તેમનાં એકબે વાક્યો કદી ન વીસરાય એવાં છે. તેમણે એક વાર કહેલું કે આખો દેશ આવી પામર દશામાં પડ્યો રહે તે કરતાં તેનો પૃથ્વી પરથી નાશ થઈ જાય એ હું વધારે ઈચ્છું. બીજે એક પ્રસંગે કહેલું કે સ્ત્રી, પુરુષોની વિષયવૃત્તિની સાધનભૂત થાય તે કરતાં માનવજાતિની સંતતિ બંધ પડે એ હું પસંદ કરું. તેઓ મને મનુષ્યના કરતાં ગૂઢ કુદરતી બળ જેવા લાગે છે. કુદરત એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ, માત્ર સૂક્ષ્મદર્શક યંત્રથી દેખી શકાય તેવા રેસાને કે જંતુને રસ પોષે છે, અને એ જ કુદરત આપણને અગમ્ય કોઈ હેતુને માટે દરિયા ઉછાળે છે. પર્વતો તોડે છે, દેશના દેશ ઉદ્ધ્વસ્ત કરે છે. કુદરત એક નમૂનો સિદ્ધ કરવા અસંખ્ય નમૂનાનો ધ્વંસ કરે છે. ગાંધીજી એક સત્ય સિદ્ધ કરવા ગમે તેટલો ભાગ આપવા તૈયાર છે. તેઓ ખુલ્લામાં ખુલ્લા અને નિખાલસ છતાં તેમના આત્મ ગહનમાંથી સ્ફૂરતાં બળો કુદરત જેવા ગૂઢ છે, અકળ છે, અગમ્ય છે, અપ્રસિદ્ધ છે.

☐ રામનારાયણ વિ. પાઠક

# ગાંધીજીના આધ્યાત્મિક સહપાંથીઓ

❑ ડૉ. નરેશ વેદ

*[ અધ્યયન, અધ્યાપન, વ્યક્તિત્વ અને ચારિત્રઘડતર, વાંચન, લેખન અને સંસ્થા સંચાલન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં છેલ્લા પાંત્રીસ વર્ષોથી સેવા આપી રહેલા ડૉ. નરેશ વેદ અનેક પ્રતિષ્ઠિત સન્માનોથી વિભૂષિત છે અને વિવિધ યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિ રહી ચૂક્યા છે. પ્રસ્તુત લેખમાં તેમણે મહાત્મા ગાંધીના સહયાત્રીઓ પર આગવી દૃષ્ટિથી પ્રકાશ પડ્યો છે. ]*

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવનામાં કેટલાક ઉલ્લેખો ધ્યાનપાત્ર છે. એમાંનો એક ઉલ્લેખ આ પ્રમાણે છે : 'મારે જે કરવું છે, જેની હું ૩૦ વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું, તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે.' બીજો ઉલ્લેખ છે : 'મારે મન સત્ય જ સર્વોપરી છે... આ સત્ય તે આ પણે કલ્પેલું સત્ય નહીં જ. પણ સ્વતંત્ર ચિરસ્થાયી સત્ય; એટલે કે પરમેશ્વર જ.' ત્રીજો ઉલ્લેખ છે : 'હું પૂજારી તો સત્યરૂપી પરમેશ્વરનો જ છું. એ એક જ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. એ સત્ય મને જડું નથી, પણ હું એનો શોધક છું.' ચોથો ઉલ્લેખ છે : 'દૂર દૂરથી વિશુદ્ધ સત્યની– ઈશ્વરની ઝાંખી પણ કરી રહ્યો છું. સત્ય જ છે, એ સિવાય બીજું કાંઈ જ આ જગતમાં નથી, એવો મારો વિશ્વાસ દિનપ્રતિદિન વધતો જાય છે.' પાંચમો ઉલ્લેખ છે : 'જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાસોચ્છ્વાસનો સ્વામી ગણું છું, જેને હું મારા નિમકનો દેનાર ગણું છું, તેનાથી હજીયે હું દૂર છું, એ મને પ્રતિક્ષણ સાલે છે.'

આ બધા ઉલ્લેખો જોતાં એક વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે ગાંધીજી પોતાની જીવનદૃષ્ટિ (vision), પોતાના જીવનધ્યેય (mission) અને પોતાના ધર્મકર્મ (duty) પરત્વે સંપૂર્ણ સભાન હતા અને એમને ચરિતાર્થ કરવા માટે એમનામાં અદમ્ય જુસ્સો (passion) હતો. તેઓની સમજ ચોખ્ખી હતી : 'આધ્યાત્મિક એટલે નૈતિક; ધર્મ એટલે નીતિ; આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.' તેથી તેમણે જીવનના જે જે ક્ષેત્રોમાં જે કાંઈ કામ કર્યું, તેમાં તેમણે કેન્દ્રમાં ન્યાયધર્મને રાખીને કર્યું. પોતાનું જીવન એમણે ન્યાયધર્મની તુલા ઉપર મૂક્યું હતું. તેથી તેમના ધર્મ, શિક્ષણ, આરોગ્ય, રાજકારણ, સમાજકારણ, અર્થકારણ, પત્રકારત્વ વગેરે વિષય વિશેના વિચારોની પછીતે એમની ધાર્મિક, સત્યાન્વેષક અને શ્રેયાર્થી દૃષ્ટિ હતી.

સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતાનો ત્યાગ, બ્રહ્મચર્ય, સ્વાદસંયમ, સ્વાશ્રય, સ્વદેશી અને સર્વધર્મ સમભાવ–જેવા એમણે ગણાવેલાં અગિયાર મહાવ્રતો અને સિદ્ધાન્તહીન રાજકારણ, પરિશ્રમહીન ધનઉપાર્જન, વિવેકહીન સુખ, ચારિત્ર્યહીન શિક્ષણ, સદાચારહીન વ્યવહાર, સંવેદનહીન વિજ્ઞાન અને વૈરાગ્યહીન ઉપાસના–જેવાં સાત સામાજિક પાપ અથવા અપરાધ પાછળનું એમનું જીવનદર્શન સમજવા પ્રયત્ન કરીએ તો સ્પષ્ટ ખ્યાલ આવશે કે તેઓ અંતરાત્મા અને પરમાત્મા (સત્ય)ના શોધક હતા. એટલે તેઓ સરેરાશ સામાન્ય મનુષ્યજીવન જેવું જીવન જીવ્યા નહિ; જુદી જાતનું જીવન જીવ્યા. જીવવાની આ જુદી રીતને જ આધ્યાત્મિકતા કહે છે. આધ્યાત્મિકતાને કોઈ ધર્મ કે સંપ્રદાય સાથે કશી લેવાદેવા નથી. માણસ જ્યારે સ્વાર્થી અને પરમાર્થી મટીને પરોપકારી અને પરમપરોપકારી જીવન જીવવાની પ્રવૃત્તિ કરે છે તેને જ આધ્યાત્મિકતા કહે છે.

ગાંધીજીનું આધ્યાત્મિકતા તરફ વળવાનું બન્યું તેનાં મૂળ તેમના બાળપણમાંની ભયવૃત્તિમાં અને મોટપણની તત્ત્વજિજ્ઞાસામાં રહેલાં છે. છ-સાત વર્ષની વયથી સોળ વર્ષ સુધી ચાલેલા વિદ્યાભ્યાસમાં એમને ધર્મનું શિક્ષણ શાળામાં ક્યાંય મળ્યું ન હતું. એમનો જન્મ વૈષ્ણવ સંપ્રદાયવાળા કુટુંબમાં, એટલે એમને વૈષ્ણવોની હવેલીએ જવાનું અવારનવાર બનતું. પરંતુ ત્યાંથી પણ એમને કંઈ જ મળ્યું ન હતું. પરંતુ એમને સંપ્રદાય પાસેથી ન મળ્યું તે એમની દાઈ (નોકર) પાસેથી મળ્યું. બાળપણના એમના ડરપોક સ્વભાવને દૂર કરવા એમના ઘરમાં કામ કરતી રંભા નામની ચાકર બાઈએ રામનામનો જે મંત્ર આપ્યો એ એમના જીવનમાં ધ્રુવપદ સમાન બની રહ્યો. એમણે પોતે જ 'રામનામ-તારક મંત્ર' નામે એક નાની પુસ્તિકા દ્વારા આ વાત પ્રગટ કરી છે. રામાયણભક્ત એવા એમના કાકાના દીકરા દ્વારા રામરક્ષાનો પાઠ શીખવાનો મળ્યો હતો. બીલેશ્વરના રામચંદ્રના પરમ ભક્ત લાધીમહારાજ દ્વારા પોરબંદરમાં રોજ રાત્રે સાંભળેલી રામાયણકથાએ એમના બાળમાનસ ઉપર ઊંડી છાપ પાડી હતી. હવેલીએ, શિવાલયમાં તેમ જ રામમંદિરમાં જતાં માતાપિતા દ્વારા હિંદુધર્મના પ્રત્યેક સંપ્રદાય પ્રત્યે આદરભાવ રાખવાની તાલીમ એમને મળી હતી. પિતાજીની સેવાશુશ્રૂષા સમયે એમને મળવા આવતા અને એમની સાથે ધર્માલાપ કરતાં એમના મુસલમાન અને પારસી મિત્રોની તથા ઘરે વહોરાવવા પધારતા જૈન ધર્માચાર્યોની વાતો રસપૂર્વક સાંભળતાં, જે વાતાવરણમાં એમનો ઉછેર થઈ રહ્યો હતો તેની અસર રૂપે એમનામાં સર્વ ધર્મો પ્રત્યે સમાન ભાવ પેદા થયો હતો. ખાન, પાન અને પહેરવેશ બદલવો પડે એવા ખ્રિસ્તીધર્મ

વિશેના ખ્યાલથી એ ધર્મ પ્રત્યે એ વયે એમનામાં અભાવ થયો હતો. એ વયે મનુસ્મૃતિનું ગુજરાતી ભાષાંતર વાચતાં સંશયવૃત્તિ પ્રબળ થઈ હતી. વિચારમંથનમાંથી નવનીતરૂપે એક વાતે એમના મનમાં જડ નાખી હતી: આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. તો સત્ય તો શોધવું જ રહ્યું. બાળવયમાં જ સત્યવચનને વળગી રહેવા સર્વસ્વનું બલિદાન આપતાં હરિશ્ચંદ્રનું નાટક જોતાં મન, વચન અને કર્મથી સત્યને વળગી રહેવાની એમનામાં અભિલાષા જાગી હતી.

ઉચ્ચ અભ્યાસ અર્થે વિલાયતમાં ગયા પછી બે થિયોસોફિસ્ટ મિત્રોની મદદથી ઍડવિન આર્નલ્ડનો ગીતાજીનો અનુવાદ તથા એમનું જ 'બુદ્ધિચરિત' તથા મૅડમ બ્લૅવેટ્સ્કીનું 'કી ટુ થિયોસોફી' તથા 'બાઈબલ'ના જૂના અને નવા કરારનું વાચન કર્યું હતું. એ ઉપરાંત નાસ્તિક બ્રેડલોનું પુસ્તક અને મિસિસ ઍની બેસન્ટનું 'હું થિયોસોફિસ્ટ કેમ બની?' એ ચોપાનિયું એમણે વાંચ્યું હતું. કાર્લાઈલનું 'હીરો અને હીરોવરશિપ' વાંચતાં પેગંબર વિશે માહિતગાર થયા હતા. આ બધાં મિત્રો અને પુસ્તકો વચ્ચે વસતાં એમને એક વાત સમજાઈ હતી કે એમણે ધર્મપુસ્તકો વાંચવા જોઈએ અને બધા મુખ્ય ધર્મોનો યોગ્ય પરિચય મેળવી લેવો જોઈએ. ત્યાં એમને ધર્મશાસ્ત્રનું અને દુનિયાના ધર્મોનું કંઈક ભાન તો થયું. પરંતુ સાથોસાથ બે પ્રતીતિઓ પણ થઈ. પહેલું તો એ કે બૌદ્ધિક ધર્મજ્ઞાન મિથ્યા છે. અનુભવ અને આચરણ વિનાનું શાસ્ત્રજ્ઞાન કેવળ થોથાંરૂપ છે અને બીજું, જ્યારે આપણે બધી આશા છોડીને બેસીએ, બંને હાથ હેઠાં પડે, ત્યારે ક્યાંક અને ક્યાંકથી મદદ આવીને પડે છે એનો એમને અનુભવ થયો. સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ વહેમ નથી, પણ આપણે ખાઈએ છીએ, પીએ છીએ, ચાલીએ-બેસીએ છીએ, એ બધું જેટલું સાચું છે, તેના કરતાંયે એ વધારે સાચી વસ્તુ છે, એ સમજાયું.

એમના સ્વભાવમાં રહેલી તત્ત્વજિજ્ઞાસાએ એમને ધર્મ, સત્ય અને અધ્યાત્મતત્ત્વને સમજવાની મથામણમાં ઘેરી લીધા હતા. બૅરિસ્ટર થવા ઈંગ્લંડ ગયા ત્યારે અને કેસ લડવા આફ્રિકા ગયા ત્યારે ત્યાંના અંગ્રેજ ખ્રિસ્તી મિત્રો અને મુસ્લિમ ઈસ્લામી મિત્રોની ધર્મસભાઓ, ચર્ચાસભાઓ અને વાર્તાલાપોમાં ઉપસ્થિત રહેતાં, એમનાં ધર્મપુસ્તકો વાંચતાં, હિંદુ હોવા છતાં હિંદુધર્મ વિશેના પોતાના અજ્ઞાનથી ક્ષોભ પામતાં એમણે હિંદુ અને અન્ય ધર્મોનાં પુસ્તકોનું વાંચન કરી, એમના ઉપર ચિંતન-મનન કરી એમાંની વાતો સમજવાની ભારે મથામણ કરી હતી. એ મથામણને પરિણામે જ એમને પોતાના જીવનધ્યેય અને જીવનકાર્યની પતીજ પડી હતી.

ત્યાં એમને મિ. બેકર, મિસ હેરિસ, મિસ ગેબ, મિ. કોટ્સ વગેરેની ઓળખાણ થઈ હતી. કોટ્સે તો એમને પુસ્તકોથી નવડાવી દીધા હતા. પિયર્સનનું 'મૅનિ ઇનફૉલિબલ પ્રૂફ્સ', બટલરનું 'ઍનેલોજી' વગેરે પુસ્તકો વાંચ્યાં હતાં અને એમના વિશે ડૉ. કોટ્સ સાથે ચર્ચાઓ પણ કરી હતી. એ બધાના ભરપૂર પ્રયત્નો છતાં તેઓ ધર્મપરિવર્તન કરવા તૈયાર થયા ન હતા. જેમ પ્લીમથ બ્રધરનનું કુટુંબ તેમ પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તીઓની અને અબ્દુલ્લા શેઠની ઈસ્લામની વાતો એમને એમની આસ્થામાંથી ચલિત કરી શકી ન હતી. એ વખતે તેઓ જેમ ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરી શક્યા ન હતા, તેમ હિંદુધર્મની સંપૂર્ણતા કે સર્વોપરિપણા વિશે પણ નિશ્ચય નહોતા કરી શકતા. ભારે હૃદયમંથન અનુભવી રહ્યા હતા.

પોતાના મનની મુસીબતો એમણે એ કાળના હિંદુસ્તાનના ધર્મશાસ્ત્રીઓ પાસે તેમ રાયચંદભાઈ પાસે પત્રાચાર દ્વારા મૂકી હતી. તેમને કેટલાક જવાબો મળ્યા પણ ખરા...પરંતુ એમના મનને કંઈક શાંતિ રાયચંદ્રભાઈના માર્ગદર્શનથી મળી હતી. એ કાળે એમણે 'કુરાન' અને અન્ય ઈસ્લામી પુસ્તકો વાંચ્યાં હતાં. વિલાયતના ખ્રિસ્તી મિત્રો સાથે પણ પત્રવ્યવહાર કર્યો હતો. એ નિમિત્તે એડવર્ડ મેટલૅન્ડની ઓળખાણ થઈ. તેમનું 'પરફેક્ટ વે' અને એમણે મોકલેલું 'બાઈબલનો નવો અર્થ' તથા ટૉલ્સ્ટોયનું 'વૈકુંઠ તારા હૃદયમાં છે' – એ પુસ્તકો વાંચ્યાં હતાં. આ બધાં મિત્રો અને પુસ્તકોના સમાગમે એમનામાં પ્રબળ ધર્મજિજ્ઞાસા પેદા કરી હતી.

તેઓ 'આત્મકથા'માં લખે છે, 'હું તો મુસાફરી કરવા, કાઠિયાવાડની ખટપટમાંથી છૂટવા અને આજીવિકા શોધવા દક્ષિણ આફ્રિકા ગયો હતો. પણ પડી ગયો ઈશ્વરની શોધમાં – આત્મદર્શનના પ્રયત્નમાં. ખ્રિસ્તીભાઈઓએ મારી જિજ્ઞાસા બહુ તીવ્ર કરી મૂકી હતી. તે કેમે શમે તેમ નહોતી; ન ખ્રિસ્તી ભાઈબહેનો, હું શાંત થવા માગું તોય થવા દે તેમ હતું.' ડરબનમાં એમનો સંપર્ક ત્યાંના મિશનના મુખી મિ. સ્પૅન્સર વૉલ્ટૅન તથા તેમનાં પત્ની સાથે થયો હતો. એ સંબંધે એમને આ બાબત વિશે જાગ્રત રાખ્યા હતા. જોકે ધાર્મિક વાચનને માટે જે નવરાશ એમને પ્રિટોરિયામાં મળી હતી તે ડરબનમાં શક્ય ન હતી. છતાં ત્યાંના નિવાસ દરમ્યાન તેમણે કવિ નર્મદાશંકરનું 'ધર્મવિચાર', મૅક્સમૂલરનું 'હિંદુસ્તાન શું શીખવે છે?', વૉશિંગ્ટન અરવિંગનું મહમ્મદનું ચરિત્ર, કાર્લાઈલ રચિત મહમ્મદસ્તુતિ અને 'જરસ્થુસ્તનાં વચનો' નામનાં પુસ્તકો વાંચ્યાં હતાં. ઉપરાંત, થિયોસોફિકલ સોસાયટીએ પ્રગટ કરેલ ઉપનિષદનાં ભાષાંતરો પણ વાંચ્યાં હતાં. એ જ અરસામાં વાંચેલાં ટૉલ્સ્ટોયનાં બે પુસ્તકો 'ગોસ્પેલ ઇન બ્રીફ' અને 'વોટ ટુ ડુ'એ એમના મન ઉપર ઊંડી છાપ પાડી હતી. આમ, ત્યાં રહ્યે રહ્યે એમણે જુદા જુદા સંપ્રદાયોનું ઓછુંવત્તું જ્ઞાન મેળવ્યું હતું. પરિણામે એમનું આત્મનિરીક્ષણ વધ્યું હતું. જે વાંચવું ને પસંદ કરવું તેનો પોતાના જીવનમાં અમલ કરવાની એમની ટેવ દૃઢ થઈ હતી. એ જ અરસામાં એમણે પુસ્તકમાંથી જેવી

સમજાઈ તેવી પ્રાણાયામની પ્રક્રિયા કરવાનું પણ શરૂ કર્યું હતું. સાથોસાથ મનની મૂંઝવણોમાં માર્ગદર્શન અર્થે કેટલાય લોકો સાથે પત્રવ્યવહાર ચાલતો હતો અને જુદા જુદા ધર્માચાર્યોના વિચારોની માનસિક ભૂમિકાએ તુલના કરવાનું પણ ચાલતું હતું. આવાં ચિંતન, મનન, વિમર્શણ અને તુલનાને કારણે એક મોટો ફાયદો એમને થયો હતો અને તે અંતરમાંથી ઊઠતા નાદને સાંભળવાનો. અંતર્નાદને વશ થવાનું તેઓ શીખતા ગયા હતા. તેમાં તેમને આનંદ આવતો અને એ નાદને વિરુદ્ધ જવાનું એમને કઠિન અને દુ:ખરૂપ જણાવા લાગ્યું હતું.

ધર્મ અને અધ્યાત્મ વિશે એમના મનમાં ઊઠતા પ્રશ્નો અને ઊઠતી શંકાઓ વિશે સમાધાન મેળવવા એ મથતા હતા, તેમાં તેમને અનાયાસે સહાય મળી રહી કવિ રાયચંદ અથવા રાજચંદ્રની. ગાંધીજીએ મુંબઈમાં વકીલાતનો વ્યવસાય આરંભ્યો હતો એ કાળે એમના વિલાયત વિદ્યાભ્યાસ વખતના મિત્ર ડૉ. પ્રાણજીવનદાસ મહેતાએ એમની ઓળખાણ રાજચંદ્રજી સાથે કરાવી હતી. તેઓ રેવાશંકર જગજીવનની શરાફી પેઢીના ભાગીદાર અને કર્તાહર્તા હતા. તેઓ શતાવધાની હતી. પરંતુ એ વાતથી ગાંધીજી મુગ્ધ થયા ન હતા. જેના ઉપર તેઓ મુગ્ધ થયા હતા તે બાબતો હતી તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર, અને તેમની આત્મદર્શન કરવાની ધગશ. આત્મદર્શનને ખાતર જ તેઓ પોતાનું જીવન વ્યતીત કરતા હતા. કવિ રાયચંદભાઈમાં ગાંધીજીને પોતાનાં ચિંતન, મંથન, સમજણમાં સહાયક બને એવો માર્ગદર્શક સહપાંથી મળી ગયો. તેઓ તેમના નિકટના સંબંધમાં રહેવા લાગ્યા હતા. એ કાળે તેઓ દરેક ધર્મના આચાર્યોને મળતા રહેતા હતા. ઘણા ધર્માચાર્યોના પરિચય અને પ્રસંગમાં તેઓ આવ્યા હતા. પરંતુ એમના ઉપર જે છાપ રાયચંદભાઈની પડી હતી, તેવી અન્ય કોઈની પડી ન હતી. તેથી પોતાની આધ્યાત્મિક ભીડમાં તેઓ તેમનો આશ્રય લેતા હતા. આફ્રિકાનિવાસ દરમ્યાન મુસ્લિમ અને ખ્રિસ્તી મિત્રો પોતપોતાના ધર્મની શ્રેષ્ઠતા એમના મનમાં ઠસાવી એમને ધર્મપરિવર્તન કરાવવા દબાણ કરી રહ્યા હતા ત્યારે અસંમજસમાં પડેલા ગાંધીજીને કવિ રાયચંદભાઈનું જ માર્ગદર્શન શાતાદાયક જણાયું હતું. તેમણે ગાંધીજીને ધીરજ રાખવા અને હિંદુ ધર્મનો ઊંડો અભ્યાસ કરવાની ભલામણ કરી હતી. બીજા ધર્મો કરતાં હિંદુ ધર્મમાં જે વિશેષતા છે તે સૂક્ષ્મ અને ગૂઢ વિચારોની, આત્માના નિરીક્ષણની અને દયાની છે, એવું નિષ્પક્ષપાતરૂપે વિચારતાં અને એની પ્રતીતિ પામતાં ગાંધીજીને એમણે કર્યા હતા. એમના એ મંથનકાળે રાયચંદભાઈએ એમને 'પંચીકરણ', 'મણિરત્નમાળા', યોગવાસિષ્ઠનું 'મુમુક્ષુ પ્રકરણ', હરિભદ્રસૂરીનું 'ષડ્દર્શનસમ્મુચય' વગેરે પુસ્તકો વાંચવા મોકલ્યાં હતાં. ગાંધીજીએ નિષ્ઠાપૂર્વક એ બધા ગ્રંથોનું અધ્યયન કર્યું હતું. તેઓ મુંબઈમાં હતા ત્યારે તો તેઓ એમની શરાફી પેઢી ઉપર અવારનવાર મળી વિચાર-વિમર્શ કરતા હતા, પરંતુ ગાંધીજીના વિદેશ વસવાટ દરમિયાન કવિ રાયચંદભાઈએ પત્રો દ્વારા આધ્યાત્મિક વિષયમાં દોરવણી આપવાનું ચાલુ રાખ્યું હતું. કવિ રાયચંદભાઈની વિદ્વતા, એમના જ્ઞાન, એમની જીવનદૃષ્ટિ અને જીવનરીતિથી ગાંધીજી ઘણા પ્રભાવિત થયા હતા. એમના તરફ ગાંધીજીને ઘણો આદર હતો. પરંતુ પોતાના ધર્મગુરુ તરીકે પોતાના હૃદયમાં ગાંધીજી તેમને સ્થાન આપી શક્યા ન હતા. એટલું ખરું કે પોતાની આધ્યાત્મિક યાત્રામાં, ગાંધીજીને એમનામાં સહપ્રવાસીની ઝાંખી જરૂર થઈ હતી. ગાંધીજી અને કવિ રાયચંદભાઈનો મેળાપ ગાંધીજીના જીવનમાં અધ્યાત્મની દિશામાં એમને હૂંફ, બળ, મદદ અને માર્ગદર્શન આપનાર એક મહત્ત્વનો બનાવ હતો.

કવિ રાયચંદભાઈએ પોતાના જીવન સંસર્ગથી ગાંધીજી ઉપર ઊંડી છાપ પાડી હતી, એવી ઊંડી છાપ છોડનાર અન્ય બે મહાનુભાવો હતા; ટૉલ્સ્ટોય અને રસ્કિન. બંને વિદેશી મહાનુભાવો હતા. બંનેએ પોતાનાં પુસ્તકો અને પત્રોથી એમના ઉપર ઊંડી છાપ છોડી હતી.

લિયો ટૉલ્સ્ટોય રશિયાના બહુ મોટા ગજાના સાહિત્યકાર અને ચિંતક હતા. ગાંધીજી કરતાં ઉંમરમાં ચાર દાયકા મોટા હતા. પરંતુ એમના ચિંતન- મનન ગ્રંથો–'ધી કિંગ્ડમ ઓફ ગૉડ ઈઝ વિધીન યૂ', 'ગોસ્પેલ્સ ઇન બ્રીફ' અને 'વ્હોટ ટુ ડુ'એ એમની વિચારસરણી ઉપર ઘણો પ્રભાવ પાડ્યો હતો. જીવનમાં સાચું સુખ જર, જમીન અને જોરુંમાં કે સત્તા, સંપત્તિ કે સુંદરીમાં નથી પણ હૃદયની અંદર રહેલું છે. ધનસંચય કે રાજકીય સત્તાનો ભોગવટો અનિષ્ટકારક છે. સુખી થવું હોય તો વસુ અને વસ્તુનો અપરિગ્રહ કરવો. કારખાનેદાર થઈ અસહાય અને ગરીબ કામદારોનું શોષણ કરી પૈસાદાર થવા કરતાં ખેતીનો વ્યવસાય નિર્દોષતાથી કરવો. બૂરું કરનાર સાથે પણ સંઘર્ષ કર્યા વિના એમનું ભલું કરવું. પ્રભુની ઈચ્છા પાર પાડવા માટે માનવજન્મ મળ્યો હોઈ પોતાના હક્કો કે અધિકારો કરતાં પોતાની ફરજો કે પોતાના કાર્યધર્મ ઉપર વધુ ધ્યાન આપવું–વગેરે એમના વિચારો ગાંધીજીને એટલા માટે સ્પર્શ્યા કે તેઓ ધર્મ-સંપ્રદાય નિરપેક્ષ રહીને વાત કરતા હતા, પાયાની વાત કરતા હતા, વાસ્તવદર્શી રહીને કરતા હતા અને જે કાંઈ કહેતા હતા તેવું આચરણ કરતા હતા. ગાંધીજીએ એમના વિચારોમાંથી અપરિગ્રહ, સહિષ્ણુતા, યુદ્ધ-હિંસા વિરોધ, ફરજનિષ્ઠા, સત્તાલાલસા અને વિતૈષણા તથા ઉદ્યોગીકરણનાં દુષ્પરિણામો, ક્ષમા અને ભલમનસાઈના ખ્યાલો પોતાની રીતે સ્વીકાર્યા હતા. ટૉલ્સ્ટોય સાથે એમને પત્ર-વ્યવહાર પણ થયેલો. એમની અધ્યાત્મ વિચારયાત્રામાં કવિ રાયચંદભાઈની જેમ ટૉલ્સ્ટોય પણ સહપંથી હતા.

ત્રીજા હતા જ્હોન રસ્કિન. એમના 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકના પ્રતિપાદ્યનો એમની ઉપર ભારે પ્રભાવ પડ્યો હતો. જોહનિસબર્ગથી નાતાલ ટ્રેનમાં જતાં ચોવીસ કલાક દરમ્યાન તેમણે એ વાંચ્યું હતું.

એ વાંચ્યાં પછી એ પૂરી રાત ઊંઘી શક્યા ન હતા. તેઓને એ વાંચતાં એમ લાગ્યું હતું કે પોતાનામાં જે વાત ઊંડે ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ રસ્કિનના એ ગ્રંથરત્નમાં હતું. એ વાત હતી અત્યોંદય કે સર્વોદયની. ગાંધીજીનો કુટુંબ-પરિવારનો ખ્યાલ પોતાની પત્ની અને બાળકો પૂરતો મર્યાદિત ન હતો. સમસ્ત માનવજાતને પોતાના પરિવારરૂપે એ જોતાં હતા. તેથી પોતાનું, પોતાનાં સંતાનોનું કે પોતાનાં કુટુંબીઓના ઉદય, ઉત્થાન કે ઉદ્ધારની વાતમાં નહીં; પરંતુ સહુના ઉદય, ઉત્થાન કે ઉદ્ધારનો એમનો મનસૂબો હતો. ગરીબ કે તવંગર, કાળા કે ગોરા, નાના કે મોટા–એવા કોઈ ભેદ એમના મનમાં ન હતા. એમને બધા એકસમાન હતા. અને બધાનું ભલું થવું જોઈએ, બધાનો વિકાસ થવો જોઈએ. જીવનની સાર્થકતા પામવાનો સૌનો સમાન અધિકાર છે, એવું તેઓ માનતા હતા. તેથી રસ્કિનના પુસ્તકની ત્રણ વાતો એમને બહુ અસરકારક લાગી. રસ્કિનના મત મુજબ વ્યક્તિનો ઉદ્ધાર બધાંનું ભલું થાય એમાં સમાઈ જાય છે. હરેક વ્યક્તિને પોતાની આજીવિકા રળવાનો સમાન હક્ક હોય છે. સૌને એકસરખું મહેનતાણું મળવું જોઈએ તથા મજૂર, ખેડૂત કે કારીગર બનીને જીવવું તેમાં જીવ્યાનું સાર્થક છે. રસ્કિનના આ વિચારોમાં પોતાના મનમાં પડેલા વિચારોનું પ્રતિબિંબ નિહાળતા ગાંધીજીએ સર્વોદય નામે એને ગુજરાતી ભાષામાં ઊતાર્યા હતા. રસ્કિનની આ વિચારણા ભલે સામાજિક કક્ષાની હતી, પણ ગાંધીજીને પોતાના અધ્યાત્મવિચારમાં એમાંથી સમર્થન મળ્યું હતું. સમષ્ટિઉદ્ધાર દ્વારા વ્યષ્ટિઉદ્ધાર, સમાજના છેલ્લામાં છેલ્લા મનુષ્યનો અને સમાજના તમામ થરના માણસોનો ઉદય– એ જ ખરો માનવવિકાસ છે, એ વાત એમની દૃઢ થઈ હતી.

આ ઉપરાંત અન્ય બે વિદેશી વિચારકો પણ એમની અધ્યાત્મયાત્રામાં સહપાંથીરૂપે વિચારી શકાય. એ બે એટલે હેન્રી થૉરો અને એમર્સન. થૉરો પાસેથી એમને પ્રજાએ સરકારને ક્યારે કર ભરવા અને ક્યારે ન ભરવા જોઈએ એ વાત તથા જીવનમાં સત્યાગ્રહ ક્યારે વ્યક્તિના જીવનમાં ફરજરૂપ બની જાય–એ બે વાતનું સમર્થન મળ્યું હતું. એમનામાં નિસર્ગપ્રેમ અને પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતાના જે ખ્યાલો વિકસ્યા, એની પાછળ થૉરોના 'વૉલ્ડેન' પુસ્તક પ્રેરણારૂપ બન્યું હતું. આમ જોઈએ તો થૉરો અને ઍમર્સનની વિચારણા રાજકારણ અને સમાજકારણને લગતી હતી, પરંતુ ગાંધીજીની દૃષ્ટિમાં જીવનનાં ક્ષેત્રો પરસ્પર પ્રાણમય સજીવ સંબંધથી સંકળાયેલાં છે, અલગ અલગ નથી. અને વળી એ બધાંના પાયામાં અધ્યાત્મ તત્ત્વ જ કેન્દ્રમાં રહેલું હોય છે. તેથી થૉરો અને ઍમર્સન જેવા વિચારકોને પણ એમના સહપાંથી ગણવા રહ્યા.

અને છેલ્લે જેને વિશે લોકોને ખાસ જાણકારી નથી એવા એક સહપાંથીની વાત કરીએ. તેઓ સહપાંથી કરતાં ગાંધીજીના રાહબર કે રહેનુમા કહીએ તો વધારે યોગ્ય લાગે. એ વ્યક્તિ એટલે પરમહંસ યોગાનંદજી. તેઓ એ યુગના એક બહુ મોટા ગજાના યોગસાધક હતા. રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધી જેવી વિખ્યાત વ્યક્તિઓ સાથે એમની મુલાકાતો થયેલી. તેઓએ રાંચી ખાતે યોગોદા સત્સંગ સોસાયટી નામે સંસ્થાની સ્થાપના કરેલી છે અને તેની શાખાઓ આખી દુનિયામાં આવેલી છે. મહાન યોગી બાબાજીના શિષ્ય તે લાહરી મહાશય, તેમના શિષ્ય યુક્તેશ્વરગીરી અને તેમના શિષ્ય તે પરમહંસ યોગાનંદજી. તેમણે ક્રિયાયોગની એક ખાસ પદ્ધતિ વિકસાવી છે, અને એ યોગની એમની સંસ્થા અને સંસ્થાના કર્ણધારો દ્વારા દીક્ષા આપવામાં આવે છે. ક્રિયાયોગ એ શ્રીકૃષ્ણજીવન જેટલી પુરાણી યોગપદ્ધતિ છે. કહે છે કે શ્રીકૃષ્ણે ઘોર આંગીરસમુનિ પાસે ક્રિયાયોગની દીક્ષા લીધેલી હતી. સ્વામી યોગાનંદજી ગાંધીજી જ્યારે વર્ધા આશ્રમમાં હતાં, ત્યાં મુલાકાતે ગયા હતા. તેમના બેત્રણ દિવસના ત્યાંના રોકાણ દરમિયાન ગાંધીજીએ આ ક્રિયાયોગની દીક્ષા એમની પાસેથી લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની અધ્યાત્મની જિજ્ઞાસાવૃત્તિ અને દિવ્યની શોધમાં બાળક જેવી નિખાલસતા જોતાં પ્રસન્ન અને પ્રભાવિત થયેલા યોગાનંદજીએ ગાંધીજીને તથા શ્રી દેસાઈ, ડૉ. પિંગળે તથા બીજા સત્યાગ્રહીઓને ક્રિયાયોગની દીક્ષા આપી હતી. ગાંધીજીના શારીરિક વ્યક્તિત્વમાં ખાસ કોઈ કરિશ્મા ન હતો છતાં એમની ઉપસ્થિત અને વાણીથી લોકો આકર્ષાતા હતા, મંત્રમુગ્ધ થતા હતા, ભલભલી વ્યક્તિઓ ઉપર એમના શબ્દો અને વિચારોનો પ્રભાવ પડતો હતો–તેનું કારણ એમણે હાંસલ કરેલો ક્રિયાયોગ હોઈ શકે. અશક્યવત જણાતાં કાર્યો કૃષ્ણની જેમ ગાંધીજીથી પણ થઈ શક્યાં એનું રહસ્ય આ યોગ હોઈ શકે. ગાંધીજી આમ તો પોતે જ પોતાના ગુરુ હતા, પરંતુ પરમહંસ યોગાનંદજી પાસેથી એમણે ક્રિયાયોગની દીક્ષા ગ્રહણ કરી હોવાથી, સ્થૂળ અને સૂક્ષ્મ બેઉ અર્થમાં, શ્રી યોગાનંદજીને એમના ગુરુ– અધ્યાત્મ ગુરુ કહી શકાય. જેમને આ વિશે વધુ વિગતો જાણવી હોય તેમને પરમહંસ યોગાનંદજીની આત્મકથા 'યોગીકથામૃત' (ગુજરાતી) અથવા 'Antobiography of a Yogi" (અંગ્રેજી) પુસ્તક જોઈ જવા વિનંતી છે. એમાં એમને પોતે દીક્ષા આપ્યાની વિગતનું નિરૂપણ છે.

સત્, ચિત્ અને આનંદનું સાયુજ્ય એટલે આત્મા અને પરમાત્મા, તેમ સત્ય, પ્રેમ અને કરુણાનો યોગ એટલે આધ્યાત્મિકતા. ગાંધીજી સત્યમૂર્તિ, પ્રેમમૂર્તિ અને કરુણામૂર્તિ હતા. એમની જીવનયાત્રા આ પંથે આગળ ધપી હતી. એ પંથે આગળ ધપતાં જે જે વ્યક્તિઓ – અને પુસ્તકોનો એમને સાથ, સંગાથ અને સધિયારો મળ્યો હતો, તેની આ છે સંક્ષિપ્ત દાસ્તાન.

✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી,મોટા બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦.
ફોન નં. - 02692-233750 મોબાઈલ : સેલ નં. : 09727333000



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# મહાત્મા ગાંધીના સાહિત્યસાથીઓ

□ રઘુવીર ચૌધરી

*[ રઘુવીર ચૌધરી પ્રશિષ્ટ સાહિત્યકાર અને જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા સમર્થ સર્જક છે. જીવનભર અધ્યયન-અધ્યાપન સાથે જોડાયેલા રહ્યા. કાવ્ય, નવલકથા, વિવેચન ક્ષેત્રે પુષ્કળ પ્રદાન કર્યું. સત્ત્વશીલ સાહિત્ય માટે તેમનું રંગદ્વાર પ્રકથન સક્રિય છે. સાથે વતન બાપુપુરામાં જઈ ખેતી પણ કરતા હોય છે. ]*

વીસમી સદીના ત્રીજા દાયકાથી ગુજરાતી સાહિત્ય પર ગાંધીજીનો જે પ્રભાવ વ્યાપક ભૂમિકાએ જોવા મળે છે એ તો છે એમના પ્રજાપ્રેરક પુરુષાર્થનો, એમની મૂલ્યનિષ્ઠ વ્યક્તિમત્તાનો, એમની સક્રિય હાજરીથી જાગેલાં સ્થૂલ-સૂક્ષ્મ આંદોલનોનો. આ પ્રભાવને પાંચેક મુદ્દાઓમાં સપાટી પરથી તપાસી શકાય.

૧. ગાંધીજી વિશે લખાયેલી રચનાઓ

૨. સીધો પ્રભાવ : પ્રચાર સાહિત્ય

૩. ગાંધીવિચારનો ઇતિહાસમાં પ્રક્ષેપ

૪. લેખન વિશેના ગાંધીજીના વિચારોનો પ્રભાવ

૫. પરોક્ષ અને નેતિવાચક પ્રભાવ

ગાંધીજીના વ્યક્તિત્વનું એવું ક્યું તત્ત્વ લેખકોને સ્પર્શી ગયું કે જેને કારણે ૧૯૩૦ સુધીમાં ગાંધીયુગ શરૂ થઈ ગયો એમ કહેવાયું ? એ તત્ત્વ છે જીવનને જોવાની–જીવવાની ગાંધીજીએ આપેલી નવી દૃષ્ટિ. એ ખરું કે સત્ય ને અહિંસા તો પર્વતો જેટલાં પુરાણાં હતાં પણ ગાંધીજીએ એમના પર મૂકેલો ભાર નવા જીવનને સારુ હતો.

સાચા હિંદના સ્પર્શનો અનુભવ ગાંધીજી હિંદુસ્તાન પાછા આવ્યા ત્યારથી જ કરી રહ્યા હતા અને સહુને કરાવી રહ્યા હતા. ગાંધીજીના વ્યક્તિત્વનું આ લક્ષણ લેખકોને આકર્ષી રહ્યું.

ગાંધીજીનો વિરોધ પાંડિત્યના આડંબર સામે છે. ભાષાની સરળતા માટેનો એમનો આગ્રહ નક્કર અર્થસભરતા માટેનો આગ્રહ પણ બની રહે છે. એ 'ઓપ ચઢાવ્યા વિના' અને 'નકામાં વિશેષણો'થી વસ્તુને ખરડ્યા કે ઢાંક્યા વિના લખવા–બોલવાના આગ્રહી છે. આ આગ્રહનું એક સારું પરિણામ આવ્યું છે. બોલચાલની ભાષા અને સાહિત્યની ભાષા વચ્ચેનું અંતર ઘટ્યું છે.

ગાંધીજીની સાથે કામ કરી ચૂકેલા લેખકોમાં કાકાસાહેબ, સ્વામી આનંદ, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, ચંદ્રશંકર શુક્લ આદિએ કોઈ ને કોઈ રીતે ગુજરાતી ભાષા ખેડવામાં અને સાથે ગાંધીજીના વિચારોને પ્રજા સુધી પહોંચાડવામાં જે ફાળો આપ્યો છે એનું મૂલ્ય સાહિત્યના ઇતિહાસમાં હજી વધુ ભારપૂર્વક અંકાવાની જરૂર છે.

ગોવર્ધનરામ પછી ગુજરાતી ગદ્ય ગાંધીજી દ્વારા સહુથી વિશેષ, અને સામર્થ્યપૂર્વક ખેડાયું છે.

કૃપાલાનીજી કહે છે કે ગાંધીજીનો પીછો છોડાવવો મુશ્કેલ છે. ઉમાશંકર 'વિશ્વશાંતિ'થી 'વૈયક્તિક અશાંતિ'ની અનુભૂતિને શબ્દસ્થ કર્યા પછી પણ ગાંધીજી વિશેની શ્રદ્ધાને સાચવી રહ્યા છે એ એથી એમના અંગત વિકાસને કશી હાનિ થઈ હોય એવું જાણવા મળ્યું નથી. આવું અનેક લેખકો વિશે કહી શકાય, જેમણે ગાંધીયુગને સ્વાતંત્ર્ય પછી પણ સજીવ રાખવા જોગું લખ્યું છે.

મને અસ્તિત્વવાદ અને આધુનિકતાએ ઘણું આપ્યું પણ પોતાની સંસ્કૃતિની ઓળખ તો ગાંધીજીએ જ કરાવી. મેં ઘણી વાર કહ્યું છે કે ગુજરાતી ભાષાનું સર્વોત્તમ પુસ્તક છે ગાંધીજીની આત્મકથા– 'સત્યના પ્રયોગો'.

ગાંધીજી પછી સાહિત્યમાં જીવનને એની સમગ્રતામાં જોવાની દૃષ્ટિ ઉમેરાઈ, દૃઢ બની.

### કાકાસાહેબ કાલેલકર

પંદર-સોળ વર્ષની કિશોર વયે સર્વપ્રથમ જે પુસ્તક મારી આખી રાતને પ્રકાશમાં પલટાવી નાખી હતી તે હતું 'હિમાલયનો પ્રવાસ.'

કાકાસાહેબનું એક બીજું પુસ્તક પણ ભારતીય કિશોરેએ વાંચવા જવું છે. 'જીવનલીલા'. પૂર્વે 'લોકમાતા' નામે ભારતની નદીઓ વિશે પુસ્તિકા આપેલી. પછી એમાં પ્રપાત, સરોવર, સમુદ્ર આદિને લગતા લેખો ઉમેરીને ૪૦૪ પૃષ્ઠોનું પુસ્તક આપ્યું તે આ 'જીવનલીલા'. ભારતનું ભૌગોલિક સૌંદર્ય અને સાંસ્કૃતિક સરવૈયું અહીં એક સાથે પ્રાપ્ત થાય છે. આ બે પુસ્તકોના લેખક કાકાસાહેબે વધુમાં 'જીવનનો આનંદ' અને 'રખડવાનો આનંદ' આપીને 'વિદિશા'ના લેખક

**બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદનમોહન માલવિયાને મહાત્મા ગાંધી સાથે નિકટના સંબંધો હતા. બનારસ હિન્દુ યુનિવર્સિટીને આદર્શ વિદ્યાપીઠ બનાવવા તેઓ મહાત્મા ગાંધીની સલાહ લેતા. આ વિદ્યાપીઠના સંચાલક તરીકે આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા.**

ભોળાભાઈ પટેલનું ગુરુપદ અગાઉથી અંકે કરી રાખેલું.

કાકાસાહેબનું મૂળ નામ દત્તાત્રેય બાલકૃષ્ણ (૧-૧૨-૧૮૮૫) પણ એમના જીવનકાર્યનું સૂચક બની શકે એમ છે. અટક જેવી તેવી નહોતી. 'રાજાધ્યક્ષ'! પણ આ સારસ્વત બ્રાહ્મણે ગામ 'કાલેલી' નામ સાથે જોડ્યું. એમના વિદ્વાન પુત્ર સતીશભાઈ તો કાલેલીમાં ભાગ્યે જ રહ્યા હશે. છતાં એ અને આખું વિશાળ કુટુંબ 'કાલેલકર' લખે છે. મહારાષ્ટ્રમાં 'કાકાસાહેબ'નું બહુમાન માત્ર વયસૂચક નથી, સ્નેહસૂચક પણ છે.

ગાંધીયુગના લોકસેવકો સમગ્ર ભારતીય સમાજને એક અખંડ ઘટક માનીને ચાલતા. રામગઢથી આગળ વધતાં એ નોંધે છે :

'અહીંયા જ એક ગાડારસ્તો અમે જોયો. પડખે જ મુસલમાન લોકોનું કબ્રસ્તાન હતું. પહાડની વન્ય શોભામાં સાંજની વેળાએ આ કબરો, ચરી આવીને નિરાંતે વાગોળતી ગાયોનું ધણ બેઠું હોય તેવી દેખાતી હતી.'

ચરી આવીને નિરાંતે વાગોળતી ગાયોના ધણ સાથે એ કબરોનું સાદૃશ્ય જુએ છે. કાકાસાહેબ જે સંગમ-સંસ્કૃતિને બિરદાવે છે એનું સમર્થન કરતાં આવાં દૃષ્ટાંત એમના લેખનમાં જ્યાં નજર કરશો ત્યાં મળી આવશે.

રાષ્ટ્રપ્રેમ અને ધર્મ તેમને શૈશવમાં સાંપડ્યાં. શાળાના શિક્ષણ દરમિયાન દેશની સ્વતંત્રતાનું મૂલ્ય હૃદયમાં વસ્યું. કૉલેજમાં તત્ત્વજ્ઞાન પણ ભણ્યા, વિવેકાનંદને વાંચ્યા. બી.એ. થઈ એલએલ.બી. કરતા હતા પણ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઈને અધ્યાપક બન્યા. સરકારે એમના રાષ્ટ્રીય વિદ્યાલયને મુશ્કેલીમાં મૂક્યું.

કાકાસાહેબ ટિળકના 'રાષ્ટ્રમત'ના તંત્રીવિભાગમાં જોડાયા. આ કાળમાં એ રવીન્દ્રનાથ અને અરવિંદથી પણ પ્રભાવિત થયા. વડોદરા આવ્યા. ત્યાંનું ગંગનાથ વિદ્યાલય પણ બંધ પડ્યું. સ્વામી આનંદ અને અનંત બુવા સાથેના પ્રવાસ અને સખ્યના ઉલ્લેખો 'હિમાલયનો પ્રવાસ'માં વાંચવા મળે છે. સન્મિત્રો સાથેનો આ પ્રવાસ દેખીતી રીતે ભૌગોલિક લાગે પણ વાસ્તવમાં સાંસ્કૃતિક છે. કાકાસાહેબની બિનસાંપ્રદાયિક અધ્યાત્મચેતના અહીં સંકોરાઈ, પ્રદીપ્ત બની.

કાકાસાહેબને હિમાલય પછી બીજા મળ્યા તે મહાત્મા ગાંધી. અને મળ્યા તે પણ ક્યાં મળ્યા! શાંતિનિકેતનમાં!

૧૯૨૦થી કાકાસાહેબ ગુજરાત વિદ્યાપીઠના તે વખતના મહાવિદ્યાલયમાં અધ્યાપક થયા. ગાંધીજી જેલમાં ગયા ત્યારે 'નવજીવન' પણ સુપેરે ચલાવી જાણ્યું. લેખક તરીકેના વિચારસ્વાતંત્ર્યને કારણે અંગ્રેજ શાસનના હાથે ૧૯૨૩માં જેલવાસ વેઠવાનો આવ્યો. ૧૯૪૨માં 'હિંદ છોડો'ની લડતમાં જોડાઈને ફરી જેલમાં ગયા. ત્રણ વર્ષે છૂટ્યા પછી ગાંધીવિચાર અને હિન્દીનું કામ કર્યું. દેશની આઝાદી પછી વિશ્વપ્રવાસી બન્યા. પગે ચાલીને, ઓછામાં ઓછી સુવિધાઓ સાથે સારસ્વત કાકાસાહેબે વધુમાં વધુ પ્રવાસો ખેડ્યા છે.સાહિત્ય સ્થળકાળના ભેદ દૂર કરે છે એ તો જાણીતું તથ્ય હતું. એમાં કાકાસાહેબે ઉમેરો કર્યો.

ભાષાઓ ઘણી જાણે. આસામના આદિવાસીઓની એક બોલીમાં તીર ચલાવવા માટે ચૌદ ક્રિયાપદો છે એની એમને ખબર હતી.

કાકાસાહેબનું સાહિત્ય શૈક્ષણિક સામગ્રી તરીકે પણ મૂલ્યવાન છે.

### નારાયણ દેસાઈ

નારાયણ દેસાઈ (તા. ૨૪-૧૨-૧૯૨૪)ને પિતાશ્રી મહાદેવ દેસાઈની પ્રતિભા વારસામાં મળવાની સાથે શરીર સૌષ્ઠવ પણ સાંપડ્યું હતું. એ સંપૂર્ણ ક્રાંતિનું કામ લઈને બેઠા હતા. ઈ. સ. ૧૯૮૨થી વેડછીમાં સંપૂર્ણ ક્રાંતિ વિદ્યાલય ચલાવતા. એ ઉપરાંત વેડછીના સર્વોદય આશ્રમના પ્રમુખ તરીકેની જવાબદારી પણ ખરી. વધુમાં 'વૉર રેઝિસ્ટર્સ ઈન્ટરનેશનલ'ના અધ્યક્ષ તરીકે સક્રિય થવાનું આવ્યું. એ પદનો સ્વીકાર કરતાં પૂર્વશરત કરેલીઃ ભારતમાં રહીને જ કામ કરીશ. ત્રણ વર્ષ દરમિયાન વરસે દહાડે બેત્રણ બેઠકમાં દેશ બહાર જઈ શકાશે. આ સંસ્થાનું કાર્યાલય લંડનમાં છે.

નારાયણભાઈનું વ્યક્તિત્વ એવું છે કે અનુગામી પેઢીને પ્રેરણા મળે. નારાયણભાઈ બહુ સારા વક્તા જ નહીં, સારા વાચક છે, અભ્યાસી છે. 'સંત સેવતાં સુકૃત લાધે', 'સર્વોદય-વિચાર', 'ભૂદાન-આરોહણ', 'પાવન પ્રસંગો', 'સામ્યયોગી વિનોબા' (પ્રબોધ ચોકસી સાથે), 'રવિ-છબિ', 'મને કેમ વીસરે રે!' ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી પર એમનું પ્રભુત્વ છે. બંગાળીમાંથી અનુવાદ કરી શકે છે, થોડીક ભૂલો સાથે બંગાળીમાં ભાષણ પણ કરી શકે છે.

નારાયણભાઈ હિન્દીભાષી પ્રદેશમાં ઘણું રહ્યા છે. જયપ્રકાશ નારાયણ સાથે વીસ વર્ષ કામ કર્યું છે. અખિલ ભારતીય શાંતિ-સેના અને રાષ્ટ્રીય એકતા સમિતિનો ભાર વહ્યો છે. કટોકટીકાળમાં મોટા ભાગના સર્વોદય કાર્યકરો બે ભાગમાં વહેંચાઈ ગયા હતા. સર્વોદયની કાર્યશૈલી છોડીને જે. પી. સૂચિત લોકક્રાંતિના સેનાની થવું કે કેમ? વિનોબાજીને સહેજ પણ અન્યાય ન

*ભિક્ષુ અખંડ આનંદે 'સસ્તું સાહિત્ય' દ્વારા મામૂલી કિંમતે સુંદર પુસ્તકો આપ્યાં તેમ હનુમાનપ્રસાદ પોદારે ગીતા પ્રેસ ગોરખપુર દ્વારા નજીવી કિંમતે ભગવદ્ ગીતા આમજનતાને સુલભ કરી આપી. આ પ્રેરણા તેમને આપનાર હતાં મહાત્મા ગાંધી,*


મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

***હિન્દી સાહિત્યના વિખ્યાત કવિ શ્રી વિયોગી હરિ ગાંધીજીના અસ્પૃશ્યતા નિવારણના કાર્યક્રમ માટે 'હરિજન સેવક'ના પ્રકાશન માટે ૧૯૩૨થી ૧૯૭૫ સુધી જોડાયેલા.***

થાય એ રીતે જે. પી.ના દૃષ્ટિબિંદુને રજૂ કરનારાઓમાં નારાયણભાઈ મુખ્ય હતા. ભૂદાનનું કામ કર્યાનો આનંદ હતો અને છે. ૧૯૫૨થી ૬૮-૬૯ સુધી ભૂદાનના કામે દેશમાં આઠેક હજાર માઈલનો પ્રવાસ કરેલો. ત્યારે માત્ર ત્રણ તાલુકાને બાદ કરતાં આખું ગુજરાત નજીકથી જોયેલું, ત્રણ હજાર એકર જમીન દાનમાં મેળવીને એનું વિતરણ કરેલું. આ કામમાં અલબત્ત પહેલો નંબર રવિશંકર મહારાજનો હતો, એમની સાથે સ્પર્ધા હોય નહીં એ ભાવે નારાયણભાઈ પછી ગુજરાત બહાર ગયા. 'ભૂમિપુત્ર'ના સંપાદનનો કાળ વાચકો અને સંપાદક બેઉ માટે યાદગાર.

૧૯૪૨માં ભૂગર્ભ-પ્રવૃત્તિમાં સક્રિય હતા. જન્મતારીખ ચોવીસ ડિસેમ્બર ઓગણીસસો ચોવીસ. અઢાર વરસની ઉંમરે દેશની આઝાદી માટેની લડત માથે લીધી. ૧૯૪૩માં મહાદેવભાઈનું અવસાન થયું. પિતાજી ગુરુતુલ્ય હતા. એમને માટે ટાઈપનું કામ કરી આપતા. વ્યાસ-ગણેશની જેમ થોડાક ફેરફાર સાથે બેઉ પક્ષે શરતો થયેલી. 'એકેય ભૂલ થવી ન જોઇએ'–પિતાજીએ કહેલું 'ન સમજાય એવો એકેય શબ્દ કહેવાનો નહીં...'–પુત્રે જણાવેલું.

જાતે ન સમજાય એવું એકેય કામ નારાયણભાઈએ કર્યું નથી. બાર વર્ષની વયે સંકલ્પ કરેલો કે અંગ્રેજી ઢબનું શિક્ષણ લેવું નથી. ગાંધીજીએ સંમતિ આપી. મોહન પરીખ વગર સંકલ્પે નિશાળમાં ન ગયા. એમને કાકાસાહેબે પ્રોત્સાહન આપ્યું. 'દસ વર્ષની ઉંમર સુધી બાળકે વાંચવા-લખવાની જરૂર નથી!' બેઉ ભાઈબંધો ફાવી ગયા. આ બે અભણ ગોઠિયાઓનાં પુસ્તકોની સૂચિ કોઈકે જોઈ જોવા જેવી છે. પણ એથી જ વધુ મહત્ત્વની તો છે એમની પ્રત્યક્ષ કામગીરી. બેઉએ મળીને એક ગ્રામશાળા સ્થાપેલી. બાળકો આદિવાસી, ત્રેસઠમાંથી સાઠ પાસે બદલવા જોગ કપડાં જ નહીં. સમજાયું: શિક્ષણના પ્રશ્નો સાથે આર્થિક અને સામાજિક પરિબળો પણ સંકળાયેલાં છે. જેણે કામ કરવું છે એની જવાબદારી મોટી છે.

આશ્રમમાં 'સ્વર્ગની લગોલગ'થી પણ વધુ સારી સ્થિતિ હતી. ગાંધીજી સાથે સીધો સંબંધ! બાપુનાં કપડાં ધોવા મળે, કોઈક કાયમી અધિકારીની ગેરહાજરીમાં માલિશ કરવા મળે.

જીવવાનું જ એ રીતે હતું કે કેળવણીને જુદી પાડવી ન પડે. યુગચેતના શ્વાસોશ્વાસનો ભાગ બની. ગાંધી, વિનોબા, જે.પી.ના સહવાસે એ ચેતના વિકસી, એનો ઉત્તરાર્ધ એ છેક સુધી જીવ્યા.

વૈચારિક સ્પષ્ટતા અને નિર્ભયતા સાથે બધું ઝડપથી હાથવગું કરી લેવાની વૃત્તિ સામે નારાયણભાઈ ચેતવે છે.

નારાયણ ભાઈએ 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' અને 'મારું જીવન એ જ મારી વાણી' નામનાં અનુક્રમે મહાદેવભાઈનાં અને મહાત્મા ગાંધીનાં અનન્ય ચરિત્ર-ગ્રંથ આપ્યા છે.

ગાંધીવિચાર વિનોબા-જે.પી. પછી નારાયણભાઈ જેવા સર્વોદય-સમર્પિતોમાં જીવતો રહ્યો.

**મનુભાઈ પંચોળી 'દર્શક'**

દર્શક કહે છે કે એમના જીવનનો ત્રીસ ટકા અંશ જ સાહિત્ય સાથે સંકળાયેલો છે. સિત્તેર ટકા જેટલા એ પ્રજાપુરુષ છે. તેઓ શબ્દના મહેલમાં બેસીને જીવનને એક દૃશ્યરૂપે જોનારા લેખક નથી. એ દર્શકનું લેખન જીવનકાર્યનો અંશ છે, જીવનસર્વસ્વ નથી.

એ લોકભારતીમાં ઇતિહાસ ભણાવતા. એ માનતા કે ઇતિહાસે તેમને નવો ઇતિહાસ રચવાની શક્તિ આપવી જોઈએ.

દેશમાં કટોકટી લદાઈ કે તુરત ૨૪મી જુલાઈએ ગુજરાતના ગવર્નરને પત્ર લખીને એમણે ઉગ્ર વિરોધ કરેલો. સ્વાતંત્ર્ય સૈનિકના ગૌરવચિહ્ન તરીકે સ્વીકારેલું તામ્રપત્ર પાછું મોકલેલું. 'સ્વરાજના મૂળિયાં કાપી નાખનારી સરકારનાં હાલનાં પગલાંનો હું વિરોધ ન કરું તો એ તામ્રપત્રની શી કિંમત?'

દર્શકે શિક્ષણ દ્વારા ગ્રામપુનર્ઘટના માટે જીવન આપ્યું. ગ્રામસમાજના પારસ્પરિક સંબંધોમાં નિર્ભયતા આવે, પ્રેમનું તત્ત્વ પ્રગટે એ માટે એ સાઠ પછીની ઉંમરે પણ સક્રિય રહ્યા.

ઈ. સ. ૧૯૩૦માં પૂરાં સોળ વર્ષ થાય એ પહેલાં પાંચમા ધોરણનો અભ્યાસ અધૂરો મૂકી સત્યાગ્રહી સૈનિક બન્યા. રાજાજીએ વર્ડ્ઝવર્થની ફ્રેન્ચ રાજ્યક્રાંતિ માટે લખેલી કડીઓ યાદ અપાવી કે આ વખતે જીવતા હોવું તે તો આનંદની વાત હતી પણ યુવાન હોવું તે તો સ્વર્ગીય હતું. ૧૯૩૦ થી ૩૪ના ગાળાનું જેલજીવન એમના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપે છે. આ અરસામાં એમને નાનાભાઈ મળ્યા. કાયમી સંગાથ મળી ગયો. પંડિત સુખલાલજી અને સ્વામી આનંદના જીવનકાર્યમાં એમને શ્રદ્ધા. કઠણ પરિશ્રમ કરનાર હાથ ગુલાબ પકડતાં શીખે એમાં પણ મનુભાઈને એટલો જ રસ.

દર્શક લખે ત્યારે દિવસો સુધી એકધારું લખે. ભારે ઝડપ.

એમના લેખનમાં જે હરિયાળી આવે છે એ એમણે જીવનમાં સર્જી છે. શિક્ષણ મનુભાઈ પંચોળી 'દર્શક' સાથે કાર્યાનુભવ જોડવા ને શિક્ષણને સ્વાવલંબી બનાવવા નાનાભાઈએ ખેતીનો ઉદ્યોગ પસંદ



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

કર્યો. મનુભાઈ તાલીમ લઈને નિષ્ણાત ખેડૂત બન્યા. સંસ્થાઓ માટે જમીનો ખરીદી તે ખાડા-ટેકરાવાળી અને બિનઉપજાઉ. કેળવીને ફળદ્રુપ કરી.

'ખેતીવાડી અમે કરી નહોતી. પણ અમે ઓછે વત્તે અંશે ગાંધીજીના દેશવ્યાપી રચનાત્મક તાલીમનાં રંગે રંગાયેલા હતા.'

### બબલભાઈ મહેતા

બબલભાઈ એ પેઢીના યુવક હતા જેમને માટે આદર્શ એ સમાજના વાયુ મંડળમાં રહેલો પ્રાણવાયુ હતો અને તેથી જન્મસ્થળ એ જ એમનું વતન ન હતું. એ ધરતીના પુત્ર હતા અને ધરતીપુત્ર જ રહ્યા, છેક સુધી. ચાલ્યા ગયા એ પૂર્વ થામણા ગયા હતા. 'મારું ગામડું'ની કર્મભૂમિ પરથી વિદાય લીધી.

બબલભાઈને હું માત્ર સર્વોદય કાર્યકર જ નહીં, ગુજરાતી લેખક પણ માનું છું. બબલભાઈ પોતે બહુ સાદું જીવન જીવતા. ધોતિયું, બાંડિયું અને ટોપીનો રંગ સદા સફેદ, ચળકાટ કે ઈસ્ત્રી વગરનો. ચહેરા પર બ્રહ્મચર્યનું તેજ હતું. એમણે તટસ્થતા, વધુ ચોકસાઈથી કહીએ તો નિ:સંગતા કેળવી હતી. એમની હાજરીમાં, એ નથી એમ માનીને તમે વર્તી શકો, શું ગુમાવ્યું છે એનો ખ્યાલ નહીં આવે.

> ગામડામાં કામ કરનારમાં ગ્રામપ્રજા પ્રત્યે અખૂટ પ્રેમ, તેમની પાસેથી શીખવાની નમ્રતા, અને સમાજ પાસેથી ઓછામાં ઓછું લઈને વધારેમાં વધારે આપવાની વૃત્તિ હોવી જોઈએ.
>
> –બબલભાઈ મહેતા

હરિજનો અને અન્ય વર્ગના લોકો વચ્ચે હિંસાનો વ્યવહાર શરૂ થયો ત્યારે ગાંધીચીંધ્યા અવિભક્ત હિન્દુ સમાજના પ્રતિનિધિ તરીકે બબલભાઈ આગળ આવ્યા હતા. છાપાં નાની અને અર્થહીન ઘટનાને મોટું સ્વરૂપ આપી રહ્યાં હતાં તે દિવસોમાં કેટલાંક શાંતિ સૈનિકો સાથે બબલભાઈ એ બધા જ દુર્ભાગી વિસ્તારોમાં ફર્યા હતા અને જે તે સ્થળ પર લોકો સાથે મુખોમુખ વાત કરીને પછી વૃત્તાંત-નિવેદન કર્યું હતું. રવિશંકર મહારાજ પથારીવશ હતા ત્યારે બબલભાઈ સિવાય આખા સમાજ વતી વાત કરનાર બીજું કોણ એવડો મોટો ભાર ઉપાડી શકે? નિર્ભયતા કેવી આસાન હતી, પ્રેમ કેવો નૈસર્ગિક હતો એમના માટે!

અંગ્રેજી અને હિન્દી ઉપરાંત બબલભાઈ બંગાળી, મરાઠી, સંસ્કૃત અને ઉર્દૂનું જ્ઞાન પણ ધરાવતા. બીજા શબ્દોમાં કહીએ તો ગાંધીજીવાળી જે અસલ ગુજરાત વિદ્યાપીઠ એના એ વિદ્યાર્થી, દેશ સમગ્રને જવાબદાર. એમણે અનુભવે કરીને પણ જે ત્રણ આદર્શોને આગળ કર્યા છે: (૧) સ્વચ્છતા (૨) ચારિત્ર્ય અને (૩) અવૈર. ભારતના સમાજને આજેય આ ત્રણ પાનાંનો ભારે ખપ છે.

બારથી પણ વધુ મૌલિક કૃતિઓ સર્વોદય, ભૂદાન, રવિશંકર મહારાજ આદિ વિશે એમને પહેલાં વાંચીએ તો વધુ સમજ પડે.

### ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'

જેમણે પોતાના નામને ભૂલીને ઉપનામના ગુણધર્મો ધારણ કર્યા હોય અને બંને વચ્ચેનો વિરોધ ટકાવી રાખ્યો હોય તેવા તો આ એક જ લેખક છે ભોગીલાલ ગાંધી. સહુથી મોટો વિરોધ જ ભોગનો. અને ખૂબની વાત તો એ છે કે જ્યારે એ ભૌતિકવાદી માર્ક્સવાદના સમર્થક હતા ત્યારે જ એમણે 'ઉપવાસી' ઉપનામ ધારણ કરેલું અને કાવ્યો વગેરે ઘણું લખેલું. લખાણોમાંથી એમને પુરસ્કાર તો નથી જ મળ્યો, યશ બાબતે પણ તે ઉપવાસી રહ્યા છે. અપવાદરૂપે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલને એમની કેટલીક કાવ્યપંક્તિઓ યાદ હતી તે જ. આઝાદીના આંદોલન દરમિયાન જેલમાં સાથે હતા તેનું આ પરિણામ છે.

ભોગીભાઈને સુભદ્રાબહેન સાક્ષાત્ સરસ્વતી રૂપે મળ્યાં. હું ધારું છું ત્યાં સુધી ભોગીભાઈનાં પુસ્તકોથી જે ખર્ચ થયું હશે એ સુભદ્રાબહેનના અનુવાદોથી સરભર થયું હશે.

એમનો જન્મ ૧૯૧૧ના જાન્યુઆરીની છવ્વીસમી તારીખે થયો. ભારતના બંધારણનું પ્રજાસત્તાક માળખું ટકી રહે એ માટેની એમની ખાંખત કયા સુશિક્ષિત ગુજરાતીથી અજાણી છે? મનુષ્યના સ્વાતંત્ર્યને રૂંધનાર પરદેશી હોય કે દેશી એથી શો ફેર પડે છે? સ્વાતંત્ર્ય પહેલું. સમાનતા, દેશાભિમાન એ બધું પછી. એમણે 'વિશ્વમાનવ' શરૂ કર્યું ત્યારે ખ્યાલ તો એવો હતો કે સામયિકનું નામ 'માનવ' રાખીશું, પણ રજિસ્ટ્રેશન ન મળતાં આ માનવને વિશ્વ સુધી જોડવા સુધી ગયા.

ટાગોરની 'નષ્ટનીડ' આદિ નવલિકાઓ, કાવ્યો અને નિબંધોના એમણે અનુવાદ કર્યા જ છે અને ગાંધીજીની સ્વદેશીની ભાવના અને રવીન્દ્રનાથના વિશ્વમાનવ અંગેના ખ્યાલને સામસામે મૂકીને ઉહાપોહ કરવામાં આવેલો એ યુગ એમનો જ હતો.

પોતે ગાંધી હોવા છતાં ગાંધીજી સાથે એમને શરૂઆતમાં બન્યું નહીં. આચાર્ય કૃપાલાની, કાકાસાહેબ જેવા શિક્ષકો એમને સામ્યવાદી બનતાં અટકાવી શક્યા નહીં. ૧૯૩૦માં વિદ્યાપીઠના સ્નાતક થયા અને પાંચ વર્ષ પછી ગુજરાત પ્રગતિશીલ લેખકમંડળની સ્થાપના કરી.

હું એમને સમાજવાદી વિચારક કહીશ. એમનો વિરોધ સરકારીકરણ અને સરમુખત્યારશાહી સામે છે. મૂડીવાદની તરફેણ ક્યારેય કરી નથી. પોતે જીવ્યા છે તેય મોટે ભાગે મૂડી વગર. અથવા કહો કે વિદ્યાની મૂડીથી.

ગુજરાતી ભાષામાં વિચારપ્રધાન સાહિત્યના લેખન અને પ્રકાશનમાં ભોગીભાઈનો ફાળો અનન્ય છે. ✷✷✷

મોબાઈલ : ૦૯૪૨૮૫૧૦૪૩૮

# ધરતીનું લુણ સ્વામી આનંદ

□ વિપુલ કલ્યાણી

*[ સર્જક અને પત્રકારત્વના જીવ વિપુલ કલ્યાણી વિદ્યાર્થી અવસ્થામાં દક્ષિણ આફ્રિકામાં ગાંધી રંગે રંગાયા. સ્વાતંત્ર્ય સેનાની માતાપિતાનાં પુત્રી કુંજબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા અને લંડનમાં સ્થિર થયા. ગુજરાતી ભાષા અને ડાયાસ્પોરા સાહિત્યની મોટી સેવા કરનાર અને કોઈ જાહેર ખબર લીધા વિના ગાંઠના ગોપીચંદન કરી સાત્ત્વિક સાહિત્ય પીરસતું પાક્ષિક 'ઓપિનિયન' બે દાયકાથી વધુ સમય ચલાવનાર વિપુલભાઈએ ગાંધીવિચારોને જીવનમાં ઊતાર્યા છે ને કોઈની શેહમાં આવ્યા વિના સિદ્ધાંતો પર જીવ્યા છે. ]*

ભારતના ઇશાન ખૂણે ચીનનું આક્રમણ થયાના તે દિવસો હતા. વિનોબાજીની અનુપસ્થિતિમાં દક્ષિણ ગુજરાતના વેડછીમાં સર્વોદય આંદોલનનું ચૌદમું સમ્મેલન મળેલું. ૨૨-૨૪ નવેમ્બર ૧૯૬૨ના તે દિવસો. જાણીતા કેળવણીકાર, 'આનંદ નિકેતન' કેળવણીના ઉદ્‌ગાતા અને પાયાની કેળવણીના એક મુખ્ય છડીદાર ઈ. ડબ્લ્યુ આરિયાનાયકમ સમ્મેલન પ્રમુખ હતા. આંધ્રપ્રદેશમાં અગાઉ મળેલા સમ્મેલન પ્રમુખ જયપ્રકાશ નારાયણ પાસેથી એ હવાલો મેળવતા હતા. સ્વાગત પ્રમુખ હતા વૈકુંઠલાલ લ. મહેતા અને જુગતરામ દવેની નિગરાની હેઠળ આ સમ્મેલનની ગોઠવણ થઈ હતી. દાદા ધર્માધિકારી, ધીરેન મજુમદાર, રવિશંકર મહારાજ સમેતના દેશભરના ગાંધીવાદી સર્વોદયી આગેવાનો ય હાજરાહજૂર. વળી, સ્વામી આનંદ પણ ખરા. ચીની આક્રમણથી વ્યથિત થયેલા વાતાવરણમાં મળવાનું બનતું હતું. સર્વોદય કાર્યકરોએ અહિંસક સમાજ ઊભો કરવાનો અહીં નિર્ણય કર્યો હતો. આવા સમાજની રચના સારુ કાર્યકરો સરહદી વિસ્તારમાં જાય અને રચનાત્મક કાર્યક્રમ વાટે આમ જનતામાં અહિંસક લોકશક્તિ નિર્માણ કરે તેમ નક્કી કરાયું હતું.

આ દિવસોમાં મુંબઈ રહી અભ્યાસ કરતો. ગામદેવીના લેબરનમ રોડ પર, મણિભવન ખાતે, પ્રયોગશાળા જોરશોરથી ધમધમે. વસવાટ તે જ વિસ્તારમાં. તેથી સમયાનુકૂળે મણિભવનની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થઈ જતો. મુંબઈમાંના ગાંધીવાદી, સર્વોદયી મિત્રો જોડાજોડ હું ય આ સમ્મેલનમાં હાજર. કુડીબંધ પ્રાતઃસ્મરણીય આગેવાનો તેમ જ અસંખ્ય વિચારકો, કર્મઠ કાર્યકરો વચ્ચે રહેવાનું થયું. યુવાનીનું જોમ, જાણવા મળવાની કુતૂહલતા, કશુંક કરવાની ઊર્જાશક્તિ અને પરિણામે અનેકોને મળતો, હળતો અને મેળવતો. એમાં એકદા, વિશ્રાન્તિ સમયે વ્યાસપીઠે સ્વામી આનંદને દીઠા. લાગલો મળવા દોડ્યો. મળવા સમય આપવા વિનંતી કરી જોઈ. પણ નિષ્ફળ. સ્વામીદાદા કહે, હવે નવા પરિચય કેળવવા નથી...બહુ થયું!

ભારે નાસીપાસ થયેલો. અને તેનો રંજ બહુ લાંબા સમયે ખાળી શકેલો.

ખેર!... સન પંચોતેરથી વિલાયતવાસ આરંભાયેલો. તેમાં આઠમા દાયકાના આરંભે, રાંઝણ (સાયેટિકા)ની ભારે અસરમાં પટકાયો. પથારી આવી. ભોંયપથારીએ ચાળીસેક દહાડા કાઢવાના થયા. તે વેળા ભારતથી આણેલાં સ્વામી આનંદના પુસ્તકોમાં ખોવાઈ જતો. તે દિવસોમાં સ્વામી આનંદના સાહિત્ય બાબત, કોઈક મહાનિબંધ કરી, પીએચ.ડી. કરવાની ઘેલછા ય થઈ આવેલી. સ્વામીદાદાના લખાણે મારા પર જબ્બર ભૂરકી લગાવેલી. આજે ય આ 'ખમીરવંતા ને ઓજસ્વી ગદ્યકાર'નું લખાણ, એમનું 'નજરાણું' મને તરબતર રાખે છે.

દીક્ષાએ રામકૃષ્ણમાર્ગી, સાધુ વૃત્તિએ ગાંધીવાદી સેવક અને શૈલીએ સવાયા સાહિત્યકાર એવા સ્વામી આનંદે લખાણો ઉપરાંત અનેક વિશિષ્ટ પુસ્તકો દ્વારા ગુજરાતી ભાષાની અનોખી સેવા કરી.

સ્વામી આનંદે, પોતાના 'અનંતકળા' નામના પુસ્તકના પ્રારંભમાં,'મારી કેફિયત' શીર્ષક હેઠળની પ્રસ્તાવનામાં, ૩૦ જાન્યુઆરી ૧૯૬૭ના દિવસે, આમ લખ્યું છે :

ઉંમર આખી મેં કંઈ ને કંઈ આછુંપાતળું લખ્યું, પણ કશું ગ્રંથસ્થ કરવા ન દીધું. મારો વેપલો વગર મૂડીનો. મૂળે હું અભણ. બચપણથી જ ઘેરથી ભાગી સારાનરસા સાધુબાવાઓની દુનિયામાં ખોવાઈ ગયેલો. એ જમાતની સ્લોગન 'પોથી પઢ પઢ પંડત મૂએ'વાળી.

એણે મારું નુકસાન કર્યું. તેમ બે નરવા સંસ્કાર પણ આપ્યા. એક એ, કે વિદ્યા વેચાય નહિ.

બીજો સંસ્કાર મળ્યો તે એ કે સાધુ 'દો રોટી એક લંગોટી'નો હકદાર. એથી વધુ જેટલું એ સમાજ પાસેથી લે, તેટલું અણહકનું, હકબહારનું.

આ બે સંસ્કારને હું, અથવા બાબા કંબલ ન્યાયે કહો કે એ સંસ્કાર મને, જિંદગીભર ચીટકી રહ્યા.

મારાં લખાણો દુનિયાનો ઓદ્ધાર કરવાના અભરખામાં પડીને



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

કોઈ છાપે–પ્રચારે તે સામે સિદ્ધાંતની રૂએ તો મારે કશી તીખી અદાવત નહોતી. હવે પ્રસ્તુત મુદ્રક પ્રકાશકોએ મને મરણને ફાટકે દુ:ખ ન દેવાની બાંહેધરી આપી છે. એટલે રામભરોસે રહીને, અને મારે રવાડે ચડવામાં રહેલા જોખમ પ્રકાશકને ત્રણ ત્રણ વાર સમજાવ્યા પછી, મારા લખાણો પુસ્તક રૂપે પ્રગટ કરવાનું સાહસ એમને ખેડવા દેવાનું મેં કબૂલ્યું છે.

સ્વામીદાદાએ જ લખ્યું છે, 'પુસ્તકો દળદરી નઘરોળ દેદારવાળાં અને છાપભૂલોવાળાં નીકળે, એ મારાથી ખમાય નહીં.' અને પછી ગાંધીજીનો દાખલો ય આપે છે : 'ગાંધીજીએ નબળા અનુવાદ અને છાપભૂલો વાળી છપાઇને તૈયાર થઈ ચૂકેલી ચોપડી સ્વ. નરહરિભાઈ પાસે બાળી મુકાવેલી!'

આમાં સંગ્રહિત થયેલ લખાણોમાંનું કોઈ પણ લખાણ સામાન્ય ભણેલોગણેલો વાચક માણી શકે અને તે દ્વારા જીવનનાં ઉત્તમ તત્ત્વો જાણ્યે અજાણ્યે તેના અંતરમાં ઊતરી જાય, એવું છે. આજ પછીની અનેક પેઢીઓ સુધી આમાંનું કોઈ પણ લખાણ વાસી થઈ જાય તેવું નથી.

> *પુસ્તકો દળદરી નઘરોળ દેદારવાળાં અને છાપભૂલોવાળાં નીકળે, એ મારાથી ખમાય નહીં.ગાંધીજીએ નબળા અનુવાદ અને છાપભૂલો વાળી છપાઇને તૈયાર થઈ ચૂકેલી ચોપડી સ્વ. નરહરિભાઈ પાસે બાળી મુકાવેલી!*
>
> **–સ્વામી આનંદ**

સન ૧૯૭૦ના જાનેવારીમાં ગાંધીજી હિંદ આવ્યા તેને બીજે ત્રીજે દિવસે જ હું એમને એમના ભાણેજ અને મારા મિત્ર સ્વ. મથુરાદાસ ત્રિકમજીને ઘેર મળ્યો. અને ત્યારથી જ ચાલુ સંપર્ક રહેલો. કોચરબ આશ્રમ સ્થપાયો તેવો જ ત્યાં પણ જતો આવતો, કામ કરતો ને રહેતો. ૧૯૧૫થી ૧૭ અઢી ત્રણ વરસ મુંબઈ, પૂના અને પાછળથી વડોદરા રહેતો. ત્યાંથી કોચરબ જોડે મારી સતત આવજાવ ચાલુ રહેતી. દૂધાભાઈ, દાનીબહેન વાલજીભાઈ ૧૯૧૫માં અને વિનોબા, મશરૂવાળા, મહાદેવભાઈ, નરહરિભાઈ ૧૬-૧૭માં આવ્યાં અને જોડાયાં. હું ફોર્મલી કદી ન જોડાયો પણ આશ્રમના નિયમો પાળીને નિષ્ઠાપૂર્વક રહેતો.

કાકા ૧૯૧૫માં શાંતિનિકેતન ગયા ત્યારે ત્યાં સૌ પ્રથમ એમના સંપર્કમાં આવેલા. પણ ૧૯૧૭ સુધી વડોદરે હતા. પછી વિધિપૂર્વક ગાંધીજીના કામમાં જોડાયા. મારે અંગે કશા વિધિ માંગણી ન થયેલા. હું તો મારી જ ખણસનો માર્યો શરૂથી જ એમની પાસે પહોંચી ગયેલો પણ મારા સાધુઉછેરને કારણે સંસ્થાસંઘ એવું કશું મારી પ્રકૃતિને ન સદે એ વહેલી વયેથી સમજેલો, તેથી આદર્શનિષ્ઠ છતાં જિંદગીભર આગ્રહપૂર્વક આઝાદ રહ્યો, ને ગાંધીજીએ મને નભાવ્યો. વિનોબાજી, કૃપલાની પણ તેવા જ રહ્યા. કિશોરલાલભાઈ અમને ત્રણેને આશ્રમ, ગાંધી સેવાસંઘ બધાં મંડળોના 'અસભ્ય સભ્ય' કહેતા!...'

મૂળ નામ એમનું હિંમતલાલ રામચંદ્ર દવે. સૌરાષ્ટ્રના ઝાલાવાડના શિયાણી ગામે ૧૮૮૭માં જન્મ. મોટાભાઈ મહાશંકર ડૉક્ટરને ત્યાં ભણવા ગયા ત્યારે, પરસ્પર રૂપિયો બદલાવી નાની ઉંમરે વેવિશાળ નક્કી કરી નંખાયેલું. પરંતુ આ હિંમતલાલના રૂપિયાનો રણકાર તો કાંઈક જુદો જ હતો.

૧૯૦૧માં રામકૃષ્ણ મિશનમાં સંન્યાસની દીક્ષા લઈને 'સ્વામી આનંદ' બન્યા. તપોધનજી પાસે ઘણું પામ્યા. સંન્યાસીઓની જમાત વચ્ચે રહીને ભારતીય સંસ્કૃતિની સમસ્ત સંતસૃષ્ટિને તેમણે ખૂબ ઊંડાણથી જોઈ-જાણી, મૂલવી પણ ખરી. ચમત્કારોમાં એમને શ્રદ્ધા નહોતી. એ તો કહેતા કે 'જિંદગી ઊઘાડી ચોપડી છે. તેને વાંચવા-સમજવા સારુ કોઈ ગૂઢવાદને વચ્ચે લાવવાની જરૂર નથી.' માનવતાના મૂળભૂત તંતુને પકડી રાખી, સ્વામી આનંદે ભારતભરના તમામ સંતોને પોતાની કસોટીની એરણે ચઢાવ્યા છે. તેમને ભગવાન ઇસુમાં અને ઇસુપંથીઓમાં પણ એટલો જ રસ. વળી મુસ્લિમ ફકીરો પણ એમના જાતભાઈ! સહજ રીતે સર્વધર્મ-ઉપાસના એમના સંન્યસ્ત જીવનનું એક ઊજળું પાસું બની ગયું. 'સાધુ તો ચલતા ભલા' એ ન્યાયે ભારતભરમાં ફરતા રહ્યા. તે દરમિયાન, બંગાળના ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યા. લોકમાન્ય તિલક સાથે પણ ગાઢ સંપર્ક થયો. વીસમી સદીના આરંભકાળમાં ભારત દેશ સામે 'સ્વરાજ્યનો મંત્ર' તિલક દ્વારા એવો પ્રચંડ રીતે ઘોષિત થયેલો કે અનેક સાધુ-સંન્યાસીઓને પણ એણે નવી કર્તવ્યદિશા ચીંધી. દરમિયાન, કાકાસાહેબ કાલેલકરના પરિચયમાં આવવાનું થયું. તો તેમની સાથે હિમાલયયાત્રા પગપાળા કરી. 'બરફ રસ્તે બદરીનાથ'ના પુસ્તકના રસપ્રદ અનુભવોનું રોચક વર્ણન કોઈ પણ યુવા પગને થનગનાવી દે તેવું રોમહર્ષક છે!

પરંતુ આ બધો સૂર્યોદય થતાં પહેલાંનો ઉષાકાળ હતો. હજુ જીવનમાં 'ગાંધી' નામનો સૂર્યોદય થવાનો બાકી હતો. તે દરમિયાન હિમાલયના અલમોડા વિસ્તારમાં રહેવાનું શરૂ કર્યું. હિમાલય તેમના અસ્તિત્વ સાથે અભિન્નપણે જોડાયેલી જીવતી જાગતી હસ્તિ હતી. કાકાસાહેબ સાથે હિમાલયના ખૂણેખૂણા ખૂંદીને હૈયામાં હિમાદ્રિની શુભ શુભ્રતા સંઘરતા રહ્યા. બાપુ ભારત આવ્યા. તે પહેલાં એની બેસન્ટ સ્થાપિત અલમોડાની પહાડી શાળામાં શિક્ષણ કાર્ય કર્યું. ૧૯૧૭માં બાપુ સાથે સંપર્કમાં આવ્યા અને આશ્રમમાં પહોંચી જઈ ૧૯૧૯માં નવજીવન પ્રેસના સંચાલકની જવાબદારી ઊઠાવી લીધી. 'યંગ-ઈન્ડિયા'ના મુદ્રક તરીકે જેલવાસ પણ થયો. એમની યોગ્યતા



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

જોઈ, પત્રિકાઓના સંપાદક રૂપે જવાબદારી સ્વીકારવા બાપુએ આગ્રહપૂર્વક કહ્યું, પરંતુ પોતાની સંન્યાસીની ભૂમિકાના સ્વધર્મ રૂપે એ બધાથી નિર્લિપ્ત રહ્યા. એમની સ્વધર્મનિષ્ઠા એટલી બધી સુદૃઢ હતી કે એમને કોઈ પુરસ્કાર જાહેર થયો, ત્યારે પણ એમણે એમ કહીને નકાર્યો કે સંન્યસ્ત ભૂમિકામાં આવો પુરસ્કાર બંધબેસતો નથી. સ્પષ્ટ વાણીમાં તેઓ સાફ સાફ વાત કહી દેતાં કદી અચકાતા નહીં, આ જ કારણસર ઘણાં એમને 'તીખા સંત' કહેતા.

૧૯૨૭ની ગુજરાતની રેલ વખતે અને બારડોલી સત્યાગ્રહ વખતે પણ પૂરી નિષ્ઠાપૂર્વક તેમણે કામ કર્યું અને સરદારશ્રીના નિકટના સ્વજન બની ગયા. બિહારમાં ભયંકર ધરતીકંપ થયો ત્યારે પણ રાજેન્દ્રબાબુના ડાબા હાથ બનીને કામ પાર પાડ્યું. આમ સ્વરાજ્યના અનુસંધાને જે-જે કામો સામે આવતાં ગયાં તેમાં સર્વસ્વ હોડમાં મૂકીને જવાબદારી નોંધાવી. મીઠાના સત્યાગ્રહ વખતે જેલવાસ ભોગવ્યો. ૧૯૪૭માં દેશના ભાગલા પછીની કરુણ પરિસ્થિતિમાં પંજાબ, દહેરાદુન તથા હરદ્વારના નિરાશ્રિતોની છાવણીઓમાં રાહત કાર્ય કર્યું. સ્વરાજ્ય બાદ દહાણુ પાસે કોસબાડ આશ્રમમાં રચનાત્મક કાર્ય તથા લેખનકાર્યની એવી જુગલબંધી ચલાવી કે ગુજરાતને એમની પાસેથી અનન્ય લાભ મળ્યો. સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી, હિન્દી, બંગાળી તથા ઊર્દૂ ભાષાના સારા જાણકાર, અને વળી પાછા અઠંગ અભ્યાસી! તેમાં ય એમની આગવી શૈલી! આ બધાને કારણે ગુજરાતી ભાષાને એમનું પ્રદાન અદ્વિતીય અને અજોડ રહ્યું. પોતે મુદ્રણકળાના નિષ્ણાત એટલે જોડણી તથા પ્રકાશન વિષે એટલા બધા આગ્રહી કે કાચા-પોચા પ્રકાશકનું તો કામ જ નહીં કે એમનું સાહિત્ય છાપે. એમની પોતાની આગવી શૈલી અને આગવો શબ્દકોશ હતો. સહેજ પણ આઘાપાછી ચલાવી લેવાની એમની તૈયારી નહીં, એટલે 'સુરુચિ મુદ્રણાલય' કે 'યજ્ઞ પ્રકાશન' જ એમનાં પુસ્તકો છાપવાની હિંમત કરી શકે. ગુજરાતી ભાષામાં એમણે કેટલીક ધીંગી વ્યક્તિઓનાં જે રેખાચિત્રો આપ્યાં છે, તે અનુપમ છે!

જેવા પોતે આગવા નિરાળા અને અલગારી એવું આગવું એમનું અંતિમ વસિયતનામું – 'મારી પાછળ મારા નામે કોઈ પણ જાતનું દાનપુણ્ય, સ્મારક કે સ્મરણ ચિહ્ન કરવું નહીં, અગર તો મારી છબીને પૂજવી કે ફૂલમાળા ચઢાવવાં નહીં. આમ કરનારે મારી જિંદગીભરની શ્રદ્ધા, આસ્થા, શીખવેલું ઉથાપ્યું – એમ સમજવું.' ૧૯૭૬ની ૨૫મી જાન્યુઆરીએ મુંબઈમાં હૃદયરોગથી દેહાંત થયો. સ્વરાજ્ય યાત્રામાં એક સંન્યાસીનું પ્રદાન કેવું હોઈ શકે, એનું ઉજ્જવળ દૃષ્ટાંત સ્વામીદાદામાં જોવા મળે છે.

✶ ✶ ✶

## Swami Anand

□ **Sujata Bhatt**

In Kosbad during the monsoons
there are so many shades of green
your mind forgets other colours.
At that time
I am sevnteen, and have just started
to wear a sari every day.
Swami Anand is eighty-nine
and almost blind.
His thick glasses don't seem to work,
they only magnify his cloudly eyes.
Mornings he summons me
from the kitchen
and I read to him until lunch time.
One day he tells me
`you can read your poems now'
I read a few, he is silent.
Thinking he's asleep, I stop.
But he says, `continue'.
I begin a long one
in which the Himalayas rise
as a metaphor.
Suddenly I am ashmed
to have used the Himalayas like this,
ashamed to speak of my imaginary mountains
to a man who walked through
the ice and snow of Gangotri
barefoot
a man who lived close to Kangchenjanga
and Everest clad only in summer cotton.
I pause to apologize
but he says `just continue'.
Latter, climbing through
the slippery green hills of Kosbad,
Swami Anand does not need to lean
on my shoulder or his umbrella.
I prod him for suggestions,
ways to improve my poems.
He is silent a long while,
then, he says
`there is nothing I can tell you
except continue.'

Email : vipulkalyani.opinion@btinternet.com

# સરદાર–નહેરુ–શાસ્ત્રી–કૃપાલાણી

## સરદાર પટેલ

૧૯૧૫ની વાત. અમદાવાદની ગુજરાત કલબમાં વકીલોની સભામાં કોઈ દેશનેતા ભાષણ આપવા આવવાના હતા. બધા વકીલો એમને સાંભળવા માટે આતુર હતા, પરંતુ ખૂણાના એક ટેબલ પાસે બેઠેલા ત્રણ-ચાર જણે પાનાં રમવાનું ચાલુ રાખ્યું. તાજેતરમાં જ ઇંગ્લેન્ડથી બેરિસ્ટર થઈને આવેલો એક તુમાખીદાર નવજુવાન બોલ્યો-'એ પોતડીદાસને શું સાંભળવાનો! એના કરતાં આપણી બ્રિજ સારી કે મગજ તો સાબદું રહે! આ તો કહેશે-ઘઉંમાંથી કાંકરાં વીણો! રેંટિયો કાંતવા બેસો! ઘંટી પર દળો!... એમ તે કાંઈ દેશને આઝાદી મળતી હશે!

આ આખાબોલો જુવાનિયો એ જ ભારતના સરદાર વલ્લભભાઈ પટેલ. જેમણે સ્વરાજની લડતમાં અને આઝાદી મેળવ્યા પછી ભારે મોટાં કામ કરી દેશની સરદારી સિદ્ધ કરી.

મૂળ એ ચરોતરના પટેલ. ખમીર અને ખુમારીવાળી કોમમાં દેશદાઝથી છલકાતા ઝવેરચંદ પટેલના સપૂત. કરમસદ એમનું ગામ. લાડબાઈની કૂખે ૧૮૭૫ની ૩૧મી ઓક્ટોબરે નડિયાદમાં જન્મ.

પ્રાથમિક અભ્યાસ કરમસદ-પેટલાદમાં કરી, હાઈસ્કૂલ માટે નડિયાદમાં આવ્યા. નાનપણથી જ ભાઈબંધોની સરદારી કરવાનો સ્વભાવ. મોટા માસ્તરને પણ એ ન ગાંઠે. વલ્લભની સચ્ચાઈ સામે સૌને ઝૂકવું પડે.

વકીલ થવાની નાનપણથી જ હોંશ, પણ એ માટે કૉલેજનાં છ-છ વર્ષ બગાડવાં પડે તે ન પોષાય. એટલે બે વર્ષનો અભ્યાસ કરી 'ડિસ્ટ્રીક્ટ પ્લીડર'ની પરીક્ષા આપી. બોરસદ-આણંદમાં જ વકીલાત શરૂ કરી દીધી.

વિલક્ષણ બુદ્ધિ અને હૈયાસુઝ તો હતી જ. થોડા વખતમાં વ્યવહાર પણ શીખી લીધો અને જોતજોતામાં પહેલી હરોળના વકીલ બની ગયા. વલ્લભભાઈ એક મોભાદાર પ્રતિષ્ઠિત આગેવાનોમાં ખપવા લાગ્યા. ઝવેરબહેન સાથેના લગ્ન બાદ, હવે તો બે બાળક પણ ઘરઆંગણે રમતાં થઈ ગયાં હતાં.

આ વકીલાત દરમ્યાનની એક કરુણ ઘટના. ત્યારે એમની ઉંમર માત્ર ચોંત્રીસ વર્ષની. ભરયુવાનીનો ઝળહળતો સૂરજ અને પત્ની ઝવેરબાનું અચાનક મૃત્યુ થયું.

બે બાળકોના ઉછેરની જવાબદારી પણ આવી. પરંતુ કદીય બીજા લગ્નનો વિચાર સુદ્ધાં ન કર્યો. ક્યારેક તો નાનકડા ડાહ્યાભાઈને બાબાગાડીમાં બેસાડીને કોર્ટમાં સાથે લઈ આવતા.

વિલાયત જવામાં એમની ઉદારદિલીએ અજવાળાં પાથર્યાં. જવાનો પાસપોર્ટ તૈયાર થઈ ગયો. એમાં નામ લખેલું-વી. જે. પટેલ. મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલને થયું કે વલ્લભને બદલે હું જ વિલાયત જઈ આવું તો શું ખોટું? નાનાભાઈએ મોટાભાઈને જવા દીધા. પછી થોડા જ વખતમાં પોતે પણ વિલાયત જઈ બેરિસ્ટર થઈ આવ્યા.

પછી તો યુરોપિયન કોટ-પેન્ટ-બૂટમાં સજ્જ બેરિસ્ટર સાહેબની જોરદાર વકીલાત અમદાવાદમાં એવી ચાલી કે ૧૯૧૭માં તો દરિયાપુર વોર્ડમાંથી બિનહરીફ ચૂંટાઈ આવીને અમદાવાદના મેયર સાહેબ બન્યા. આજે પણ જે નથી બન્યું તે એમણે એ જમાનામાં કરી બતાવ્યું. મ્યુનિસિપાલિટીનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં ચાલુ કરાવી દીધો. બીજા પણ અનેક સુધારા કર્યાં.

કુદરતને મહાત્મા-સરદારનો ભેટો કરાવવો હશે, તે ૧૯૧૭-૧૮માં ખેડા જિલ્લામાં વરસાદ ન પડવાથી, પાક નિષ્ફળ ગયો અને દુકાળની પરિસ્થિતિ ઊભી થઈ ગઈ! આવી હાલતમાં પણ સરકાર મહેસૂલ માફ ન કરે તે ચાલે? ગાંધીજીની આગેવાનીમાં લોકોએ સત્યાગ્રહનાં મંડાણ કર્યાં. પોતાના વતનમાં આવું મોટું કામ મંડાય અને વલ્લભભાઈ હાથ જોડીને બેસી રહે? પહોંચીને આંદોલનમાં જોડાઈ ગયા અને પેલો 'પોતડીદાસ' ક્યારે હૈયાનો હાર બની ગયો તે ખબરેય ન પડી. લડાઈમાં તો વિજય જ મંડાયો હતો, પણ વિજય-સમારંભમાં બાપુ કહે-પહેલાં તો મને એમ હતું કે આ અક્કડ-તુમાખીદાસ વલ્લભભાઈ શું ફીફાં ખાંડશે? પણ તરત ધ્યાનમાં આવ્યું કે એ મારા માટે અનિવાર્ય છે. હું કોઈ ઉપ-સેનાપતિની ખોજમાં હતો. મને એમનામાં એ મળી ગયા! 'સત્યાગ્રહની ભઠ્ઠીઓમાં તપી-તપીને ક્યારેક એ સો ટચનું સોનું બનીને ઝળહળશે, તેમાં મને લગીરે શંકા નથી.'

ગાંધીની આ ભવિષ્યવાણી ફળવાની હતી. મ્યુનિસિપલ પ્રમુખ તરીકે તો નગરને આધુનિક બનાવવાનો પુરુષાર્થ તો તેમણે કર્યો જ. પરંતુ પહેલું વિશ્વયુદ્ધ પૂરું થતાં જ અંગ્રેજ સરકારે 'રૉલેટ કાયદો' બહાર પાડ્યો, જેની સામે 'કાળો કાયદો' કહી ગાંધીજીએ જંગ માંડ્યો. વલ્લભભાઈ પણ કૂદી પડ્યા. મોટી સભા ભરી વિરોધ પ્રગટ કર્યો. ગાંધીજીનાં પુસ્તકોનું વેચાણ પણ કર્યું.

દરમ્યાન, લોકમાન્ય ટિળકનું અવસાન થતાં 'ટિળક સ્મારક ફંડ'ની ગુજરાતની જવાબદારી તેમના શિરે આવી તો ત્રણ મહિનામાં તો દશ લાખ રૂપિયા ઉઘરાવીને પહોંચાડી દીધા. હવે તો પૂરા દેશસેવક બની કોંગ્રેસના 'ફેરવાદી જૂથ'ના સભ્ય બની ગયા હતા. ૧૯૨૮માં મુંબઈ સરકારે સુરત જિલ્લાના બારડોલી તાલુકાનું જમીન

મહેસૂલ વધારી દીધું અને સમસ્ત ખેડૂત-લોક ખળભળી ઊઠ્યું. તેમણે વલ્લભભાઈની આગેવાનીમાં લડી લેવાનું નક્કી કર્યું. અને એમના એક શબ્દ પર ફના થઈ જવાની તૈયારી સાથે સૌ સાબદા થઈ ગયા. આખો દેશ આતુરતાપુર્વક આ સત્યાગ્રહ પર મીટ માંડીને બેઠો હતો. આખરે સરકારને ઘૂંટણ ટેકવવા પડ્યા. લોકવિદ્રોહનો વિજય થયો અને લોકોએ પોતાના લાડકા નેતાને 'સરદાર'નું બિરુદ આપ્યું. ચોમેરથી તેમના પર અભિનંદનની વર્ષા થઈ. સરદારે કહ્યું-'બારડોલી સત્યાગ્રહ' તો ગુજરાતની દેશને ભેટ છે. પરંતુ આ જ સત્યાગ્રહે ગુજરાત તરફથી દેશને 'સરદાર' નામના હીરાની ભેટ પણ આપી.

બસ, પછી તો સરદારશ્રીના જીવનયજ્ઞનો અશ્વ એવો પૂરપાટ દોડ્યો કે વિજય પર વિજય, દિવસ અને રાત સંગ્રામ જ સંગ્રામ! ક્યારેક સત્યાગ્રહ તો ક્યારેક સભા-સરઘસ તો ક્યારેક જેલ! એક જ કામ અને એક જ મંત્ર-અંગ્રેજો! ભારત છોડો! અમારું સ્વરાજ અમને પાછું સોંપો.

૧૯૩૧માં તો અખિલ ભારત કોંગ્રેસે કરાંચીમાં સરદારને પોતાના પ્રમુખ રૂપે પસંદ કર્યાં. દેશભરના કિસાનોના એ તારણહાર હતા. દાંડીકૂચમાં ધરપકડ વહોરી સાબરમતીનો જેલવાસ સત્યાગ્રહી સૈનિક બનીને વેઠ્યો. આ જેલવાસ દરમ્યાન માતાજીના અને નાસિકની જેલમાં મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલના અવસાનના પ્રહાર વેઠવા પડ્યા. પણ વજ્રાઘાત વેઠી લીધો.

જ્યાં જાય ત્યાં દીકરી મણિબહેન સાથે રહે. મણિબહેને પિતાની અદ્‌ભુત સેવા કરી, પોતાનું આખું જીવન પિતાજીને ચરણે ધરી દીધું. સરદારના સચિવ કહો. મંત્રી કહો, સેવક કહો કે દીકરી કહો-મણિબહેન એકમાં અનેક હતાં.

સરદારની પ્રતિભા અને અદ્‌ભુત શક્તિથી સરકાર પણ એવી પ્રભાવિત થઈ કે ૧૯૨૫માં મુંબઈના અંગ્રેજ ગવર્નરે એમને મુંબઈ ઇલાકાનું વડું પ્રધાનપદ સ્વીકારવા વિનંતિ કરી. પરંતુ સરદારે તો રોકડું પરખાવ્યું કે-'એક બાજુ બારડોલીની જમીનો જપ્ત કરી બેઠા છો અને બીજી બાજુ મને પ્રધાનપદું પધરાવો છો? શું સમજો છો મને?' મુંબઈ સરકારે સામે ચાલીને જમીન પાછી આપી દીધી!

બાપુ પ્રત્યે સંપૂર્ણ વફાદારી. શિસ્ત અને સમર્પણભાવ એવો છલકાતો હતો. ગાંધી-સરદારની જોડી જોઈ ગુજરાતના જાણીતા કવિ નરસિંહરાવ દિવેટિયાએ એક શ્લોક બનાવ્યો હતો-

'यत्र योगेश्वर गांधी, वल्लभश्च धनुर्धरः।
तत्र श्री विजयो भूति र्ध्रुवानीतिर्मतिर्मम।'

ગાંધી-સરદાર વચ્ચેનો સંબંધ પિતા-પુત્ર કે ગુરુ-શિષ્યનો રહ્યો. સરદાર કહેવા-'મેં મારા મગજને તાળું મારી ચાવી ગાંધીજીને આપી દીધી છે.' તો ગાંધીજીએ પણ કહ્યું કે-'જો મને વલ્લભભાઈ ન મળ્યા હોત તો મારાથી જે કામ થઈ શક્યું તે ન થયું હોત.'

બીજા વિશ્વયુદ્ધ પછી અહિંસાના મુદ્દા પર ગાંધીજીએ 'યુદ્ધ વિરોધ' જાહેર કરી યુદ્ધથી દૂર રહેવાનું નક્કી કર્યું. પરંતુ કોંગ્રેસે યુદ્ધ પછી ભારતને આઝાદી આપવામાં આવે એ શરતે યુદ્ધને ટેકો આપ્યો. આ પ્રસંગે સરદારે ગાંધીજી વિરુદ્ધ જઈને કોંગ્રેસની તરફેણમાં મત આપ્યો. આરંભે મતભેદ નાનો લાગે પણ ભેદરેખા ધીરે ધીરે જ પોતાનું અંતર વધારતી જાય.

૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં તો સૌએ ખભે ખભો મિલાવીને ધરપકડો વહોરી જેલવાસ સ્વીકાર્યો, પણ ૧૯૪૫-૪૬ દરમ્યાન, નવા વાયસરોય માઉન્ટબેટનના કાળમાં લડાઈઓ લડી લડીને થાકેલા જવાહર-સરદાર સમેત સૌ કોંગ્રેસજનોએ અખંડ ભારતના બે ભાગલા કરી પાકિસ્તાન નિર્માણ કરવાની વાત સ્વીકારી લીધી. ગાંધીજી માટે આ ઘા વજ્રઘાતથી ઓછો નહોતો.

૧૯૪૬માં સરદાર કોંગ્રેસપ્રમુખ હતા, એટલે નિયમ મુજબ તો ૧૯૪૭માં દેશ આઝાદ થાય ત્યાર પછી સરદાર જ વડા પ્રધાન થાય. વળી, દેશની સોળ પ્રદેશ સમિતિમાંથી ચૌદ સમિતિઓએ 'સરદાર'ની જ ભલામણ કરી હતી. અને માત્ર એક મત જવાહરલાલને પક્ષે હતો. પરંતુ ગાંધીજીના એક જ ઇશારે આ દરિયાદિલ માનવીએ પંડિત નહેરુને દેશનું વડા પ્રધાન પદ સમર્પી દીધું!

છતાંય રોજ ઉઠીને અફવાઓના નવા નવા ગપગોળા ઊડ્યા કરતા તેથી કંટાળીને પોતાનું ગૃહપ્રધાનપદું છોડી દેવા સરદાર તત્પર બની ગયા. પરંતુ બાપુના કહેવાથી આવું જલદ પગલું ન લીધું અને પોતાના કામને ન્યાય આપવા ખૂંપી પડ્યા. આઝાદી પછી ફાટી નીકળેલાં કોમી રમખાણોને શાંત પાડવામાં રાત-દિવસ એક કરીને, પોતાના મતભેદો વિસરી જવાહર-સરદારની જુગલજોડીએ શાંતિ માટે પ્રયાસો કરવામાં શક્તિનું છેલ્લું બુંદ ખરચી કાઢ્યું.

પણ સરદાર સામે બે મોટાં કામ પાર પાડવાનાં હજુ બાકી હતાં. ગૃહપ્રધાન તરીકે, જાસૂસી વિભાગ દ્વારા દેશની ખાનગી રાહે ચાલતી ભૂગર્ભ માહિતી સરદારને રજેરજ મળતી. ગાંધીજીની હત્યાના સંદર્ભે સરકારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર પ્રતિબંધ મૂક્યો હતો. પરંતુ મળેલી માહિતી મુજબ આ આરોપ સરદારને ખોટો લાગ્યો એટલે તેમણે પ્રતિબંધ પાછો ખેંચવા નહેરુ સરકારને પત્ર પાઠવ્યો.

બીજું મહત્ત્વનું કામ-દેશનાં રજવાડાંનું હતું. ત્યારે ૫૬૫ જેટલાં દેશી રાજ્યોના કબજામાં ભારતની ૫/૨ ભાગની જમીન હતી. જો આ રાજા-મહારાજા દેશ સાથે જોડાઈ રહેવાને બદલે, સ્વતંત્ર રહેવાની હઠ કરે તો આખો ભારત દેશ ટુકડે ટુકડા થઈ જાય. આ કુશળ નેતાએ સામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવી સૌ રાજા મહારાજાઓની દેશભક્તિ જગાડી. રાજપાટ છેડી દેવા તૈયાર કર્યાં.

રાષ્ટ્રીય એકતા માટે સરદારનું આ સૌથી મોટું વરદાન ભારતની જનતાને હતું. હૈદ્રાબાદ અને જૂનાગઢના મુસ્લિમ રાજાઓ આડા ફાટયા, ત્યારે નાછૂટકે લશ્કરી પગલાં લઈ બંનેની શાન ઠેકાણે લાવી ભારે મુત્સદ્દીગીરીનો પરચો દેશને દેખાડ્યો. 'આરઝી-હકૂમત'ની સ્થાપના થઈ, જેમાં શામળદાસ ગાંધી, ભવાનીશંકર ઓઝા, દુર્લભજી ખેતાણી, સુરંગભાઈ વરુ, મણિલાલ દોશી, નરેન્દ્ર નથવાણી સભ્યપદે હતા. કાઠિયાવાડ પરિષદના પ્રમુખ દરબાર ગોપાળદાસે આશીર્વાદ આપ્યા. ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં રતુભાઈ અદાણીની સરદારી હેઠળ રાજકોટના નવાબી મહેલનો કબજો લઈ, ત્યાં ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. લોકસેના એક પછી એક ગઢ જીતતી ચાલી. આ પ્રસંગે સોમનાથ જીર્ણોદ્ધારનો નિર્ણય લેવાયો અને સરદારશ્રીના હાથે ભવ્ય સોમનાથ મંદિરનું ઉદ્‌ઘાટન પણ થયું.

છેલ્લી ઘડી સુધી, ભારત દેશનું નામ વિશ્વભરમાં ઝળહળતું રહે તે માટે મમતા રહી, અંતે પંદરમી ડિસેમ્બર ૧૯૦૫માં મુંબઈમાં હૃદયરોગના હુમલાથી દિવંગત થયા.

XXX

## જવાહરલાલ નહેરુ

'ખૂબ ખૂબ જીવો અને હિંદના જવાહર બની રહો'-ના મંગળ આશીર્વાદ પામનારા જવાહરલાલ નહેરુ જેટલા અસાધારણ હતા, તેનાથી અનેક ગણા વધુ અસાધારણ હતા-આશીર્વાદ આપનારા રાષ્ટ્રપિતા ગાંધીબાપુ!

જવાહરલાલ માટે એવું કેહવાય છે કે ભારતના લોકોએ એમને ચાહ્યા એટલા બીજા કોઈને ચાહ્યા નહી હોય! જવાહર આ દેશના અત્યંત લાડીલા રાષ્ટ્રપુરુષ હતા. લોકો એમને જોઈ પાગલ બનતા. એમને ઝાઝું ન જાણનારા, ગામડાંનાં ભલાંભોળાં પ્રજાજન પણ એમના નામ પર વારી જતાં.

તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન હતા અને લગાતાર સત્તર વર્ષ સુધી તેઓ વડા પ્રધાન પદ પર કાયમ રહ્યાં.

એમના ગુલાબી ચહેરાનું મૂળ શોધવા જઈએ તો પણ ખબર પડી જાય કે આ રૂપ કાશ્મીર પ્રદેશનું છે. પંડિત મોતીલાલ નહેરુના તેઓ સંતાન! પિતાને પગલે પગલે ચાલીને જ તેમણે આંગણામાંથી સીધો કૂદકો વિરાટ દેશકાર્યોમાં લગાવ્યો હતો. અત્યંત સુખી અને સાધનસંપન્ન, ધનવાન પરિવારમાં ૧૪-૧૧-૧૮૮૯માં જન્મ, અલાહાબાદનું તેમનું 'આનંદ ભુવન' ભવ્ય ઇમારત. દુ:ખ કદી એમણે જોયું નહોતું. એમના પૂર્વજ ૧૮મી સદીના પ્રારંભમાં કાશ્મીરથી દિલ્હી આવીને વસ્યા હતા. એમના દાદા ૧૮૫૭ પહેલાં દિલ્હીમાં શહેર-કોટવાલ હતા. જવાહરના પિતા મોતીલાલ ભારે મોટા બેરિસ્ટર હતા. ૧૯મી સદીનાં અંતિમ વર્ષોમાં એમની વાર્ષિક આવક એક લાખ રૂપિયા હતી. ગાંધીજી ભારતમાં આવ્યા તે પહેલાં જ મોતીલાલજી દેશની આઝાદીના કામમાં લાગી ગયા હતા. માતા સ્વરૂપરાણીની કૂખે જવાહર એકના એક પુત્ર રૂપે જન્મ્યા.

ગળથૂથીમાં જે રીતે ધનવૈભવ અને લખલૂટ ઐશ્વર્ય પામ્યા હતા. એ જ રીતે પિતાજીની રાષ્ટ્રિયતાના પણ એ વારસદાર નાનપણથી જ બની ગયા. ઘરનું વાતાવરણ જ સભા-સરઘસો-સૂત્ર પોકારોથી ગુંજતું હતું. અલાહાબાદનું આનંદવન રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી ધમધમતું. હજુ ગાંધીજી તો દેશમાં પાછા ફર્યા નહોતા, તે પહેલાં જ દેશની આઝાદી માટે પ્રવૃત્ત બની ગયા હતા. ૧૯૦૯ની મુંબઈના કોંગ્રેસ અધિવેશનમાં વીસ વર્ષના યુવાન જવાહરને તેઓ સાથે લઈ ગયા હતા.

ગાંધીજી દેશમાં આવ્યા બાદ, પિતા-પુત્ર બંને રાજકીય પ્રવૃત્તિમાં ગળાડૂબ થઈ ગયા. અસહકારના આંદોલનમાં મોતીલાલજીએ ધીકતી વકીલાત પણ છોડી દીધી અને 'ઈન્ડીપેન્ડન્સ' નામની અંગ્રેજી પત્રિકા પણ શરૂ કરેલી.

એક તબક્કો એવો પણ આવ્યો, જ્યારે પિતા-પુત્રના રાજકીય ક્ષેત્રે માર્ગ ફંટાયા. ગાંધીજી જ્યારે છ વર્ષની જેલ ભોગવી રહ્યા હતા, ત્યારે ધારાસભામાં પ્રતિનિધિત્વ હોવાની માન્યતા ધરાવતા દેશબંધુ દાસ, મોતીલાલજી, વિઠ્ઠલભાઈ પટેલ જેવા વડીલ નેતા 'ફેરવાદી' કહેવાયા અને જવાહર, સરદાર, રાજેન્દ્રપ્રસાદ, રાજાજી, કૃપાલાણીજી જેવા યુવા નેતા 'નાફેરવાદી' કહેવાયાં. જેઓ લોકોની વચ્ચે રહીને કામ કરવાના મતના હતા.

૧૯૨૯ની ઐતિહાસિક લાહોર કોંગ્રેસના પ્રમુખ જવાહર હતા. સંમેલનના છેલ્લા દિવસે, ૩૧મી ડિસેમ્બરે રાતે બાર અને પાંચ મિનિટે, રાવી તટે 'પૂર્ણ સ્વરાજ'ની પ્રતિજ્ઞા લેવાઈ હતી, જેના પડઘારૂપે ગામેગામમાં પણ પ્રતિજ્ઞાઓ લેવાઈ હતી, તે દિવસ હતો ૨૬મી જાન્યુઆરી. તે દિવસે ભારત દેશ 'પ્રજાસત્તાક' જાહેર થયો. ત્યારથી ભારતના બંધારણનો અમલ શરૂ થયો.

૧૯૩૦ની બાપુની દાંડીકૂચ દરમિયાન બાપુને મળવા જવાહર મહી નદીના કિનારે કાદવ-કીચડ ખૂંદતા કંકાપુરા નામના ગામે પહોંચ્યા હતા. એ જ દિવસોમાં પોતાનું વિશાળ 'આનંદ ભવન' દેશને ચરણે ધરી દીધું અને એને 'સ્વરાજભવન'નું નવું નામ મળ્યું. વર્ષો સુધી એ કોંગ્રેસનું કાર્યાલય બની રહ્યું.

આઝાદીની લડતનાં અંતિમ વર્ષો પંડિતજી માટે કસોટીનાં વર્ષો બની ગયાં. ૧૯૪૨ 'હિંદ છોડો' આંદોલન બાદ ૧૯૪૫માં જેલમાંથી છૂટ્યા અને દેશનું સ્વાતંત્ર્ય ક્ષિતિજ પર દેખાવા લાગ્યું. એની સાથે દેશ પર ઝૂકી રહેલી આફતનાં વાદળો પણ ક્ષિતિજ પર દેખાવા લાગ્યાં. ભારે ગૂંગળામણ અને આકરી કસોટીનાં એ વર્ષો નીવડ્યાં. આખી સ્વરાજ્ય લડતમાં સાથે ને સાથે રહેનારા ગાંધીજીએ પોતાની

જાતને કોમી આગમાં ફેંકી દીધી હતી અને નહેરુ-સરદાર જેવા નેતાઓ અંગ્રેજ સત્તાધીશો સાથે વાટાઘાટો ચલાવતા હતા. કલ્પનામાં પણ ન હોય એ રીતે ભારતના બે ભાગલા પાડવાની વાત સામે આવી રહી હતી. છાતી પર પથ્થર મૂકીને, ગાંધીબાપુને પણ એક બાજુ મૂકીને ભારત-પાકિસ્તાનના દ્વિ-રાષ્ટ્રનો સ્વીકાર નહેરુ-સરદારે કર્યો.

આવી જ ગુંગળામણ ગાંધીજીની હત્યા બાદ પણ થઈ. પરંતુ ધીરે ધીરે કામકાજ સંભાળી ભારતનું વિશ્વના નકશા પર મહત્ત્વનું સ્થાન સ્થાપ્યું. તેમની વિદેશ-નીતિ શાંતિ અને બંધુતાને પુસ્કારનારી રહી, એટલે જ્યોર ૧૯૬૩માં ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે તેમને સખત આઘાત લાગ્યો, કારણ એમણે જ સૂત્ર આપ્યું હતું કે-હિન્દી ચીની ભાઈ-ભાઈ -આ આઘાત જીવલેણ સાબિત થયો. એમની કારકિર્દીમાં જ પાકિસ્તાને પણ ભારત પર આક્રમણ કર્યું, પરંતુ તે લડાઈમાં ભારતે જ્વલંત વિજય પ્રાપ્ત કર્યો હતો.

XXX

## લાલ બહાદુર શાસ્ત્રી

દેખાવે નાના ઠીંગણા સીધાસાદા, પરંતુ માનવતાના મેરુ સમા ઊંચા શ્રી લાલબહાદુર શાસ્ત્રીજી ઉત્તરપ્રદેશના મોગલસરાઈમાં જન્મ્યા. માંડ દોઢ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં દુઃખનો પહાડ તૂટી પડ્યો. ઘરમાં ગરીબાઈનું જ સામ્રાજ્ય હોય. પ્રસન્નતાપૂર્વક જીવે અને મહાન પુરુષોનાં જીવનચરિત્રોનાં પુસ્તકો વાંચતા થાકે નહીં.

૧૯૨૦-૨૧ના અરસામાં ગાંધીજીએ અસહકાર-આંદોલનમાં વિદ્યાર્થીઓને અંગ્રેજી શાળા છોડવાની હાકલ કરેલી. ત્યારે મેટ્રિકનો અભ્યાસ ચાલે. ખુદ ગાંધીજી વારાણસી આવ્યા અને એમણે સૂત્ર આપ્યું-'જે મુક્તિ અપાવે એ જ કેળવણી!' ઠેર ઠેર 'ઈન્કિલાબ જિન્દાબાદ'ના પેકાર પડવાના હતા.

લાલબહાદુર શાસ્ત્રી શાળા છોડી, સત્યાગ્રહમાં જોડાયા. જેલવાસ પણ કરી આવ્યા. દરમ્યાન, વારાણસીમાં રાષ્ટ્રીય વિદ્યાપીઠ રૂપે 'કાશી વિદ્યાપીઠ' શરૂ થઈ. તેમાં જોડાઈ સ્નાતક થયા અને 'શાસ્ત્રી' બની ગયા.

શાસ્ત્રી થયા પછી લાલા લજપતરાયે સ્થાપેલી 'ભારત સેવક સમાજ'ના આજીવન સભ્ય બન્યા અને જાહેર જીવનની શરૂઆત કરી. મેરઠ, મુજફ્ફરનગર અને અલાહાબાદમાં હરિજન સેવાનું કાર્ય આરંભી દીધું. વચ્ચે વચ્ચે સેવાકાર્યો, સભા-સરઘસો અને વળી પાછો જેલવાસ! જ્ઞાતિભેદમાં માનતા નહોતા એટલે બ્રાહ્મણ જ્ઞાતિ સૂચવનારી 'શ્રીવાસ્તવ' અટક પણ છોડી દીધી. મુગલસરાઈનાં જ કૌશલ્યાદેવીની દીકરી લાલમણિ સાથે લગ્નગ્રંથિથી જોડાયા ત્યારે પણ દહેજ, કરિયાવર જેવા રિવાજો છોડી, સાવ સાદાઈથી લગ્ન કર્યાં. લગ્ન પછી લાલમણિ પણ પોતાની સાથે બે જ વસ્તુઓ સાસરે લાવી હતી, એક રેંટિયો અને બીજી કૃષ્ણની મૂર્તિ.

લગ્ન પછી 'લાલમણિ' 'લલિતાદેવી' બન્યાં. ૧૯૪૨માં ગાંધીજીએ 'હિંદ છોડો'નું એલાન કરી જેલવાસ સ્વીકાર્યો, ત્યારે શાસ્ત્રીજી ભૂગર્ભમાં ચાલ્યા ગયા. ત્યાં રહી પત્રિકાઓનું પ્રકાશન કરતા રહ્યા.

૧૯૩૦ થી ૧૯૪૫ સુધીમાં કુલ સાત વાર જેલયાત્રા થઈ. બધાં મળીને કુલ નવ વર્ષ જેલમાં પસાર કર્યાં.

આઝાદી મળ્યા બાદ, રાજ્ય સરકારો રચાઈ ત્યારે ઉત્તર પ્રદેશમાં પ્રધાનપદે રહ્યા, ત્યાર બાદ કેન્દ્ર સરકારમાં પણ રેલવે ખાતું સંભાળ્યું. સત્તા દોમ-દમામ કે અધિકાર-વાદનું સાધન નથી, બલ્કે સેવાનો જ એક પ્રકાર છે. આ આદર્શ તેમણે નિભાવી જાણ્યો. ઉદ્યોગપ્રધાન હતા, ત્યારે વિવેક અને સૌજન્યથી ઉદ્યોગપતિઓનાં દિલ જીત્યાં. ભિલાઈ, રૂરકેલા અને દુર્ગાપુરમાં પોલાદનાં કારખાનાં સ્થાપવામાં તેમનો મોટો ફાળો હતો.

એમના કાળ દરમ્યાન, દેશમાં અનાજની ભારે તંગી. શાસ્ત્રીજીએ અન્ન-સંકટને દૂર કરવા લોકોને દર સોમવારે એક ટંક અનાજ છોડી દેવા વિનંતિ કરી. એમની આ ઝુંબેશ અત્યંત લોકપ્રિય નીવડી.

૧૯૬૨માં પાકિસ્તાને કચ્છ પર આક્રમણ કર્યું. ભારતના ફોજી જવાનોએ ભારે તરખાટ રચી દીધો.

શાસ્ત્રીજીએ બે સૂત્રો ભારતને આપ્યાં, 'જય જવાન! જય કિસાન!'

પાકિસ્તાનને હાર આપી શાંતિયોજના બનાવી, વાટાઘાટો માટે રશિયામાં તાસ્કંદ શહેરમાં ગયા. ત્રણ દિવસ સુધી મંત્રણાઓ ચાલી. ૧૯મી જાન્યુઆરી ૧૯૬૬ની રાતે કરાર પર સહી કરી અને શાસ્ત્રીજી જીવલેણ હૃદયરોગના હુમલાનો ભોગ બન્યા.

XXX

## આચાર્ય કૃપાલાણી

જેવી રીતે મોગલ સમ્રાટ અકબરના દરબારમાં નવ રત્ન હતાં, એવાં નવ રત્ન ગાંધીના દરબારમાં પણ હતાં. આ નવરત્નમાં એક નામ આચાર્ય કૃપાલાણીનું પણ આવે. નાનપણથી જ અલગારી સ્વભાવ. કશું સીધું સાદું તો એમને ફાવે જ નહીં. કાઈક ને કાંઈક નવતર હોય તો જ એમના જીવને ગોઠે.

બાળપણથી જ ક્રાંતિકારી. ઘરમાં ક્રાંતિ, શાળામાં ક્રાંતિ, શેરીમાં ક્રાંતિ! શિક્ષકો સાથે પણ લડવાનું હોય. બે વાર તો કૉલેજમાંથી કાઢી મૂકેલા! માત્ર કૉલેજો નહીં, પ્રાંતો પણ બદલવા પડ્યા.

એમનું પૂરું નામ-જીવતરામ ભગવાનદાસ કૃપાલાણી. જન્મ્યા સિંધમાં, ભણ્યા મહારાષ્ટ્રમાં, માસ્તરગીરી કરી બિહારમાં, આચાર્ય બન્યા ગુજરાતમાં, આશ્રમ સ્થાપ્યો ઉત્તર પ્રદેશમાં અને લગ્ન કર્યા

બંગાળમાં.

ભણી ગણી, અધ્યાપક થયા બિહારના મુઝફ્ફરપુરની કૉલેજમાં. ગાંધીજીએ ૧૯૧૭ના અરસામાં બિહારના ચંપારણ જિલ્લામાં સત્યાગ્રહ-આંદોલન છેડેલું. ત્યાંનાં ખેતરોમાં ગળીના પાકમાં ખેડૂતોનું ભારે શોષણ થતું હતું. સરકાર ભારે મોટો કર લાદી ગરીબો પર જુલમનો દોર ચલાવતી હતી. આ સત્યાગ્રહ દરમ્યાન કૃપાલાણી ગાંધીજીના સંપર્કમાં આવ્યા. એમની પાસેથી દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની વાતો સાંભળી. હિંદમાં પણ આવા સત્યાગ્રહ અને પ્રેમ દ્વારા જ આઝાદી મેળવવાની વાતો ચાલતી. ત્યારે ક્યારેક અકળાઈ જઈને કૃપાલાણીજી ગાંધીજીને કહી બેસતા–અહિંસાથી લડાઈ લડવાની વાત ઇતિહાસમાં કદી સિદ્ધ થઈ નથી. હું તો ઇતિહાસનો શિક્ષક છું ને! હું બધી વાત જાણું!' ત્યારે બાપુએ જવાબ આપ્યો,

'પ્રોફેસર, કૃપાલાણી, તમે ઇતિહાસ શીખવો છો પણ હું તો ઇતિહાસ રચું છું.'

ધીરે ધીરે ગાંધીની મોહિની વધતી ગઈ. અસહકારનું આંદોલન, મીઠાનો સત્યાગ્રહ, જેલવાસ... આ બધું કાળક્રમે થતું જ રહ્યું, સાથોસાથ પુસ્તકો પણ લખતા ગયાં. ગાંધીવિચારના તેઓ એક મહાન ભાષ્યકાર છે. નઈ તાલીમ અંગેના પુસ્તકને નામ આપ્યું, લેટેસ્ટ ફેડ–અંતિમ ઘેલું. 'નઈ તાલીમ' પણ એક ઘેલું જ છે–એવું લખનાર કૃપાલાણી પોતે ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠમાં છ-છ વર્ષ સુધી આચાર્ય પદે રહી કામ કરે છે. વિદ્યાર્થીઓમાં ભારે પ્રિય. એમની પાસે ભણેલા વિદ્યાર્થીઓ આજે તેમને કદી ન ભૂલે. ગુજરાત વિદ્યાપીઠ એક રાષ્ટ્રીય સંસ્થા હતી. વિદ્યાપીઠમાં ભણીગણીને બહાર પડેલા સ્નાતકો જ ભાવિ કાર્યકર્તા બની જાય એ દૃષ્ટિએ 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરાઈ હતી.

૧૯૨૯માં કૃપાલાણીજી ગુજરાત વિદ્યાપીઠમાં આચાર્ય તરીકે નિમાયા. વિદ્યાર્થીઓ પર તેમની કેવી ગજબની ભૂરકી નંખાઈ હતી. તેનો એક અત્યંત સુંદર પ્રસંગ નોંધાયો છે. ઉમાશંકર જોશીએ તે વર્ણવ્યો છે. 'સાબરમતીની નદીમાં રોજ એમનું ભાષણ થાય. સેંકડો યુવાનો તેમાં હાજર રહે. કૃપાલાણીની ટેવ કે રેતીમાં ચક્કર મારતા મારતા ભાષણ કરે. પહેલું વાક્ય ઉચ્ચારે- I am a king. (હું એક રાજા છું) પછી બાકીનું અડધું ચક્કર પૂરું કરતાં બાબરી ઉછાળતા કહે- My Kingdom is in your heart. તમારા સૌનાં હૃદયમાં મારું સામ્રાજ્ય વસે છે.'

ઘણી મોટી ઉંમરે તેઓએ બંગકન્યા સૂચેતાબહેન સાથે લગ્ન કર્યાં. કૃપાલાણી ગાંધી વિચારમાં માને, ત્યારે સૂચેતાબહેન સમાજવાદમાં. પરંતુ બંનેનું દાંપત્યજીવન સુખરૂપ ચાલ્યું. દેશ આઝાદ થયા બાદ સુચેતાબહેન ઉત્તર પ્રદેશના રાજમહેલમાં ફકીરી જીવન જ જીવતા હતા.

કૃપાલાણીજીને જવાહરલાલજીની રીતિનીતિ ન ફાવે. ગાંધીજીના ચાર મોટા સાથી. પણ સ્વરાજ્ય મળ્યા બાદ ચારેય મોઢાં ચાર દિશામાં જુદાં જુદાં. નહેરુ, સરદાર, કૃપાલાણી અને રાજાજી–આ ચારેય મોટાં માથાનાં માનવી! પરંતુ સ્વરાજ્ય પછી ચારેયની દિશા જુદી! નહેરુ-સરદાર તો કાંઈક હાથમાં હાથ લઈ સાથે ચાલ્યા. પરંતુ કૃપાલાણી-રાજાજીએ તો પોતાની દિશા જ બદલી નાખી. રાજાજીનો 'સ્વતંત્ર પક્ષ' રચાયો. તો કૃપાલાણીજીનો કોંગ્રેસ ડેમોક્રેટિક ફ્રંટ-જે પાછળથી 'કિસાન મજદૂર પક્ષ' પક્ષ તરીકે પંકાયો. જો કે આખરે તો એ પક્ષ પણ છોડી, અપક્ષ બનીને જ ચૂંટણીઓ લડતા રહ્યા.

કૃપાલાણીજીનો ઉત્તર પ્રદેશમાં આશ્રમ, જ્યાં મુખ્યત્વે ખાદી ઉપરાંત અનેક રચનાત્મક કાર્યો ચાલે. કૃપાલાણીજીનો સ્વભાવ ખૂબ વિનોદી.

૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું ત્યારે એમણે નિર્ભયતાપૂર્વક શ્રીકૃષ્ણ મેનન સામે તહોમતનામું મૂક્યું. કેન્દ્રીય મંત્રી કે. ડી. માલવિયા સામે પણ ચૂંટણી માટે કોઈ પેઢી પાસેથી પૈસા લેવાનો આક્ષેપ કર્યો. ભ્રષ્ટાચારના તો તેઓ ઘોર વિરોધી હોય જ.

૧૯૭૮માં તેમણે જાહેર જીવનમાંથી નિવૃત્તિ લીધી અને ૧૯૮૨માં ૧૯ મી માર્ચે અમદાવાદની સિવિલ ઇસ્પિતાલમાં મૃત્યુ પામ્યા. ✷

[મીરા ભટ્ટના પુસ્તક 'યાદ કરો કુરબાની'ના લેખનો અંશ.]

**શ્રી ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ નિમિત્તે**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ યોજિત**
**ડૉ. કુમારપાળ દેસાઈની જ્ઞાનસભર વાણી દ્વારા**

## ।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।

તારીખ : ૨૧ એપ્રિલ, ગુરુવાર, સાંજે ૬-૩૦
૨૨ એપ્રિલ, શુક્રવાર, સાંજે ૬-૩૦
૨૩ એપ્રિલ, શનિવાર, સાંજે ૬-૩૦
૨૪ એપ્રિલ, રવિવાર, સવારે ૧૦-૦૦
સ્થળ :
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ

**આ ચાર દિવસીય કથાના સૌજન્યદાતા**
**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
**સાયલા**
**સ્મૃતિ: શ્રી સી. યુ. શાહ**

પ્રવેશપત્ર માટે જિજ્ઞાસુઓને સંઘની ઑફિસનો સંપર્ક કરવા વિનંતી-23820296.

# મહાત્મા ગાંધી અને કુટુંબીજનો

❑ નીલમ પરીખ

*[ મહાત્મા ગાંધીના પ્રપૌત્રી નીલમ પરીખ (હરિલાલ ગાંધીના પુત્ર રામીબહેનની પુત્રી)નું સમગ્ર જીવન ગાંધીચીંધ્યા માર્ગે સેવા અને શિક્ષણકાર્યમાં વીત્યું છે. 'હરિલાલ ગાંધી-ગાંધીજીનું ખોવાયેલું રતન', 'જ્યાં રહો ત્યાં મહેકતા રહો', 'ગાંધીજીના સહસાધકો' જેવાં પુસ્તકો તેમની ગાંધી વિચારો પ્રત્યેની પ્રતિબદ્ધતાને વ્યક્ત કરે છે. પ્રસ્તુત લેખમાં તેમણે મહાત્મા ગાંધીને સત્યપંથમાં સાથ આપનાર પરિવારસાથીઓ વિશે પ્રકાશ પાડ્યો છે. ]*

ગાંધીજી પાસે સત્ય સિવાય બીજી કોઈ મિલ્કત નહોતી. અહિંસા સિવાય બીજું કોઈ શસ્ત્ર નહોતું ને પ્રાર્થના તથા ઈશ્વર શ્રદ્ધા સિવાયની કોઈ તાકાત નહોતી. છતાં બ્રિટિશરોને ગાંધીજીનો ડર લાગતો હતો!

આજે દુનિયાને બંદૂક પાવર, બોમ્બ પાવર અને મિસાઈલ પાવર કેવો પ્રભાવશાળી છે એ સમજાય છે. પણ સત્યપાવર, કરુણાપાવર અને પ્રેમપાવરની પ્રભાવશાળી તાકાત નથી સમજાતી.

ગાંધીજીએ આ તાકાતનું દર્શન દક્ષિણ આફ્રિકાની લડતથી કરાવ્યું. નિર્મળહૃદયના સત્યથી બોલ્યા, સત્યથી લખ્યું અને સત્યથી જીવ્યા. આ વારસો એમને ગાંધીકુળમાંથી મળ્યો. ગાંધીકુળની સત્યપ્રીતિ અને પ્રામાણિકતા તથા ખમીર-ખુમારીના બીજ મોહનદાસ કરમચંદ ગાંધીમાં પડેલા તે બહાર આવ્યા.

ગાંધીકુળના પૂર્વજ ઉત્તમચંદ ગાંધી–જેઓ ઓતાબાપા તરીકે ઓળખાતા–તેઓ પૂરા રામભક્ત–રામના અનન્ય ઉપાસક અને ઊંડો ભક્તિરસ, તેઓ જે કંઈ કરતા તે બધું સત્યનિષ્ઠા, અને પ્રામાણિકતાથી નિષ્કામ કર્મ કરતા. ધનલોલુપતા બિલકુલ નહીં.

તેમના પુત્ર કરમચંદ ગાંધી–જેઓ કબા ગાંધી તરીકે ઓળખાતા– વિચક્ષણ બુદ્ધિ, અદ્ભુત કૌશલ, ઈમાનદારી વગેરે ગુણો સાથે વ્યવહારકુશળ, સ્વાશ્રયી અને કર્મઠ વ્યક્તિ હતા. રાજદરબારની રીતભાત અને તેનો વહીવટ કરવાનું જ્ઞાન વારસાગત લોહીમાં આવ્યું હતું. સત્યનિષ્ઠા અને ધન તરફ નિસ્પૃહતાને કારણે પોતાના વિવેક અને ઈમાનદારીભર્યા કર્તવ્ય અને મંતવ્યને દબાવીને સ્વાર્થવશ કે ખુશામતમાં રાજાની હા માં હા કરવાની તેમનામાં આવડત જ નહોતી!

૧૮૮૩ થી ૧૮૮૫ સુધી તેમની માંદગીમાં અપાર સેવાશુશ્રૂષા તેમનો નાનો પુત્ર મોહન જ કરતો. પિતા સાથેની વાતોમાંથી અને પિતાને મળવા આવતા જુદા જુદા ધર્મોના સંત-સંન્યાસીઓની વાતોમાંથી મળતા સર્વધર્મ સમભાવના સંસ્કારો નાના મોહનના ભવિષ્યમાં દૃઢ થયા, માતા પૂતળીબાએ પણ આ લાડકા પુત્રને પોતાના દિલના બધા સંસ્કાર, અરમાન અને પોતાની ભાવનાઓનું આરોપણ તેનામાં કર્યું. નાના મોહનમાં ભક્તિભાવ, નમ્રતા, જાત મહેનત, સેવા પરાયણતા અને અખંડ રામનામ તથા ધર્મનિષ્ઠા એ માની દેણ હતી.

આમ પૂર્વજોનાં સેવાકાર્યો અને ઉદાત્ત ગુણો–સત્યનિષ્ઠા, સિદ્ધાંતનિષ્ઠા, પ્રામાણિકતા અને વ્યક્તિગત વફાદારી ગાંધીજીના જીવનની સફળતાના પ્રથમ સાથી હતા.

✷ ✷ ✷

ગાંધીજીના પદ્ચિન્હોની પાછળ એના અતલ ઊંડાણમાં કસ્તૂરબાની મૂર્તિ સમાયેલી છે. બા માનવહૃદય અને માનવચિત્તની શુચિતા અને સરળતાના પ્રતીક સમા હતા. તદ્દન સીધાં પણ ધીર અને વીર. બીજાનો વાંક તો એમના મનમાં કદી વસતો જ નહીં. કેવળ બુદ્ધિથી નહીં, પણ અંતઃપ્રેરણાથી તેઓ સત્યને ઓળખી લેતાં અને પોતાના સ્વતંત્ર નિર્ણયો બાંધતાં. બા અહિંસાના મૂર્તિ હતાં. બાને ઈશ્વર પ્રત્યેની અટલ શ્રદ્ધા અને અપ્રતિમ સેવાભાવના હતી. કોઠાસૂઝથી બાપુના જીવનનું વલણ સમજી લીધા પછી નાની નાની બાબતોમાં કેમ વર્તવું એ બાને અંદરથી સમજાઈ જતું. બાપુને પણ બાની આ આંતરસૂઝ પર વિશ્વાસ બેસી ગયો હતો.

બાપુ લખે છે: 'બાનો ભારે ગુણ સ્વેચ્છાએ મારામાં સમાઈ જવાનો હતો. હું ઈર્ષ્યાળુ પતિ-દબાણ કરું તો ય તે પોતાનું ધાર્યું કરતી. મારા ધણીપણા સામે એ આત્મબળથી જવાબ આપતી. એ જ મારે મન ઈશ્વરી બક્ષિસ હતી. પણ મારું જાહેર જીવન જેમ ઉજ્વળ થતું ગયું તેમ બા ખીલતી ગઈ અને પુખ્ત વિચારે મારા કામમાં સમાઈ ગઈ. દિવસ જતાં મારામાં અને મારા કામમાં–સેવામાં ભેદ ન રહ્યો તેમ, બા તેમાં તદાકાર થવા લાગી...બ્રહ્મચર્યના વ્રતને બાએ ઊંચકી લીધું. પરિણામે અમારો સંબંધ સાચા મિત્રનો થયો...છતાં સ્ત્રી તરીકે અને પત્ની તરીકે પોતાનો ધર્મ મારા કાર્યમાં સમાઈ જવામાં જ માન્યો..તેમાં મારી અંગત સેવા અને સગવડની દેખરેખનું કામ તેણે મરતાં લગી છોડ્યું નહીં.



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

દક્ષિણ આફ્રિકાની પરણેતર સ્ત્રીઓના કાયદાની વિરૂદ્ધમાં તૈયાર થયેલી બહેનોના સત્યાગ્રહની ટુકડીમાં બા મોખરે હતાં. શાંત નાયિકાની જેમ બાપુની પાછળ પાછળ જેલમાં પણ ગયા હતા. ત્રણ ત્રણ અઠવાડિયાના બાપુના ઉપવાસોમાં તેમણે ભાગીદારી કરી હતી. બાપુએ ઉઠાવેલી અનંત જવાબદારીઓમાં પોતાનો પૂરોપૂરો હિસ્સો નોંધાવ્યો હતો. બાપુ સમગ્ર જીવન દરમ્યાન કંઈક ને કંઈક પરિવર્તન કરતા રહ્યા. એમાંથી ઘણાં પરિવર્તનો બાને સારુ સાવ નવાં અને અચરજ પમાડે તેવાં હશે જ પણ બાસઠ વર્ષના દીર્ઘ દામ્પત્યજીવનમાં બાએ કદી અપમાન સાંખી લીધું નહોતું. ટેવ બદલતાં વાર લાગી હશે પણ કદી કશી ફરિયાદ નહોતી કરી. કેટલીક વાર વિરોધ પણ કરતા કે બાપુનું સૂચન સ્વીકાર્યું ન પણ હોય! એ વાતને બાપુએ પોતે લીધેલા અહિંસક પ્રતિકારના પહેલા પાઠ તરીકે વર્ણવી છે!!

x x x

ગાંધીજીના જ્યેષ્ઠ પુત્ર હરિલાલનો જન્મ ૧૮૮૮ના જૂનમાં રાજકોટમાં થયો હતો તે પછી તુરત ગાંધીજી બેરિસ્ટર થવા લંડન ગયા. ભણીને પાછા આવ્યા બાદ બીજા પુત્ર મણિલાલનો જન્મ મુંબઈમાં તા. ૨૮-૧૦-૧૮૯૨ના રોજ થયો. ૧૮૯૩માં એક કેસ માટે ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. ૧૮૯૬માં કસ્તૂરબા બન્ને પુત્રોને લઈ આફ્રિકા ગયા. ત્યાં પાંચેક વર્ષના નિવાસ દરમ્યાન રામદાસનો જન્મ ૪ થી મે ૧૮૯૮ અને દેવદાસનો જન્મ ૨૦ મી મે ૧૯૦૦માં ડરબનમાં થયો હતો.

રાજકોટના પ્રસિદ્ધ વકીલ અને ગાંધીજીના પરમ મિત્ર હરિદાસ વોરાની પુત્રી ગુલાબની સાથે હરિલાલના લગ્ન તા. ૨-૫-૧૯૦૬માં થયા હતા.૧૯૦૮માં જુવાન વયે દક્ષિણ આફ્રિકાની લડતમાં સક્રિય રહ્યા. તેઓ લડતમાં વારંવાર પકડાતા, જેલમાં જતા. એમની બુદ્ધિની તીવ્રતા ખૂબ જ વિકસિત થઈ હતી. દલીલ તો એવી કરતા કે બાપુને પણ કેટલીક વખત એનો જવાબ આપતાં વિચાર કરવો પડતો.

હરિલાલ પોતાની પ્રતિભા, નિષ્ઠા, કર્મઠતા અને હસમુખા સ્વભાવને કારણે લોકપ્રિય બની ગયા હતા. એમને સૌ 'નાના ગાંધી' કે 'છોટે ગાંધી' તરીકે ઓળખતા. ટ્રાન્સવાલની સરકારે જ્યારે ગાંધીજીને પાઉન્ડનો દંડ કે ત્રણ માસની સખત કેદની સજા ફટકારી ત્યારે એક ભાષણમાં હરિલાલ કહે છે, કે 'હું મારા પિતા માટે મગરૂર છું, જેણે તેર વર્ષ સુધી અહીં વકીલાત કરી છે એવા માણસની ઓળખાણ માટે અંગૂઠાની છાપ માંગવી એ હાંસીકારક છે. બ્રિટનના હિતચિંતક તરીકે આપણે સત્તાને વળગી રહી અંત સુધી લડીશું.'

હરિલાલને પોતાની ઈચ્છા બેરિસ્ટર થઈ સમાજસેવા કરવાની હતી પણ બાપુના કેળવણી અંગેના પોતાના ચોક્કસ વિચારોને કારણે બન્ને ભાઈઓ યુનિવર્સિટીની કેળવણી ન મેળવી શક્યા. લડત પૂરી થયા પછી ભણવાની હોંશને કારણે અસંતુષ્ટ મને હિંદ આવી ગયા. મેટ્રિકમાં સફળતા ન મળી પછી પોતાના સાથીઓ સાથે કલકત્તામાં 'સત્યાગ્રહી બ્રધર્સ'ના નામથી જુદા જુદા ધંધા કરવામાં પણ સફળતા ન મળી. કરજ વધતું ગયું, બાપ-દીકરા વચ્ચેની તાણ પણ વધતી ચાલી. ૧૯૧૮માં પત્ની ગુલાબના અવસાન પછી એકલા પડી ગયા. એમના સંતાનો બા-બાપુ પાસે આશ્રમમાં ઉછર્યાં. બાપુ સાથે તીવ્ર મતભેદ અને વિષમતા હોવા છતાં ૧૯૨૦ના અસહકારના આંદોલનમાં હરિલાલે સત્યાગ્રહ કર્યો. પકડાયા અને છ માસની જેલની સજા થઈ. ૧૯૩૦ દાંડીકૂચના સમય પછી તેઓ વ્યસનમાં અને ખોટી સોબતમાં અટવાતા રહ્યા. તેમનો બા-બાપુ પ્રત્યેનો પ્રેમ છેવટ સુધી ઉજ્વળ રહ્યો હતો. બાપુને પણ હરિલાલ માટે ઊંચી અપેક્ષાઓ હતી એટલે એમના પર કડકમાં કડક શિસ્ત લાદતા રહ્યા. છેવટે જ્યારે એ પણ ન થયું ત્યારે આ તેજસ્વી પુત્રે પિતાની અપેક્ષા જન્ય આગ્રહોનો પ્રતિકાર કર્યો. બાપુથી અલગ થયા પણ બાપુથી મુક્ત ન થઈ શક્યા. ન તો પિતાને ભૂલી શક્યા કે ન તો પોતાની નિરાશા દૂર કરી શક્યા. બાપુની દેશસેવાની યજ્ઞવેદીમાં હોમાઈ ગયા!

ગાંધીજીના સત્યાગ્રહની પહેલી પ્રયોગશાળા તે દક્ષિણ

## ગરીબોનાં બા

એકવાર બાપુ સેવાગ્રામ હતા. ત્યારે બા બહારગામથી આવવાનાં હતાં. બધાં પૂછવા લાગ્યાં. બા ક્યારે આવશે? બા કઈ ગાડીમાં આવશે?

બા સુરત તરફ ગયેલાં હતાં, મુંબઈ પહોંચી ત્યાંથી વર્ધા આવી શકાય. પણ એ લાંબો અને મોંઘો રસ્તો. સુરત જઈ 'ટાપ્ટી વેલી' ગાડીમાં ભૂસાવળ રસ્તે આવે તો નૂર ઓછું બેસે.

એક બહેન બાને મળવા ખાસ રોકાયાં હતાં. મુંબઈ તરફથી ગાડી આવવાની હતી. એ બહેને પૂછ્યું, બા અત્યારે તો આવશે ને?

બાપુએ કહ્યું, જો બા પૈસાદારોનાં બા હશે તો અત્યારે આવશે અને ગરીબોના બા હશે તો સુરત જઈ 'ટાપ્ટી વેલી'માં સવારે આવશે.

અને બા, ગરીબોના બા, ખરેખર બીજે દિવસે સવારે આવ્યાં.

આ અનોખાં દંપતીના મિત્ર હોરેસ એલેકઝાન્ડરે નોંધ્યું છે કે બા અને બાપુ એક ઘરમાં હોય, પાસે પાસેના ઓરડાંમાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહીં, પણ આપણને આખો વખત લાગ્યાં કરે કે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે.

**–ઉમાશંકર જોષી**

આફ્રિકા. ત્યાં વસતા હિંદવાસીઓના રક્ષણ માટે સત્યાગ્રહનો પહેલો પ્રયોગ કર્યો. આફ્રિકાના ફિનિક્સ આશ્રમ અને ટૉલ્સટોય વાડીમાં જ આશ્રમ જીવન અને રચનાત્મક કામોના પહેલા પ્રયોગો કરેલા. આ ચાલુ કરેલા કામોને ગાંધીજીના બીજા પુત્ર મણિલાલ અને પુત્રવધૂ સુશીલાએ જ અખંડિત રાખ્યાં.

૧૮૯૭માં પહેલી વાર મણિલાલને દક્ષિણ આફ્રિકાના ડરબનને કિનારે ઉતરતાં વેંત જ ગોરાઓએ ગાંધીજી પર હુમલો કર્યો તેનો કડવો અનુભવ બાળવયે જ થઈ ગયો. એમને પણ બાપુની આકરી કસોટીમાંથી પસાર થવું પડ્યું હતું. છતાં તેઓ હાર્યા કે કંટાળ્યા વિના બાપુની ઈચ્છાને શિરોધાર્ય કરી છેવટ સુધી એકનિષ્ઠાથી વળગી રહ્યા હતા.

ગાંધીજીએ જ્યારે જાહેર કર્યું કે મણિલાલનું સ્થાન ફિનિક્સમાં છે–બસ, પિતાના આ આજ્ઞાધીન, વીર અને ત્યાગી પુત્રે પિતાની આજ્ઞા શિરે ચઢાવી પોતાનું સમસ્ત જીવન 'ઈન્ડિયન ઓપિનિયન' અને ફિનિક્સ આશ્રમને જીવનની અંતિમ પળ સુધી અર્પણ કરી પિતાનું વચન રામની માફક પૂર્ણ કર્યું!

તેમણે 'ઈન્ડિયન ઓપિનિયન'નું ગૌરવભર્યું સંચાલન કરવામાં અનેક ઝંઝાવાતોની સામે ટક્કર ઝીલી, વ્યાવહારિક મુશ્કેલીઓ પણ અનુભવી. પ્રસંગોપાત વિશેષ અંકો પ્રગટ કરી બાપુના સિદ્ધાંતોનું સાહિત્ય પીરસ્યું હતું. સરકારની નીતિ સામે કડક લેખો લખ્યા. સરકાર સામે ઉપવાસ અને સત્યાગ્રહ કરી જેલયાત્રા પણ કરી હતી.

મીઠાના સત્યાગ્રહ વખતે મણિલાલ હિંદમાં જ હતા. ધરાસણાના મીઠાના ગોદામ પર હુમલો કરવા સત્યાગ્રહીઓની સાથે સરોજિની નાયડુ અને મણિલાલ ગયા ત્યારે પોલીસે નિર્દયી બનીને સત્યાગ્રહીઓના ટોળા પર લાઠીચાર્જ કર્યો. મણિલાલે પણ ઘણો માર ખાધો, પણ પાછી પાની કરી નહીં. આફ્રિકાથી એમનું આવ્યું સાર્થક થયું! બાપુની જગ્યા બેટાએ સંભાળીને પોલીસની લાઠીઓ ખાધી!

બાપુના ઉપવાસ કે બનતા બનાવો કે બીજાં કારણોસર મણિલાલ હિંદ દોડી આવે તો બાપુ કહેતા, 'તમારો દેશ હમણાં દક્ષિણ આફ્રિકા છે. ત્યાં રહી યથાશક્તિ સેવા કરવાનો તમારો ધર્મ છે–'ઈન્ડિયન ઓપિનિયન' જેમનું તેમ શક્તિ છે ત્યાં સુધી નભાવે જવાનું...અપૂર્ણ બાપની સોડમાં હૂંફ શોધવાને બદલે બાપના બાપ પૂર્ણ પરમેશ્વરની સોડની હૂંફ શોધ એટલે તું બળવાન થશે. આ જ મારું તને શિક્ષણ છે. સાચો દોરનાર ઈશ્વર જ છે. રોજ એની આરાધના કરવી. હૃદયમાં રહેલો સ્વામી આપણને દોરે જ એમ વિશ્વાસ રાખજે...'

ગાંધીજીના ત્રીજા પુત્ર રામદાસનું તથા ચોથા પુત્ર દેવદાસનું બાળપણ ટૉલ્સટોય ફાર્મ અને ફિનિક્સ આશ્રમમાં વીત્યું. સ્વાવલંબન અને શરીરશ્રમનું વાતાવરણ, સાથે પ્રાર્થના, સેવા, સાદાઈ અને સત્ય એમના વ્યક્તિત્વમાં વણાઈ ગયા હતા.

રામદાસે ચૌદ વર્ષની વયે દક્ષિણ આફ્રિકાની લડતમાં ઝંપલાવ્યું હતું અને ત્રણ માસનો કારાવાસ ભોગવ્યો. હિંદમાં આવીને પણ સેવાગ્રામની નજીક રહી આશ્રમમાં સેવા કરતા. ઘણો સમય તેમણે ખાદીફેરી પણ કરી. બારડોલી આશ્રમના વ્યવસ્થાપક હતા ત્યારે મીઠાના સત્યાગ્રહ વખતે તેમની સરદારી હેઠળ પાંચસો માણસોની સાથે બારડોલીથી ભીમરાડ ગામે મીઠું પકવવાના આરોપસર પકડાયા. ત્યારે તેમની ઉંમર બાવીસ વર્ષની હતી. અંગ્રેજ જેલરની સામે જેલની ટોપી ન ઉતારવાના ગુનાસર સખત સજા થઈ. બધા સત્યાગ્રહી સૈનિકો અહિંસક હતા. દેશ માટે મરી ફીટવાનું જ એક માત્ર લક્ષ્ય હતું. એટલે બધી યાતનાઓ મૂંગે મોઢે સહન કરતા. બાપુના દીકરા તરીકે કદી પોતાને કાંઈ વિશેષ નથી મળી જતું ને એની કાળજી રાખતા.

જેલમાં સત્યાગ્રહી તરીકે તેમનો વહેવાર આદર્શ હતો. પોતાના સુખદુ:ખ કરતાં બીજાના સુખદુ:ખનું ધ્યાન ઘણું વધારે રાખતા. બાપુએ જે કાંઈ લખ્યું કે કહ્યું હશે તે મુજબ જ વર્તતા. ૧૯૩૦માં સાબરમતી સેન્ટ્રલ જેલમાં છ માસની સજા અને ૧૯૩૨માં ફરી દોઢ વર્ષની કેમ્પ જેલની સજા ભોગવી. ત્યાર પછી બારડોલી આશ્રમની જપ્તી બાદ

## 'આટલા ગભરાઈ શું કામ ગયા ?'

એક વાર બા અને બાપુજી રોજના નિયમ પ્રમાણે ફરવા ગયાં હતાં. ફરતાં ફરતાં બાપુજીને ઠોકર વાગી અને અંગૂઠામાંથી લોહી નીકળવા લાગ્યું.

એ જોઈને બાપુજીએ બાને કહ્યું : 'અરે જલદી પાટો લઈ આવી અંગૂઠો બાંધી દો.'

બાપુજીને આટલા બધા અધીરા થઈ ગયેલા જોઈને બાએ જરા ટકોર કરતાં રહ્યું : 'તમને મરણનો ભય નથી એમ તમે કહો છો, તો આ સહેજ ઠેસ વાગી અને થોડુંક લોહી નીકળ્યું એમાં આટલા બધા ગભરાઈ શું કામ ગયા ?'

એ સાંભળી બાપુ બોલ્યા : 'આ દેહ પર લોકોની માલિકી છે. મારી બેદરકારીથી અંગૂઠામાં પાણી જાય અને એ પાકે તો સાત-આઠ દિવસ સુધી કામ કરવાનું મારે માટે મુશ્કેલ બની જાય,તો એથી લોકોને કેટલું નુકશાન થાય! એ તો લોકોએ આપણા પર મૂકેલા વિશ્વાસનો ભંગ થયો કહેવાય.

**–મુકુલ કલાર્થી**

નાગપુરમાં પત્ની નિર્મળા અને બાળકોની સાથે ઘર માંડીને બેઠા ત્યારે સેવાગ્રામના બધા જ મહેમાનોની સરભરા તેઓ બન્ને કરતાં. તેમના ગૃહસ્થજીવનની શોભા તેમના આતિથ્ય સત્કારમાં રહેલી છે એમ બાપુ કહેતા.

સુકલકડી કાયા, ગરીબીમાં પણ હસતો ચહેરો. વિનયી, ટેકીલા અને ભક્તિરસની મસ્તી રામદાસમાં છલોછલ હતી. તેઓ માંદા પડતા ત્યારે બાપુ કહેતા, 'તે ભક્ત છે, તે ભોળો છે, કર્તવ્ય શોધનારો ને પાલન કરનારો છે. બાકી ભગવાન ભક્તની કસોટી પણ સારી પેઠે કરે છે.'

તેઓ આગ્રહપૂર્વક એક સામાન્ય નાગરિક તરીકે જ રહેતા. બાપુના ગયા પછી સેવાગ્રામ આશ્રમનું સંચાલન નિર્મળાબહેન જ કરતા. દિલ્હીની રાજઘાટની સમાધિ પર જે અખંડ દીવો બળતો રાખવામાં આવ્યો તેને વિશે તેમણે સૌમ્ય છતાં ચોક્કસ વિરોધ કરતાં કહ્યું કે, રાષ્ટ્રની ઝીણામાં ઝીણી સંપત્તિનો ખ્યાલ રાખનાર ગાંધીજીની યાદમાં આમ અખંડ દીવો બાળવાનો ખર્ચ કરવો એ બાપુના આત્માને સંતોષ ન આપે.

ગાંધીજીના મૃત્યુ પછી એના ખૂનીને ફાંસી ન થવી જોઈએ એવો આગ્રહ રાખનારાઓમાં રામદાસ એક હતા!

ગાંધીજીના ભાઈ ખુશાલચંદ ગાંધીના દીકરા મગનલાલ, પ્રભુદાસ, નારણદાસ વગેરે પણ ગાંધીજીના આશ્રમના સાથીઓ હતા.

ગાંધીજીના ચોથા પુત્ર દેવદાસ. તેઓ સૌથી નાના હોવાથી કદાચ ગાંધીજીએ તેમને સૌથી વધુ સ્નેહ કર્યો હશે. તેમના જન્મ વખતે ગાંધીજી સત્યાગ્રહી તરીકે ઓળખાઈ ચૂક્યા હતા. દેવદાસમાં નાનપણથી જ ચતુરાઈ અને પહોંચ હતી. તેમની કર્તવ્યનિષ્ઠા અને મહેનત કરવાની શક્તિ ગજબની હતી. ફિનિક્સમાં બધા મોટી ઉંમરના લોકો સત્યાગ્રહ કરીને જેલ ગયા ત્યારે બાર-તેર વર્ષના દેવદાસે મોટા માણસની જવાબદારીથી પ્રેસમાં કામ કર્યું અને 'ઈન્ડિયન ઓપિનિયન' નિયમિત પ્રગટ કર્યું. તેઓ ખૂબ વિનોદી હતા. હસવું, હસાવવું એમને ખૂબ આવડતું.

ભારત આવ્યા પછી મહાદેવભાઈના સહકારથી અને પછી પોતાની સ્વતંત્ર શક્તિથી દેવદાસે લેખનકળા ખૂબ ખીલવી હતી. સ્વરાજ આંદોલન વખતે મોતીલાલ નહેરૂએ અલ્હાબાદમાં 'ઈન્ડિપેન્ડન્ટ' નામનું અંગ્રેજી સમાચાર પત્ર શરૂ કરેલું તે ચલાવવા માટે ગયેલા અને સારી નામના મેળવેલી. અસહકાર યુગમાં ઉત્તર પ્રદેશની સરકારે ધરપકડ કરી જેલમાં મૂકી દીધા.

ત્યારપછી રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર કાર્ય માટે બાપુએ તેમને દક્ષિણ ભારતમાં મોકલ્યા કારણ કે ફિનિક્સ આશ્રમમાંથી જ રામદાસ અને દેવદાસને તામિલ ભાષા બોલતા આવડતી હતી. તેથી ત્યાં હિન્દીના પ્રચાર કાર્યમાં તેઓ મોખરે રહ્યા. વળી અસ્પૃશ્યતા નિવારણના કાર્ય માટે તથા મંદિર પ્રવેશ બાબત તેઓ રાજગોપાલાચારીજીની સાથે દક્ષિણ ભારતમાં ફર્યાં. દેવદાસ બહુ જ શિષ્ટ અને અસરકારક વક્તા નીવડ્યો છે એવા સમાચાર રાજાજીએ બાપુને આપ્યા. વીસ વર્ષમાં પાંખો ફફડાવવાનું શીખતા પુત્રના સુવ્યવસ્થિત વિચારો સાથે સુંદર હિન્દી-અંગ્રેજી લખી-બોલી શકે છે તેની ગાંધીજીને પણ પહેલી જ વાર ખબર પડી!

આ સમયગાળા દરમિયાન રાજાજીની નાની પુત્રી લક્ષ્મી સાથે સ્નેહ થતાં વડીલોની કસોટીમાંથી પસાર થઈ લગ્ન કર્યા હતા. રાજાજીની સેવા કરવાનું પણ દેવદાસને ઘણું ગમતું. તેઓ રાજાજીને પોતાના અંગ્રેજી શિક્ષક માનતા.

૧૯૨૧ના ડિસેમ્બરમાં કોંગ્રેસ અધિવેશન અમદાવાદમાં ભરાવાનું હતું એ જ સમયે ઉત્તર પ્રદેશના ચૌરીચૌરા ગામે તોફાની લોકટોળાએ એક પોલીસચોકી સાથે બાવીસ પોલીસોને જીવતા બાળી મૂકવાનો તાર દેવદાસે બાપુજીને કર્યો. એટલે બાપુએ લડત મોકુફ રખાવી. બાપુને છ વર્ષની સજા કરી યરવડા જેલમાં લઈ ગયા. ત્યાં પહેલી મુલાકાત દેવદાસે અને રાજાજીએ લીધી. ત્યારે બન્ને માટે ખુરશી આપી પણ બાપુને ઊભા જ રાખ્યા! આ જોઈ દેવદાસ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. આ મુલાકાતનું વર્ણન રાજાજીએ છાપામાં આપ્યું. પરિણામે બીજી મુલાકાત વખતે બાપુને પણ ખુરશી આપી, વર્તમાનપત્રો પણ આપ્યા અને બધા અમલદારો રાજકેદી તરીકે બાપુ સાથે માનભર્યો વ્યવહાર રાખતા થયા!

દેવદાસનું સ્વતંત્ર વ્યક્તિત્વ પણ એટલું જ અદ્‌ભુત અને ભવ્ય હતું. ૧૯૩૩ના બિરલાના આગ્રહથી દિલ્હીથી પ્રસિદ્ધ થતાં 'હિન્દુસ્તાન ટાઈમ્સ'માં જોડાઈ દિલ્હીમાં સ્થિર થયા. પોતાની કુશળ વ્યવસ્થાશક્તિથી આ પત્રને રાષ્ટ્રીય કક્ષાએ મૂકી આઝાદીની લડતનું મુખપત્ર બનાવી દીધું. તેઓ બાપુના વિચારોને સમજતા અંગત લોકોમાંના એક હતા. ૧૯૩૫માં સેવાગ્રામમાં બાપુ સાથે રાષ્ટ્રીય પ્રશ્નો અંગે વિચારણા કરવા કે બાપુના પગલાંઓ વિશે સલાહમસલત કરવા અવારનવાર આવતા રહેતા.

ગાંધીજીના દિલ્હીના વસવાટ પછી દેવદાસ પુત્ર ગોપુ સાથે દરરોજ રાત્રે બાપુને મળવા આવતા અને મહત્ત્વના તાજા ખબરોથી વાકેફ કરતા. બાપુ પૌત્ર સાથે વિનોદ કરી પ્રસન્ન ચિત્તે પોતાનું કાર્ય સતત કરતા રહેતા. સૌ પ્રથમ હિન્દી અખબાર 'હિન્દુસ્તાન' અને 'હિન્દુસ્તાન સાપ્તાહિક' શરૂ કરનાર દેવદાસ હતા. ✷✷✷

ટેલિફોન: ૦૨૬૩૭-૨૫૯૫૨૯



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# બાપુના પગલે પગલે

❑ તુષાર ગાંધી

*[ મહાત્મા ગાંધીના પ્રપૌત્ર તુષાર ગાંધી (મણિલાલ ગાંધીના પુત્ર અરુણ ગાંધીના પુત્ર) મહાત્મા ગાંધી ફાઉન્ડશનના મેનેજિંગ ટ્રસ્ટી તેમજ ઑસ્ટ્રેલિયન ઈન્ડિયન રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ચેરમેન છે. તેઓ લેખક છે અને કોમી સંવાદિતા તે માનવઅધિકાર માટે કામ કરે છે. પ્રસ્તુત લેખમાં તેમણે મહાત્મા ગાંધીના પગલે ચાલનારા પરિવારજનો વિશે વાત કરી છે. ]*

મને વારંવાર એક પ્રશ્ન પૂછવામાં આવે છે, કે બાપુના કેટલા વંશજોએ બાપુનું કામ ચાલુ રાખ્યું છે?' આવા પ્રશ્નો મને ગમતા નથી. તેનો અર્થ તો એ થાય કે બાપુનું કામ ચાલુ રાખવાની જાણે અમારી, તેમના વંશજોની જવાબદારી છે. બાપુનાં વિચાર અને કાર્યો પરિવાર પૂરતાં સીમિત ન હતાં, તેનો વિસ્તાર વિશ્વવ્યાપી હતો. તેમની મહાનતા, તેમનું મહાત્માપણું એ કોઈ જિન્સ નથી કે અમને તે વારસમાં મળે. અમે તો બાપુના પરિવારમાં જન્મવાનું સદ્ભાગ્ય પામેલા સામાન્ય માણસો છીએ. જો કે અમારામાંના કેટલાક બાપુનો અહિંસા અને શાંતિનો સંદેશ લોકો સુધી પહોંચાડતાં કામો કરતા રહ્યા છે ખરા. અહીં હું એમાંની નોંધપાત્ર વ્યક્તિઓ વિશે વાત કરવા માગું છું.

મહાત્મા ગાંધીના ચાર પુત્રો, હરિલાલ, મણિલાલ, રામદાસ અને દેવદાસ. ચારેએ બાપુનું કામ ચાલુ રાખ્યું હતું. કોઈએ વધારે, કોઈએ ઓછું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહના પ્રારંભકાળમાં બા-બાપુના મોટા પુત્ર હરિલાલે આગેવાની લીધી હતી. અને ધરપકડ વહોરનારા પહેલા સત્યાગ્રહીઓમાંના એક હતા. દક્ષિણ આફ્રિકામાં હરિલાલ ગાંધી છોટા ગાંધી તરીકે ઓળખાતા. જેલવાસ દરમિયાન તેઓ જેલની અસ્વચ્છતા, ખરાબ ખોરાક અને અમાનવીય વર્તણૂંક બદલ ભૂખ હડતાલ પર ઊતર્યા હતા અને અંતે જેલરને રાજકીય કેદીઓ પ્રત્યેની વર્તણૂંક બદલવી પડી હતી. ઉપવાસને સત્યાગ્રહનું શસ્ત્ર માનવાનો વિચાર બાપુને હરિલાલ પાસેથી મળ્યો હતો તેમ બાપુએ કહ્યું છે. પાછળથી હરિલાલ અને બાપુ વચ્ચેના સંબંધો વણસ્યા અને હરિલાલ જુદા શહેરમાં જઈ વસ્યા તે પછી પણ બાપુની લડતોમાં હરિલાલે છૂટોછવાયો ભાગ લીધો હતો.

બા-બાપુના બીજા પુત્ર મણિલાલ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ વખતે સત્યાગ્રહી બનવા માટે નાના હતા, પણ હરિલાલ અને બાપુની ગેરહાજરીમાં એ નાની ઉંમરે પણ તેમણે ફિનિક્સ આશ્રમ સંભાળ્યો હતો. બાપુ ભારત આવ્યા બાદ ફિનિક્સને સંભાળનાર અને 'ઈન્ડિયન ઓપિનિયન' અખબાર ચલાવનાર કોઈ ન રહ્યું ત્યારે બાપુએ મણિલાલને દક્ષિણ આફ્રિકા મોકલી આપ્યા. મણિલાલ જીવનના અંત સુધી ત્યાં જ રહ્યા અને ફિનિક્સ તેમ જ 'ઈન્ડિયન ઓપિનિયન' સંભાળવા સાથે દક્ષિણ આફ્રિકામાં રંગભેદ વિરુદ્ધ અને અશ્વેતોના સમાન અધિકાર માટે કામ કર્યું. સાથે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ વખતોવખત ભાગ લેતા રહ્યા. દાંડીકૂચ વખતે એંશી દાંડીયાત્રીઓમાં મણિલાલની પસંદગી પણ થઈ હતી. દાંડીમાં મીઠાનો કાયદો તોડ્યા બાદ મણિલાલે કરાડી અને ધારાસણા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો અને લાઠીમાર તેમજ જેલવાસ વેઠ્યો હતો. ૧૯૫૫માં મણિલાલના મૃત્યુ પછી તેમનાં પત્ની સુશીલાએ ૧૯૮૪માં ફિનિક્સમાં આગ લાગી ત્યાં સુધી તેની સંભાળ લીધી. તે દરમિયાન થોડો વખત 'ઈન્ડિયન ઓપિનિયન'નું સંપાદન અને પ્રકાશન કર્યું.

બા-બાપુના ત્રીજા પુત્ર રામદાસે બાપુ ભારત આવ્યા પછી ફિનિક્સ આશ્રમ સંભાળ્યો હતો. ત્યાર પછી તબિયત બગડતા તેમને ભારત આવી જવું પડ્યું અને બાપુએ મણિલાલને દક્ષિણ આફ્રિકા મોકલી આપ્યા. મરોલી અને ભીમરાડના મીઠાના સત્યાગ્રહની આગેવાની રામદાસે લીધી હતી. તેમનાં પત્ની નિર્મળા મૃત્યુ પર્યંત સેવાગ્રામ આશ્રમમાં રહ્યા હતાં અને ત્યાંની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખતાં.

બા-બાપુનાં ચોથા પુત્ર દેવદાસ, પરિવારના એક માત્ર સભ્ય છે જે ગોળમેજી પરિષદમાં મહાત્મા ગાંધી સાથે હતા. થોડો સમય બાપુના અંગત ખબરી રહ્યા. બાપુની હત્યા પછી વિઠ્ઠલભાઈ ઝવેરી સાથે મળી તેમણે મહાત્માના જીવન પર પાંચ કલાકનું દસ્તાવેજી ચિત્ર બનાવ્યું હતું.

હરિલાલ ગાંધી પરિવારમાં તેમના દોહિત્રી નીલમ પરીખે આદિવાસી વિસ્તારની શાળામાં શિક્ષિકા અને પ્રિન્સિપાલ તરીકે કામ કર્યું છે અને હરિલાલ ગાંધીનું અધિકૃત જીવનચરિત્ર 'ગાંધીજીનું ખોવાયેલું ધન', તેમજ મહાત્મા ગાંધીના પુત્રવધૂઓ પરના પત્રોનું પુસ્તક 'જ્યાં રહો ત્યાં મહેકતા રહો' અને ગાંધીજીના આશ્રમ સાથીઓ પર પુસ્તકો લખ્યાં છે. તેમના પતિ યોગેન્દ્ર પરીખે આદિવાસી વિસ્તારોમાં ભૂમિસુધાર અને દલિતોના અધિકારો અંગે જીવનભર કામ કર્યું છે. બીજા દોહિત્રી અનસૂયાના પતિ મોહન પરીખ, મહાત્મા ગાંધીના અંતેવાસી નરહરિ પરીખના પુત્ર હતા.

તેઓ ખેતીના ઓજારો અને ગ્રામવિકાસના કાર્યો તેમજ સૂર્યશક્તિના વ્યાવહારિક ઉપયોગોને સમર્પિત રહ્યા હતા. હરિલાલના પુત્ર ડૉ. કાન્તિ ગાંધી લેબર કોલોનીમાં દવાખાનું ચલાવતા અને શ્રમિકોના હિતોના કાર્યો કરવા સાથે રાષ્ટ્રીય એકતા અને આંતરજાતીય લગ્નોને પ્રોત્સાહન આપતા. લોક સેવા ટ્રસ્ટ નામની એનજીઓ તેમણે શરૂ કરી હતી.

હરિલાલની પ્રપૌત્રી સોનલ પરીખ લેખિકા છે. તેણે હાલમાં જ કસ્તૂરબાની જીવનકથાનું ગુજરાતી રૂપાંતર કર્યું છે. પોતાના લેખન, વ્યાખ્યાનો અને મુંબઈ સર્વોદય મંડળ તેમ જ મણિભવન જેવી ગાંધી સંસ્થાઓ સાથેના જોડાણ દ્વારા તે ગાંધીવિચારોનો પ્રસાર કરે છે.

મણિલાલના પુત્ર અરુણ અને પુત્રવધૂ સુનંદા ગરીબો અને ગ્રામીણ ભારતીઓ માટે કામ કરતી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા છે. સુનંદા મહારાષ્ટ્ર સ્ટેટ વિમેન કાઉન્સિલમાં સભ્ય હતાં. 'બાપનું ઘર'માં દંપતીઓ અને માબાપને તરછોડતાં સંતાનોને માર્ગદર્શન આપતા. ૧૯૮૭માં અરુણ-સુનંદા અમેરિકા સ્થાયી થયાં. મેમ્ફિસ ટેનીસીમાં તેમણે એમ. કે. ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ નોનવાયોલન્સ સ્થાપ્યું. અરુણ ગાંધી બાપુના શાંતિ-અહિંસાના વિચારોનો વ્યાખ્યાનો દ્વારા પ્રસાર કરે છે અને ગાંધી વર્લ્ડવાઈડ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ સાથે સંકળાયેલા છે.

અરુણ-સુનંદાનાં પુત્રી અર્ચના રોચેસ્ટરની ગાંધી ઈન્સ્ટિટ્યૂટ સાથે જોડાયેલાં છે અને એ વિસ્તારમાં ગાંધી વિચારોનો પ્રસાર કરે છે. પુત્ર તુષાર લેખક છે અને મહાત્મા ગાંધી ફાઉન્ડેશન અને લોકસેવા ટ્રસ્ટ દ્વારા બાપુની અહિંસા અને ભેદભાવમુક્ત વિચારધારાનો પ્રસાર કરવા સાથે કોમી સંવાદિતા અને માનવ અધિકાર માટે કામ કરે છે. મણિલાલની પુત્રી ઈલાએ પિતા અને દાદાના પગલે દક્ષિણ આફ્રિકામાં ગાંધીકામ ચાલુ રાખ્યું છે. નેલ્સન મંડેલાએ દક્ષિણ આફ્રિકાને મુક્તિ અપાવી ત્યારે ઈલા તેમની કેબિનેટમાં સભ્ય હતા. ફિનિક્સની સંભાળ સાથે તેઓ દક્ષિણ આફ્રિકાના ગાંધી ડેવલપમેન્ટ ટ્રસ્ટના વડા તરીકે કામ કરે છે. ભારત સરકારે તેમને પદ્મભૂષણથી નવાજ્યાં છે. તેઓ ડરબનમાં 'સત્યાગ્રહ' નામનું સામયિક પ્રગટ કરે છે. તેમનો પુત્ર કેદાર અને પુત્રી આશા ગાંધી વિચાર અને માનવ અધિકારના ક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કરે છે.

મણિલાલના પૌત્રી ઉમા ઇતિહાસની અધ્યાપિકા છે. 'મણિલાલ–ગાંધીઝ પ્રિઝનર ?' નામના પુસ્તકના તેઓ લેખિકા છે. તેની નાની બહેન કિર્તી ડરબન પાસે ગાંધીજીએ સ્થાપેલા ટૉલ્સટોય ફાર્મને પુનર્જિવિત કરવા પ્રયાસો કરી રહ્યા છે.

રામદાસનાં નાના પુત્રી ઉષા ગાંધી સ્મારકનિધિ, મુંબઈના પ્રમુખ છે. તેઓ દક્ષિણ ગુજરાતના મરોલી ગામે આવેલો આશ્રમ ચલાવે છે અને અન્ય ગાંધી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. રામદાસનો દોહિત્ર શ્રીકૃષ્ણ કુલકર્ણી ભારત પદયાત્રા દ્વારા એ દેશને સમજવા માગે છે. જેને તેના પરદાદાએ સ્વાતંત્ર્ય અપાવ્યું હતું.

## સારો ખેલાડી

કેવા કેવા લોકો સહકારી તરીકે બાપુજીને મળ્યા ! પણ એમણે કદી ફરિયાદ કરી નહીં. પાનાંનો સારો ખેલાડી જે હોય છે તે લઈને રમે છે ; હાથમાં ખરાબ પાનાં આવ્યાં, એવી ફરિયાદ કરતો નથી. એ કહે છે કે, 'ગમે તેવાં પાનાં આવે, હું તો એ લઈને બરાબર રમતો રહેવાનો ; રમત તોડવાનો નથી.' પોતાના આખા જીવનમાં બાપુજીએ ફરિયાદ કરી નથી કે, ભગવાને મને આવા સાથીઓ શા માટે આપ્યા અથવા આવો દેશ કેમ આપ્યો ? જે કાંઈ ભાગે આવ્યું, તેનો એમણે યોગ્ય અને ઉત્તમ ઉપયોગ કર્યો, એવી અદ્ભુત શક્તિ એમનામાં હતી. આટલા જુદા જુદા પ્રકારના લોકોને સાચવવા, એમની પાસે મોટાં મોટાં કામ કરાવતાં અને વળી સત્યનો દ્રોહ ક્યાંય ન થાય તે માટે સાવધ રહેવું એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

☐ કાકા કાલેલકર

દેવદાસના પુત્ર રાજમોહન ગાંધી ઇતિહાસવિદ્ છે. પોતાના દાદા સહિત ભારતના મહાનુભાવોની જીવનકથા તેમણે લખી છે. તેમના બહેન તારા ભટ્ટાચાર્ય ખાદીવિકાસના કામમાં લાગેલા છે. ભારત સરકારના ખાદી એડવાઈઝરી બોર્ડના તેઓ સભ્ય છે, અને કસ્તૂરબા સર્વોદય ઓર્ગેનાઈઝેશનના ટ્રસ્ટી છે. દિલ્હી સ્થિત ગાંધી સ્મૃતિ એન્ડ દર્શન સમિતિના તેઓ હાલ સુધી ઉપપ્રમુખ હતાં. તારાનાં પુત્રી સુકન્યા ભરતરામ કસ્તૂરબા સર્વોદય ઓર્ગેનાઈઝેશન સાથે સંકળાયેલાં છે અને દિલ્હીમાં તરછોડાયેલી કન્યાઓ માટે શાળા ચલાવે છે.

દેવદાસના નાના પુત્ર ગોપાલકૃષ્ણ લેખક છે અને શ્રીલંકા નિરાશ્રિતો માટે કામ કરે છે. ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે સ્થાપેલા ગાંધી હેરિટેજ મિશનના વડા છે.

આ હતા ગાંધી પરિવારના ગાંધીકાર્યો સાથે જોડાયેલા થોડા સભ્યો. અન્ય સભ્યો પણ પોતપોતાની રીતે નાનું મોટું કરતા હશે – પણ બાપુના કાર્યો અને વિચારને માટે કામ કરનાર દરેક બાપુનાં પરિવારના સભ્યો જ નથી ? બાપુનું કામ કરવા બાપુના ડીએનએ જોઈએ જ તેવું થોડું છે ?

✷ ✷ ✷

મોબાઈલ : ૦૯૮૨૧૩ ૩૬૬૧૭.

મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# મહાત્મા ગાંધી અને દક્ષિણ આફ્રિકાના સાથીઓ

□ યોગેન્દ્ર પરીખ

*[ મકરંદ દવે જેમને 'ઉફરે માર્ગે ચાલનાર' અને 'કંઠી તોડનાર' કહે છે તે યોગેન્દ્ર પરીખે ગાંધી વિચારોથી પ્રેરાઈ નાની ઉંમરે જ ગામડામાં જઈ સેવા કરવાનું વ્રત લીધું હતું, તે જિંદગીભર સામે પૂરે તરતા રહીને નિભાવ્યું. સાથે શબ્દની ઉપાસના પણ ચાલતી રહી. તાપી જિલ્લાના બેડકૂવાદર ગામના આદિવાસી વિસ્તારમાં અને વ્યારામાં ત્રીસ વરસ દિશાસૂચક કામ સફળતાથી કર્યું. ખેતી, શિક્ષણ અને બેંકને ગરીબો સુધી પહોંચાડ્યા અને ઓછા વ્યાજે અથવા વ્યાજમુક્ત ધિરાણ અપાવી, ઉત્પાદનની ટેકનોલોજી આપી અને ૧૨૬૦ ખેડૂતોને ૪૦ ગામમાં દેવામુક્ત કર્યા. મહાત્મા ગાંધીએ એકવીસ વર્ષ સુધી જે ભૂમિ પર હિંદી પ્રજાના અધિકારો માટે બ્રિટીશ શાસન સામે બાથ ભીડી, તે ભમિના તેમના સાથીઓ વિશે પ્રસ્તુત લેખમાં તેમણે માહિતી આપી છે. ]*

ગોખલે કહે છે 'મને ગાંધીના નજીકના પરિચયમાં આવવાનું સૌભાગ્ય મળ્યું છે અને એમના વિશે હું એટલું જ કહીશ કે તેમના જેવો પવિત્ર, તેમના જેટલો ઉદાત્ત, તેમના જેટલો હિંમતવાન અને તેમના જેટલો વિશાળ હૃદયી માણસ આ ધરતી પર ક્યારેય થયો નથી.'

આ પુસ્તક લખવાનો હેતુ લખવાને ખાતર તો છે જ નહીં. દક્ષિણ આફ્રિકાના ઇતિહાસનું એક પ્રકરણ પ્રજાની આગળ મૂકવું એ હેતુ પણ નથી. પણ જે વસ્તુને સારુ હું જીવું છું, જીવવા ઈચ્છું છું અને જેને સારુ તેટલે દરજ્જે મરવાને પણ તૈયાર છું એમ માનું છું, તે વસ્તુ કેમ ઉત્પન્ન થઈ, તેની પહેલી સામુદાયિક અજમાયશ કેમ કરવામાં આવી, એ બધું પ્રજા જાણે, સમજે અને પસંદ કરે તેટલું અને પોતાની શક્તિ પ્રમાણે અમલમાં મૂકે તે છે.

–ગાંધીજી

ગાંધીજીએ કહ્યું હતું, 'હું એ પણ જાણું છું કે આજકાલ દેશમાં નવયુવાનોમાં ચાલતા પવનને હું ઓળખી શક્યો નથી. એટલે તેઓ અને મારી વચ્ચે કંઈક અંતર હોવાનો આભાસ આવે છે. નવયુવકોના ટોળામાં હું મુદ્દલ શોભતો નથી. હું પછાત પડેલો જણાઉં છું. હું પોતે પછાત પડ્યો એમ નથી માનતો. મને એમ લાગે છે કે નવયુવક વર્ગને આજે એમની મરજી પ્રમાણે કામ કરવા દેવું જોઇએ. પણ ચાલુ પવન સાથે હું ઘસડાવા માગતો નથી.

ગાંધીજી તે વખતે વિલાયતમાં રહેતા હિંદના દાદા નવરોજીને બધી વાતોથી વાકફ રાખતા. ટ્રાન્સવાલ માટે રાજકીય સુધારા જાહેર કરવામાં આવ્યા. પરંતુ કોઈ પક્ષને સ્વીકાર્ય લાગ્યા નહીં એટલે અમલમાં મૂકી શકાયા નહીં. પોતાની પર પડતી વિટંબણાઓની રજૂઆત કરવા એક પ્રતિનિધિ મંડળ રચવામાં આવ્યું જેના પ્રમુખ અબ્દુલ ગની અને મંત્રી ગાંધીજી હતા. તેઓએ બધી વિગતો રજૂ કરી પોતાનો આખો કેસ સમજાવ્યો. હાઈકમિશ્નરે તેમને સાંભળ્યા ખરા પરંતુ હિંદીઓ તરફના વર્તનમાં કાંઈ સુધારો થવાની આશા પડે એવું કાંઈ કહ્યું નહિ. નાતાલની હિંદી મહાસભાએ ઠરાવ્યું કે એક પ્રતિનિધિ મંડળ વિલાયત મોકલવું. ગાંધીજીની ટ્રાન્સવાલના પ્રતિનિધિ તરીકે પસંદગી કરી. જો કે મુલાકાતો અને નિવેદનોથી કાંઈ પરિણામ આવ્યું નહીં. આવો ઠરાવ મૂકનારા હાજી હબીબ અને ટેકો આપનારા ઈમાન અબ્દુલ કાદર બાવસીર હતા. ગાંધીજીએ પણ તેને ટેકો આપ્યો હતો. મંચેરજી ભાવનગરી પાર્લામેન્ટના સભ્ય હતા. અમીતઅલી અને દાદાભાઈનો પણ સાથ હતો. હેન્રી સોલોમન લિઓ પોલાક ટ્રાન્સવાલમાં મતાધિકાર ધરાવતા હતા. એમનું જીવન સાદું અને ઉચ્ચ આદર્શોવાળું હતું. ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને પછી ઈન્ડિયન ઓપિનિયનના તંત્રી બન્યા.

હવે લડત નિશ્ચિત બની હતી. મદદો મળવા લાગી. વેપારી પારસી શેઠ રૂસ્તમજીએ જણાવ્યું, 'મારા સર્વ દેશબાંધવોને અતિ નમ્રતાપૂર્વક અને ઈશ્વરસાક્ષીએ જાહેર કરું છું કે જ્યાં સુધી તમારી લડતનો અંત ન આવે ત્યાં સુધી મારી મિલકત હું તમારા લાભમાં ખરચવા માટે મારી જાતને એ મિલકતનો ટ્રસ્ટી માનું છું.'

લડતની પૂર્વ તૈયારી માટે ટ્રાન્સવાલમાં એક સભા ભરાઈ. એના પ્રમુખ ઈસપ ઈસ્માઈલ મિયાં હતા. ગાંધીજીએ કહ્યું કે સત્યાગ્રહનો ઉપાય અજમાવવાની મેં સલાહ આપી છે. આ સલાહ આપવામાં રહેલી સઘળી જવાબદારી મારી છે.

સોરાબજી અડાજણિયા વિલાયતથી બેરિસ્ટર થઈને પાછા આવી ગયા હતા. એમણે પણ જેલ ભોગવી હતી. તેઓ જોહાનિસબર્ગમાં રહેતા હતા. ૩૮ વરસની ભરયુવાનીમાં તેઓ ગુજરી ગયા.

લડતના ભણકારા વાગતા હતા, ત્યારે કસ્તૂરબા પણ એ સાંભળતાં અને વિચારતાં. એમને પોતાને લાગ્યું કે આમાં મારું અપમાન થઈ રહ્યું છે- આખી હિંદી સ્ત્રી જાતિ માથે કલંક ચોંટે છે.

'તો પછી આ દેશના કાયદા મુજબ હું તમારી પત્ની નહીં એમને ?' એક દિવસ એમણે ગાંધીજીને પૂછ્યું.

'હા. અને આપણાં બાળકો આપણાં વારસદાર નહીં.' ગાંધીજીએ લાગ જોઈને જવાબ આપ્યો.

'તો પછી ચાલો આપણે હિંદ પાછા જતા રહીએ; અહીં નથી રહેવું.'

'એ તો કાયરનું કામ ગણાય. એમ કરવાથી આખી હિંદી કોમની મુશ્કેલીઓનો અંત નહીં આવે.'

'તો પછી હું પોતે આ લડતમાં જોડાઈ શકું નહીં અને જેલ ભેગી ન થઈ શકું ?'

ગાંધીજી કસ્તૂરબાનો ઉત્સાહ ભાંગી પાડવા નહોતા માગતા. પણ આ વખતે કસ્તૂરબાની તબિયત સારી રહેતી નહોતી; જેલના દુ:ખોનો એમને ખ્યાલ ન હોતો; અને એક વખત લડતમાં પડ્યા પછી જો એ નબળાં પડી જાય તો ગાંધીજીની તો આબરૂના કાંકરા થઈ જાય. પણ કસ્તૂરબા મક્કમ રહ્યાં. બીજી સ્ત્રીઓએ પણ એટલી જ મક્કમતા દાખવી. એઓ કહે, 'કસ્તૂરબા જેલ જાય અને અમે અહીં બહાર રહીએ એ બને જ નહિ.

ગાંધીજીએ નમવું પડ્યું. એમને તથા બધાંને લાગ્યું, જો સ્ત્રીઓએ ઝંપલાવવું હોય તો તૈયારીઓ ચૂપચાપ કરવી જોઈએ, કોઈ જાતની ધમાલ થવી જોઈએ નહીં. કસ્તૂરબા જ્યારે પહેલી વખત ટૉલ્સટોય વાડી પર ગયાં ત્યારે પ્રથમ એમને પકડવામાં આવ્યાં હતાં, પરંતુ જ્યારે સત્તાવાળાઓએ જાણ્યું કે એ તો ગાંધીજીનાં પત્ની છે ત્યારે એમને છોડી મૂક્યાં હતાં. જો સ્ત્રીઓને ન પકડે તો એમણે જોહાનિસબર્ગ પહોંચી જવું. ત્યાં વિના પરવાના ફેરી કરવી અને એમ કરી ધરપકડ નોતરવી.

સ્ત્રીઓએ જવાબ વાળ્યો 'જે દુ:ખો પડશે તે સહન કરીશું. અમે કાયદેસર પત્નીઓ નથી એવા આળથી થતા દુ:ખ કરતાં બીજું કોઈ દુ:ખ આ દુનિયામાં મોટું નથી.'

અંતે સોળની ટુકડી તૈયાર થઈ; આમાં ચાર સ્ત્રીઓ હતી અને બાર પુરુષો હતા. રામદાસ મોહનદાસ ગાંધીની ઉંમર તે વખતે પંદર વર્ષની હતી. ગાંધીજીનો આખો પરિવાર લડતમાં હોમાઈ ગયો હતો. એ જ રીતે બીજા પરિવારો પણ હોમાયા હતા. જોહાનિસબર્ગથી ૧૧ બહેનો ભળી. આ ટુકડીમાં રાવજીભાઈ મણિભાઈ પટેલ (રાવજીકાકા) હતા. હિંદીઓમાં જાગૃતિ ફેલાઈ તેમ ગિરમીટિયા પણ સત્યાગ્રહમાં જોડાયા. ખાણિયાઓની સભા થઈ. એમણે પણ કામ બંધ કરી દીધું. એમને ત્રણ પૌંડનો કર આપવો ભારે પડતો હતો. એ દૂર થાય તો તેઓ કામે ચડી જવા તૈયાર હતા. આ પ્રસંગોએ સમગ્ર હિંદી સમાજને હચમચાવી કાઢ્યો તેથી જેલ જવાનો અને સખત કેદનો ભય દૂર થયો. ખાણો અને ખેતરો કામચલાઉ જેલો બની ગયા. ગાંધીજીએ ન્યુકેસલથી કૂચ કરી અને થાણું ચાર્લ્સટાઉનમાં જમાવ્યું ત્યારે થંબી નાયડુએ ન્યુકેસલનું થાણું સાચવ્યું. મણિલાલ મોહનદાસ ગાંધી, પ્રાગજી દેસાઈ અને સુરેન્દ્ર મેઢ વિના પરવાને ફેરી કરતાં પકડાયા. એમની માગણી હતી કે 'અમને ભારેમાં ભારે સજા કરો.' એમને સાત દિનની સજા ફરમાવવામાં આવી.

લડતના સમાચાર ફેલાયા તેમ તેમ આર્થિક મદદો આવવા માંડી. ગાંધીજીનું વલણ એવું હતું કે જે કાંઈ ફાળો સ્વેચ્છાએ–વિના માગ્યે– આવે તેનાથી સંતોષ માનવો.

દક્ષિણ આફ્રિકાનો વેપારી વર્ગ મુખ્યત્વે પૈસાદાર મુસ્લિમોનો હતો. હિંદુઓ એમને ત્યાં નોકરી કરતા. ગાંધીજી તો પોતાની મેળે ઐક્યની ભાવના પર કામ કર્યે જતા હતા. એમના મનમાં બે કોમો વચ્ચે કોઈ ભેદભાવ ન હતો. અમીર અલીને લખેલા એક પત્રમાં એમણે લખ્યું, 'હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે હિંદમાં ભલે મતભેદો હશે. પણ દક્ષિણ આફ્રિકામાં તો એવા કોઈ મતભેદોને સ્થાન નથી. હિંદુસ્તાનની મુક્તિ માટે આ બન્ને કોમો વચ્ચે સહકાર હોવો જોઈએ એ બતાવવા માટે બની શકે તે કરવું, એ તો મારો જીવનમંત્ર છે.' આ જીવનમંત્રની અસર એવી થઈ કે બધી જ કોમના લોકો લડતમાં જોડાયા. ૨૭૦૦ સત્યાગ્રહીઓએ જેલ ભોગવી. એમાંના ૨૧ મુખ્ય લોકોમાં ગાંધીજી પાંચ વખત જેલમાં ગયા હતા. હરિલાલ મોહનદાસ ગાંધી છ વાર જેલમાં ગયા હતા. તે વખતે એમની ઉંમર ૨૦ વરસની હતી. તેઓ 'છોટા ગાંધી' તરીકે ઓળખાતા હતા. મણિલાલ મોહનદાસ ગાંધી ૧૭ વરસના હતા. એમણે છ વાર જેલ ભોગવી. રામદાસ ગાંધીની ઉંમર ૧૫ વરસની હતી. દેવદાસ હજી ભમરડે રમતો હતો અને ફિનિક્ષમાં આશ્રમમાં સૌની સાથે રહેતો હતો. કસ્તૂરબા જેલમાં જવા તૈયાર થયાં ત્યારે એમની તબિયત સારી ન હતી. આજ રીતે થાંબી નાયડુ પરિવારે જેલ ભોગવી હતી. પરિણામ એ આવ્યું કે સત્યાગ્રહ શબ્દનો ઉદ્ભવ થયો અને એના અમલથી તેનું સ્વરૂપ અને અર્થ આકાર પામ્યાં. ગાંધીજી કહેતા કે સામેના માણસનું મન જીતવા માટે જાતે સહન કરવું એ જ તેનો ઉકેલ છે. બીજો કોઈ માર્ગ નથી. એમાં જ વિજય છે. અને એમની વાત સાચી ઠરી. સ્મટ્સ સાથે મંત્રણાનો માર્ગ ખૂલ્યો અને તેઓ જ્યારે છૂટા પડ્યા ત્યારે ગાંધીજીએ જાતે સીવેલી ચંપલ એમને ભેટ આપી હતી. પોતાને હંફાવે એવા જે થોડા માણસોનો પરચો સ્મટ્સને થયો એમાં ગાંધી એક હતા.

સ્મટ્સના મંત્રીએ લખ્યું છે, 'તમે લોકો મને જરાય ગમતા નથી અને તમને મદદ કરવાની મારી જરાય ઈચ્છા નથી. પણ હું શું કરું ? તમે અમારી મુશ્કેલીમાં અમને મદદ કરો છો, પછી અમે તમારા ઉપર કેવી રીતે હાથ ઉઠાવીએ ? હું તો ઈચ્છું છું કે અમારા હડતાલિયાઓની માફક તમે પણ હિંસાની નીતિ અપનાવો. તમે એમ કરો તો તમને કેમ પહોંચી વળવું એ અમને આવડે છે. પણ તમે તો દુશ્મનને પણ હાનિ ન પહોંચાડો. તમે જાત પર દુ:ખ વહોરીને જીત મેળવવા માગો છો અને વિનય અને પ્રેમ કદી ચૂકતા નથી. આની આગળ અમે કેવળ લાચાર બની જઈએ છીએ.'

સ્મટ્સ જાતે લખતા હતા, 'હું કે જે, ત્રણ દાયકા પહેલાં ગાંધીનો

વિરોધી હતો તે, આજે એમને વંદન કરું છું. આ માણસનો વિરોધ કરવાનું મારા નસીબમાં લખાયું હતું. પરંતુ ત્યારેય મને એમના માટે ખૂબ માન હતું...જે પ્રશ્ન એ હાથમાં લે તેના ઉકેલ માટે એક પણ ઉપાય બાકી રાખે નહિ, કોઈને ધિક્કારે નહિ અને અતિ કપરા સંયોગોમાં પણ ધીરજ ધરે. એમનું કોઈ કાર્ય માણસાઈથી રંગાયા વિનાનું હોય નહિ. જેલમાં એમણે મારે માટે ચંપલની એક જોડ સીવી હતી. અને એમને છોડવામાં આવ્યા ત્યારે એ એમણે મને ભેટ ધરી! ત્યાર પછી કેટલાય ઉનાળા સુધી મેં એ ચંપલો વાપરી હતી, જો કે આજે મને લાગે છે કે આ મહાન માણસના પગરખામાં પગ ઘાલવા માટે પણ હું લાયક નથી. દરેક ધર્મના અને દરેક જાતિના...ખાસ કરીને કચડાયેલા વર્ગના એમનાં કામમાં ખૂબ જ સહાનુભૂતિ હોય છે. એમનામાં કોઈ પ્રકારનો જાતિભેદ અગર વર્ગભેદ નથી. ઉલટું હૃદયમાંની મહાનુભાવિતાની પ્રતીતિ કરાવે તેવા મનુષ્યત્વથી ભરેલા એ, બીજા બધાથી નિરાળા પડી જાય છે.'

લડતના સમાધાનનો ખરડો તૈયાર થયો. આ બે અઠવાડિયાં ગાંધીજી માટે કસોટીરૂપ નીવડ્યાં. કસ્તૂરબા છૂટ્યાં પછી એમની તબિયત સારી રહેતી ન હતી. ગાંધીજી અને એન્ડ્રુઝ ફિનિક્સથી પ્રિટોરિયા આવ્યા ત્યારે પણ એ પથારીવશ હતાં. સ્મટ્સ રેલવે હડતાળને લીધે એના કામમાં રોકાઈ જતા એટલે ચર્ચાઓ ચાલતી હતી છતાં બન્નેના જીવ બે ઠેકાણે હોવાથી એમાં ધારી પ્રગતિ થતી નહોતી. દરમ્યાન ફિનિક્સથી જે તારો આવતા તે પરથી માલૂમ પડતું હતું કે કસ્તૂરબાની માંદગી વધતી જતી હતી. ગાંધીજી ચિંતાતુર રહેતા. પણ કોમના લાભ માટે લીધેલું કામ પૂરું કર્યે જ છૂટકો એવું વિચારી પ્રિટોરિયામાં પડી રહ્યા. છેવટે પોલાકનો તાર આવ્યો કે કસ્તૂરબા ઈચ્છે છે કે તમે તુરત આવો. સૌને લાગ્યું કે કસ્તૂરબા એમની છેલ્લી ઘડીઓ ગણતાં હશે. તાર મળતાં ગાંધીજી ન બોલ્યા ન ચાલ્યા. એમને કહ્યા વિના એન્ડ્રુઝ તુરત સ્મટ્સને મળ્યા અને આ તારની વાત કરી. ગાંધીજીની એકનિષ્ઠાથી સ્મટ્સ ચકિત થઈ ગયા. ટેબલ ઉપર પડેલા હડતાળ અંગેના કાગળો હડસેલી એમણે સમાધાનીના કાગળો હાથમાં લીધા અને ગાંધીજી સાથે છેવટની જે ચોખવટ કરવાની હતી તે કરી લીધી. કાગળોની આપલે થઈ કે તુરત ગાંધીજી અને એન્ડ્રુઝ ફિનિક્સ જવા રવાના થયા.

ગાંધીજી એન્ડ્રુઝને ચાર્લી કહીને સંબોધતા હતા અને એન્ડ્રુઝ ગાંધીજીને મોહનનું સંબોધન કરતા હતા. બન્ને આજીવન ગાઢ મિત્રો બની રહ્યા.

જે લોકો સર્જનશીલ અને સ્વતંત્ર વિચારો ધરાવતા હોય છે, એમના જીવનના અંતે વૈચારિક સ્તરે અજંપાભરી એકલતા અનુભવતા હોય છે. ગાંધીજીને પણ આ વ્યથાનો અનુભવ થયો હતો. એમણે તો પોતાના કયા ગુણ અને અવગુણ સંતાનોમાં ઊતર્યા છે તેનું પૃથક્કરણ પણ કર્યું છે.

ગાંધીજીની ત્રીજી પેઢી ફરિયાદ કરે છે કે બાપુએ સંતાનોના ભણતર તરફ ધ્યાન ન આપ્યું. ટૉલ્સટોયની પણ આ વ્યથા હતી! આવી એકલતામાંથી શ્રીકૃષ્ણ, ઇસુ ખ્રિસ્ત, સોક્રેટિસ પણ પસાર થયા હતા. પણ એમની ચિરવિદાય બાદ પ્રજાને એમનું મહત્ત્વ સમજાયું તથા એમને અનુસરવા પ્રેરાયા. ✶✶✶

મોબાઈલ : ૦૯૯૦૯૯૭૪૧૩૩

## પુણ્ય સ્મરણ

ગાંધીને મેં પહેલવહેલા ૧૯૦૭ના ડિસેમ્બરના છેલ્લા દિવસોમાં જોયા. એશિયાઈઓના એ નેતાને મળવાનો મેં નિશ્ચય કર્યો.

રિસિક અને એન્ડરસન સ્ટ્રીટના ખુણા પર આવેલી એમની ઓફિસ બીજી બધી ઓફિસ જેવી જ હતી. એમાં એક નાની, ચપળ, સુકલકડી મૂર્તિ મારી સમક્ષ આવીને ઊભી રહી. એની ચામડીનો વર્ણ શ્યામ હતો, આંખો પણ કાળી હતી, પરંતુ એના ચહેરા પર ચમકી રહેલું સ્મિત અને સીધી, નિર્ભીક દૃષ્ટિ સામાના હૃદયને જોતાંવેંત જીતી લેતી હતી. એની ઉંમર આડત્રીસેક વરસની હશે, પણ શિર પર ક્યાંક ક્યાંક ચમકતી રૂપરેખાઓ કામના ભારે બોજાની ચાડી ખાતી હતી. એ અણિશુદ્ધ અંગ્રેજી બોલતા હતા અને અત્યંત સંસ્કારી છે એમ દેખાઈ આવતું હતું.

મને બેસવાનું કહીને એમણે મારી મુલાકાતનો હેતુ પૂછ્યો. મેં એ વિશે ખુલાસો કર્યો ત્યારે મારું કહેવું ધ્યાનથી સાંભળી રહ્યા. મારું કહેવાનુ પૂરું થયું એટલે એશિયાઈઓની સ્થિતિ વિશે એમણે ટૂંકા પણ મુદ્દાસરનાં થોડાં જ વાક્યોમાં બહુ સ્પષ્ટ રજૂઆત કરી. આવી ટૂંકી, સીધી ને સ્પષ્ટ રજૂઆત કરતા વાક્યો પહેલી જ વાર મારા સાંભળવામાં આવ્યાં હશે. એમણે નાનામાં નાની વિગતનો પણ ધીરજથી ખુલાસો કર્યો અને બહુ જ ધીરજ અને સ્પષ્ટતાથી પોતાની વાત એમણે મારે ગળે ઉતારી.

એમનામાં રહેલી શાંત-સ્વસ્થ શક્તિ, હૃદયની મહાનતા અને પારદર્શક પ્રામાણિકતાનાં મને જે દર્શન થયાં તેનાથી હું એ હિંદી નેતા પ્રતિ એકદમ આકર્ષાયો. અમે છૂટા પડ્યા ત્યારે અમારી વચ્ચે મિત્રતાની ગાંઠ બંધાઈ ગઈ હતી.

**☐ જોસેક ડોક**

(અનુ.: **બાલુભાઈ પારેખ**)

# ગાંધીજી અને તેમના આશ્રમના સાથીઓ

☐ નીલમ પરીખ

*કૈંક અજાણ્યાની ઓળખ દીધી,*
*ને કૈંક ઉઘાડી તેં ઘરની ડેલી,*
*દૂરના સાથે ગોઠ કરાવી,*
*ને પારકાંને કીધ બંધવા બેલી.*

–ગીતાંજલિ...રવીન્દ્રનાથ ટાગોર

ગાંધીજીના મોં પર સ્મિત રમતું રહેતું. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની સફળતા પછી એમની પાસે સેંકડો માણસો એમની સાથે કામ કરવા ઉત્સાહપૂર્વક આવતા. મોતીલાલજી, જવાહરલાલજી, રાજેન્દ્રબાબુ જેવા–પોતાના વિસ્તારના નેતાઓ અને બિરલા, કસ્તૂરભાઈ કે અંબાલાલભાઈ જેવા શ્રીમંતો પણ આવતા. મોટા મોટા વિદ્વાનો અને દેશ-વિદેશના ધુરંધરો પણ આવતા તો જેમની પાસે એક ટંકનું ખાવાનું કે પહેરવાના કપડાં ન હોય એવા ગરીબો પણ આવતા. સમાજથી કચડાયેલા, દબાયેલા દુખિયારાઓ પણ આવતા. આવા બધાની આડકતરી અસર આશ્રમની બહેનો, બાળકો કે ભાઈઓ ઉપર એ થઈ કે, માણસ મોટા હોદ્દા ઉપર છે, અથવા પૈસાવાળો છે તેથી એનાથી અંજાઈ જવું નહીં ને સાવ ગરીબ કે નિરાધાર હોય તેનો તિરસ્કાર કરવો નહીં, પણ માણસને માણસ તરીકે જોવાની ટેવ પડી. બાપુએ ડગલે ને પગલે સૌને સાવધ રાખ્યા કર્યા તથા 'સદા સત્ય અને પ્રેમ પ્રગટાવ્યે જા'...નો મંત્ર આપ્યો. અનેકોને પુષ્કળ સંસ્કાર આપીને સમાજનું નૈતિક, બૌદ્ધિક અને કર્તૃત્વનું સ્તર ઊંચું લાવવાનો મહાપ્રયત્ન ગાંધીજીએ કર્યો.

ગાંધીજીના જીવનમાં આવેલી વ્યક્તિઓ તો તન-મન-પ્રાણથી ઓતપ્રોત થઈ અંત લગી એમની સાથે એકરસ બની હતી. તેમનું આત્મસમર્પણ અનુપમ હતું.

બાપુ અને કસ્તૂરબાનો પરસ્પરનો પ્રેમ અને ઐક્ય ગજબનું હતું. કસ્તૂરબા આરંભથી અંતસુધી બાપુના બધા વિચારો, પુરુષાર્થો માનસિક સંઘર્ષના સાક્ષી અને જીવન શુદ્ધિની જેહાદનાં સહકારિણી રહ્યા. કસ્તૂરબાનું અખંડ આત્મ-સમર્પણ અને વિશુદ્ધ સ્વાર્થત્યાગમાં નૈષ્ઠિક પ્રેમ જ હતો.

બાપુના ભત્રીજા **મગનલાલ ખુશાલચંદ ગાંધી** આશ્રમના એ પ્રાણ હતા. બાપુ હંમેશ કહેતા, 'એના તેજે હું પ્રકાશ્યો...મારા હાથ, પગ, આંખો બધું મગનલાલ જ હતા. મેં તો રખડ્યા કર્યું ને આશ્રમને બેવફા રહ્યો. એમણે રચનાત્મક સેવાનું મૂક અને નિષ્કામ કર્મ જ પસંદ કર્યું. સોનું અગ્નિમાં તપીને સો ટચનું થાય તેમ મગનલાલ સ્વાગ્નિમાં તપીને સો નંબરનું સોનું થઈને ગયા!!

૧૯૦૩માં દક્ષિણ આફ્રિકા બાપુ સાથે પોતે વેપાર કરી કમાવા ગયેલા. પણ બાપુએ જ્યારે ફિનિક્સમાં સાર્વજનિક જીવનની શરૂઆત કરી ત્યારે ૧૯૦૪માં બાપુ સાથે સત્યાગ્રહમાં જોડાઈ ગયા. મગનલાલભાઈમાં જ્ઞાન, ભક્તિ અને કર્મની ત્રિવેણી હતી. સર્વસ્વનો ત્યાગ કરી તેઓ બાપુ જે કામ સોંપે તે આંખો મીંચીને પૂરું કરી જ નાખે. દર બુધવારે ઈન્ડિયન ઓપિનિયન પ્રગટ કરવું, ત્યાંની હિન્દી જનતાને માર્ગદર્શન આપવું, આશ્રમની દિનચર્યા અને બાળકોને સંભાળવાની જવાબદારી એમને માથે હતી. તેઓ કહેતા કે મારો જંગલી સ્વભાવ બાપુએ ન ફેરવ્યો હોત તો એ આંધળા ક્રોધે મારી પાસે કેટલાયે પાપ કરાવ્યા હોત!

૧૯૧૫માં બાપુ સાથે હિંદ આવ્યા પછી કોચરબમાં અને સાબરમતી આશ્રમના સંચાલનનું સંપૂર્ણ કામ એમને માથે હતું. બાપુએ ખાદીનું બીજ વાવ્યું પણ એને પાળી પોષીને ઉછેરનાર મગનલાલભાઈ હતા. ખાદી કાર્ય એમને માટે ઉપાસના હતી! ચોવીસ વર્ષ સુધી ગાંધીજીની અખંડ સેવામાં એકપણ દિવસ આરામ કર્યા વિના શાશ્વત શાંતિ પામ્યા! રામાયણમાં જે સ્થાન હનુમાનજીનું હતું તેવું જ સ્થાન બાપુના જીવનમાં મગનલાલભાઈનું હતું!

x x x

બાપુના જમણા હાથ જેવા સાથી **મહાદેવભાઈ દેસાઈ** હતા. અમદાવાદમાં એમને જોતાંવેંત બાપુએ કહ્યું, 'તમારું સ્થાન તો મારી સાથે છે.' પ્રથમ દૃષ્ટિએ જ તારામૈત્રક રચાયું અને ત્યારથી જ સંબંધ ધીરે ધીરે એકાત્મકતા સુધી પહોંચ્યો! એકવાર તાવના સન્નિપાતમાં બાપુ મહાદેવનું નામ મોટેથી બોલતા રહ્યા અને કહેતા હતા કે 'સમાજની અમુક કુરૂઢિઓ સામે સત્યાગ્રહ ચલાવવામાં તમે મને સાથ આપો.' એ જ રીતે એકવાર જ્યારે મહાદેવભાઈ સખત માંદા પડ્યા ત્યારે અસ્પષ્ટ ઉચ્ચારણોથી બોલતા હતા કે, 'મારા બે જીવનસાથી છે, એક દુર્ગા, બીજા બાપુ. હું બન્નેને સરખો વફાદાર રહીશ.' બન્ને વચ્ચે આવી આત્મિક અભિન્નતા આશ્ચર્યકારક હતી!

મહાદેવભાઈએ ચોવીસે કલાક બાપુની અનન્ય સેવા કરી. એમના કપડાં ધોવા કે કમોડ સાફ કરવા ઉપરાંત ટપાલના જવાબો લખવાનું કામ તો ખરું જ; પણ જરૂર પડ્યે ઉચ્ચ સરકારી અમલદારો સાથે કે સર્વશ્રેષ્ઠ દેશનેતાઓ સાથે તેઓ 'વિષ્ટિ' પણ કરતા.

તેઓ શોર્ટહેન્ડ નહોતા જાણતા પણ એમના લખવાની ઝડપ અસાધારણ હતી. બાપુના બોલેલા શબ્દમાંથી એકપણ શબ્દ ચૂકતા નહીં. 'યંગ ઈન્ડિયા' અને 'હરિજન'માં વર્ષો સુધી સાપ્તાહિક પત્ર લખતા જેમાં બાપુની તે વખતની પ્રવૃત્તિઓનું અજાયબ અને જ્વલંત વર્ણન કરતા. એમની સંપૂર્ણ રોજનીશી હવે સંપાદિત થઈને જોવા મળે છે.

બાપુ એમના પ્રાણ હતા. સેવાગ્રામની અસહ્ય ગરમીમાં એમનું

રક્તદબાણ ખૂબ વધી જતું ત્યારે બાપુ એમને ઠંડી જગામાં ચાલ્યા જવાનું કહેતા. પણ વર્ધા સ્ટેશન પહોંચતા સુધીમાં સખત ચક્કર આવતા. મોટર પાછી લેવડાવી પાછા સેવાગ્રામ પહોંચી બાપુના ચરણોમાં માથું મૂકી કહેતા, 'મરતી વખતે મારે આપનું સાન્નિધ્ય જોઈએ છે.' એમની એ ઈચ્છા મુજબ બાપુનું કામ કરતા કરતા પૂનાના આગાખાન મહેલમાં–યરવડા જેલમાં, પોતાનો દેહ છોડ્યો! બાપુની કામ કરવાની બધી ખૂબી, અને એની સુવાસ મહાદેવભાઈની દૃષ્ટિમાં, વાણીમાં અને કલમમાં આવી ગઈ હતી.

x x x

એક ત્રીસ વર્ષનો તેજસ્વી જુવાન–જેનામાં વ્યાપારી સૂઝબૂઝ અને વ્યવહારકુશળતા સાથે દેશભક્તિ અને અધ્યાત્મ પ્રેમ હતો. તેણે બાપુના જીવનમાં પ્રવેશ કર્યો અને માગણી કરી, 'મને આપના પાંચમા પુત્ર તરીકે સ્વીકારો.' એ હતા **જમનાદાસ બજાજ**. એમણે પોતાના આખા કુટુંબને જ બાપુની તથા સ્વરાજ્યની સેવામાં સમર્પી દીધું તથા પોતાની બધી સંપત્તિ અનાસક્તભાવે રાષ્ટ્રને ચરણે ધરી દીધી. બાપુએ એમને ગોસેવાનું કામ બતાવ્યું.

બાપુની તમામ રચનાત્મક પ્રવૃત્તિઓમાં તેમનો સક્રિય સહકાર હતો. વર્ધા અને તેની આસપાસની સંસ્થાઓના સ્થાપક, પોષક અને સંચાલક હતા. બાપુ પણ હંમેશ કહેતાં કે જમનાદાસ સિવાય આટલી બધી પ્રવૃત્તિઓનો ભાર કોઈ ન ઊંચકી શકે. વળી કોંગ્રેસના ખજાનચી અને કારોબારી સમિતિના સક્રિય સભ્ય હતા. ઘણીવાર સ્વેચ્છાએ જેલ પણ ગયા હતા. ત્યાં એક વીર સૈનિક તરીકે પોતાની ખુમારી અને ખમીર પણ દેખાડતા હતા. પોતે રાષ્ટ્રસેવા કરતાં કરતાં અને બધા ક્ષેત્રોના અસંખ્ય રાષ્ટ્રસેવકોને આત્મીય ભાવે અપનાવી મદદ આપતા. સાથે પોતાની અંદર જીવન શુદ્ધિની સતત સાધના ચાલતી રહેતી.

સેવાગ્રામમાં જમનાલાલજીની બિમારીના સમાચાર સાંભળીને તરત બાપુ પોતાની સર્પગંધાની દવા સાથે વર્ધા નીકળી પડ્યા. પણ તેઓ પહોંચે તે પહેલાં જ જમનાલાલજીએ શ્વાસ છોડી દીધો હતો. તેમનું માથું બાપુએ ખોળામાં લીધું અને બોલ્યા, 'ભાઈ, તૂ તો મેરા પાંચવાં પુત્ર બના થા, તો મુઝસે પહલે જાના તેરા ધર્મ નહીં થા.' બાપુને સખત આઘાત લાગ્યો હતો. મગનલાલ ગાંધીના મૃત્યુએ બાપુને પાગલ બનાવી દીધા હતા. તેવો જ દુ:ખ-અનુભવ જમનાલાલજીના મૃત્યુથી સહન કરવો પડ્યો. ૧૯૪૨માં બાપુના જીવનના છેવટના સમયમાં મહાદેવભાઈના અને કસ્તૂરબાના મૃત્યુના આઘાતો સહન કરવા પડ્યા.

બાપુના જીવનમાં જમનાલાલજીનું સ્થાન અનન્ય હતું. પોતાની માલિકીની આશરે ૭૫ એકર જમીન તેમણે અમદાવાદ અને સેવાગ્રામ આશ્રમને તથા હિન્દુસ્તાની તાલીમી સંઘને અર્પણ કરી દીધી હતી! તેમની દાનવીરતાનો ડંકો દેશભરમાં ગજવ્યો હતો. બાપુએ તેમને પોતાની 'કામધેનુ' કહ્યા હતા! જમનાલાલજીના પત્ની જાનકીદેવીએ પતિનું ગૌ-સેવાનું અધૂરું રહેલું કામ પુરું કરવાનો સંકલ્પ કરી પોતાની માલિકીની બધી જમીન ગો-સવા સંઘને સમર્પિત કરી!!

સત્યાગ્રહ આશ્રમ જીવન સાથે ઓતપ્રોત થઈને ગાંધીજીના આદર્શોને અને સેવાકાર્યોને વ્યક્ત રૂપ આપવાનું કામ કિશોરલાલભાઈ, નરહરિભાઈ અને કાકાસાહેબે કર્યું. **કિશોરલાલભાઈ** અકોલામાં વકીલાત કરતા હતા. ઠક્કરબાપાના સેવાકાર્યથી પ્રભાવિત થઈ કિશોરલાલભાઈ અને નરહરિભાઈ બન્ને ગાંધીજીનું સેવાકાર્ય કરવા ચંપારણ ગયા ત્યારે તેમને બન્નેને ઓળખી લઈ બાપુએ કહ્યું, 'તમારા બન્નેનું કામ અહીં નથી. તમે સીધા સત્યાગ્રહ આશ્રમ જાઓ અને ત્યાંના રાષ્ટ્રીય શિક્ષણના કામે જોડાઈ જાઓ.' કામનો સ્વીકાર કર્યા પછી એની તરફ પૂરી નિષ્ઠા અને અનન્ય સેવા કરવાનો સ્વભાવ હોવાથી ગુજરાત વિદ્યાપીઠમાં કેટલાંક વર્ષો ઉત્તમ સેવા કરી. જેલમાં પણ જઈ આવ્યા. કિશોરલાલભાઈની પહેલેથી જ વૃત્તિ વિરક્ત અને આધ્યાત્મિકભાવની હતી. એટલે એકવાર ઈશ્વરદર્શનની તાલાવેલી લાગવાથી એક વર્ષ આશ્રમની બહાર બાપુની પ્રેરણાથી રહ્યા. મનનું સમાધાન થવાથી પાછા આશ્રમ આવ્યા. અશક્ત શરીર અને દમની વેદના છતાં પણ મનની શાન્તિ અને સમતોલવૃત્તિ ગુમાવી ન હતી.

એમના પત્ની ગોમતીબેનના સહકારથી બાપુનું કામ વરસો સુધી કરી શક્યાં. સવિનય કાનૂન ભંગની લડત વખતે મહાદેવભાઈની તબિયત ઘણી લથડી ત્યારે અને પછી ૧૯૪૦માં પ્યારેલાલજી જેલમાં ગયા તેમની જગ્યાએ બાપુનો બધો પત્રવ્યવહાર તેઓ સંભાળતા હતા અને બાપુને મદદ કરતા હતા. ગાંધી સેવા સંઘના અધ્યક્ષપદે આચાર વિચારનો સુમેળ, શ્રેષ્ઠ ચારિત્ર્ય અને ગાંધી વિચારની પાકી ઓળખ એવા કિશોરલાલભાઈની પસંદગી આ પદ માટે ગાંધીજીએ કરી. પાંચ વર્ષ સુધી આ પદ શોભાવ્યું અને સંઘની શોભા વધારી! રાષ્ટ્રીય મહાસત્તા કોંગ્રેસનું વિધાન બનાવવામાં પણ એમનો મહત્ત્વનો ફાળો હતો!

**નરહરિભાઈ પરીખ**ની બહુમુખી પ્રતિભા ગાંધીજીની પાસે આવ્યા પછી પ્રગટ થઈ. શરૂઆતમાં સત્યાગ્રહ આશ્રમ અને પછી ગુજરાત વિદ્યાપીઠમાં અધ્યાપક. અનેક તરુણોમાં રાષ્ટ્રીયતાના સંસ્કાર સીંચ્યા. જ્યારે બુનિયાદી તાલીમ અંગે સ્થાપના થઈ ત્યારે તેના પ્રમુખ તરીકે સાબરમતી, થામણા અને સેવાગ્રામમાં ગ્રામસેવક વિદ્યાલયો તેમણે ચલાવેલા.

અન્યાયનો પ્રતિકાર અને બહાદુરીના સંસ્કાર એમને વારસામાં મળેલા. કૉલેજમાં પ્રિન્સીપાલ હર્સ્ટ સામે 'હર્સ્ટ ઈઝ વર્સ્ટ'નું સૂત્ર આપી ઝૂંબેશ ઉપાડેલી. સત્યાગ્રહ આંદોલનમાં પૂરા ઉત્સાહ સાથે જોડાયેલા. સાબરમતી, યરવડા, વિસાપુર અને નાસિકની જેલમાં પણ સત્યાગ્રહી તરીકે રહેલા. લડવૈયા તરીકેનું સાચું સ્વરૂપ જણાયું ધરાસણા મીઠા સત્યાગ્રહ આંદોલનમાં. જે રીતે માર ખાધો, લોહી લુહાણ થયા છતાં અણનમ અને અહિંસક સૈનિક જ રહ્યા. ૧૯૪૨માં

તો સરકારે શરૂઆતમાં જ પકડી લીધા.

ભાંગફોડની પ્રવૃત્તિઓમાં વિરોધ તો ખરો જ પણ સાથે અંગ્રેજ સરકારનો વિરોધ કરીને પણ કેટલીક પત્રિકાઓ કાઢી અને તેમના નામ સાથે છાપી. આ ખુલ્લી પત્રિકાઓ સરકાર જીરવી ન શકી એટલે ફરી પકડ્યા.

એમનું રચનાત્મક કાર્યકર્તા તરીકેનું જીવન ચંપારણની મધુબનીની શાળાથી શરૂ થયું હતું. પછી ગૂજરાત વિદ્યાપીઠ અને સુરત જિલ્લાના હળપતિઓની સેવા માટે બારડોલીના સરભોણ ગામે ધૂણી ધખાવી બેઠા. છેલ્લા દિવસો સુધી આ રાનીપરજ – આદિવાસી પ્રજાનું હિત એમના હૃદયમાં ઘર કરી ગયું હતું.

બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ અંગેના વિચારો વિકસિત કરવામાં એમનું સ્થાન અર્થશાસ્ત્રના વિશેષજ્ઞ તરીકે મહત્ત્વનું હતું. એમની સાહિત્ય પ્રીતિ પણ અદ્‌ભુત હતી. યુવાવસ્થામાં જ્યારે પોતે કોઈ કામ ઉતાવળે કરવા જતા તો પત્ની મણિબહેન પોતાની દીર્ઘદૃષ્ટિથી અને શુભ આશયથી સાચવી લેતા.

x x x

દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા ત્યારે દેશના સુશિક્ષિત વિદ્વાન લોકોએ જ તેમને ઓળખ્યા અને પોતાની સામાજિક અને રાજકીય સંસ્થાઓ તરફ ગાંધીજીને ખેંચવાનો પ્રયત્ન કર્યો. તેમનામાં દેશાભિમાન હતું પણ શું કરવું તેની સૂઝ નહોતી. કેટલાંકે ગાંધીજીના વિચારનો અને માર્ગનો ઉપહાસ કર્યો હતો. કેટલાંકને પહેલાં શંકા લાગતી હતી, પણ બાપુના સહવાસમાં આવ્યા પછી તેમની શંકા દૂર થતાં તેઓ તેમના પૂરા અનુયાયી બની ગયા!

**કાકાસાહેબ કાલેલકરે** તો એટલો વાદ-વિવાદ કર્યો કે ગાંધીજીએ તેમને પોતાના આશ્રમમાં આવીને રહેવાનું આમંત્રણ આપ્યું. તો શું 'હું અધ્યાત્મ-સાધના કરનારો માણસ! અહિંસા માટે પૂરેપૂરો આદર છે પણ અહિંસાનું બંધન સ્વીકારવા હું તૈયાર નથી.' ગાંધીજીના સાન્નિધ્યમાં રહ્યા પછી તેમનામાં પરિવર્તન થતું ગયું ને તેમને અહિંસાનો સાક્ષાત્કાર થયો! તેમણે પોતાના દોસ્ત **આચાર્ય કૃપલાની**ને પણ બોલાવ્યા. તેઓ ઇતિહાસના પ્રોફેસર હતા એટલે કહે, અહિંસાથી સ્વરાજ મળવાના એક પણ દાખલા ઇતિહાસમાં નથી. બાપુએ તેમને કહ્યું, તમે ઇતિહાસને લખો છો, હું ઇતિહાસ ઘડનારો સર્જક છું. મારે તો દુનિયાને બતાવી આપવું છે કે, પવિત્રતમ સાધનોથી વ્યક્તિ અને રાષ્ટ્ર સ્વતંત્ર થઈ શકે છે. પછી તો બન્ને ગાંધીજીના ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને એક વખત જેલની હવા પણ ખાધી! **સરદાર વલ્લભભાઈ** પણ શરૂઆતમાં ગાંધીજીની વિચારસરણીની ઠેકડી ઉડાડતા હતા પણ પછીથી બાપુના પ્રત્યક્ષ આચરણથી તેમને જીવનનું સત્ય સમજાયું અને બાપુના સાથી બન્યા!

૧૯૩૬માં ગામડામાં એકલા રહેવાના ઉદ્દેશથી ગાંધીજી સેગાંવમાં આવીને રહ્યા. ત્યાર પછી સાબરમતીથી શ્રી ચીમનલાલભાઈ શાહ, ભણશાલીભાઈ, પ્યારેલાલજી, કનુ ગાંધી, મીરાબહેન, અમતુસ્સલામબહેન, બળવંતસિંહજી, પારનેકરજી, નાણાવટીજી, લીલાવતીબહેન આશર, મુન્નાલાલજી, ડાહ્યાભાઈ જાની વગેરે સેગાંવ રહેવા આવી ગયા. ત્યારે સેવાગ્રામ આશ્રમની વ્યવસ્થા સંભાળવાનું કામ ચીમનલાલભાઈને સોંપેલું. મહાદેવભાઈ અને વિનોબાજી વર્ધાની મગનવાડીમાં રહીને ગ્રામોદ્યોગની સંભાળ તથા ટપાલ વિ.નું કામકાજ સંભાળતા.

સેવાગ્રામનો આશ્રમ 'સત્યાગ્રહ આંદોલન'નું કેન્દ્ર બન્યો. રામધન ઓઝા નામનો એક પોલીસ સિપાહી પણ નોકરી છોડી આશ્રમમાં રહ્યો. વર્ધાના ટાંગાવાળાઓએ પણ સરકારી અધિકારીઓ સાથે અસહકાર કર્યો હતો!! આશ્રમના લગભગ બધા જ ભાઈબહેનોએ જેલ ભોગવેલી. તેમાં કોઈપણ પાછું પડ્યું નહીં. કેદીઓ ઉપર જુલમ ઘણો થતો તો પણ આ સત્યાગ્રહીઓ નમ્યા નહીં જ.

ગાંધીજી પોતાના આ જૂના, નિષ્ઠાવાન સાથીઓને કોઈ દિવસ ભુલ્યા નહોતા. તેઓમાંના કોઈના મૃત્યુ પછી ખુલ્લી રીતે તેમના ગુણોનું સ્મરણ, પ્રાર્થના વગેરે દ્વારા ભવ્ય અંજલિ પણ આપતા હતા!

આ સૌ સત્યાગ્રહી સાથીઓની વિસ્તૃત માહિતી સ્થળની મર્યાદામાં રહેવાનું હોવાથી નથી આપી શકતી એનો મનમાં રંજ છે જ. ક્ષમાપના! છતાં આ સૌ સાથીઓનું પૂ. બાપુની સાથે અદમ્ય સ્મરણ કરી અંજલિ આપવાની તક આપવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારોનો હાર્દિક આભાર માનું છું

✷ ✷ ✷

આશ્રમમાં ગાંધીજી રહેતા, કસ્તૂરબા રહેતાં અને બીજા ઘણાં ભાઈઓ, બહેનો, બાળકો અને બાલિકાઓ રહેતાં. તેમાં ગુજરાતના હતા, મહારાષ્ટ્રના હતા, પંજાબના હતા, સિંધના હતા, મદ્રાસના હતા, નેપાળના પણ હતા. હિંદુસ્તાનના હતા ને હિંદુસ્તાન બહારના ગોરાઓ અને ચીનાઓ પણ આવીને રહેતા હતા.

તેઓ સૌ ખાદી પહેરતા અને નિયમિત રેંટિયો કાંતતા. સવારે ચાર વાગ્યે ઊઠી પ્રાર્થના કરવા ભેગાં થતાં અને પાછાં સાંજે પણ પ્રાર્થના કરવા ભેગાં મળતાં. ત્યાં તેઓ શ્લોકો બોલતાં, ભજન ગાતાં અને રામધૂન મચાવતાં. વળી તેઓ 'ગીતા'નું પારાયણ પણ કરતાં, પ્રાર્થના પછી ગાંધીજી પ્રવચન કરતા.

આશ્રમમું મોટું રસોડું આશ્રમવાસી બહેનો જ ચલાવતી. તેઓ વારાફરતી રસોઈ કરતી અને કોઠારમાં અનાજ સાફસૂફ કરતી. આખો આશ્રમ એક રસોડે જમતો હતો. રસોઈમાં તેઓ મસાલા, મરચાં, હિંગ, વઘાર જેવું એવું નાંખતા નહોતા. સાદો અને સ્વચ્છ ખોરાક બનાવતા. ગાંધીજી પોતે પીરસતા. આશ્રમમાં હરિજનો સૌની સાથે રહેતા અને સૌની સાથે આશ્રમને રસોડે કામ કરતા તથા ભોજન લેતા. આશ્રમમાં સ્વચ્છતાની ચીવટ બહુ રખાતી હતી. આશ્રમવાસીઓ જાતે પાયખાનાંની સફાઈ કરતા.

❑ **જુગતરામ દવે**

# મહાત્માના રહસ્યમંત્રીઓ

□ જયાબેન શાહ

*[ વજુભાઈ શાહ, વરિષ્ઠ ગાંધી સૈનિક, સૌરાષ્ટ્ર સ્ટેટ ને ગુજરાત-મુંબઈમાં હોદ્દાઓ શોભાવ્યા. સંસ્થા કૉંગ્રેસમાં પ્રમુખ. જયાબહેન શાહ તેમનાં પત્ની. વજુભાઈના ગયા પછી ખૂબ રચનાત્મક કાર્યો સંભાળ્યાં. ખૂબ જામેલાં ગાંધી કાર્યકર. 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્યસૈનિકો અને લડતો' નામનો બૃહદ ગ્રંથ લખ્યો છે જેમાં બારસો જેટલા સ્વાતંત્ર્યવીરોનો પરિચય છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનું ટ્રસ્ટ સંભાળતાં. તેઓ રાજસભાના સભ્ય હતા અને લોક ભારતીના પ્રમુખ હતા. ]*

**સર્વે શુભોપમાયોગ્ય-મહાદેવભાઈ**

મહાદેવભાઈને કિશોરલાલ મશરૂવાળાએ 'સર્વે શુભોપમાયોગ્ય' કહીને બિરાદવ્યા તો કોઈએ શુક્રતારક સમા કહ્યાં તો વળી એમ પણ કહેવામાં આવ્યું કે તેઓ સત્યમ્ શિવમ્ સુંદરમ્‌ની પ્રતિકૃતિ સમા હતા, તો કોઈએ એમ કહ્યું કે દૈવી સંપત બંધાવીને કિરતારે આપણી વચ્ચે મોકલ્યા. સ્વામી આનંદે યોગભ્રષ્ટ આત્મા માન્યા. આમાં બધું જ સમાઈ ગયું.

આવા પુરુષનો જન્મ સુરતના ઓલપાડ તાલુકાના સરસ ગામે ૧૮૯૨ના જાન્યુઆરીની પહેલી તારીખે થયેલો. મહાદેવભાઈ ભગવતીરૂપ માતા અને શિક્ષક પિતાના પુત્ર. મહાદેવભાઈને બે મોટાભાઈ હતાં. આર્થિક સ્થિતિ કંઈક નબળી એમ છતાં પુત્રોને ઓછું આવે તેવું શિક્ષક પિતા થવા દેતા નહીં.

મેટ્રિક પછી એલફિસ્ટન કૉલેજમાં દાખલ થયા ને ગ્રેજ્યુએટ થયા. અત્યંત મેધાવી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, મરાઠી, બંગાળી, અંગ્રેજી વગેરે ભાષાના જાણકાર. ઐચ્છિક વિષય ફિલસૂફી રાખ્યો, તેથી તેમની મનોભાવનાને પોષણ મળતું રહ્યું. પૂર્વ-પશ્ચિમના ધર્મગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. ગાંધીજીના 'અનાસક્તિયોગ' પુસ્તકનો તેમણે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. તેમાં 'માય સબમિશન' એટલે 'મારું નિવેદન' નામની પ્રસ્તાવના લખી છે.

નરહરિભાઈ લખે છે કે : 'મહાદેવભાઈ અને હું એલએલ.બી.માં ૧૯૧૩માં સાથે પાસ થયેલા. એ દરમિયાન પરસ્પર સંબંધ ચાલુ રહ્યો.'

૧૯૧૩માં ફાર્બસ સભા તરફથી લોર્ડ મોરલેના 'ઓન કોમ્પ્રોમાઈઝ' પુસ્તકનો અનુવાદ કરવાની વાત આવી ત્યારે મહાદેવભાઈ ઓરીએન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં કામ કરતા હતા. તેમણે અનુવાદ કરવા માટે નામ મોકલ્યું, બીજા હરીફો પણ હતાં, પરંતુ મહાદેવભાઈનો અનુવાદ પસંદગી પામ્યો અને એક હજારનું ઇનામ મેળવ્યું. આશ્રમમાં આવ્યા પછી તે કામ પૂરું કર્યું તેમાં કાકાસાહેબે મદદ કરેલી. આ અનુવાદિત પુસ્તકનું નામ 'સત્યાગ્રહની મર્યાદા' રાખવામાં આવ્યું.

ગાંધીજી ૧૯૧૫માં ભારત આવ્યા. કોચરબમાં આશ્રમ શરૂ કર્યો અને આશ્રમના ઉદ્દેશો તેમજ નિયમાવલીનો મુસદ્દો તૈયાર કર્યો અને એ અંગે મિત્રોના અભિપ્રાયો માગ્યા. ત્યારે નરહરિભાઈ, મહાદેવભાઈ ગુજરાત ક્લબમાં બેસતા. સરદાર પટેલ પણ બેસતા ને ગપસપ કરતા. ટેબલ ઉપર ગાંધીજીનો મુસદ્દો જોયો ને બંનેએ મળીને તેના સૂચનો બાપુને મોકલી આપ્યાં. ગાંધીજીને મળ્યાં. આશ્રમમાં પહોંચ્યા પછી દોઢેક કલાક વાતચીત ચાલી. વળતી વખતે મહાદેવભાઈએ નરહરિભાઈને કહ્યું કે: 'મને તો આ પુરુષને ચરણે બેસી જવાનું મન થાય છે.'

તે દિવસે ગુજરાતી ભાષા અને સાહિત્ય વિશે પણ ચર્ચા થઈ. તેમાં મહાદેવભાઈની

## મહાદેવભાઈની ડાયરી

મહાદેવભાઈ ૧૯૧૭માં ગાંધીજીની સાથે જોડાયા ત્યારથી તે ૧૯૪૨માં તેમનો દેહાંત થયો ત્યાં સુધીની ડાયરી તેમણે લખેલી છે. ગાંધીજીના પત્રવ્યવહારની, તેમનાં ભાષણોની, વ્યક્તિઓની સાથે થયેલી વાતચીતોની તેમ જ વિવિધ વિષયો ઉપરના તેમના વિચારોની તેઓ નોંધ કરી લેતા.

ગાંધીજીનું આખું જીવન તદ્દન ખુલ્લું હતું. અંગત અને ખાનગી ગણાય એવી એમની વાતો જેટલી જગત જાણતું હશે, એટલી ભાગ્યે જ બીજા કોઈ નેતાની જાણતું હોય. છતાં ગાંધીજીની ઘણી જાણવા જેવી વાતો હજી જનતાને જાણવા ન મળી હોય. ગાંધીજીના વિચારો આ ડાયરીઓમાંથી જાણવા મળે છે. તેમણે વાંચેલાં પુસ્તકોનું વિવેચન અને કેટલાંય પુસ્તકોમાંથી આકર્ષક ફકરા મહાદેવભાઈએ આપ્યાં છે.

મહાદેવભાઈની ડાયરીઓ ગાંધીજીના જીવનચરિત્ર માટેનો કાચો, અતિશય મહત્ત્વનો મસાલો છે. વસ્તુના ઉદાત્તપણાને લીધે તેમ જ તે રજૂ કરવાની શૈલીની ચિત્તાકર્ષકતાને લીધે 'મહાદેવભાઈની ડાયરી'નું સ્થાન દુનિયાના આ જાતના સાહિત્યમાં બહુ ઊંચું રહેશે.

**□ નરહરિ પરીખ**



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

વાતમાં અંગ્રેજી શબ્દો આવતા, તેથી ગાંધીજીએ તેમને ટપાર્યા અને કહ્યું કે: 'તમે તમારી મા પાસે આવું બોલો તો મા તો કશુંયે સમજે નહીં.' મહાદેવભાઈ છોભીલા પડી ગયા. એ વખતે ખેડાના મોહનલાલ પંડ્યા અને સુરતવાળા દયાળજીભાઈ ગાંધીઘેલા હતા. મહાદેવભાઈ અને નરહરિભાઈને બાપુ તરફ ખેંચવામાં આ વડીલોનો ફાળો હતો.

ગાંધીજી મહાદેવભાઈ તરફ આફરિન હતાં. એક પત્રમાં તેઓ મહાદેવભાઈને જણાવે છે કે: 'તમારે મારી પાસે આવીને રહેવાનું છે. હું જેવા જુવાનની શોધમાં હતો, જેને મારું કામકાજ સોંપીને નિરાંતે બેસું, તે મને મળી ગયો છે.'

દરમિયાન ગોખલેજીની બીજી સંવત્સરી પ્રસંગે અમદાવાદમાં સભા યોજાઈ હતી ત્યારે ગાંધીજીએ કહ્યું કે એમ ઠાલી ઉજવણીથી કાંઈ ન વળે, ગોખલેજીના બધા ભાષણોનો ગુજરાતીમાં અનુવાદ થવો જોઈએ. એ કામ નરહરિભાઈ તેમજ મહાદેવભાઈએ મળીને કર્યું. સૌને સંતોષ થયો.

ચંપારણ સત્યાગ્રહમાં મહાદેવભાઈ તેમજ દુર્ગાબેન પહોંચ્યા. સત્યાગ્રહ ચાલ્યો ત્યાં સુધી મહાદેવભાઈ ત્યાં રહ્યા. ૧૯૧૭-૧૮માં તેઓ આશ્રમવાસી થયા. ગાંધીજીને સમર્પિત થઈને રહ્યાં ને જીવનના અંત સુધી, એટલે પૂરા પચીસ વર્ષ ગાંધીમાં સમાઈ જઈને દેહમુક્ત થયા.

આશ્રમમાં જોડાયા પછી મહાદેવભાઈ ગાંધીજીના પડછાયારૂપે જીવ્યા. દરેક બાબતમાં ગાંધીજી તેમની સાથે ચર્ચા કરતા, ક્યારેક એમની સલાહ લેતા. ગાંધીજીને એમના વિચારોનું મોટું મૂલ્ય હતું. આશ્રમમાં આવીને પૂરેપૂરા આશ્રમમાં છવાઈ ગયા.

૧૯૧૮માં અમદાવાદમાં મિલમજૂરની હડતાળ શરૂ થઈ. ગાંધીજી તેના સૂત્રધાર હતા. અનસૂયાબહેન સારાભાઈ ગાંધીજી સાથે રહ્યા. આ ઘટનાને મહાદેવભાઈએ 'એક ધર્મયુદ્ધ' તરીકે મૂલવી. આ લડતના પ્રતાપે મજૂર મહાજન સંઘનો જન્મ થયો. ગાંધીજીએ જોયું કે હવે પ્રેસની જરૂર છે. તેથી નવજીવન પ્રકાશન મંદિરની સ્થાપના થઈ. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૮ ઓક્ટોબર, ૧૯૨૦ના થઈ. ચરખા સંઘ, હરિજન સેવક સંઘ, કુષ્ઠધામ, નઈ તાલીમ, ગૌસેવા સંઘ વગેરે સંસ્થાઓની સ્થાપના થઈ. તેમાં મહાદેવભાઈએ સીધી કોઈ જવાબદારી સ્વીકારી ન હતી, પરંતુ ગાંધીજી દરેક બાબતમાં મહોદવભાઈ સાથે ચર્ચા-વિચારણા કરતા. આ બધા વચ્ચે ગાંધીજીએ ગુલામીમાંથી દેશને મુક્ત કરવા માટેનો વિચાર ચાલુ રાખ્યો અને ઉપરોક્ત તમામ સંસ્થાઓ તેના વાહન સમી બની રહી.

મહોદવભાઈ 'નવજીવન' માટે લેખો તૈયાર કરતા. સોળ-સોળ કલાક કાર્યરત રહેતા. મોતીલાલજીએ ગાંધીજી પાસે અલ્હાબાદમાં પ્રકાશિત થતાં 'ઈન્ડિપેન્ડસ પેપર' માટે મહાદેવભાઈની માગણી કરી. ગાંધીજીએ સ્વીકારી. તે વખતના તંત્રી જોસેફની ધરપકડ થઈ હતી. પ્રેસને સીલ લાગ્યું હતું, એમ છતાં મહાદેવભાઈએ સાયક્લોસ્ટાઈલ પર પત્રની નકલો છાપીને લોકોમાં વહેતી કરી. મહાદેવભાઈની ધરપકડ કરવામાં આવી. જેલમાં ફાંસીના ગુનેગારો સાથે તેમને રાખવામાં આવ્યા. ભયંકર ત્રાસ વેઠવો પડ્યો.

અસહકારનું આંદોલન ચાલુ હતું. ગાંધીજીની ૧૯૨૨માં ધરપકડ થઈ. ૧૯૭૦ના મીઠાના સત્યાગ્રહમાં સીધા જોડાયા નહીં, પરંતુ બહાર રહ્યા રહ્યા ઢગલાબંધ કામ કરતા રહ્યા. ૧૯૩૨માં અંગ્રેજ સરકારે ગોળમેજી પરિષદ બોલાવી. સાથે મહાદેવભાઈ હતા. ગાંધીજી લંડનમાં જેટલો વખત રહ્યા તેટલો વખત ભારતની સ્વતંત્રતા માટે મહાદેવભાઈ પ્રચાર-પ્રસાર કરતા રહ્યા. ત્યાંના આગેવાનોને મળી ચર્ચા કરતા રહ્યા. મિનિટે મિનિટનો હિસાબ રાખતા. 'ગાંધીજી ઈન રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ' નામનું પુસ્તક વાંચીએ ત્યારે તેનો પૂરો ખ્યાલ આવે.

ગાંધીજી સાબરમતી આશ્રમ છોડીને જમનાલાલ બજાજના આગ્રહથી વર્ધા ગયા. સેવાગ્રામ આશ્રમ શરૂ કર્યો ત્યારે ત્યાં તાર-ટપાલ, ટેલિફોનની કોઈ સગવડ ન હતી, તેથી મહાદેવભાઈ દરરોજ સવારમાં પગે ચાલીને પાંચ માઈલનો પંથ કાપીને સેવાગ્રામ જતા.

### મહાદેવભાઈની ડાયરીના સંપાદક

## ચંદુલાલ ભગુભાઈ દલાલ

તેજસ્વી વિદ્યાર્થીકાળથી જ ચંદુલાલ ગાંધીજી પ્રત્યે આકર્ષાયા હતા. ૧૯૧૫માં ગાંધીજી દ. આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે ચંદુભાઈ સોળ વર્ષના. રાષ્ટ્રીય કેળવણીના ભાગ રૂપે ગાંધીજીએ શરૂ કરેલ ગુજરાત વિદ્યાપીઠમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. મુંબઈ અને ઇંગ્લેન્ડમાં તેમણે શિક્ષણ લીધું હતું. આઝાદીની લડત માટે સરકારી નોકરી છોડી, જેલવાસ ભોગવ્યા. સ્વતંત્રતા મળ્યા પછી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચીફ ઓફિસર, ચીફ ઓડિટર વગેરે ઉચ્ચ હોદ્દાઓ મળ્યા, જે સૈદ્ધાંતિક કારણોસર છોડ્યા. નિવૃત્તિ બાદ સાબરમતી આશ્રમના ગાંધી સ્મારક સંગ્રહાલયના નિયામકની કામગીરી સંભાળી. તેમના પુસ્તક 'ગાંધીજીની દિનવારી'માં મહાત્મા ગાંધીના જન્મથી માંડી મૃત્યુ સુધીની તેમની પ્રવૃત્તિઓનો તારીખવાર ચિતાર છે. તેમણે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પાંચ ભાગમાં લખ્યો અને નરહરિભાઈના અવસાનથી અટકી ગયેલું મહાદેવભાઈ દેસાઈની ડાયરીઓના સંપાદનનું ભગીરથ કાર્ય કરી પુસ્તક ૭ થી પુસ્તક અઢાર સુધીની ડાયરીઓ પ્રગટ કરી. મહાત્મા ગાંધીના પુત્ર હરિલાલનું પ્રથમ અને અધિકૃત ચરિત્ર તેમણે આલેખ્યું છે.







યરવડા જેલમાં બાપુ સાથે સરદાર અને મહાદેવભાઈ તેમજ નરહરિભાઈ હતા.

કવિવર ટાગોરનું 'હેકડા ચલો હેકડા ચલો' ગીતનું 'એકલો જાને, એકલો જાને' તેમજ 'તારા સ્વજન તને જાય મૂકી' અને 'કરુણા વર્ષન્તા આવો' ગીત ગુજરાતીમાં તેમજ 'ચિત્રાંગદા' નવલકથાનું ભાષાંતર કર્યું. શરદબાબુના 'વિરાજવહુ' તેમજ 'બડીદીદી' નવલકથાનું ભાષાંતર કર્યું. તે જાણે મૂળ નવલકથા હોય તેવું એનું ભાષાંતર હતું. જવાહરલાલની 'મારી કથા' એ સાતસો પાનાંનો ગ્રંથ હતો. તેનો પણ તેમણે ગુજરાતીમાં અનુવાદ કર્યો. ઉપરાંત પ્રસંગોપાત સેંકડો લેખો લખ્યા. 'નવજીવન' તેમજ 'યંગ ઈન્ડિયા' માટે લખવાની જવાબદારી તેમને માટે કાયમ હતી.

મહાદેવભાઈ ગાંધીજી સાથે એટલા બધા ઓતપ્રોત થઈ ગયા હતા કે બાપુ કાંઈ લખાવે ને વચ્ચે અટકે તો તેઓ શું લખાવવા માગે છે એમ સમજીને પોતાની કલમ ચલાવ્યે રાખતા.

કોઈ પણ બાબતમાં ઠરાવો કરવા, નિવેદનો વગેરે તૈયાર કરવાનું આવે તો તે કામ મહાદેવભાઈનું જ ગણાતું, કારણ કે તેઓ વિચાર, મનોભાવના તેમજ શબ્દોના સ્વામી હતા.

તિલક મહારાજ ફંડ, લાલા લજપતરાય ફંડ, શાંતિનિકેતન વગેરે માટે ફંડો કરવાનું થયું ત્યારે મહાદેવભાઈ એ ફરજ બજાવતા હતા.

આશ્રમવાસી તરીકે સાદું જીવન જીવતા. ઘરકામ હાથે કરતા. આશ્રમનાં મકાનો તૈયાર થતા ત્યારે સાબરમતી નદીમાંથી રેતીના તગારા માથે મૂકીને આશ્રમમાં લાવતા. અહંકારનું નામ નહીં. વિનોદી પણ ખરા. સૌના પ્રિયજન સમા, નાના મોટા ઝઘડા થાય ત્યારે તેઓ વિષ્ટિકારની ભૂમિકા ભજવતાં. એકાદ-બે વાર ગાંધીજીની વાત લઈને વાઈસરોયને મળવા ગયાનું નોંધાયું છે. તેમનું નમ્રતાપૂર્ણ પારદર્શક વ્યક્તિત્વ, આંતર-બાહ્ય સૌંદર્ય અને મોતી જેવા અક્ષરથી ભલભલા નવાઈ પામતા, આદર કરતા.

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ ભારે હાર્ટએટેક આવ્યો ને કાયમ માટે પોઢી ગયા. આથી બાપુને ખૂબ આઘાત લાગ્યો.

આગાખાન પેલેસમાં તેમની સમાધિની રચના કરવામાં આવી છે. બાપુ દરરોજ સમાધિ ઉપર પુષ્પ ચડાવવા જતા હતા. થોડા મહિના પછી કસ્તૂરબા દિવંગત થયા. તેમની સમાધિ મહાદેવભાઈની સમાધિની બાજુમાં રચવામાં આવી.

મહાદેવભાઈ શું હતા તે અંગે કિશોરલાલભાઈ મશરૂવાળાએ કહ્યું છે :

'મહાદેવભાઈ એટલે એક વિદ્વાન ફિલસૂફ, સાહિત્યિક કવિ, મધુર ગાયક અને કલારસિક હોવા છતાં કેવળ પોતાના સ્વામીને માટે નહીં, પણ મિત્ર, પત્ની તથા નોકરોને માટેય તેના મળમૂત્ર સાફ કરનાર ભંગી, પરિચર્યા કરનાર નર્સ, કપડાં ધોનાર ધોબી, રાંધીને ખવરાવનાર રસોઈયા, સાફ નકલ કરી આપનાર કારકુન, લખેલું સુધારી આપનાર શિક્ષક, અધૂરું પૂરું કરી આપનાર સહયોગી, આપણા વિચારો બરાબર સમજી લઈને તેને કલમબદ્ધ કરી આપનાર મંત્રી, આપણા તરફથી કોઈ નાજુક કામને કુનેહથી પાર પાડી આપનાર એલચી, આપણા પ્રશ્નનો બરાબર અભ્યાસ કરી આપણે માટે લડત ચલાવનાર વકીલ, પોતાના સ્વામી અને આપણી વચ્ચે કંઈ ગેરસમજ ઊભી થઈ હોય તો તેને દૂર કરનાર વિષ્ટિકાર, પિતૃભક્ત, સ્વામીભક્ત, મિત્રભક્ત, પત્નીભક્ત, પુત્રપ્રેમ એવા સર્વ સંબંધોને યથાયોગ્ય પ્રમાણે સંભાળવામાં પરાકાષ્ઠાનો પ્રયત્ન કરનાર તુલાધાર. ગાંધીજી ગીતાસંબંધે વાત કરતા ત્યારે કહેતા કે, 'ગીતાના શ્લોકોના ઉચ્ચાર તેમજ અર્થ મહાદેવ મારા કરતાં વધારે સારી રીતે જાણતા હતા.'

*'મહાદેવભાઈ એટલે એક વિદ્વાન ફિલસૂફ, સાહિત્યિક કવિ, મધુર ગાયક અને કલારસિક હોવા છતાં કેવળ પોતાના સ્વામીને માટે નહીં, પણ મિત્ર, પત્ની તથા નોકરોને માટેય તેના મળમૂત્ર સાફ કરનાર ભંગી, પરિચર્યા કરનાર નર્સ, કપડાં ધોનાર ધોબી, રાંધીને ખવરાવનાર રસોઈયા, સાફ નકલ કરી આપનાર કારકુન, લખેલું સુધારી આપનાર શિક્ષક, અધૂરું પૂરું કરી આપનાર સહયોગી, આપણા વિચારો બરાબર સમજી લઈને તેને કલમબદ્ધ કરી આપનાર મંત્રી, આપણા તરફથી કોઈ નાજુક કામને કુનેહથી પાર પાડી આપનાર એલચી, લડત ચલાવનાર વકીલ, પોતાના સ્વામી અને આપણી વચ્ચે કંઈ ગેરસમજ ઊભી થઈ હોય તો તેને દૂર કરનાર વિષ્ટિકાર, પિતૃભક્ત, સ્વામીભક્ત, મિત્રભક્ત, પત્નીભક્ત, પુત્રપ્રેમ એવા સર્વ સંબંધોને યથાયોગ્ય પ્રમાણે સંભાળવામાં પરાકાષ્ઠાનો પ્રયત્ન કરનાર તુલાધાર.*

મહાદેવભાઈ ગાંધીજી સાથે ૧૯૧૭માં જોડાયા ત્યારથી માંડીને તેમની ચિરવિદાય ૧૫ ઓગસ્ટ, ૧૯૪૨માં થઈ ત્યાં સુધી મહાદેવભાઈએ ગાંધીજીના વિચારો, કાર્યક્રમો વગેરેની નોંધ કરેલી હતીઃ એ નોંધો ઉપરથી 'મહાદેવભાઈની ડાયરી'નાં ૨૩ થી વધુ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે.

મહાદેવભાઈના પુત્ર છે, નારાયણ દેસાઈ. આશ્રમના વાતાવરણમાં બાપુના ખોળામાં ઉછર્યા. પિતા મહાદેવભાઈ પાસેથી ઘણું પામ્યા. તેઓ બાપુમાં તન્મય બની ગયા છે. 'મારું જીવન એ જ મારી વાણી' નામના ચાર ગ્રંથો લખ્યા છે. ગાંધીજીના વિચારો ગાંધીકથા દ્વારા લોકોને પીરસી રહ્યાં છે. તેમણે મહાદેવભાઈના સચિવ તરીકે કામ કર્યું હતું.

### પ્યારેલાલજી : એક શાંત મૂંગુ બળ

એમ કહેવામાં આવે છે કે જે મહાનુભાવોએ દેશ કાજે, ગાંધી કાજે જીવન સમર્પિત કર્યું તેઓ ખૂબ ભાગ્યશાળી બની ગયા. હું

જરા જુદી રીતે મુકું છું કે ગાંધીજી કેટલા ભાગ્યશાળી કે તેમને જીવન સમર્પિત કરનારા સત્યાર્થી સાથીઓ મળી આવ્યા. તેમાંના એક છે પ્યારેલાલજી. નામ તેવા જ ગુણ.

પંજાબના ગુજરાનવાલા જિલ્લાના એક નાનકડા ગામ કુંજારૂમાં સને ૧૮૮૯માં જન્મેલા. (જે પાકિસ્તાનમાં ગયું) પિતાશ્રી નાયબ કલેક્ટર હતા. પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. તેમનું અકાળે અવસાન થયું. પ્યારેલાલ, નાનો ભાઈ મોહન અને નાની બહેન સુશીલા. એ ત્રણે માની છત્રછાયામાં ઉછર્યાં. પ્યારેલાલ અંગે પિતાશ્રીએ જ્યોતિષને પૂછ્યું કે આ દીકરો કેવો થશે? તેણે ભવિષ્ય ભાખેલું કે કાં એ રાજવી થશે, નહિ તો ફકીર.

પ્યારેલાલ નાનપણથી થોડા ગંભીર હતા. રમતગમતમાં સમય વ્યતીત કરતા નહિ. નાટક-સિનેમાનો શોખ જ નહિ. મન વાંચનમાં પરોવાયેલું રહેતું ને તેમના બાલગોઠિયાઓમાં તે જુદા તરી આવતા. કુટુંબીજનોને એમ લાગતું કે આ જુદી દુનિયાનો માણસ લાગે છે. ભૂલેચૂકે આપણે ત્યાં આવી ગયો છે.

પ્યારેલાલ અભ્યાસમાં તલ્લીન રહે. શાળા-કૉલેજમાં પ્રવેશ્યા. એ સમયમાં એમનું મન ગાંધીજીની અસહકારની વાતની ગડમથલ અનુભવી રહ્યું હતું. એવામાં જલિયાંવાલા બાગનો હત્યાકાંડ સર્જાયો. ત્યારે ગાંધીજી પંજાબમાં આવેલા. તેમને મળ્યા ને ગાંધીજીને પૂછ્યું: 'બાપુ! હું ખૂબ મૂંઝવણ અનુભવી રહ્યો છું, મારે શું કરવું?'

બાપુએ પૂછ્યું હતું: 'અત્યારે શું કરે છે?' તો કહે કે: 'હું કૉલજમાં અભ્યાસ કરું છું. પરીક્ષા નજીકમાં આવતી હતી. બાપુ કહ્યું: 'પરીક્ષા પતાવીને મને મળજે!' પ્યારેલાલે ધારેલું કે બાપુ એમ કહેશે કે પરીક્ષા છોડીને ચાલ્યો આવ મારી સાથે. પરીક્ષા પૂરી કરીને પહોંચી ગયા ગાંધીજી પાસે. એ સાલ હતી ૧૯૧૯ની. બાપુજી પ્યારેલાલજીનું હીર પારખી ગયા હતા. ત્યારે મહાદેવભાઈ બાપુના રહસ્યમંત્રી હતા. તેમની સાથે પ્યારેલાલને જોડ્યા. પ્યારેલાલ જુદી પ્રકૃતિના હતા. ધીર, ગંભીર, સદાય કાર્યરત. બાપુની ઝીણામાં ઝીણી બાબતોનો ખ્યાલ રાખે.

બાપુએ શરૂઆતમાં એક લેખ લખીને સમયસર પહોંચાડવા તેને કહ્યું. બસ! બાપુનો બોલ, પછી શું? બાપુને લેખ ગમ્યો. પછી તો પ્યારેલાલમાંથી તેઓ પ્યારેલાલજી બની ગયા. બાપુનો પત્રવ્યવહાર સંભાળે, લેખો લખે. પરંતુ બધું પડદા પાછળ રહીને. કીર્તિની કોઈ ઝંખના નહિ. આશ્રમનું કામ પણ એટલા જ કૌશલ્યથી પાર પાડે. પછી તે પાયખાના સફાઈનું હોય કે રસોડાનું હોય!

જીવનમાં સાદાઈ એટલે ન પૂછો વાત. કપડાં ઉપર અનેક થાગડથીગડ. બાપુએ તેમને પૂછ્યું કે: 'આમ કેમ?' કામમાં મસ્ત હોય ત્યારે ભોજન પણ ભૂલી જાય. તેઓ ગાંધીજીના વિચારો તેમજ રહેણીકરણી અંગે એક તત્ત્વદર્શી તરીકે અવલોકન કરતા. ભક્તિ તો ખરી જ, સાથે દૃષ્ટિ વૈજ્ઞાનિક. તેમણે લખેલ લખાણોમાં તેની ઝાંખી થાય છે. તેઓ આત્માર્થી હતા. ગીતાનું પઠન ચાલુ રહેતું. આશ્રમવાસીઓને પ્રેમરસ પાતા રહેતા.

પશુ-પંખીઓ પ્રત્યે પણ એટલો જ પ્રેમ. મનમાં કોઈ પણ પ્રકારનો ભેદભાવ નહિ. સૌ સાથે અદ્વૈતભાવ. મહાદેવભાઈ બાપુના રહસ્યમંત્રી હતા ને પ્યારેલાલજી સાથી મંત્રી હતા, ત્યારે સ્નેહગાંઠ બંધાઈ ગયેલી. પ્યારેલાલ મહાદેવભાઈને મોટાભાઈ માનતા. પોતાના વ્યક્તિત્વને પ્રકાશમાં લાવવાની તેમને કોઈ ઈચ્છા હતી જ નહિ.

૧૯૩૦ની ગાંધીજીની દાંડીયાત્રામાં પ્યારેલાલ જોડાયેલા. ૧૯૩૨માં મને કમને ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે પ્યારેલાલજી ગાંધીજી સાથે હતા. ૧૯૪૨ની આખરી લડતમાં ગાંધીજીને આગાખાન મહેલમાં રાખવામાં આવેલા. ૧૯૪૨ની ઓગસ્ટની ૧૫મી તારીખે મહાદેવભાઈનું અચાનક નિધન થયું ત્યારપછી પ્યારેલાલજીએ ગાંધીજીના રહસ્યમંત્રીનું કામ સંભાળ્યું, તે ગાંધીજી શહીદ થયા ત્યાં સુધી ચાલુ રહ્યું.

દેશના ભાગલા પડ્યા, કોમી દાવાનળ ફાટી નીકળ્યો. બંગાળ, બિહાર, પંજાબ અને દિલ્હીમાં તેની આગ ચોમેર ફરી વળી. ગાંધીજીનું દિલ હચમચી ગયું. એક બાજુ ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મીએ સ્વતંત્રદિનની ઉજવણી થઈ રહી હતી ત્યારે ગાંધીજી કલકત્તામાં કોમી તોફાનોની આગ ઠારવા મથી રહ્યા હતા. એ પછી નોઆખલીના અસરગ્રસ્ત વિસ્તારના લોકોનાં આંસુ લૂંછવા ગામડે ગામડે અડવાણા પગે ફરી વળ્યા ત્યારે પ્યારેલાલજી ત્યાં હતા. પીડિતો વચ્ચે કામ કરવાનું હતું. ત્યારની સરકારનું વલણ અંદરખાનેથી મુસ્લિમતરફી હતું. બાપુની નોઆખલી યાત્રામાં ઠક્કરબાપા પણ જોડાયેલા. બાપુએ નોઆખલીમાં એક કેન્દ્ર બનાવ્યું. તેની જવાબદારી પ્યારેલાલજીએ સંભાળી. ચોધાર આંસુ વહેવડાવતા પીડિત લોકો વચ્ચે કામ કરવાનું હતું. પ્યારેલાલજી પાસે ખાસ કરીને પીડિત બહેનો, પોતાની વીતકકથા સંભળાવવા આવતી. તેમની વાતો ભીની આંખે સાંભળતાં અને આશ્વાસન આપતાં. પછી ત્યાંના અધિકારીઓને બધી ફરિયાદો કહેતા. અધિકારીઓ થોડા સંવેદનશીલ પણ હતા. તેમની વાતો સાંભળીને ગુનેગારોને સજા કરતા. પ્યારેલાલજીના શબ્દો વીંધાયેલાં દિલમાંથી નીકળતા તેથી અધિકારીઓ ઉપર તેનો પ્રભાવ પડતો.

૧૯૫૧ની ૧૧મી સપ્ટેમ્બરે દિલ્હીમાં પ્યારેલાલજીનું લગ્ન થયું. બાપુ શહીદ થઈ ગયા પછી પ્યારેલાલજીએ દિલ્હીમાં વસવાટ શરૂ કર્યો. દિલ્હીમાં રહીને ગાંધીજીના જીવન અને કાર્ય અંગેની ગ્રંથશ્રેણી લખવાનું કામ શરૂ કર્યું. 'લાસ્ટ ફેઈઝ' પુસ્તકશ્રેણી તેની પ્રસાદી છે.

વ્યક્તિ ગમે તેટલી મહાન હોય તો પણ કાંઈ અમર હોતી નથી,

તેમના લખાણો એને અમર બનાવતા હોય છે. પ્યારેલાલજી તત્ત્વજ્ઞ હતા. તેમણે પુસ્તકો લખ્યાં હતાં. તેમાંનું એક ગાંધીજીના પૂર્વજીવન અનુસંધાને 'અર્લી ફેઈઝ' પુસ્તક લખ્યું. તેમાં તેમણે માનવીની સંસ્કૃતિનાં મૂળ શોધવાની કોશિશ કરી. બીજું એવું જ એક મહત્ત્વનું પુસ્તક લખ્યું 'ડિસ્કવરી ઓફ સત્યાગ્રહ'. બીજા માર્મિક લેખો પણ લખ્યા. તેઓ મહદ્અંશે અંગ્રેજીમાં લખતા હતા.

તેમના 'લાસ્ટ ફેઝ', 'પૂર્ણાહુતિ' એ બે મહાગ્રંથોમાં ગાંધીજીનાં છેલ્લાં વર્ષોનું તાદૃશ્ય નિરૂપણ થયું છે. નોઆખલી યાત્રા 'મહાભિનિષ્ક્રમણ' હતું. ગાંધીજીના જીવનની આ સર્વોત્તમ ઘટના છે. તેમાં બુદ્ધ ભગવાનની છાયાના દર્શન થાય છે. એક મુઠ્ઠીભર હાડકાવાળી વ્યક્તિ નોઆખલીમાં ઝૂંપડીમાં રહે છે. જ્યાં વિનાશ વેરાઈ ચૂક્યો છે. તેની વચ્ચે ખુલ્લા પગે વિચરે છે. રાત-દિવસ પીડિતોની દર્દભરી ખોફનાક વાતો સાંભળે છે. જુએ છે, દિલ હલબલી ઊઠે છે. 'લાસ્ટ ફેઈઝ' ગ્રંથોમાં તેમના હૃદયના ધબકારા સાંભળવા મળે છે ને કરુણાના સાગર સમા ગાંધીજીનાં દર્શન થાય છે. આ ગ્રંથો વૈશ્વિક સાહિત્યમાં પણ સ્થાન પામ્યા છે. આ ગ્રંથોમાં પ્યારેલાલજીના દિલનો રંગ રેડાયો છે. આ ગ્રંથો પ્યારેલાલજીની અમરતાના સાક્ષી બની રહેશે.

દેશની સ્વતંત્રતાના યજ્ઞમાં ઘણાબધા કુટુંબોએ સમગ્ર કુટુંબીજનોની આહુતિ આપી છે. તેમાં પ્યારેલાલજીના કુટુંબનો પણ સમાવેશ થાય છે. તેમના માતુશ્રીની ધરપકડ થયેલી. બહેન ડૉ. સુશીલા (નૈયર) ગાંધીજીની જેલવાસ દરમિયાન પણ સેવિકા બની રહી હતી.

પ્યારેલાલજી ૨૯ ઓક્ટોબર, ૧૯૮૨ના દિવસે દિવંગત થયા. પ્યારેલાલજી શાંત, વૈરાગી મૂંગું બળ હતા. મનમાં કીર્તિની જરાય લાલસા નહિ. દેશની અને ગાંધીજીની દીર્ઘકાલીન ઉત્તમ સેવા બજાવીને ચિરનિદ્રામાં પોઢી ગયા. આજકાલ કોઈ વ્યક્તિ થોડુંઘણું કામ કરે તો પણ તેને સેવકનું ઉપનામ આપવામાં આવે છે. સાચા સેવક કોને કહેવાય તેનું દૃષ્ટાંત પ્યારેલાલજીએ પૂરું પાડ્યું છે એમ નોંધ્યા વિના ચાલે તેમ નથી. ✷ ✷ ✷

('ગાંધીજીના પ્રેરણાદાતાઓ, અંતરતમ સાથીઓ' પુસ્તકમાંથી સાભાર લેખિકા: જયાબહેન શાહ)

## મહાત્મા ગાંધીના સત્યાગ્રહો અને તેના સાથીઓ

આ વિષય પર એક ગ્રંથ લખી શકાય. અહીં ફક્ત તેમના સત્યાગ્રહોનો નામોલ્લેખ અને તેના મુખ્ય સાથીઓનાં નામ આપી સંતોષ માનું છું.

૧. રાજકોટ સત્યાગ્રહ-સુકાની ઉછંરગભાઈ ઢેબર અને સૂત્રધાર સરદાર પટેલ ઉપરાંત દરબાર ગોપાળદાસ અને સ્થાનિક આગેવાનો.

૨. વીરમગામનો જકાતબારીનો પ્રશ્ન, સત્યાગ્રહ થાય તે પહેલાં વાટાઘાટથી ઉકેલાયો હતો. તેમાં ગાંધીજી સાથે પ્રજા સેવક મોતીલાલ દરજી હતા.

૩. ચંપારણ્યનો સત્યાગ્રહ-તીનકઠિયા પ્રથા અને ગળીના જબરદસ્તી કરાવાતા વાવેતર સામેના આ સત્યાગ્રહમાં ગાંધીજી સાથે હતા રાજેન્દ્રબાબુ, બ્રજ કિશોરબાબુ.

૪. ખેડાના ખેડૂતોની મહેસૂલ માફી માટે સત્યાગ્રહ-ગાંધીજી સાથે હતા શંકરલાલ બેંકર, રવિશંકર મહારાજ, સરદાર પટેલ.

આ સત્યાગ્રહો અમુક વર્ગ અને ક્ષેત્ર પૂરતા મર્યાદિત હતા.

**દેશવ્યાપી સત્યાગ્રહો**

૧. બારડોલી સત્યાગ્રહ-સરદાર પટેલની આગેવાની

૨. મીઠાનો સત્યાગ્રહ-ગાંધીજી સાથે ચુનંદા ૭૯ સાથીઓની દાંડીકૂચ, ધારાસણા તેમજ અન્ય સ્થળે મીઠાના સત્યાગ્રહમાં ઈમામ સાહેબ, અબ્બાસ તૈયબજી, સરોજિની નાયડુ, નરહરિ પરીખ, મણિલાલ ગાંધી, પ્યારેલાલ.

૩. નાના સત્યાગ્રહોમાં પરદેશી ચીજવસ્તુનો બહિષ્કાર, વિદેશી કાપડની હોળી, દારૂના અડ્ડા પર પિકેટિંગ જેમાં બહેનોનો હિસ્સો વધારે હતો.

૪. બીજા વિશ્વયુદ્ધ વખતે વ્યક્તિગત સત્યાગ્રહીઓમાંના પહેલા હતા વિનોબા ભાવે.

ગુજરાતમાંથી પહેલાં વ્યક્તિગત સત્યાગ્રહી હતા ઉત્તમચંદ શાહ.

૫. હિન્દ છોડો આંદોલન

**૬. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહો**

૧. ટ્રાન્સવાલમાં પરવાના વિના દાખલ ન થઈ શકાતું. તે માટે કરેલો સત્યાગ્રહ. સાથી હાજી હબીબ શેઠ.

૨. રંગભેદની નીતિ વિરુદ્ધ.

૩. હિંદી પદ્ધતિના વિવાહ અમાન્ય ગણાતા તે સામે કરેલો સત્યાગ્રહ. તેમાં મુખ્યત્વે બહેનો હતી

૪. ગિરનિટીયા પ્રથા અને ત્રણ પૌંડના કર બાબત સત્યાગ્રહ.

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહોમાં દાદા અબ્દુલ્લાથી લઈ ટોલ્સટોય ફાર્મ. ફિનિક્સના સાથીઓ શેઠ રૂસ્તમજી મોદી, શેઠ દાઉદ મહંમદ, ઈનામ અબ્દુલ બાવઝીર, સુરેન્દ્રરાય મેઢ, પ્રાગજી મહેતા.

☐ **સોનલ પરીખ**

# નઈ તાલીમ અને તેના ધુરીણો

❑ રમેશ સંઘવી

*[ એમ. એ., એમ.એડ. કરી એજ્યુકેશન કૉલેજોમાં અધ્યાપન કરનાર રમેશ સંઘવીએ થોડા જ વખતમાં કચ્છમાં રચનાત્મક અને શિક્ષણકામો મોટે પાયે ઉપાડ્યાં. સાત-આઠ એજ્યુકેશન કોમ્પ્લેક્સ દ્વારા ગાંધીવિચાર અને બુનિયાદી શિક્ષણને લગતાં કાર્યો ઉપરાંત અક્ષરભારતી, ભુજ દ્વારા સાહિત્યપ્રકાશનો કરે છે. અનેક સંપાદનો આપનાર અને 'શાશ્વત ગાંધી' સામયિકનું સંપાદન કરનાર રમેશભાઈએ નાનાભાઈ ભટ્ટની આંબલાની સંસ્થા પર 'ગ્રામદક્ષિણા મૂર્તિ' નામનો બૃહદ્ ગ્રંથ લખ્યો છે. ]*

ગાંધીજી સકલ પુરુષ હતા. જીવનમાં પ્રત્યેક પાસાં વિશે મૂળગામી-ક્રાન્તિકારી ચિંતન તેમણે આપ્યું છે. સત્ય અને અહિંસા તેમના વિચારનાં ધ્રુવબિંદુરૂપ છે અને જીવનનાં વિવિધ ક્ષેત્રમાં તેને વ્યવહૃત-ચરિતાર્થ કેમ કરી શકાય તે તેમના પ્રયોગોનો વિષય છે. આ પ્રયોગોમાંથી જ તેમનું દર્શન પ્રગટ થયું છે.

ગાંધીજીએ પદ્ધતિસર શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી કે શિક્ષણશાસ્ત્રીઓના વિચારોનું અધ્યયન કર્યું નથી. પણ સમાજ કે રાષ્ટ્રના નવ-નિર્માણનો અને વિકાસનો પાયો સમુચિત-યોગ્ય શિક્ષણ જ છે. ગાંધીજીને તેની પ્રતીતિ હતી એટલે દક્ષિણ આફ્રિકાથી માંડી જીવનના અંત સુધી તેમણે શિક્ષણ વિશે વિચાર્યા કર્યું છે, શિક્ષણના પ્રયોગો કર્યા છે, તે અંગે લેખો લખ્યા છે, વ્યાખ્યાનો આપ્યાં છે, મુલાકાતો લધી અને આપી છે, પાર વગરના પત્રો લખ્યા છે. પોતાની અતિ વ્યસ્ત દિનચર્યા-કાર્યચર્યા વચ્ચે પણ શિક્ષણની વાત-ચર્ચા માટે તેઓ સદા તત્પર રહ્યા છે, અને તેમાં આગવું પ્રદાન આપ્યું છે.

શિક્ષણ વિશેના વિચારો તો તેઓ દક્ષિણ આફ્રિકા હતા ત્યારથી જ કરતા-આપતા રહ્યા છે. મૂળે પોતાનાં બાળકોના સર્વાંગી અને ઉપયોગી શિક્ષણની ચિંતન-પ્રક્રિયા જે ચાલતી રહી, તેમાંથી તેમણે શિક્ષણના વિસ્તૃત પ્રયોગો કર્યા અને શિક્ષણની તેમની શોધયાત્રા ચાલી. તેમનું શિક્ષણનું દર્શન એટલે નઈ તાલીમ, તે એક સુરેખ સર્વાંગી અને આ દેશ માટેનું શિક્ષણદર્શન છે, પણ તેની શાસ્ત્રીય કે વિગતે મીમાંસા કરવાનો અહીં ઉપક્રમ નથી.

ગાંધીજી ઈ. સ. ૧૮૯૩માં દક્ષિણ આફ્રિકા વકીલાત અર્થે ગયા, પછી તેમની રંગભેદ સામેની લડત શરૂ થઈ ત્યારે ઈ. સ. ૧૮૯૭માં ૨૮ વર્ષની વયે પ્રથમ વખત ગંભીરતાથી તેમણે શિક્ષણ વિષે વિચાર્યું. દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ વસાહત (આશ્રમ) અને ટૉલ્સટોય ફાર્મ (આશ્રમ) પર તેમણે પોતે વિચારેલી કેળવણીના પ્રયોગો કર્યા. આ પ્રયોગો અને તેમના પ્રારંભિક શિક્ષણના ચિંતન પર રસ્કિન અને ટૉલ્સટોયના વિચારોની અસર છે. આ પ્રયોગો કે દક્ષિણ આફ્રિકામાં તેમણે કરેલા શિક્ષણ-ચિંતન અંગે સળંગ સૂત્ર કોઈ સામગ્રી ઉપલબ્ધ નથી, પણ ગાંધીજીના પોતાનાં પુસ્તકો 'સત્યના પ્રયોગો-આત્મકથા', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' ઉપરાંત પ્રભુદાસભાઈ ગાંધીનું પુસ્તક 'જીવનનું પરોઢ' અને રામજીભાઈ મફતભાઈ પટેલના પુસ્તક 'જીવનનાં ઝરણાં' તેમજ 'ગાંધીજીની સાધના'માંથી કંઈક મળે છે. મિલી પોલાકનું 'ગાંધીજીના જીવન પ્રસંગો'માં બાળકેળવણીની ચર્ચા થોડી આવે છે. આ કેટલાંક પુસ્તકોમાંથી ગાંધીજી દ્વારા થયેલા એ પ્રારંભિક પ્રયત્નો-પ્રયોગો અને વિચારોની ભાળ મળે છે. ગાંધીજી ૧૯૧૫માં ભારત આવે છે, ત્યારે એ વિચારો-પક્વ વિચારો મનમાં છે જ અને તેમના સાથીઓનો 'શાંતિ નિકેતન'માં પ્રથમ મુકામ થાય છે, ત્યાં તેની ઝલક વરતાય છે.

અહીં દક્ષિણ આફ્રિકાના તેમના અનોખા શિક્ષણ પ્રયોગોની વાત કે સાબરમતી, ગુજરાત વિદ્યાપીઠ, સેવાગ્રામના પ્રયોગોની વાત લંબાણ ભયે મુકી શકાશે નહીં કે ગાંધીજીના કેળવણી અંગેના પ્રમુખ વિચારો, નઈ તાલીમના સ્વરૂપ અને વ્યાપની વાત પણ નહીં મૂકી શકાય. તેમના વિચારોની થોડી વિકાસયાત્રા અને પછી આ વિચારોની મશાલ હાથમાં થામીને જે વ્યક્તિઓએ આ વિચારોને ચરિતાર્થ કરવા પુરુષાર્થ કર્યા, તેમાંથી થોડી વ્યક્તિઓની વાત જ, સંક્ષેપમાં મૂકી શકાશે.

x x x

દક્ષિણ આફ્રિકાથી જ તેમને પ્રતીતિ હતી કે શિક્ષણ એકાંગી નહીં, સર્વાંગી હોવું જોઇએ. અક્ષરજ્ઞાન આપવાનું તેમના મનમાં મહત્ત્વનું નહોતું, હા; તે સાધન છે-પણ તે માત્ર સાધન છે, સર્વસ્વ નથી. કેળવણીનું મુખ્ય લક્ષ્ય તો 'ચારિત્ર્ય ઘડતર' છે. તેમણે આત્મકથામાં લખ્યું છે, 'મેં હૃદયની કેળવણીને એટલે ચારિત્ર્ય ખીલવવાને હંમેશાં પ્રથમ પદ આપ્યું છે.' ચારિત્ર્ય તેમને મન કેળવણીના પાયારૂપ હતું. અને આ ચારિત્ર્યનું શિક્ષણ પુસ્તકો નથી આપી શકવાનાં. તે તો શાળાના સંચાલકો-શિક્ષકોના આચરણમાંથી-જીવનમાંથી મળે છે.

સર્વાંગી કેળવણી એટલે કેવી કેળવણી? ગાંધીજીએ જ કહ્યું છે કે બાળકના શરીર, મન અને હૃદયનો સંતુલિત-સમન્વિત વિકાસ એ



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક







બુનિયાદ છે. એટલે દક્ષિણ આફ્રિકામાં તેમણે શરીર શ્રમને અત્યંત મહત્ત્વનું સ્થાન આપ્યું અને પછી તો ઉદ્યોગ દ્વારા જ અન્ય વિષયોનું શિક્ષણ કાર્ય કરવું ત્યાં સુધી વાત પહોંચી! દક્ષિણ આફ્રિકાના આશ્રમોમાં નોકર નહોતા. ખેતી, મકાન, બાંધકામ, રસોઈ, વૃક્ષ ઉછેરવાં, પ્રેસ, સફાઈ–જાજરુ સફાઈ બધું જ કામ શિક્ષકો–વિદ્યાર્થીઓ કરતા. મૂળે બાઈબલમાં અને પછી રસ્કિન-ટૉલ્સટોયે કહેલું જ કે 'તું તારા પરસેવાની રોટી ખા.'

દક્ષિણ આફ્રિકાના બંને આશ્રમોમાં ગુજરાતીઓ સિવાય પણ આશ્રમવાસીઓ હતા. ગાંધીજી માનતા કે શિક્ષણ તો માતૃભાષામાં જ મળવું જોઈએ, અને ત્યાં વિભિન્નભાષી બાળકોને માતૃભાષામાં ભણવાનું મળે તેવું ગોઠવ્યું હતું. ગાંધીજી પણ તમિલ અને ઉર્દૂ શીખેલા! આશ્રમમાં જેમ વિવિધભાષી પરિવારો-બાળકો હતાં, તેમ વિવિધધર્મી પણ હતાં. એટલે ગાંધીજી બાળકોમાં સર્વ ધર્મ પ્રત્યે આદર વધે તે માટે સ્થૂળ ધાર્મિક શિક્ષણ નહીં, પણ પ્રત્યેક ધર્મના મહાપુરુષોના જીવનની વાતો અને તે દ્વારા માનવમૂલ્યો, જીવનમૂલ્યો, સનાતન મૂલ્યોની વાત પ્રત્યેક ધર્મમાં કેવી રીતે રહેલી છે તેનું શિક્ષણ આપતા. ત્યાં વિવિધ ધર્મના તહેવારો પણ સહુ ભેળા મળી ઉજવતા એટલે ભાઈચારો સહજ બનતો. ત્યાં શારીરિક સજા-દંડને સ્થાન નહોતું કે નહોતું ભય-લાલચને સ્થાન. પાઠ્ય પુસ્તકોનો ઉપયોગ ભાગ્યે જ થતો. અને ગોખણપટ્ટી કે આજના જેવી પરીક્ષાઓ નહોતાં. પરીક્ષા-મૂલ્યાંકનનું તેમનું દૃષ્ટિબિંદુ તો સાવ અનોખું હતું. બાળક જ્યાં છે ત્યાંથી કેટલો આગળ વધ્યો તે મહત્ત્વનું મનાતું, ગુણ કે ટકા નહીં? આમાં જ ગાંધીજીએ સહશિક્ષણનો, રાષ્ટ્રભાષાને મહત્ત્વ આપવાનો પ્રયોગ–આ બધું કરેલું જ. ફિનિક્સ શાળામાં ઘણા ચુસ્ત–કઠણ નિયમો પણ હતા.

x x x

દક્ષિણ આફ્રિકામાં જ ગાંધીજીને એ પ્રતીતિ થઈ હતી કે આધુનિક અંગ્રેજ શિક્ષણ પદ્ધતિ પોષક નથી, નુકસાનકારક છે. ૧૯૧૫માં તેઓ ભારત આવ્યા અને થોડો સમય દેશ-ભ્રમણ કર્યું અને પછી કોચરબમાં 'સત્યાગ્રહ આશ્રમ'ની સ્થાપના કરી. અને દોઢેક વર્ષ પછી સાબરમતી નદીને કાંઠે 'સાબરમતી આશ્રમ' કે 'હરિજન આશ્રમ'ની સ્થાપના કરી. તેમાં રાષ્ટ્રીય કેળવણીનું કામ પણ શરૂ કર્યું. ભારત ભ્રમણ દરમ્યાન અને ચંપારણના સત્યાગ્રહ દરમ્યાન તેમણે અનેક શાળા-કૉલેજમાં વ્યાખ્યાનો આપેલાં જ. તેઓ કહેતા 'કેળવણીમાં જ સ્વરાજ્યની ચાવી છે.' તેમની દૃઢ માન્યતા હતી કે 'શુદ્ધ કેળવણી વિના સર્વ પ્રયાસ મિથ્યા છે.' અને 'કેળવણીમાં વિજય પામીશું તો સર્વત્ર વિજય છે.' તેમણે તત્કાલિન કેળવણીની મર્યાદા જોયેલી એટલે તેમના મનમાં કેળવણીનો એક નકશો હતો જ. 'હિન્દ-સ્વરાજ્ય' તેઓ કેળવણીની ચર્ચા કરવાનું ચૂક્યા નહોતા.

૧૯૧૭ ઓક્ટોબર ૨૦-૨૧, બીજી ગુજરાત કેળવણી પરિષદ ભરૂચમાં ભરાયેલી. આ કેળવણી પરિષદમાં પ્રમુખ સ્થાનેથી અને પછી તેના સમાપન વેળા ગાંધીજીએ પોતાના કેળવણી અંગેના વિચારોની ખૂબ વિગતે વિશદ રીતે રજૂઆત કરેલી.

પછી તો ૧૯૩૭માં વર્ધા કેળવણી પરિષદમાં કેળવણીનો આલેખ જ 'વર્ધા શિક્ષણ યોજના' કે 'બુનિયાદી શિક્ષણ', 'નઈ તાલીમ'ને નામે દેશ સામે આવ્યો.

ભરૂચમાં યોજાયેલ બીજી ગુજરાત કેળવણી પરિષદમાં તેમણે કહેલું: 'કેળવણીનું વાહન માતૃભાષા જ હોઈ શકે.' કારણ કે 'ભાષા તે લોકોના ચારિત્ર્યનું પ્રતિબિંબ છે.' રાષ્ટ્રભાષાનો વિચાર પણ એ વખતે તેમણે બળકટ રીતે મૂકેલો. એ વખતે શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હતું, ભણેલાઓ અંગ્રેજીમાં જ વ્યવહાર કરતા હતા અને રાષ્ટ્રીય ભાષા અંગ્રેજી હોવી જોઈએ તેવું વ્યાપક રીતે મનાતું હતું, ત્યારે ગાંધીજીએ એ પરિષદમાં કહ્યું: 'રાષ્ટ્રની ભાષા અંગ્રેજી ન હોય.' અને એ વખતે હિન્દી અને ઉર્દૂની વાત તેમણે આ સંદર્ભમાં કહી, પછી 'હિન્દુસ્તાની' તરીકે એ વાત પ્રચલિત થઈ. સ્ત્રી શિક્ષણની વાત કરતાં તેમણે કહેલું પ્રાથમિક શિક્ષણ કુમારકન્યાઓ માટે ભલે સમાન હોય, પણ આખરે 'સ્ત્રી એ પ્રજાની માતા છે' એટલે તેને 'ગૃહવ્યવસ્થાનું', 'ગર્ભકાળની માવજતનું', 'બાળકોને ઉછેરવાનું' જ્ઞાન પણ મળવું જોઈએ. જે કન્યાઓ પરણી ચૂકી છે તેમને પણ શિક્ષણ આપવાની વાત તેમણે કહી. એ જ રીતે પ્રૌઢ શિક્ષણની વાત પણ તેમણે મૂકી અને અમેરિકાનો દાખલો આપતાં તેમણે પૂછેલું: 'અમેરિકાના ઘરડા ખેડૂતોને ખેતીની નવીન શોધોનું જ્ઞાન મળી શક્યું છે, આવી યોજના ગુજરાતમાં થઈ શકે તેમ છે!'

શિક્ષણમાં પરિશ્રમ-ઉત્પાદક પરિશ્રમ-ઉદ્યોગની વાત ભારપૂર્વક તેમણે કરી હતી. આ ઉદ્યોગ દ્વારા શિક્ષણની વાત 'વર્ધા કેળવણી યોજના'માં તો વ્યાપક, વિશદ અને વિગતે મૂકાઈ છે. આપણાં જાણીતા સર્જક અને કેળવણીકાર દર્શકે સમજાવેલું. 'નઈ તાલીમને એમણે (ગાંધીજીએ) જીવતરની મોટામાં મોટી ભેટ કહી તેમાં ભારે રહસ્ય રહ્યું છે. ઘણાં વગર સમજ્યે તેને ઉદ્યોગની કેળવણી કહે છે, પણ ગાંધીજીને મન ઉદ્યોગ નહોતો, શિક્ષણ દ્વારા સંસ્કાર સ્થાપવાની વાત હતી.

કેળવણી અંગેના ગાંધીજીના વિચારો કેટલા સુરેખ અને પક્વ હતા તે ૧૯૧૭માં આપેલા આ વ્યાખ્યાનમાં જોઈ શકાય છે. તેમણે પોતાના આ લાંબા પ્રમુખીય વ્યાખ્યાનમાં દક્ષિણ આફ્રિકામાં પોતે કરેલા પ્રયોગોની વાત કરી અને અમદાવાદમાં પોતે સ્થાપેલી 'રાષ્ટ્રીય શાળા'ની વાત કરતાં કહ્યું આવી શાળાઓ વધવી જોઈએ. 'રાષ્ટ્રીય કેળવણી માટે અનેક ખાસ સંસ્થાઓની સ્થાપના કરવી' અને ઉમેર્યું 'આપણને ડીગ્રીનો ભારે મોહ છે, તેથી પ્રજાને નુકસાન થાય છે.'









એ વખતે જ એમણે કહેલું કે સરકારી શાળાઓ નહીં પણ ટ્રસ્ટો શાળાઓ શરૂ કરે.

સમગ્ર શિક્ષણની અને ખાસ કરીને પ્રાથમિક શિક્ષણની કાયાપલટ તુરત થવી જોઇએ તેની તીવ્રતા તેમના મનમાં હતી, કારણ કે કેળવણીને તેઓ સ્વરાજ્યની ચાવી માનતા હતા.

સમગ્ર અભ્યાસક્રમ-ભણતરને જીવતર સાથે જોડવાનો તેમનો આગ્રહ હતો. ઇતિહાસ, ભૂગોળ, ગણિત આદિ વિષયોને વ્યવહાર બનાવવાની વાત કરી. જો ઇતિહાસ, ભૂગોળ શીખવવા હોય તો પ્રથમ ઘરના શીખવવાં.' તેવું જ અંકગણિતનું.

૧૯૧૫માં ભારત આવ્યા અને અનેકવિધ કામમાં ગળાડૂબ, ચંપારણનો સત્યાગ્રહ પણ આ જ અરસામાં ચાલે, પણ તેની વચ્ચે ય કેળવણીનું એક દર્શન, જે તેમના મનમાં સ્પષ્ટ હતું જ તે આપતા રહ્યા.

x x x

૧૯૧૫માં કોચરબ આશ્રમ, ૧૯૧૭માં સાબરમતી આશ્રમ તો ૧૯૨૦માં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. પોતાના ભારતભ્રમણ દરમ્યાન તેમણે અનુભવેલું કે 'ચાલુ શિક્ષણ પ્રવૃત્તિ સર્વથા અન્યાયી સરકાર સાથે સંબંધ ધરાવે છે, એનું મંડાણ પરદેશી સંસ્કૃતિના પાયા પર છે, તે હૃદયની અને હાથપગની કેળવણી તરફ દુર્લક્ષ કરે છે, તે પરદેશી ભાષાથી શીખવે છે અને તે સંસ્કૃતિનું શિક્ષણ આપતી નથી.' આ પંચવિધ મર્યાદાઓ–અનિષ્ટોથી બહાર નીકળવા માટે 'રાષ્ટ્રીય કેળવણી' વ્યાપક બને તે જ ઉપાય છે. ૧૯૨૦ના ઓગસ્ટના અંતે અમદાવાદમાં મળેલી ચોથી રાજકીય પરિષદમાં તેમના આગ્રહથી એક ઠરાવ કરવામાં આવ્યો કે: 'આ પરિષદની એવી માન્યતા છે કે અંગ્રેજ સરકારે દાખલ કરેલી કેળવણી આપણા દેશની સંસ્કૃતિ અને પરિસ્થિતિને પ્રતિકૂળ અને અવ્યવહારિક નીવડી છે. અને તેથી વિદ્યાર્થીઓને સ્વદેશાભિમાની, સ્વાશ્રયી, ચારિત્ર્યવાન હિંદીઓ બનવાની તાલીમ આપવા માટે સરકારથી સ્વતંત્ર ધોરણ પર રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓ સ્થાપવાની જરૂરિયાત આ પરિષદ સ્વીકારે છે.'

આ ઠરાવને અમલી બનાવવા અસહકાર આંદોલન દરમિયાન જ દેશમાં ગુજરાત વિદ્યાપીઠ અને ટિળક વિદ્યાપીઠની સ્થાપના થઈ, તેમાં ગુજરાત વિદ્યાપીઠ પ્રથમ સ્થપાઈ. ગુજરાત વિદ્યાપીઠના પ્રથમ શરૂ થતા મહા વિદ્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીજીએ કહેલું: 'મારી જિંદગીમાં મેં અનેક કાર્યો કર્યાં છે પણ અત્યારે જરાય અતિશયોક્તિ વગર હું કહેવાને ઈચ્છું છું કે મેં એવું એક પણ કાર્ય નથી કર્યું, જેની સાથે આજે કરવાના કામનો મુકાબલો થાય. એક વણિકપુત્ર જો કરી શકતો હોત તો મેં ઋષિનું કામ કર્યું છે.'

કાકા સાહેબ કાલેલકરે ગુજરાત વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર સા વિદ્યા યા વિમુક્તયે આપીને વિદ્યા, મુક્તિ અને ચારિત્ર્ય ઘડતરની દિશા ચીંધી આપી.

ગુજરાત વિદ્યાપીઠ અને તેના પ્રદાનનો લાંબો ઇતિહાસ છે. તેજસ્વી મહારાજાઓ, કુલનાયકો, આચાર્યો અને અધ્યાપકોની તેની પરંપરાએ ગુજરાત તેમ જ દેશમાં વિદ્યાકીય તેમજ મુક્તિનાં–દેશને સ્વાતંત્ર્ય અપાવવાનાં કાર્યમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. આ વિદ્યાપીઠ શરૂ કરી તેની પાછળનાં મુખ્ય ધ્યેય ક્યાં હતાં તેટલું જ અત્યારે જોઈએ.

૧. વિદ્યાપીઠનું કામ સ્વરાજ પ્રાપ્તિને માટે ચાલતી પ્રવૃત્તિઓને અર્થે કેળવણી દ્વારા ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન, કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ તૈયાર કરવાનું છે.
૨. વિદ્યાપીઠના શિક્ષકો અને સંચાલકો અહિંસા અને સત્યને અવિરોધી એવાં જ સાધનો સ્વીકારનારા અને અમલમાં મૂકવા પ્રયત્નશીલ હશે.
૩. વિદ્યાપીઠમાં સ્વભાષાને પ્રધાનપદ આપવામાં આવશે અને બધું શિક્ષણ સ્વભાષા દ્વારા આપવામાં આવશે.
૪. ઔદ્યોગિક શિક્ષણને બૌદ્ધિક શિક્ષણ જેટલું જ મહત્ત્વ અપાશે અને રાષ્ટ્રને પોષક ઉદ્યોગ જ હશે.
૫. વિદ્યાપીઠ ગ્રામાભિમુખ હશે અને ગામડાંને તેમ જ રાષ્ટ્રને પોષક શિક્ષણ અપાશે.

આ ઉપરાંત અસ્પૃશ્યતા નાબૂદી, સર્વ ધર્મો પ્રત્યે આદર, ખાદી, રાષ્ટ્રભાષા, વ્યાયામ-અંગમહેનત આદિ મુદ્દાઓ પણ તેમાં છે. 'કેળવણી વડે ક્રાંતિ' પુસ્તકમાં આ અંગે વિગતે અને મૂળ શબ્દોમાં હકીકતો મળી શકશે.

આ વિદ્યાપીઠે આઝાદીની લડતમાં અને ખાસ કરીને ૧૯૩૦ તેમ જ ૧૯૪૨ના આંદોલનમાં શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ મહત્ત્વનો ભાગ ભજવેલો, ૧૯૩૦માં સરકારે વિદ્યાપીઠને ગેરકાયદેસર જાહેર કરી અને પછી તેના મકાનોનો કબજો લીધો ત્યારે ગાંધીજીએ તમામ કાર્યકરોને ગામડામાં ફેલાઈ જવાનો અને ત્યાં રેંટિયો, ખાદી, ગ્રામોદ્યોગ, હરિજનસેવા, પ્રૌઢશિક્ષણ, ગોસેવા, ગ્રામસફાઈ, આરોગ્ય વગેરે કાર્યક્રમો કરવાનો આદેશ આપ્યો હતો.

x x x

૧૯૩૭માં દેશના સાત પ્રાંતોમાં કૉંગ્રેસના પ્રધાનમંડળ રચાયાં, ત્યારે કેળવણીની વ્યવસ્થા અને સ્વરૂપ કેવા હોય તેનું ચિંતન ચાલ્યું. ગાંધીજીએ વર્ધામાં અખિલ ભારત સ્તરની કેળવણી પરિષદ બોલાવી જેમાં દેશભરના શિક્ષણવિદો આવ્યા અને સઘન ચર્ચા-વિચારણા થઈ. ગાંધીજીએ પણ એ સંમેલનમાં પોતાના કેળવણી વિષયક વિચારો મૂક્યા અને આખરે તેમાંથી વર્ધા શિક્ષણ યોજના કે બુનિયાદી તાલીમ કે નઈ તાલીમનું દર્શન ઊભું થયું. ડૉ. ઝાકિર હુસેન અને અન્ય

કેળવણી વિદ્દોની એક સમિતિએ વર્ધા શિક્ષણ યોજના નામે કેળવણીનું એક સર્વાંગિણ દર્શન મૂક્યું. ગાંધીજીએ નઈ તાલીમના વિચારને પોતાની 'અંતિમ ભેટ' કહી. તેમણે કહ્યું : 'મેં અત્યાર સુધી હિન્દુસ્તાને જે અનેક વસ્તુઓ આપી છે એ બધીમાં આ કેળવણીની યોજના અને પદ્ધતિ ભારેમાં ભારે વસ્તુ છે અને હું નથી માનતો કે આના કરતાં વધારે સારી વસ્તુ હું આપી શકત.' ત્યારે જ કહેલું: 'આ નઈ તાલીમનું કામ મારા જીવનનું છેલ્લું કામ છે. ભગવાને એને પૂરું કરવા દીધું તો હિન્દુસ્તાનનો નકશો જ બદલાઈ જશે.' 'આજની કેળવણી નકામી છે.'

ગાંધીજીએ કોઈના પ્રશ્નના જવાબમાં કેળવણીની વ્યાખ્યા આપતાં કહેલું કે : 'જે બુદ્ધિ, શરીર અને આત્મા-ત્રણેનો વિકાસ કરે.' અને આવો વિકાસ 'બાળકને તો જે હાથઉદ્યોગ શીખવાય છે તેની મારફત શરીર, મન અને આત્માની સઘળી કેળવણી આપવી જોઇએ.'

નઈ તાલીમનો આઝાદી પૂર્વે વ્યાપક પ્રચાર થયો, દેશભરમાં અનેક શાખાઓ તે મુજબ કામ કરતી થઈ ને આઝાદી પછી પણ તે સિલસિલો ચાલુ રહ્યો. પણ પછી તેમાં ભારે ઓટ આવી અને 'ઉદ્યોગ દ્વારા શિક્ષણ', 'શિક્ષણમાં અંગમહેનત', 'શિક્ષણ દ્વારા ચારિત્ર્ય નિર્માણ' કે 'માતૃભાષામાં શિક્ષણ'ની વાત ભૂલાતી-ઠેલાતી ગઈ.

આટલી ભૂમિકા પછી નઈ તાલીમના દર્શનને વિશેષ સમજાવનાર અને તે માટે જીવન સમર્પિત કરનાર કેટલીક વ્યક્તિ વિશેષનો પરિચય મેળવીએ. નઈ તાલીમના વિચારને અમલમાં મૂકવા સેંકડો વ્યક્તિઓએ પૂરી નિષ્ઠા અને સમજ સાથે દેશભરમાં કામ કર્યું છે, અને કેટલાંક વિચારકોએ એ વિચારને અને તેના વિવિધ પાસાંને તર્કબદ્ધ રીતે સમજાવ્યા છે. આ સહુ વિચારકોનું કેળવણીદર્શન પણ નઈ તાલીમને પુષ્ટ કરનારું અને આગવું છે.

**આચાર્ય કાકાસાહેબ કાલેલકર**

ગાંધીજીએ જેમને 'સવાઈ ગુજરાતી'નું બિરૂદ આપેલું તે કાકાસાહેબ કાલેલકરનું વ્યક્તિત્વ બહુ આયામી હતું. તેઓ મૂળે મહારાષ્ટ્રીય છતાં ગુજરાતીના સમર્થ ગદ્યકાર, અનેક ભાષાના જાણકાર, વિવિધ વિષયોના અભ્યાસી, પ્રકૃતિ પ્રેમી, પ્રવાસ પ્રેમી અને મૂળતઃ સમર્થ શિક્ષક અને શિક્ષણકાર હતા. એમની કેળવણી વિચારે અને કેળવણી આચારે ગાંધીજીના કેળવણી વિચારોને વિશેષ સરળ અને સ્પષ્ટ બનાવ્યા. તેમની સર્જનાત્મકતા સાહિત્ય અને શિક્ષણ બંને પાંખોને લઈને વિહરી હતી. તેઓ ગુજરાતના સંસ્કાર શિક્ષક હતા અને ઉમાશંકર જોશીએ કહેલું તેમ 'જંગમ વિદ્યાપીઠ'રૂપ હતા. જીવનકેન્દ્રી, અનુબંધશીલ અને સત્વશીલ તેમની ચિંતનધારા-વિચારધારા વિવિધ ક્ષેત્રે વિહરે અને વિશાળ ફાલ આપણી સામે ધર્યો છે.

આગળ દર્શાવ્યું તેમ જન્મ મહારાષ્ટ્રના સાતારામાં, પણ મૂળ ગામ સાવંતવાડી પાસેનું કાલોલી; અને તેથી કાલેલકર. મૂળ અટક તો રાજાધ્યક્ષ હતી. પિતા બાલકૃષ્ણ ધર્મભીરુ, કર્તવ્યનિષ્ઠ અને વ્યવહારદક્ષ. માતા રાધાબાઈ ધર્મપરાયણ, વ્રતનિષ્ઠ અને વત્સલગૃહિણી. ૧૮૮૫ની ૧લી ડિસેમ્બરે જન્મ. છ ભાઈઓ અને એક બહેનમાં સૌથી નાના તે દત્તાત્રેય. તેમણે પોતાના બાળપણના અને શાળા જીવનના સંભારણા ખૂબ રોચક-રસાળ શૈલીમાં 'સ્મરણ યાત્રા'માં આલેખ્યાં છે.

પિતા સરકારી નોકરીમાં એટલે તેમની સાથે ઠેર ઠેર પ્રવાસ કરવાની તક મળી અને 'જીવનભરના રખડું' બની રહ્યા! પ્રકૃતિના પરમ આસ્વાદક, આકાશ તારાગ્રહોથી માંડી પૃથ્વી પરના પશુપક્ષી-વૃક્ષ અને નદી, તળાવ, સરોવરનું તેમને ભારે આકર્ષણ. તેમણે લખ્યું છે : 'કુદરતનું એકે દૃશ્ય એવું નથી કે જેમાં મને રસ ન પડતો હોય.' તેમના શિક્ષક જીવનના ઘડતરમાં આ પ્રકૃતિ અને પ્રવાસથી મળેલી સંપદાનો બહુ મૂલ્યવાન ફાળો છે.

પૂનામાં ભણતા ત્યારથી જ રાષ્ટ્રીય રંગે રંગાયેલા અને ક્રાંતિકારીઓ સાથે પણ જોડાયેલા. લોકમાન્ય ટિળક પાસેથી તેમને પ્રેરણા મળેલી જ, પણ પછી ગોખલેના સંપર્કમાં પણ તેઓ આવેલા. ૧૯૦૨માં લક્ષ્મીબાઈ સાથે લગ્ન. બી.એ., એલએલ.બી. થયા. ૧૯૦૫ની બંગભંગ સામેની ચળવળથી તેઓ રાષ્ટ્રીય આંદોલનમાં રસ લેતા થયા.

શિક્ષક તરીકેનું તેમનું કાર્ય તો ૧૯૦૭માં બી.એ. થયા પછી કર્ણાટકના જાણીતા સમાજસેવક ગંગાધરરાવ દેશપાંડેની સૂચનાથી બેલગામના ગણેશ વિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા ત્યારથી. વચ્ચે પત્રકાર તરીકે પણ કાર્ય કર્યું. ટિળકના 'રાષ્ટ્રમત' દૈનિકમાં કામ કરતા હતા ત્યારે જ સ્વામી આનંદના સંપર્કમાં આવ્યા અને દક્ષિણ આફ્રિકામાં સફળ રીતે સત્યાગ્રહ ચલાવનાર ગાંધીજી વિશે વાતો થઈ અને તેના પ્રતિ આકર્ષણ અનુભવ્યું. રાષ્ટ્રીય ચળવળમાં તો ખેંચાતા જ જતા હતા, ત્યાં ૧૯૧૦-૧૧માં વડોદરામાં કેશવરામ દેશપાંડેએ 'ગંગનાથ ભારતી સર્વ વિદ્યાલય' નામે રાષ્ટ્રીય શિક્ષણની સંસ્થા સ્થાપી અને તેમાં તેઓ આચાર્ય તરીકે જોડાયા. અને ત્યારથી આચાર્ય કાકાસાહેબ તરીકે ઓળખાતા થયા.

કાકસાહેબ અભ્યાસી હતા અને સારા પુસ્તકોના અનુવાદ પણ કરતા રહેતા. આ વર્ષોમાં બૂકર ટી. વોશિંગ્ટનનું પુસ્તક પણ Up from slavery (આત્મોદ્ધાર)અને My larger education (મારી વ્યાપક કેળવણી) પુસ્તકો તેમના વાંચવામાં આવ્યાં અને તેની ખૂબ ઊંડી અસર તેમના ચિત્ત પર થઈ અને તેમને લાગ્યું કે કેળવણીનું કામ જ કરવા જેવું છે. તેમનું કેળવણીકાર તરીકેનું નિર્માણ થવામાં આ બંને પુસ્તકોનો ફાળો છે. આ પૂર્વે બી.એ.માં હતા એ દરમ્યાન જ તેમણે સ્વામી વિવેકાનંદનો એક પત્ર વાંચેલો. તેમાં લખ્યું હતું:

'દેશાદ્ધારનો મેં અનેક વેળા અનેક રીતે વિચાર કરી જોયો છે. પણ દરેક વખતે શિક્ષણ જ તેનો માર્ગ એવો જવાબ મને મળ્યો છે.' આ પત્રથી જ તેમના મનમાં સંકલ્પ જાગેલો કે 'રાષ્ટ્રીય શિક્ષણ માટે આ જીવન અર્પણ છે.'

૧૯૧૩માં શાંતિ નિકેતન ગુરુદેવને મળવા, થોડો સમય સાથે રહેવા ગયા. પુનઃ ૧૯૧૫માં શાંતિ નિકેતન ગયા અને ગાંધીજીની મુલાકાત પણ ત્યાં જ થઈ અને પછી ૧૯૧૬માં ગાંધીજી સાથે કોચરબ આશ્રમમાં થોડો સમય રહ્યા અને જોયું કે સાચો રાહ આ જ છે, એટલે ૧૯૧૭માં સાબરમતી આશ્રમ શરૂ થતાં જ તેમાં શિક્ષક તરીકે જોડાઈ ગયા. અલબત્ત ગાંધીજીએ જ તેમને–'દત્તુબાબુ'ને ગુરુદેવ પાસેથી માગી લીધા અને પછી તો 'દત્તુબાબુ' 'ગાંધીકામ'માં સમાઈ ગયા.

કાકાસાહેબ વ્યક્તિ અને સમાજના સમ્યક્ પરિવર્તન માટે કેળવણીને પાયાની માનતા જ હતા. તેમના મનમાં વ્યક્તિનું સર્વાંગી નિર્માણ થાય અને એ વખતનું જરૂરી રાષ્ટ્રોદ્ધાર-રાષ્ટ્રમુક્તિનું કાર્ય થાય તેવી કેળવણીની કલ્પના આકાર લેતી હતી. ગાંધીજી સાથે જોડાયા, સાબરમતી આશ્રમમાં શિક્ષક બન્યા એટલે તેમના આ વિચારને ચરિતાર્થ કરવાની સંપૂર્ણ મોકળાશ મળી.

સાબરમતી આશ્રમમાં તેઓ સમગ્રપણે ખૂંપી ગયા. એક નખશિખ કેળવણીકાર તરીકેનું નિર્માણ તેમનું ત્યાં થયું. એમણે લખ્યું છે: 'મુખ્ય તો હું કેળવણીકાર જ છું. મારા બધા રસો કેળવણી પ્રત્યેની જીવનનિષ્ઠાને પરિતોષ કરવા માટે જ છે.'

કાકા સાહેબે ગાંધીજીના વફાદાર-નિષ્ઠાવાન સૈનિક તરીકે રાષ્ટ્રીય કેળવણીની મશાલ ઉપાડી લીધી. સાબરમતી આશ્રમમાં છાત્રાલય, પરિવારના બાળકો, આસપાસના કેટલાંક બાળકો શિક્ષણ માટે આવતાં. 'નઈ તાલીમ' શબ્દ હજુ આવ્યો નહોતો, પણ ગાંધીજીના શિક્ષણ અંગેના વિચારો જે આપણે આગળ જોયા, તેનો અમલ અહીં થયો. ૧૯૨૮માં ગુજરાત વિદ્યાપીઠમાં પણ આચાર્ય બન્યા, એમ તેમની કેળવણી યાત્રા ચાલુ રહી. ગુજરાત વિદ્યાપીઠ ૧૯૨૦માં શરૂ થઈ ત્યારે તેનો ધ્યાનમંત્ર 'सा विद्या या विमुक्तये' પણ કાકાસાહેબે જ સૂચવેલો.

કાકાસાહેબનું ગુજરાતને મૂલ્યવાન પ્રદાન છે. 'જોડણી કોશ'ની રચનામાં તેમની મહત્ત્વની ભૂમિકા રહી. ગાંધીજી દ્વારા ચાલતાં સામયિકોમાં તેઓ સતત લખતા રહ્યા અને પોતાના વિચારો–અનુભવો મૂકતા રહ્યા. તેમણે વિપુલ સાહિત્ય સર્જન કર્યું છે. કાલેલકર ગ્રંથાવલિના ખંડોમાં તે સચવાયું છે. તેમના નિબંધો-લેખો, ડાયરી-મુલાકાતોમાં એક શિક્ષકની-કેળવણીકારની દૃષ્ટિ સતત અનુભવાય છે. તેમના કેટલાંક મહત્ત્વના પુસ્તકોનો કેવળ નામોલ્લેખ જ અહીં કરી શકાશે. હિમાલયનો પ્રવાસ (૧૯૨૪), બ્રહ્મદેશનો પ્રવાસ (૧૯૩૧), પૂર્વ આફ્રિકામાં (૧૯૫૧), શર્કરાહિમ અને મોરેશિયસ (૧૯૫૨), રખડવાનો આનંદ (૧૯૫૩), ઊગણો દેશ (૧૯૫૮), લોકમાતા એ તેમના પ્રવાસના પુસ્તકો છે. સ્મરણયાત્રા (૧૯૩૪), બાપુની ઝાંખી (૧૯૪૬), મીઠાને પ્રતાપે (૧૯૫૫), સંસ્મરણાત્મક છે. 'શ્રી નેત્રમણિભાઈને (૧૯૧૭), ચિ. ચંદનને (૧૯૫૮), વિદ્યાર્થિનીને પત્રો (૧૯૬૪), એ પત્ર સંગ્રહો છે. 'પ્રાસંગિક પ્રતિસાદ' અને 'બાલદિ' તેમની રોજનીશીને આધારે તૈયાર થયેલ પુસ્તકો છે.

તેમનું જીવનકેન્દ્રી ચિંતનાત્મક ગદ્યસાહિત્ય કલા, સંસ્કૃતિ અને શિક્ષણ ચિંતનને આવરી લે છે. જીવન સંસ્કૃતિ (૧૯૩૬), જીવન ભારતી (૧૯૩૭), ગીતા ધર્મ (૧૯૪૪), જીવનલીલા (૧૯૫૬), પરમસખા મૃત્યુ (૧૯૬૬), જીવનનો આનંદ (૧૯૩૬), જીવન વિકાસ (૧૯૩૬), જીવન પ્રદીપ (૧૯૫૬), અવારનવાર (૧૯૫૬) જેવાં મહત્ત્વના પુસ્તકો આપ્યાં. જેલ જીવનના અનુભવો અને તેમનાં પ્રકૃતિપ્રેમ અને સૌંદર્ય દૃષ્ટિનું પરિચાયક 'ઓતરાતી દીવાલો' (૧૯૨૫) નાનું છતાં મહત્ત્વનું પુસ્તક છે. એ જ રીતે ભારતીય સંસ્કૃતિ સાથે વણાયેલા તહેવારોની વાત વિદ્યાર્થીઓ-શિક્ષકોને સમજાવતું જીવતા તહેવારો (૧૯૩૦) આજે પણ પ્રસ્તુત છે. તેમના અનુવાદો, સંપાદનો પણ વિપુલ અને મહત્ત્વના છે.

સંસ્કૃતિના પરિવ્રાજક એવા કાકાસાહેબને કિશોરલાલભાઈ મશરૂવાલાએ 'જીવતા જાગતા જ્ઞાનનિધિ કહેલા.' કેળવણી અને સાહિત્યના માધ્યમ દ્વારા શબ્દ જીવનની ચેતનાને સંકોરવાનો તેમણે પ્રબળ પુરુષાર્થ કર્યો. આવા પદ્મવિભૂષણ કાકાસાહેબનું દિલ્હીમાં, ૧૯૮૧ની, ૨૧મી ઓગસ્ટે દીર્ઘ આયુષ્ય ભોગવી અવસાન થયું. કેળવણી અંગેના તેમના વિચારો તેમના પુસ્તકોમાં ઠેર ઠેર મૂકાયાં છે, પણ કોઈ પુસ્તક તેમાંથી નથી થયું, તે કામ કરવા જેવું છે.

**કેળવણીના જ્યોતિર્ધર : નાનાભાઈ ભટ્ટ**

દક્ષિણામૂર્તિ, ગ્રામ દક્ષિણામૂર્તિ અને લોકભારતી જેવી શિક્ષણ સંસ્થાઓ દ્વારા વામનના ત્રણ પગલાંની જેમ કેળવણીની સમગ્ર દૃષ્ટિને જેમણે આવરી લીધી અને ગાંધીજી પણ કેળવણીને લગતી મૂંઝવણમાં જેમની સલાહને મહત્ત્વ આપતા તે નાનાભાઈ ભટ્ટ (નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ)નું ગુજરાતના કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ સ્થાન અને અનોખું પ્રદાન છે. તેઓ જીવનભર કેળવણીને જ સમર્પિત રહ્યા અને કેળવણીની મૂળગામી વિચારણા આપી તેમજ અદ્ભુત પ્રયોગો કર્યા. નઈ તાલીમનું તેમનું દર્શન અને કાર્ય આજે પણ ગુજરાતભરમાં અનેક સંસ્થાઓ દ્વારા ચાલી રહ્યું છે. તેઓ એક સાચા કેળવણીકાર હતા.

૧૮૮૨ના નવેમ્બરની ૧૧મી તારીખે તેમનો જન્મ ભાવનગર

જિલ્લાના પછેગામ જેવા નાનકડા ગામના એક ગરીબ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. એમ.એ. થયા, એસ.ટી.સી. થયા અને મહુવાની હાઈસ્કૂલના પ્રિન્સીપાલ બન્યા અને પછી શામળદાસ કોલેજમાં પ્રોફેસર થયા. તેમના ગુરુ શ્રીમન્નથુરામ શર્માની પ્રેરણાથી ૧૯૧૦માં તેમણે ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન'ની સ્થાપના કરી અને નૂતન, બાળકેન્દ્રી શિક્ષણ વિચારનું બીજારોપણ થયું. મૂળે સનાતન હિન્દુ વિચારધારા અને ધર્મ-નીતિના શિક્ષણને કેન્દ્રમાં રાખી 'દક્ષિણામૂર્તિ'ની સ્થાપના થઈ, પણ ગાંધીજીના આગમનથી અને પછી હરિજન બાળકોના પ્રવેશના મુદ્દે તેઓ પોતાના ગુરુથી જુદા પડ્યા.

'દક્ષિણામૂર્તિ'ની સ્થાપના, એ વખતે તો કેવળ છાત્રાલયની જ સ્થાપના થઈ પણ મૂળશંકરભાઈ ભટ્ટે નોંધ્યું છે તેમ 'એ ઘટના તે દિવસે તો તદ્દન સામાન્ય ગણાય તેવી હતી, પણ ગુજરાતમાં કેળવણીના નવ પ્રસ્થાનનું મંગળાચરણ તે દિવસે થયું.' નાનાભાઈના જીવનનું લક્ષ્ય નક્કી થઈ ગયું અને તેમની જીવનસાધનાનો માર્ગ કંડારાઈ ગયો.

૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા અને તુરત જ ભારતભ્રમણના ભાગ રૂપે ભાવનગર ગયા. ત્યાંના દીવાન પ્રભાશંકર પટ્ટણી તેમને નાનાભાઈ પાસે અને તેમની સંસ્થા દક્ષિણામૂર્તિ જોવા લઈ ગયા. નાનાભાઈએ ગાંધીજી વિશે તેમના દક્ષિણ આફ્રિકાના કાર્ય વિશે જાણેલું બહુ જ, પણ આ પ્રથમ મુલાકાતમાં બંનેના સ્નેહ સંબંધના બી વવાયાં જે પછીના વર્ષોમાં પલ્લવિત-પુષ્પિત થવાના હતા. પછી તો ૧૯૧૭માં તેઓ થોડા દિવસ ગાંધીજીના સૂચન અને આગ્રહથી કોચરબ આશ્રમમાં ગાંધીજી સાથે રહેવા ગયા અને તેમનામાં ક્રાંતિકારી પરિવર્તનનો પ્રારંભ થયો. તેમની સનાતની હિન્દુની સંકીર્ણ વિચારધારામાં ક્રાન્તિકારી પરિવર્તન આવ્યું અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં હરિજનોને પ્રવેશ આપવાનું નક્કી થયું અને તે મુદ્દે તેઓ પોતાના ગુરુ અને ગુરુબંધુઓથી વિખૂટા પડ્યા. પરંપરાગત શિક્ષણ અને ધર્મ સંસ્થા સાથેનો છેડો ફાડી તેઓએ ગાંધીજીએ ઉદ્‌બોધેલા નવા યુગધર્મને–નવા વિચારને અપનાવ્યો.

ગાંધીજી સાથેનું એ મિલન અને પછીનો સંપર્ક ગુજરાતના શિક્ષણ જગતની યુગ પરિવર્તનકારી પળ બની રહી. ચીલાચાલુ શિક્ષણની મર્યાદાઓ તેઓ જાણતા જ હતા. તેનાથી વિદ્યાર્થીઓનું ઘડતર નહોતું થતું. નવીન-નૂતન કેળવણીનું એક અખંડ સામગ્રિક દર્શન તેમણે આપ્યું. તેમણે કહેલું: 'નવીન કેળવણીમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વને આદર હોય છે, વિદ્યાર્થી એક મીણનું પૂતળું કે કોરો કાગળ નથી, પણ એક સ્વતંત્ર આત્મા છે, જીવતું પ્રાણી છે અને તેને પોતાના વિકાસના ખાસ નિયમો છે.

દક્ષિણામૂર્તિનું કાર્ય શિક્ષણ ક્ષેત્રે આંદોલનરૂપે વ્યાપી ગયું. હરભાઈ-ગિજુભાઈ જેવા સમર્થ સાથીદારો મળ્યા. દર્શક, ન. પ્ર. બુચ, મૂળશંકરભાઈ આવી મળ્યા અને નવી કેળવણીનો ભેરીઘોષ બજી રહ્યો. ગાંધીજીના કેળવણીના વિચારો તેમાં ભળ્યા અને વિદ્યાર્થીપ્રધાન શિક્ષણની સંકલ્પતા વિસ્તરતી ગઈ. દક્ષિણામૂર્તિએ કેળવણીનું સમગ્ર શાસ્ત્ર અને તેનો વ્યવહારપક્ષ બંને પ્રબોધ્યાં અને અમલમાં મૂક્યાં. તેમણે પ્રગટ કરેલો એક કેળવણી વિષયક ખરડો, જેમાં પ્રમુખતઃ આ વાતો પર ભાર મૂકાયો: સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ અને સ્વયંશિસ્તના પાયા પર શિક્ષણની રચના હોય, નવા શિક્ષણમાં શિક્ષા-દંડ અને ઈનામ-લાલચ તેમ જ કોઈ પણ પ્રકારના ભય-ડરને સ્થાને ન હોય, પરીક્ષાના ત્રાસમાંથી મુક્તિ, શિક્ષણ, માતૃભાષા દ્વારા જ, ઉદ્યોગના શિક્ષણને સ્થાન, કલાના શિક્ષણને મહત્ત્વનું સ્થાન, રમતો-પ્રવાસો-ઇતર વાચન-સાંસ્કૃતિક કાર્યક્રમો-ઉત્સવોને સ્થાન, હિન્દીનું શિક્ષણ અ-નિવાર્ય, સંસ્થા સરકારથી મુક્ત રાષ્ટ્રીય જ રહે, સહશિક્ષણ, છાત્રાલય, માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રને સમજનાર શિક્ષકો હોવા જોઇએ.

૧૯૩૮માં તેમણે ભાવનગર છોડીને આંબલા જેવા નાનકડા ગામમાં ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી અને નાનાભાઈએ નઈ તાલીમનો મૌલિક પ્રયોગ કર્યો. છાત્રાલય, સમૂહ જીવન, ઉત્પાદક પરિશ્રમ-ઉદ્યોગ, સમાજાનુબંધ-સંસ્કૃતિ અને જીવન સાથે અનુબંધ, અને અનુભવલક્ષી કેળવણી અને ગ્રામ દક્ષિણામૂર્તિના પ્રયોગના અનિવાર્ય પંચશીલ બન્યાં.

વિદ્યાર્થી ઘડતર માટે છાત્રાલય અનિવાર્ય મનાયું. ગાંધીજીએ પણ કહેલું: 'હું પોતે વિદ્યાલય કરતાં છાત્રાલયને વધારે મહત્ત્વ આપું છું. છાત્રાલય વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જેટલું મનનું બળ આપી શકે એટલું નકરાં વિદ્યાલય આપી ન જ શકે. મારી છેવટની કલ્પના તો એ છે કે છાત્રાલય જ વિદ્યાલય હોય.' નાનાભાઈએ આ કલ્પનાને પોતાના પ્રયોગ દ્વારા અમલમાં મૂકી.

ગ્રામ દક્ષિણામૂર્તિ એ ગામડામાં હતી ખરી પણ તે ગામડાં માટેની શાળા હતી. તેમાં પ્રકૃતિને અને દેશને બંધબેસતી, બુદ્ધિપૂર્વકના અને શિક્ષણ સાથે અનુબંધિત કરતી બળની પ્રતિષ્ઠા કરતી, ઊંચનીચ કે ધર્મવર્ણના ભેદ વિનાની, જીવનલક્ષી કેળવણી હતી. તેનું લક્ષ્ય હતું ઉમદા નાગરિકોનું નિર્માણ થાય અને ગામડાંનો વિકાસ થાય. ગાંધીજીનું કેળવણીનું સ્વપ્ન, તેમના જ કેળવણીના વિચારોને લઈને, મૌલિક રીતે વિકસ્યું.

નાનાભાઈના આ કેળવણીના પ્રયોગનું ત્રીજું પગલું એટલે ઉચ્ચ વિદ્યા માટે સ્થપાયેલ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ. જુગતરામકાકાએ કહેલું 'હું નાનાભાઈને ગુજરાતના ગુરુ તરીકે વંદન કરું છું.

લોકભારતી એ ગ્રામ ઉચ્ચવિદ્યાનો સર્વાશ્લેષી વિચાર કરતી અને




કામ કરતી વિશિષ્ટ સંસ્થા છે. ૧૯૫૩માં તેની સ્થાપના વખતે એ વખતના સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન ઢેબરભાઈએ તેને 'અકિંચન બ્રાહ્મણની ભેટ' કહી નવાજેલી.

ગાંધીજીના જીવન અને વિચારની ઊંડી અને પ્રગાઢ અસર નાનાભાઈ પર પડેલી. તેમણે કહ્યું છે: 'ગાંધીજીને જોયા પછી મારા અંતરમાં નવા તત્ત્વનો સંચાર થયો અને તેને પરિણામે મેં આજ સુધી જીવનમાં જે જે મૂલ્યો આંક્યાં હતાં તે બધાં હું સમજું તેવી રીતે બદલાવા લાગ્યાં...હું તો ગાંધીજીની પિપૂડી છું. તે પવન ભરે છે અને હું ગાંડાઘેલા સૂર કાઢું છું.'

ગાંધીજીએ ૧૯૧૭માં સાબરમતી આશ્રમની સ્થાપના કરી ત્યારે અને પછી ગુજરાત વિદ્યાપીઠના તેમને કુલનાયક બનાવેલા ત્યારે નાનાભાઈએ ગાંધીજીના કેળવણીના વિચારોને પોતાના આગવા અનુભવથી અને ચિંતનથી તેમાં સમિધો અર્પેલા. સૌરાષ્ટ્ર સરકાર વખતે થોડો સમય શિક્ષણ પ્રધાન રહેલા, પણ પ્રધાનપદ કરતાં તેમને પ્રત્યક્ષ શિક્ષણકાર્યનું વિશેષ મૂલ્ય હતું. એક ઋષિની જેમ તેમણે કેળવણીનું યજ્ઞકાર્ય જીવનભર કર્યું. તેમને મન કેળવણી એ જીવનવ્યાપી વસ્તુ હતી એટલે તેમની કેળવણીની વાત-કાર્ય જીવનકેન્દ્રી જ રહ્યાં. તેમનું અવસાન પોતાની પ્યારી લોકભારતીમાં ૩૧ ડિસેમ્બર, ૧૯૬૧ના રોજ થયું.

તેમણે શિક્ષકો અને વિદ્યાર્થીઓને કામ લાગે તેવું ઠીક ઠીક સાહિત્યનું નિર્માણ કર્યું. 'ઘડતર અને ચણતર' તેમની પોતાના જીવનના પૂર્વાર્ધની આત્મકથા. 'કેળવણીની પગદંડી', 'ગૃહપતિને', 'સંસ્થાનું ચારિત્ર્ય' તેમના શૈક્ષણિક વિચારના પુસ્તકો અને 'રામાયણના પાત્રો', 'મહાભારતના પાત્રો', 'ભાગવત કથાઓ', 'દૃષ્ટાંત કથાઓ' આદિ પ્રેરક સાંસ્કૃતિક સાહિત્ય. આ ઉપરાંત પણ જીવન ચરિત્ર તેમજ પ્રાસંગિક લેખો-વ્યાખ્યાનોના સંગ્રહ પણ પ્રગટ થયા છે.

**શિક્ષણ અને સેવાના ભેખધારી : જુગતરામકાકા**

જન્મ લખતર (સૌરાષ્ટ્ર)માં પણ જીવન અર્પણ કર્યું. સુરત-વલસાડ વિસ્તારની 'સૌથી પતિત, સૌથી દલિત, રંકનાં ઝૂંપડામાં' રહેતી આદિવાસી પ્રજા માટે. અંગ પર ન મળે વસ્ત્રો કે માથે ન મળે છાપરું. ટંક ટંક ખાવાનાંય સાંસા, અજ્ઞાનતાના અંધકાર વચ્ચે સબડતાં, મજૂરી કરી ગુલામનું જીવન જીવતાં તેવા આદિવાસીઓ, જેને એ વખતે કાળીપરજ કહેતા, એવા દૂબળા, ચોધરા, નાયકા, કુકણા વગેરે આદિવાસી પ્રજાને આત્મવિશ્વાસ આપનાર, શિક્ષણનો પ્રકાશ આપનાર, રોજગારીથી આત્મસમ્માન આપનાર અને સમગ્ર પ્રજા સેંકડો વર્ષની જે ભયંકર ગુલામી અને ગરીબીમાં પાયમાલ બનેલી તેને તેમાંથી મુક્તિ અપાવનાર પુરુષ તે જુગતરામ ચીમનલાલ દવે (જન્મ : ૧લી સપ્ટેમ્બર, ૧૮૯૨), ગુજરાત તેમને જુગતરામકાકા, જુકાકા તરીકે ઓળખે છે.

આજે સુરત, વલસાડ, નવસારી, તાપી એ જિલ્લાઓ થયા છે એ વખતે તો આખો વિસ્તાર સુરત જિલ્લા તરીકે જ ઓળખાતો. દક્ષિણ ગુજરાતની એ આખીય પટ્ટી તાપીથી વાપી, અને પછી ડાંગ અને નજીકનો મહારાષ્ટ્રનો પ્રદેશ–સમગ્ર વિસ્તાર આદિવાસીઓનો. શાહુકાર, જમીનદાર, ભૂવા-ભરાડી, દારૂ વેચનાર કલાલ સહુ તેમનું શોષણ કરે અને ત્રાસ આપે. જન્મે માનવ પણ જીવન પશુવત્. જાણે તેમને ઉગારવા અને આગળ વધારવા જ જુકાકાએ જન્મ લીધો હતો. તેમણે ઊજળિયાત શોષક વર્ગનું પોતે પ્રાયશ્ચિત કરતા હોય તેમ આ લંગોટીધારી–બેહાલ પ્રજાની ઝૂંપડીમાં રહી, તેમના જેવું જ ખાઈ, તેમના ખભે હાથ મૂકી તેમને કેળવણી આપી, રોજગારી આપી, તેમના સર્વાંગી વિકાસ માટે અનેક કાર્યક્રમો આપ્યા, સેવકોની આખી સેના તૈયાર કરી અને અનેક સંસ્થાઓ સ્થાપવામાં તેઓ પ્રેરક બન્યા, એટલે જ તેઓ 'વેડછીનો વડલો' કહેવાયા.

તેમના પિતા મુંબઈ નોકરી અર્થે રહેતા. મુંબઈમાં જ જુકાકાને સ્વામી આનંદનો ભેટો થયો અને તેમના જીવનમાં પરિવર્તનનો પ્રારંભ થયો. સ્વામીદાદાએ તેમને 'વીસમી સદી' સામયિકમાં નોકરી અપાવી. ત્યાં લેખન-પત્રકારત્વની તાલીમ મળી. એ દિવસોમાં ૧૯૧૧-૧૨માં કાકાસાહેબ વડોદરા હતા એટલે સ્વામીદાદાએ તેમને વડોદરા કાકાસાહેબ પાસે મોકલ્યા. કાકાસાહેબ તેમને વડોદરા આસપાસની ગરીબ વસાહતમાં, નેસડામાં મોકલે જ્યાં જુવાન જુકાકા રામાયણ-મહાભારતની કથાવાર્તા, લોકોને સમજાય તેવી સરળ શૈલીમાં કરે.

૧૯૧૭માં ગાંધીજીએ સાબરમતી આશ્રમ સ્થાપ્યો અને કાકાસાહેબ તેમાં જોડાયા, પછી જુકાકા તેમને મળવા અને આશ્રમમાં રહેવા અવારનવાર જતા. અને પછી તો આશ્રમના તીવ્ર આકર્ષણે તેઓ વડોદરા છોડી આશ્રમમાં આવી વસ્યા અને પ્રાર્થના, સફાઈ, સાદું જીવન, સાદો ખોરાક, શ્રમ અને શાળામાં ત્યાં પરોવાઈ ગયા. એ વખતે સ્વામીદાદા નવજીવન પ્રેસ અને મુદ્રણકાર્ય સંભાળતા તો જુકાકા પણ તેમને મદદ કરવા જતા અને ત્યાં તેમને લેખન અને પત્રકારત્વની તાલીમ મળી. એ દરમ્યાન મૂછાળી મા ગિજુભાઈ સાથે પરિચય થયો અને દોસ્તી થઈ. જાણે કુદરત જ શિક્ષણ અને વિશેષતઃ બાળશિક્ષણ માટે તેમને સજ્જ કરતી હતી.

૧૯૨૨ના અસહકાર આંદોલન વખતે ગાંધીજીએ પોતાના કાર્યકરોને એલાન કરેલું: 'ગામડે જાઓ'. અનેક કાર્યકરો ગામડે ગયા અને ત્યાં જ ખૂંપી ગયા. જુકાકા પ્રથમ નરહરિભાઈ પરીખ સાથે બારડોલી તાલુકાના સરભોણ ગામે બેઠા. એ વખતે ચુનીભાઈ મહેતા એ વિસ્તારના જ વેડછી ગામે ખાદીકામનું મિશન લઈને બેઠેલા અને જુકાકા તેમને અવારનવાર મળવા જતા. વચ્ચે વચ્ચે આપદ્ ધર્મ તરીકે આવતાં કાર્યો કર્યાં, ૧૯૨૮માં બારડોલી સત્યાગ્રહમાં જોડાયા અને ત્યાં સત્યાગ્રહ લડતની પત્રિકા અત્યંત સુંદર રીતે તૈયાર કરતા રહ્યા. સત્યાગ્રહ તો સરળ રીતે પૂરો થયો. એ દરમ્યાન બારડોલીમાં ચાલતું 'રાનીપરજ વિદ્યાલય' ગામડે ખસેડવાની વાત થઈ અને આખરે તેને વેડછીમાં લઈ જવાનું નક્કી



● સ્વતંત્રતા માટે કોઈ મૂલ્ય વધારે હોતું નથી.

કર્યું, કારણ કે ચુનીભાઈ ખાદીકામ અને તે દ્વારા લોકશિક્ષણનું કાર્ય કરતા જ હતા. આમ, ૧૯૨૮માં 'વેડછીના વડલા'નું બી વવન થયું. પછી તો જુકાકા સાથે ચીમનભાઈ ભટ્ટ જેવા શિક્ષણપ્રેમી સાથી અને અન્ય સાથીઓ જોડાતા ગયા, કામ વિસ્તરતું ગયું.

વેડછી કાર્યનો પ્રારંભ પછી તો 'વેડછી આંદોલન'માં જ જાણે પરિણમ્યો. જુકાકાએ જ લખ્યું છે : 'મારું જીવન તો કેવું ? જે દિશામાં બૂમ પડી તે દિશામાં દોડવું. એક તરફ બેકારીની બૂમ પડી તો દોડો રેંટિયો લઈને ! બીજી બાજુથી શોષણની રાડ પડી તો કાઢો સહકારી મંડળીઓ ! ત્રીજી તરફ દુર્ગંધ આવવા માંડી તો દોડો સાવરણો લઈને ! ચોથી તરફ ઢોરની પછવાડે રખડતા અને આખો દિવસ બીડીઓ ફૂંકતા, ઢોરને ગાળ દેતા અને છૂટી ડાંગો મારતાં છોકરાંને જોયાં ને જુવાનીના તેજ વિનાનાં જુવાનિયા જોયા તો દોડો બુનિયાદી શાળા કાઢવા !'

વેડછી થાણું બન્યું અને ઉપર લખ્યાં છે તેવાં અને તે સિવાય પણ અનેક સામાજિક-શૈક્ષણિક કાર્યો શરૂ થયાં. ગણોતધારો, ઋણ રાહત ધારો, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, મદ્ય નિષેધ, ભજનમંડળીઓ અને વિસ્તારની કાયાપલટ માટે જે આવશ્યક લાગ્યું તે સઘળું ગોઠવાતું ગયું. તેમણે આર્થિક, સામાજિક શૈક્ષણિક, સાંસ્કૃતિક એમ સર્વાંગિણ યોજનાઓ વિચારી અને અમલ કર્યો. કાળી પરજને તેમણે રાજા પરજ હળપતિ બનાવ્યા, તેમનું ગૌરવ વધાર્યું, તેમનામાં આત્મશ્રદ્ધા અને વિશ્વાસ વધાર્યાં.

૧૯૩૦ દાંડીકૂચ, ૧૯૪૨ની 'હિન્દુ છોડો' લડતમાં સક્રિય રહ્યા અને ૧૯૩૦થી ૧૯૪૨ દરમ્યાન અનેકવાર જેલ ભોગવી. વેડછી આશ્રમ પણ થોડો સમય સરકારે જપ્ત કરેલો. ૧૯૩૭માં વર્ધા રાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં તેઓ ગયેલા, અને નઈ તાલીમનું દર્શન લઈને આવ્યા. વેડછીમાં શાળા તો ચાલતી જ હતી અને તે પણ ગાંધી વિચારની દૃષ્ટિએ જ ચાલતી હતી, તે કાર્યને સમર્થન મળ્યું.

## ગાંધીજી આધુનિક હતા ?

સત્યને વળગી રહેવું અને નીતિના નિયમને સર્વોપરી ગણવો એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

વચન પાળવું અને માથે લીધેલું કામ પાર ઉતારવું એ જો આધુનિકતાનું લક્ષણ હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો સહિષ્ણુતા અને સમજદારી આધુનિક હોય, તો ગાંધીજીને આધુનિક ગણવા જ પડે.

જેઓ આપણાં કરતાં જુદો અભિપ્રાય ધરાવતા હોય અથવા આપણા વિરોધી હોય તેમની સાથે પણ સ્વસ્થપણે વર્તવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો દરજ્જાનો, સત્તાનો કે સંપત્તિનો ખ્યાલ કર્યા વગર સૌ પ્રત્યે સમાન સૌજન્ય દાખવવું એ આધુનિક હોય, તો બેશક ગાંધીજી આધુનિક હતા.

જો દીનહીનો સાથે તાદાત્મ્ય સાધવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

જો ગરીબો, દરિદ્રો, દલિતો, દુર્ભાગીઓ માટે અવિશ્રાંત કામ કરવું એ આધુનિક હોય, તો ગાંધીજી આધુનિક હતા.

અને સૌથી વિશેષ તો એ કે કોઈ ઉમદા હેતુ માટે મૃત્યુ વહોરી લેવું એ આધુનિક હોય તો ગાંધીજી આધુનિક હતા.

❑ **જીવતરામ કૃપાલાની**

૧૯૩૮ના હરિપુરા કૉંગ્રેસ અધિવેશન વખતે સફાઈ ટુકડીના નાયકપદે રહી બેનમૂન કાર્ય કર્યું અને ત્યાંથી જ શિક્ષણ સાથે હળપતિને શાહૂકાર-જમીનદારની ગુલામીમાંથી મુક્ત કરવો અને ગોસેવાના વિચાર લઈને આવ્યા.

જુગતરામકાકાના ગુજરાતના જાહેર જીવનમાં અને શિક્ષણ ક્ષેત્રે જે પ્રદાન છે તેની લાંબી તપસીલ આપી શકાય તેમ છે. આજે પણ ગુજરાતભરમાં યોજાતા 'ગાંધી મેળા' કે 'સર્વોદય મેળા' તે એમનું પ્રદાન છે. ગાંધીજીની શહીદી પછી સેવાગ્રામમાં યોજાયેલ સંમેલનમાં તેઓ ગયેલા અને ગાંધીઅસ્થિ લાવીને વેડછીની વાલ્મિકી નદીમાં પધરાવ્યાં હતાં. એ વખતે વિનોબાજીને મળવાનું થયેલું અને મહાત્મા ગાંધીની સ્મૃતિમાં તેમના શ્રાદ્ધ દિને પ્રદર્શન, વાર્તાલાપો, સંસ્કાર કાર્યક્રમો, ખેતી સુધારણા, સ્ત્રીઓના સંમેલન આદિ દ્વારા ગાંધી સંદેશ પહોંચાડો તેવું સૂચન વિનોબાજીએ કરેલું, જેનો અમલ પછીના વર્ષથી શરૂ થયો તે સાતત્યપૂર્ણ રીતે આજે પણ ચાલે છે જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગ્રામજનો, ગાંધી પ્રેમીઓ ભાગ લે છે. દરમ્યાન ૧૯૪૭માં જ વેડછીની ગ્રામશાળા જુકાકાએ નારાયણભાઈ દેસાઈ અને મોહનભાઈ પરીખ જેવા યુવાન હાથમાં અને મજબૂત ખભા પર મૂકેલી અને એ થોડાં વર્ષો વેડછીમાં જાણે વસંત ખીલેલી.

જુકાકાનું એવું જ મહત્ત્વનું પ્રદાન છે 'બાલવાડી શિબિરો' જે આજે પણ ચાલે છે. બાળ કેળવણી એ પાયો છે અને એ કેળવણી માટે બાળ શિક્ષકોને તૈયાર કરવા, તેમને તાલીમ, સમજ અને સામગ્રી આપવાની ખૂબ જ જરૂર હતી. જુકાકા પોતે ઉત્તમ બાળ શિક્ષક અને બાળ સાહિત્ય સર્જક. તેમણે જ આ શિબિરો શરૂ કર્યા અને તેનાથી ગુજરાતમાં બાળ શિક્ષણનું કામ કરનાર બહેનો-ભાઈઓને ઊંડાણથી તાલીમ મળી અને સાચી દિશા મળી.

જુકાકાએ જે કામો ગામડાંઓને અને ગ્રામપ્રજાને બેઠાં કરવાં જરૂર હતાં તે બધાં જ કર્યા, તે માટે કાર્યકરો અને સંસ્થાઓ ઊભી કરતા ગયા. પોતે તો તદ્દન અપરિગ્રહી, ફકીર. વિશ્વાસુ કેળવાયેલ

સાથીદારોની આખી ફોજ તેમણે તૈયાર કરી જે આજે અનેક શાળાઓ, આશ્રમશાળા, છાત્રાલયો, જંગલ મંડળીઓ, ખેતી મંડળીઓ, ખાદી સંસ્થાઓ દ્વારા સમગ્ર દક્ષિણ ગુજરાતમાં–ડાંગ જિલ્લા સુધી વ્યાપી છે. આખાય વિસ્તારમાં એક શાંત ક્રાન્તિ ઘટિત થઈ, કેટકેટલા કાર્યકરો તૈયાર થયા અને તેમાં બહેનો પણ ખરી. ભૂદાન-ગ્રામદાનના કાર્યમાં સક્રિય રહ્યા અને તે સંદેશો ગામે ગામ ફેલાવ્યો તો ઉકાઈ ડેમમાં ડૂબામાં જતાં ગામોના નવનિર્માણ માટે 'ઉકાઈ નવનિર્માણ સંઘ' સ્થાપી ગામોનું પુનર્વસન કર્યું. ગુજરાતમાં ગામડાંઓના સર્વાંગીણ વિકાસ માટે સરકારની મદદથી ચાલતી 'સર્વોદય યોજના'નો વિચાર આપનારાઓમાં તેઓ હતા, તેમજ ગુજરાતમાં ચાલતી નઈ તાલીમની અનેક સંસ્થાઓને જોડતી સંસ્થા 'ગુજરાત નઈ તાલીમ સંઘ'ની સ્થાપનામાં પણ તેમની આગવી ભૂમિકા હતી.

૧૯૬૮માં 'ગાંધી વિદ્યાપીઠ'ની સ્થાપના કરી, ઉચ્ચવિદ્યા ક્ષેત્રે વેડછી આંદોલને પગરણ માંડ્યાં. તેના પ્રથમ કુલપતિ કાકાસાહેબ બન્યા, અને પછી જુકાકા તેના કુલપતિપદે રહ્યા.

જુકાકા સિદ્ધહસ્ત સાહિત્યકાર, ઉત્તમ સર્જક, શબ્દના મરમી હતા. અનેકવિધ કાર્યોમાં તેમનું એ પાસું ભલે ઓછું ઉજાગર થયું, પણ તેમણે જે આપ્યું છે તે તેમને સાહિત્યકાર-સર્જકની શ્રેણીમાં બેસાડે છે. તેમના ભાવભીનાં ભજનો અને કાવ્યો ગુજરાતમાં આજે પણ પ્રચલિત છે. ગુરુદેવનાં કાવ્યોના અનુવાદ, સંસ્કૃત શ્લોકના અનુવાદ, ગીતાનો અનુવાદ તેમને ઉત્તમ અનુવાદકના સ્થાનો બેસાડે છે અને પત્રકારત્વ ભલે ઓછું ખેડ્યું, પણ તેમાંય તેઓ પારંગત હતા.

જુકાકા સર્વાંગીણ રચનાના માણસ હતા. વિશેષતઃ તેમણે કેળવણીનું કાર્ય કર્યું, પણ તેમના દ્વારા કે તેમની પ્રેરણાથી ઊભી થયેલી સંસ્થાઓ-પ્રવૃત્તિઓની યાદી જોઈ ચકિત થઈ જવાય છે. અહીં એ મૂકીએ તો ખૂબ લાંબી યાદી મૂકવી પડે. વેડછીના વડલાને સંખ્યાબંધ વડવાઈઓ ફૂટી છે અને વડલો પણ ખૂબ વિકસ્યો છે. ખાસ કરીને કેળવણી ક્ષેત્રે.

તેમણે સાહિત્યની ઉપાસના સહજ રીતે કરી, પણ તેમની પાસેથી કાવ્યો-ગીતો, નાટકો-પ્રહસનો, જીવનચરિત્રો-ચિંતન, કેળવણી વિચારના ગ્રન્થો, અનુવાદો-સંપાદનો સઘળું મળે છે. ગ્રામસેવાના દસ કાર્યક્રમો, આત્મરચના અથવા આશ્રમી કેળવણી, સુંદરપુરની શાળાનો પહેલો દિવસ, બાલવાડીના બે ભાગ, ભારત સેવક ગોખલે, ગાંધીજી, ગુરુદેવના ગીતો, ગીત, ગીતખંજરી, આંધળાનું ગાડું, ખેડૂતનો શિકારી, પંખીડાં જેવાં અનેક પુસ્તકો મળે છે.

૧૯૮૦થી તેમનો જન્મદિન 'સેવા દિન' તરીકે ઉજવાય છે. ૧૪ માર્ચ, ૧૯૮૫ના રોજ તેમની 'વહાલુડી વેડછી'માં જ તેમણે અંતિમ શ્વાસ લીધા. આ સેવાવીર અપરિણીત રહ્યા.ગાંધીજી દ્વારા અનુપ્રાણિત આવા સેંકડો-સેંકડો સેવાવીરો-કેળવણીવીરોએ પોતાનું સમગ્ર હીર સર્વ સમર્પણભાવે દેશને ચરણે ધર્યું હતું તે ભૂલવા જેવું નથી.

x x x

આ લેખમાં ગાંધીજીના કેળવણીના વિચારો અને તેમાં જીવન આપનાર ત્રણ જ વ્યક્તિઓની વાત થઈ શકી છે. કિશોરભાઈ મશરૂવાળા, નરહરિભાઈ પરીખ, આચાર્ય જીવતરામ કૃપાલાણીજી, ઠક્કરબાપા–અમૃતલાલ ઠક્કર, બબલભાઈ મહેતા, સેવાગ્રામમાં ધૂણી ધખાવીને બેસનાર ઈ. ડબલ્યુ, આર્યનાયકમ્ અને આશાદેવી આર્યનાયકમ્, પ્રેમાબહેન કંટક, સાને ગુરુજી, બાળાસાહેબ ફડકે અને પછી તો મનુભાઈ પંચોળી, નવલભાઈ શાહ, નરસિંહભાઈ ભાવસાર, ડાહ્યાભાઈ નાયક, ધીરુભાઈ દેસાઈ, ગિજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી, મગનભાઈ દેસાઈ, મૂળશંકરભાઈ ભટ્ટ, ડોલરરાયભાઈ માંકડ એવા અનેક અનેક તારલાઓ દેશભરમાં ગાંધીજીના શિક્ષણના વિચારોને અમલમાં મૂકતા સોહી રહ્યા છે. આ સહુ સુખ-સંપન્ન પરિવારના, ખાસ્સું ભણેલા પણ તેમણે સેવાને જ પોતાની 'કારકીર્દિ' બનાવી–અને સેવા એટલે વ્રતનિષ્ઠાથી, કશીય સ્પૃહા-કામના વગર દટાઈ જવું. જીવનના હરેક ક્ષેત્રમાં ગાંધીજીને આવા કર્મઠ વીરો મળી રહ્યા અને તે સહુથી ગાંધી નક્ષત્રમાળા શોભી રહી છે અને આજે પણ પ્રેરણા-પ્રકાશ પાથરી રહી છે. ✷

મોબાઈલ : ૦૯૮૨૫૧૯૧૦૨૦

## સ્વચ્છતાનો પાઠ

ઉદ્યમની બાબતમાં આપણે સહુએ લશ્કર પાસેથી શીખવા જેવું છે. લશ્કરનો સૈનિક માન પામે છે તેનું મુખ્ય કારણ એ તો છે જ કે તે જીવ હથોળીમાં લઈને સામે મોંઢે મોતને ભેટવા જાય છે. પણ તેને વિશેના આદરનું એક બીજું કારણ તેનું નિમયબદ્ધ ને શિસ્તવાળું જીવન પણ છે. લશ્કરની છાવણી જુઓ તો સ્વચ્છતાના નમૂનારૂપ હોય. એનો પાઠ અમને એક વાર ગાંધીજીએ શીખવેલો. ૧૯૩૪ની હરિજનયાત્રા દરમિયાન અમે કુર્ગમાં હતા. ત્યાં એક સવારે ઉતારો છોડી નીકળવાને વખતે તેઓ અમારા ઓરડામાં આવ્યા. જુએ તો ઠેર ઠેર કચરો ને કાગળના ટુકડા વેરાયેલા. એ જોઈ એમની આંખ ફરી ગઈ. તેમણે કહ્યું: 'આવું મૂકીને અહીંથી જવાય જ કેમ? લશ્કરે જે જગ્યાએ પડાવ નાંખ્યો હોય ત્યાંથી મુકામ ઉઠાવતી વખતે જગા બિલકુલ સાફ કરી નાંખીને જ જવું એવો નિયમ હોય છે. એ નિયમ આપણે પણ પાળવો જોઇએ. એટલે હવે રોજ જે જગા છોડો તે વાળીઝૂડી સાફ કરીને જ નીકળજો. હું જોઈશ, ને એમાં ચૂક્યા તો સખત ઠપકો આપીશ'

☐ ચંદ્રશંકર શુક્લ

# મહાત્મા ગાંધી અને તેમના સૌરાષ્ટ્રના સાથીઓ

☐ ગંભીરસિંહ ગોહિલ

*[ શામળદાસ કૉલેજના પૂર્વ આચાર્ય ગંભીરસિંહ ગોહિલ ગુજરાતી સાહિત્યના અભ્યાસી અને સંશોધક છે. 'ગુજરાતી અને હિન્દી વિવેચન સાહિત્યના તુલનાત્મક અધ્યયન' વિષય લઈ પીએચ. ડી. થયેલા ગંભીરસિંહે ગુજરાતીના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તેમજ આચાર્ય તરીકે ઉપલેટા, ભાવનગર, સાવરકુંડલામાં કામ કર્યું. દરમ્યાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ભાવનગર યુનિવર્સિટીની સિંડીકેટ-એક્ઝી. કાઉન્સિલ સુધીનાં સત્તામંડળોમાં કામ કર્યું. તેઓ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના ચેરમેન, ઓલ ઈન્ડિયા એસો. ઓફ ટેક્સ્ટબુક ઓર્ગે.ના પ્રમુખ, ગુજરાત સ્ટેટ ફેડરેશન ઓફ કૉલેજ પ્રિંસિપાલ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ તેમજ ભાવનગર ગદ્યસભાના પ્રમુખ રહી ચૂક્યા છે. દસથી વધુ પુસ્તકો લખીને પ્રતિષ્ઠિત પારિતોષિકો મેળવ્યા છે. હાલ મહાત્મા ગાંધીના સૌરાષ્ટ્રના સાથીઓ પર સંશોધન ગ્રંથ લખી રહ્યા છે. ]*

મહાત્મા ગાંધી એટલે સમસ્ત જગતને સૌરાષ્ટ્રે ધરેલી ભેટ. તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં અને જીવન ઘડતર પણ સૌરાષ્ટ્રમાં જ થયું. દક્ષિણ આફ્રિકામાં બે દાયકા રહી તેમણે વધુ વિકાસ સાધ્યો અને સત્યાગ્રહનો પ્રયોગ અધિકાર મેળવવાની લડતોના સાધન તરીકે કર્યો. ત્યાં લઈ જનારા શેઠ દાદા અબ્દુલ્લા પણ પોરબંદરના જ હતા. તેઓ તેમના સાથીદાર અને માર્ગદર્શક બની રહ્યા.

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં દેશમાં આવીને થોડાં વર્ષોમાં સ્વાતંત્ર્ય લડતોનું સુકાન સંભાળી લીધું. પરંતુ લડતોનો પ્રકાર તેમણે ધરમૂળથી બદલાવી નાખ્યો. વકીલો, બેરિસ્ટરો વગેરે ઉચ્ચ વર્ગના ભણેલા લોકો જ લડતો ચલાવતા હતા તેના બદલે મજૂર, ખેડૂત, વિદ્યાર્થી વગેરે તમામ લોકોને તેમાં શામેલ કરવામાં આવ્યા. વળી ગાંધીજીની નેમ માત્ર રાજકીય આઝાદી મેળવવા પૂરતી સીમિત નહોતી. લોકોની જીવનશૈલી અને તેમના જીવનમૂલ્યો પણ બદલાય તો જ ખરી સ્વતંત્રતા પ્રાપ્ત કરી શકાય તેવું તેમનું માનવું હતું. આથી તેમણે લડતો સાથે ખાદી, ગ્રામોદ્યોગ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, પરદેશી કાપડ વગેરેનો બહિષ્કાર આદિ પ્રવૃત્તિઓ પણ સાંકળી લીધી. આથી ગાંધીજીની લડતોમાં જોડાયેલા તેમના સાથીદારોનો પ્રકાર બદલાયો અને વ્યાપ વધ્યો.

આ લડતોમાં હથિયાર અને દારૂગોળાનો ઉપયોગ કરવાનો નહોતો. સત્ય અને અહિંસાનો માર્ગ જ લેવાનો હતો. તેના પરિણામે પણ ગાંધીજીના સાથીદારો જુદી ભાતના હતા.

સૌરાષ્ટ્ર પ્રદેશ ૨૨૨ દેશી રજવાડાઓમાં વહેંચાયેલો હતો. તેના કાર્યકરોને લડત કરવાની સલાહ ગાંધીજી આપતા નહોતા. તેમની દૃષ્ટિએ દેશી રાજ્યો ડાળ-પાંદડા જેવા હતાં. બ્રિટિશ પ્રદેશ સ્વતંત્ર થાય તેની સાથે જ તે ખરી પડવાનાં હતાં, તેમ છતાં લડતો થઈ તેનાથી કાર્યકરોને ઘડતર મળ્યું અને સંગઠન કેળવાયું. એમાંથી જ સૌએ વિચાર્યું કે સૌરાષ્ટ્રનું એકમ થવું જોઇએ. તે થયું પણ ખરું. તેના મોટા ભાગના નેતાઓ ગાંધીજીના સાથીઓ હતા.

ગાંધીજીના કેટલાક સાથીઓ સૌરાષ્ટ્રના હતા, પરંતુ તેમની સૌરાષ્ટ્રની લડતોમાં જોડાયેલા નહોતા. મગનલાલ ગાંધી (૧૮૮૩-૧૯૨૮) દક્ષિણ આફ્રિકામાં અને અમદાવાદમાં ગાંધીજીના આશ્રમોની વ્યવસ્થા સંભાળતા, પ્રેસ, ખાદી વગેરે કામોમાં ઊંડા ઊતરી ગાંધીજીને પૂર્ણ સંતોષ આપતા. તેઓ ગાંધીજીના ભત્રીજા થતા હતા. તેમને ગાંધીજીએ પોતાના 'સર્વોત્તમ સાથી' અને 'આશ્રમનો પ્રાણ' ગણાવેલ છે. તેમના મોટાભાઈ છગનલાલ ગાંધીએ દક્ષિણ આફ્રિકા, અમદાવાદ વગેરે સ્થળે ઉમદા કામગીરી કરેલી છે. તેમનાથી નાના નારણદાસે રાજકોટ રહી રચનાત્મક કાર્યો ઉત્તમ રીતે કર્યા પણ લડતોમાં ભાગ લીધો નહોતો. આ કુટુંબના કૃષ્ણદાસ, પ્રભુદાસ, પરુષોત્તમ ગાંધી વગેરેએ વિવિધ રીતે મૂલ્યવાન યોગદાન આપેલું છે.

ડૉ. પ્રાણજીવનદાસ જગજીવનદાસ મહેતા મોરબીના હતા. તેઓએ લંડનના જાણકાર તરીકે ગાંધીજીને ત્યાંના અભ્યાસના આરંભકાળથી જ માર્ગદર્શન આપેલું. તેઓ ડૉક્ટર થઈને બ્રહ્મદેશમાં વ્યવસાય અર્થે રહ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં તેમણે ગાંધીજીને વિવિધ રીતે આર્થિક સહાયતા કરી હતી. છેક ૧૯૦૯માં ગોખલેજી પર પત્ર લખતાં તેમણે ગાંધીજીને તપસ્વી જેવું જીવન જીવતા મહાન મહાત્મા તરીકે ઓળખાવ્યા હતા. તેમને મહાત્મા તરીકેનું જાહેર માનપત્રરૂપે સંબોધન તો છેક ૧૯૧૫માં જેતપુર મુકામે થયું હતું. શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી ગાંધીજી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવતા હતા. તેમની ઓળખાણ ગાંધીજીને ડૉ. પ્રાણજીવન મહેતા દ્વારા થઈ હતી. શ્રીમદ્ ડૉ. મહેતાના મોટાભાઈના જમાઈ થતા હતા. એસ. આર. મેહરોત્રાએ ગાંધીજી અને ડૉ. મહેતાના સંબંધો વિશે સંશોધન ગ્રંથ 'ધ મહાત્મા એન્ડ ધ ડૉક્ટર' અંગ્રેજીમાં લખ્યો

છે. ડૉ. મહેતા ગાંધીજીથી પાંચ વર્ષ મોટા હતા.

પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (૧૮૬૨-૧૯૩૮)ની ગાંધીજીની સાથેની ઓળખાણ તેઓ બંને રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણતા તે સમય જેટલી જૂની હતી. ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની પ્રવૃત્તિઓથી પ્રભાશંકર માહિતગાર રહેતા. ગાંધીજી ૧૯૧૫ના ડિસેમ્બરમાં ગોખલે સ્મારક ભંડોળની પ્રવૃત્તિના અનુસંધાને ભાવનગર આવ્યા ત્યારે તેમનો પરિચય તાજો થયો. પ્રભાશંકર ભાવનગર રાજ્યના દીવાન હતા, ગવર્નર, વાયસરોય તથા ઈન્ડિયા કાઉન્સિલ (લંડન)ના સભ્ય હતા અને છેલ્લે ૧૯૨૦થી દોઢ દાયકો રહ્યા. આ સમય દરમ્યાન તેમણે ગાંધીજી સાથે સતત સંપર્ક જાળવ્યો. ચૌરીચૌરાના હત્યાકાંડ વખતે તેમણે ગાંધીજીનું ધ્યાન દોરતાં 'પહાડ જેવી ભૂલ' નામે લેખ લખી સત્યાગ્રહ બંધ કરેલો. તેમના જ આગ્રહથી ગાંધીજી બીજી ગોળમેજી પરિષદ (લંડન)માં હાજર રહ્યા. ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહ વખતે વાયસરોય લોર્ડ ઈરવિને લડત બંધ રાખવા ગાંધીજીને સમજાવવા પ્રભાશંકરને મોકલેલા. તેમની વચ્ચે મહત્ત્વના પ્રશ્નો અંગે પત્રવ્યવહાર પણ ચાલતો રહેલો જે 'ગાંધીજી-પટ્ટણી પત્રવ્યવહાર' નામથી પ્રગટ થયેલ છે. સ્વામી આનંદ (૧૮૮૭-૧૯૭૮) ગાંધીજીના વૈચારિક ભૂમિકાવાળા મહત્ત્વના સાથીદાર હતા, હાલના સુરેન્દ્રનગર જિલ્લાના લીમલી ગામના વતની હતા. તેમનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે. તેઓ રામકૃષ્ણ મિશનના સંન્યાસી હતા. પણ ગાંધીજીની પ્રવૃત્તિઓથી આકર્ષાઈને તેમનું મુદ્રણનું કાર્ય સંભાળતા, લડતોમાં જોડાઈ જેલવાસ પણ ભોગવેલો. આદિવાસી, નિર્વાસિતો વગેરેની કામગીરી તેમણે કરેલી અને આશ્રમો સ્થાપેલા. ગુજરાતી ભાષાના તેઓ ઊંચા દરજ્જાના સાહિત્યકાર હતા.

જુગતરામ ચીમનલાલ દવે (૧૮૯૨-૧૯૮૫), સુરેન્દ્રનગર જિલ્લાના લખતરના મૂળ વતની હતા, પરંતુ તેમણે લડતોમાં કામ કર્યા પછી તેમજ જેલવાસ ભોગવ્યા ઉપરાંત સુરત જિલ્લામાં વેડછીમાં આશ્રમ સ્થાપ્યો. તેમણે આદિવાસીઓનું પાયાનું કામ કરેલું અને કેળવણી તેમજ બાળ સાહિત્યની કામગીરી કરેલી છે.

સૌરાષ્ટ્રના ત્રણ રાજવીઓએ ગાંધીજીના કાર્યોમાં મહત્ત્વનું યોગદાન પૂરું પાડ્યું છે. રાજકોટના ઠાકોર લાખાજીરાજે (૧૮૯૦-૧૯૩૦), રાજકોટના બ્રિટિશ પોલિટિકલ એજંટે ના કહી હોવા છતાં રાજકોટમાં કાઠિયાવાડ રાજકીય પરિષદ તથા રાષ્ટ્રીય યુવક કૉંગ્રેસ જવાહરલાલ નેહરુના પ્રમુખપદે ભરવા દીધેલી, રાષ્ટ્રીય શાળા માટે હજારો વાર જમીન આપી અને તેઓ એક માત્ર રાજવી હતા જેમનું ભાવનગર મુકામે ગાંધીજીના હાથે સન્માન થયું હતું. ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી (૧૯૧૨-૧૯૬૫). દેશના પહેલા રાજવી હતા જેમણે ગાંધીજીને રૂબરૂ મળી પોતાનું રાજ્ય તેમના ચરણોમાં પ્રજા માટે અર્પણ કરી દીધું હતું.

ત્રણમાંથી જેમને પહેલાં ક્રમે મૂકવા પડે તે ઢસા-રાયસાંકળીના દરબાર ગોપાળદાસ દેસાઈ (૧૮૮૯-૧૯૫૧) જેમણે ગાંધીજીની લડતોમાં જોડાવા ખાતર પોતાનું રાજ્ય અને સર્વસ્વ ગુમાવ્યું અને ત્રણ દાયકા સુધી સૌરાષ્ટ્રની લડતોમાં આગેવાની લીધી. કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખપદે વરાયા. વારંવાર જેલવાસ ભોગવવા સાથે ખેડા, બોરસદ, બારડોલી વગેરે લડતોમાં તેમજ રેલસંકટ, દાંડીકૂચ, હરિપુરા કૉંગ્રેસ વગેરેમાં દૃઢ મનોબળ, ત્યાગ, સાદાઈ, દેશભક્તિ અને નેતૃત્વ શક્તિ સાથે કામ કર્યું. ભક્તિબા પણ તેમના સાથીદાર બની રહ્યાં.

મોતીભાઈ પુરુષોત્તમદાસ પરમાર (મોતીભાઈ) દરજી (૧૮૮૮-૧૯૧૮)ને સૌરાષ્ટ્ર ખાતેના પહેલાં સાથીદાર ગણવા પડે જેઓ ૧૯૧૫માં ગાંધીજી પહેલીવાર સૌરાષ્ટ્રમાં આવી રહ્યા હતા ત્યારે વઢવાણ રેલ્વે સ્ટેશન પર મળ્યા અને લોકોને નડતી વીરમગામ લાઈનદોરી સામે લડવા માર્ગદર્શન મેળવ્યું. લડતો માટે નવજુવાનો ફૂલચંદભાઈ શાહ (૧૮૯૫-૧૯૪૧), સ્વામી શિવાનંદજી (૧૮૯૬-૧૯૫૧), ચમનલાલ માધવરાય વૈષ્ણવ (૧૮૯૭-૧૯૪૦) વગેરેને તૈયાર કર્યા, પુસ્તકાલય ખોલ્યું, વ્યાયામ અને શ્રમના કાર્યો શરૂ કર્યા. પ્રવૃત્તિઓમાં બહેનોને જોડી. વઢવાણના જાહેર જીવનને તેમણે ગાંધીમાર્ગે ઘડ્યું.

ફૂલચંદભાઈ અને શિવાનંદજી તો ગાંધીજીના કોચરબ આશ્રમોમાં પણ વ્યવસ્થાપકો તરીકે રહ્યા હતા. ચમનલાલ સહિત ત્રણેએ સૌરાષ્ટ્રની વિવિધ લડતો અને પ્રવૃત્તિઓને નેતૃત્વ પૂરું પાડ્યું, જેલવાસ વેઠ્યો, બોરસદ વગેરે લડતોમાં પણ અગ્રભાગ લીધો.

દેવચંદ ઉત્તમલાલ પારેખ (૧૮૭૧-૧૯૫૪) બેરિસ્ટર થવા લંડન ગયા ત્યારથી ગાંધીજીના પરિચયમાં હતા. શ્રીમદ્ રાજચંદ્રના મોટાભાઈ મનસુખલાલ રવજી મહેતા સાથે રહી તેમણે કાઠિયાવાડ રાજકીય પરિષદની રચના કરી અને તેના અધિવેશનોના સંચાલનમાં મોભીરૂપ અગ્રણી બની રહ્યા. બેરિસ્ટર તરીકેની ધીકતી કમાણી છોડી ગાંધીજીના આદેશ મુજબ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં માર્ગદર્શક બની રહ્યા.

એવા જ બીજા અગ્રણી અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (ઠક્કરબાપા ૧૮૬૯-૧૯૫૧) ગાંધીજીના ભારતમાં આગમન પહેલાં દલિતોની સેવામાં લાગી ગયા હતા. ગોખલે પ્રેરિત ભારત સેવક સમાજમાં જોડાઈને તેમણે બંગાળ, બિહાર, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ અને ગુજરાતના દલિતો, આદિવાસીઓ, અને શ્રમજીવીઓના આર્થિક, સામાજિક મોજણીઓ સાથેનાં સેવાકાર્યો કર્યા હતા અને સંસ્થાઓ સ્થાપી હતી. ગાંધીજીના કહેવાથી તેઓ દેશવ્યાપી હરિજન

સેવક સંઘના મંત્રી તરીકે જોડાયા હતા. આદિવાસી સેવાના કાર્યને તેમણે અભ્યાસ અને મહેનત કરી નક્કર પાયા પર મૂકાવ્યું હતું. હરિજનસેવા માટે ગાંધીજી સાથે તેમણે લાંબા સમય સુધી પ્રવાસો કર્યા હતા. રાહત કાર્યોમાં તેમણે ખૂબ મહેનત કરેલી.

નૃસિંહપ્રસાદ કાલીદાસ ભટ્ટ (નાનાભાઈ ભટ્ટ ૧૮૮૨-૧૯૬૧) ગાંધીજીના આગમન પહેલાંથી રાષ્ટ્રીય પ્રકારની કેળવણીમાં લાગી ગયા હતા. તેમનું કામ જોઈ ગાંધીજીએ તેમને ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે ૧૯૨૬-૨૮ દરમ્યાન જોડ્યા હતા. સ્વાતંત્ર્ય લડતો વખતે તેમને વીરમગામની છાવણીની વ્યવસ્થા સોંપી હતી. કેળવણી વગેરે કાર્યોમાં ગૂંચ ઊભી થાય ત્યારે ગાંધીજી નાનાભાઈની સલાહ લેતા અને સ્વીકારતા. ભાવનગરની તેમણે સ્થાપેલી શિક્ષણસંસ્થા દક્ષિણામૂર્તિમાંથી છૂટા થઈ તેમણે આંબલામાં ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. શ્રમ અને રાષ્ટ્રીય જીવન ભાવનાઓની કેળવણીને તેમણે પછીથી સણોસરાની લોકભારતી સંસ્થામાં મૂર્તિમંત કરી જે રાષ્ટ્રીય કક્ષા સુધી આદર પામી. મીઠાના સત્યાગ્રહ ઉપરાંત હિંદ છોડો વગેરે લડતોમાં ભાગ લઈ તેમણે જેલવાસ ભોગવેલો. સૌરાષ્ટ્ર સરકારની રચના થતાં તેમણે મંત્રીપદ ભોગવેલું, સંસદસભ્ય પણ થયા હતા. તેમણે સાહિત્યિક અને કેળવણી વિષયક ગ્રંથો આપ્યા છે. અગ્રણી લેખક, કેળવણીકાર, ચિંતક અને સામાજિક અગ્રણી મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૧), મૂળશંકર મો. ભટ્ટ (૧૯૦૭-૧૯૮૪), બાળ કેળવણીના મહિમાવંત પુરોધા ગિજુભાઈ બધેકા (૧૮૮૫-૧૯૩૯), માનસશાસ્ત્રીય દૃષ્ટિથી બાળકેળવણીને મૂલવનારા હરભાઈ દુર્લભજી ત્રિવેદી વગેરે તેમના સાથીદારો હતા.

બગસરાના વતની અગ્રણી સાહિત્યકાર, લોક સાહિત્યના સંશોધક અને પત્રકાર ઝવેરચંદ કાળિદાસ મેઘાણીએ (૧૮૯૬-૧૯૪૭ મીઠાની લડત વખતે ધરપકડ થતાં ધંધુકાની કોર્ટમાં બચાવના બદલે પોતાનું ગીત 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' લલકારેલું અને ગોળમેજી પરિષદમાં જતાં મુંબઈના બંદરે 'છેલ્લો કટોરો' કાવ્ય સાંભળી ગાંધીજીએ તેમને 'રાષ્ટ્રીય શાયર' કહ્યા, જે તેમની ઓળખ બની ગઈ. તેમનો લડતગીતોનો સંગ્રહ 'સિંધુડો' જપ્ત થયેલ. 'ફૂલછાબ'ના તંત્રી તરીકે તેમણે લડતના ખબરો દ્વારા લોકોમાં જુસ્સો પ્રગટાવેલો. પત્રકાર તરીકે 'સૌરાષ્ટ્રના સિંહ' તરીકે ઓળખાયેલા. દેશી રાજયોના દુ:ખદર્દોને 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ' વગેરે પત્રો શરૂ કરી વાચા આપનાર લડવૈયા લીંબડીના અમૃતલાલ શેઠ (૧૮૯૧-૧૯૫૪), એવા જ ધમકદાર પત્રકાર અને લેખક ગોંડળના કક્કલભાઈ કોઠારી (૧૯૦૨-૧૯૬૬), લગભગ બધી લડતોમાં જોડાઈ જેલમાં ગયેલા પત્રકાર અને લોકસાહિત્યકાર જયમલભાઈ પ્રાગજીભાઈ પરમાર (૧૯૧૦-૧૯૯૧) વગેરે તેમના સાથીદારો હતા.

ભોળાદ જિ. ભાવનગરના રામનારાયણ નાગરદાસ પાઠકે (૧૯૦૫-૧૯૮૮) નાગપુર ઝંડા સત્યાગ્રહ, વીરમગામ વગેરે લડતોમાં ભાગ લીધો, જેલવાસ ભોગવ્યો અને નૂતન કેળવણીના પ્રયોગોમાં ગંભીરા, ભાવનગર, બોરડીમાં કામ કર્યું, પુસ્તકો લખ્યાં. ગાંધીજીના કહેવાથી હરિજન સેવાકાર્ય માટે ફંડ કરવા બ્રહ્મદેશ અને પૂર્વ આફ્રિકાના પ્રવાસે ગયા, આશ્રમો સ્થાપ્યા, ખાદી કાર્ય કર્યું. તેમના સંખ્યાબંધ પુસ્તકો ઉપાદેય વાચન પૂરું પાડે છે.

અમરેલીના વતની ડૉ. જીવરાજભાઈ નારાયણ મહેતા (૧૮૮૭-૧૯૭૮) લંડનમાં મેડિકલના અભ્યાસ અને સેવાકાર્યમાં હતા ત્યારે ૧૯૧૪માં ગાંધીજીને પ્લુરસી થતાં સુશ્રૂષા કરી પ્રેમ સંપાદન કર્યો. દેશમાં આવીને પણ સેવાકાર્ય અને સ્વાતંત્ર્યની લડતોમાં ભાગ લઈ જેલવાસ ભોગવ્યો. વડોદરા રાજ્યના મુખ્ય તબીબ બન્યા, સ્વરાજ પછી દીવાન થયા. અલગ ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન થયા, લંડનમાં હાઈકમિશ્નરપદે રહ્યા, ભારત સરકારના આરોગ્યમંત્રી હતા.

ભાવનગરના બળવંતરાય ગોપાળજી મહેતા (૧૮૯૯-૧૯૬૫) અભ્યાસ દરમ્યાન ગાંધીજીના સંપર્કમાં આવ્યા અને બારડોલી, ધોલેરા, હિંદ છોડો વગેરે લડતોમાં જોડાયા, જેલમાં પણ રહ્યા. સ્વરાજ પછી ભાવનગર જવાબદાર રાજતંત્રના મુખ્યમંત્રી બન્યા. સૌરાષ્ટ્ર રાજ્યમાં તેઓ નાયબ મુખ્યમંત્રી હતા. ૧૯૫૨ અને ૧૯૫૭ એમ બે વખત સંસદમાં ચૂંટાયા, મહત્ત્વના અહેવાલો આપી 'પંચાયત રાજના પિતા' ગણાયા. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કામ કરતાં પાકિસ્તાન સાથેની લડાઈ વખતે તેમનું વિમાન તોડી પડાતાં તેમના ધર્મપત્ની સરોજબહેન સાથે શહીદ બન્યા.

રાજકોટના ઉછરંગરાય નવલશંકર ઢેબર (૧૯૦૫-૧૯૭૭) સત્યાગ્રહ, ૧૯૩૮ની રાજકોટની લડત, રેલસંકટ વગેરેમાં જોડાયા, દેશી રાજ્યોના જુલમો સામે લોકોને માર્ગદર્શન પૂરું પાડ્યું. સૌરાષ્ટ્રનું એકમ થતાં મુખ્યમંત્રી બન્યા અને ગિરાસદારીનો અંત આણી દેશભરમાં જમીનદારી નાબૂદીના ઇતિહાસમાં સૌરાષ્ટ્રે નામના કાઢી. વડાપ્રધાન જવાહરલાલજીએ તેમને ૧૯૫૪ થી ૧૯૬૦ સુધી કૉંગ્રેસના પ્રમુખસ્થાને મુકાવ્યા. આદિવાસી પંચના અધ્યક્ષ, ખાદી ગ્રામોદ્યોગ કમિશનના અધ્યક્ષ વગેરે જવાબદારીઓ સંભાળી. ગુજરાતમાં ગાંધીજી અને સરદાર પટેલના સ્મારકો ઊભાં કરાવવાની મહત્ત્વની કામગીરી કરી.

મૂળ ઉમરાળાના વજુભાઈ મણિલાલ શાહ (૧૯૧૦-૧૯૮૩) વિદ્યાર્થી કાળથી જાહેર કાર્યોમાં રસ લેતા થયા હતા. ઈજનેરીનો અભ્યાસ છોડી વિવિધ સત્યાગ્રહોમાં ભાગ લઈ જેલમાં ગયા, યુવક સંગઠનો કરી સેવાકાર્યો કર્યા, પુસ્તકો લખ્યાં. ભૂદાન આંદોલનમાં

જવાબદારી સંભાળી. સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની વિધાનસભાઓમાં ચૂંટાઈ મંત્રીપદ સંભાળ્યું, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની રચનામાં આગેવાની લીધી અને જવાબદારીઓ સંભાળી. ગુજરાત ખાદીગ્રામોદ્યોગ બોર્ડના અધ્યક્ષ બન્યા, ગુજરાત સંસ્થા કૉંગ્રેસના અધ્યક્ષ રહ્યા. તેમનાથી નાના ત્રણે ભાઈઓ કાંતિભાઈ, બાબુભાઈ, અનુભાઈ પણ સેવાકાર્યમાં જ જોડાયેલા રહ્યા. કાંતિભાઈએ પુસ્તકો લખ્યાં છે.

આટકોટના વતની રતુભાઈ મૂળશંકર અદાણી (૧૯૧૪-૧૯૯૭) અભ્યાસ છોડી મીઠા સત્યાગ્રહ, હિંદ છોડો ચળવળ, ઉપરાંત આરઝી હકૂમતમાં સરદાર તરીકે વરણી પામ્યા. જૂનાગઢ પાસે શાપુરમાં સર્વોદય આશ્રમ સ્થાપ્યો, ચર્મોદ્યોગ વગેરે રચનાત્મક પ્રવૃત્તિઓ કરી. ગાંધીજીના આશીર્વાદ મેળવ્યા. સૌરાષ્ટ્ર, મુંબઈ, ગુજરાત રાજ્યોના મંત્રી મંડળમાં જોડાઈ મહત્ત્વનાં કાર્યો કર્યાં. ગ્રામવિકાસના કાર્યો કર્યા અને સંસ્મરણોના યાદગાર પુસ્તકો લખ્યા.

આ બધા ઉપરાંત ગુણવંતરાય પુરોહિત, નરેન્દ્રભાઈ નથવાણી, પુષ્પાબહેન મહેતા, જાદવજી મોદી, મણિલાલ કોઠારી, મણિશંકર ત્રિવેદી, જગુભાઈ પરીખ, પૂર્ણિમાબહેન પકવાસા, ઈસ્માઈલભાઈ નાગોરી, કનુભાઈ લહેરી, અમુલખભાઈ ખીમાણી, જેઠાલાલ જોષી, વાલજી ગોવિંદજી દેસાઈ, લલ્લુભાઈ શેઠ, જશવંત મહેતા, સનત મહેતા, શંભુ શંકર ત્રિવેદી, આત્મારામ ભટ્ટ, મનુભાઈ શાહ, રસિકલાલ પરીખ વગેરે તથા અનેક નામી અનામી કાર્યકરો, લડતવીરોને વિગતે યાદ કરી શકાય છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ સેવા ટ્રસ્ટે જયાબહેન શાહના સંપાદન હેઠળ પુષ્કળ મહેનત કરીને તૈયાર કરેલા ગ્રંથ 'સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સૈનિકો અને લડતો'માં ૧૨૦૦ જેટલા લડતવીરોના પરિચય અપાયા છે.

ગાંધીજી સાથે કસ્તૂરબા ગાંધી, તેમના ચાર પુત્રો અને કનુભાઈ ગાંધી જેવા અનેક પરિવારજનોએ, મનુબહેન ગાંધીએ ઘણી સેવા આપી છે, કામ કર્યું છે. તેની પણ વિસ્તૃત નોંધ લેવાવી જોઈએ. સંશોધનોની આ એક કાર્યદિશા છે. ✱✱✱

મોબાઈલ : ૦૨૭૮ - ૨૫૬૯૮૯૮

## છે તેટલું તો વાપરો !

એક દિવસ ચારપાંચ જુવાનિયા મારી પાસે આવ્યા. વાત વાતમાં તેમણે પૂછ્યું: 'મહારાજ, અમે ઈંડાં ખાઈએ તે અંગે તમારો શો અભિપ્રાય છે?'

મને થયું: એમને શો જવાબ આપું? પણ તરત જ મારાથી કહેવાઈ ગયું: 'અલ્યા, તમારે ઈંડાં ખાવાં કે નહીં એમાં મને શું પૂછો છો?-એ ઇંડાની મૂકનાર માને જ પૂછી જુઓ ને!'

'પણ દાદા નિર્જીવ ઈંડાં ખાઈએ તો?'

'પણ, મને એ તો કહો કે તારે ઈંડાં ખાવાં છે શું કામ?'

'કેમ? ઈંડાંમાં પુષ્કળ વિટામિન અને પ્રોટીન હોય છે' યુવાનોમાંથી એકે કહ્યું.

'તમારી પાસે છે એટલું વિટામિન તો વાપરો!-પછી ખૂટે તો વિચારજો.'

અને એના અનુસંધાનમાં ગાંધીજીની એક વાત મને યાદ આવી તે મેં જુવાનોને કહી સંભળાવી:

ગાંધીજી તો પ્રયોગવીર હતા. અનેક જાતના પ્રયોગો કરતા. એમનું જીવન એટલે પ્રયોગ. એક દિવસ ગાંધીજીને વિચાર આવ્યો કે માણસ જો કાચું જ અનાજ ખાવાની ટેવ પાડે, તો એની કેટલીયે શક્તિ બચે અને ઓછી વસ્તુમાંથી પણ વધારે તાકાત મેળવી શકે.

ગાંધીજીને વિચાર આવ્યો એટલે જોઇએ શું? પોતાની જાતથી જ શરૂ કરે. એ જ તેમના જીવનની વિશેષતા હતી. મને તેમની આ વાત ગમી ને હું તેમના પ્રયોગમાં જોડાયો.

એક દિવસ તેમના ઓરડામાં મારે કાંઈક લેવા જવાનું થયું. બાપુએ મને બોલાવ્યો.

'તારો પ્રયોગ ચાલે છે?' એમણે પૂછ્યું.

'હા.' મેં ટૂંકો જવાબ આપ્યો.

'વજન ઘટ્યું?'

'પોણો શેર ઘટ્યું છે.'

'પણ શક્તિ?'

'થોડી ઘટી હોય એમ લાગે છે.'

'તું શું કામ કરે છે?'

મે મારે ભાગે આવતાં બધાં જ કામો ગણાવ્યાં.

'આ બધું કામ થઈ શકે છે?'

'હા, એમાં વાંધો નથી આવતો.'

'તો પછી શક્તિ ઘટી છે તેમ તું શા ઉપરથી કહે છે?'

એ વાણિયાને હું શો જવાબ આપું! અને પછી બાપુએ જે ભાષ્ય કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી:

'તને ખબર છે? ખપની શક્તિ કરતાં વધારે શક્તિ શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે. આ બહુ સમજવા જેવી વાત છે. એટલે જેટલું કામ કરવાનું હોય એટલી જ શક્તિ ઉત્પન્ન કરવી જોઇએ. વધારાની શક્તિથી લાભ નથી; ઊલટાની વધારાની શક્તિ ચિત્ત ને ઇંદ્રિયોમાં વિકાર પેદા કરે છે.'

☐ **રવિશંકર મહારાજ**

● *વિશ્વાસને હંમેશાં તર્કથી તોળવો જોઈએ. અંધ વિશ્વાસ સર્વનાશ કરે છે.*

# મહાત્મા ગાંધીના અમદાવાદના સાથીઓ

❑ સોનલ પરીખ

૧૯૧૫ની નવમી જાન્યુઆરીએ મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા અને એ જ વર્ષની પહેલી ફેબ્રુઆરીએ અમદાવાદ આવ્યા. અમદાવાદના મોટા મિલમાલિક શેઠ મંગલદાસ ગિરધરલાલ અને ડૉ. હરિપ્રસાદ દેસાઈએ તેમનું સ્વાગત કર્યું. ગાંધીજી વસવાટ માટે અનુકૂળ સ્થળની શોધમાં હતા. આ બંનેએ તેમને અમદાવાદમાં વસી જવા કહ્યું. રવીન્દ્રનાથ ટાગોરે તેમને શાંતિનિકેતન નજીક વસવા કહ્યું હતું. બનારસમાં અને મુંબઈમાં પણ સમૃદ્ધ ટેકેદારો હતા જે ગાંધીજી ત્યાં આવીને વસે તેની રાહ જોતા હતા. રાજકોટમાં તો ગાંધીજીનો પરિવાર જ હતો. આ બધામાંથી ગાંધીજીએ અમદાવાદને પસંદ કર્યું. કારણ કે અમદાવાદ ટેક્સટાઈલ સેન્ટર હતું. અને ગાંધીજી હાથવણાટ અને ગ્રામોદ્યોગને વિકસાવવા માગતા હતા. ઉપરાંત ત્યાં હરતી ફરતી જંગમ અસ્કયામતો જેવા શ્રીમંત શેઠિયાઓ હતા. અમદાવાદના તેમના સાથીઓ વિશે આ લેખમાં થોડી વાત કરીશું. આ લેખનો આધાર સાબરમતી આશ્રમે પ્રગટ કરેલું પુસ્તક છે.

હઠીસિંગ પરિવારના મંગલદાસ ગિરધરદાસ ત્યારે અમદાવાદના સૌથી શ્રીમંત મિલમાલિક હતા. ગાંધીજીનાં કામોમાં તેમણે સતત મદદ કર્યા કરી હતી. મજૂર હડતાળ વખતે તેઓ મિલમાલિક એસોસિએશનના પ્રમુખ હતા. સમાધાનમાં તેમનો મોટો હાથ હતો. ચિનુભાઈ બેરોનેટે ગાંધીજી અમદાવાદમાં આવ્યા ત્યારે સ્વાગત કર્યું હતું. તેઓ રાષ્ટ્રવાદી ચળવળમાં પુષ્કળ ગુપ્તદાન કરતા. એક મોટું મેદાન તેમણે પોતાની જમીનોમાંથી કાઢી આપેલું જેમાં ગાંધીજીની સભાઓ ભરાતી. ચિનુભાઈના દાદા રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં પહેલી મિલ શરૂ કરી હતી.

મજૂર ચળવળમાં બાપુ સાથે ઉપવાસ કરનાર પહેલા હતા કાલીદાસ ઝવેરી. બાપુના સૂચનથી ફર્નાન્ડીઝ બ્રિજ પર પહેલું ખાદી મંદિર તેમણે બનાવેલું. ૧૯૨૦ની શરૂઆતમાં હરિપ્રસાદ દેસાઈએ બ્રિટીશ સરકારના કોપની પરવા કર્યા વિના પોતાના 'હિતેચ્છુ પ્રકાશન'માં હિંદ સ્વરાજ છાપ્યું હતું.

મહાદેવભાઈ દેસાઈ, નરહરિ પરીખ, સરદાર પટેલ આ બધા ગાંધીજી સાથે અમદાવાદમાં જોડાયા. તેઓ ગુજરાત સભાના સભ્ય હતા. મોટા સત્યાગ્રહી હતા. સ્વતંત્રતા પછી પણ સેવાક્ષેત્રે અને રાજકીય ક્ષેત્રે સક્રિય હતા.

મહાત્મા ગાંધીનો ભારતમાં પહેલો આશ્રમ કોચરબમાં બન્યો. આ આશ્રમ માટે પોતાનો બંગલો આપનાર હતા જીવણલાલ બેરિસ્ટર. નવજીવન પ્રેસ માટે તેમણે શહેરમાં પોતાનો બીજો બંગલો કાઢી આપ્યો હતો. જીવણલાલ બેરિસ્ટર લંડનના ઈન્ડિયા હાઉસના સભ્ય હતા અને ક્રાંતિકારીઓથી પ્રભાવિત હતા. પણ ગાંધીજીના પાકા ભક્ત પણ હતા. ગાંધી મૂલ્યો પર આધારિત નવી ગુજરાત શાળા માટે તેમણે દાન આપેલું.

અમદાવાદના સાથીઓમાં સારાભાઈ પરિવારનો ઉલ્લેખ અનિવાર્ય ગણાય. લીલા હઠીસિંગ અને સારાભાઈ પરિવાર અમદાવાદના મોટા ઉદ્યોગપતિ પરિવારો હતા. લીલા હઠીસિંગ વિધવા હોવાથી જાહેરમાં કદી ન દેખાતા પણ ગાંધીજીના કામોમાં ખૂબ મદદ કરતા.

અંબાલાલ સારાભાઈએ ૧૯૧૫માં આશ્રમને ૧૩,૦૦૦ રૂપિયા આપેલા. ત્યારે દુદાભાઈ હરિજનના પરિવારને આશ્રમમાં

## નવજીવન મુદ્રણાલય

અમદાવાદમાં ઉમર સોબાની અને શંકરલાલ બેંકરે તેમનું 'યંગ ઈન્ડિયા' ગાંધીજીને સ્વાતંત્ર્ય સંગ્રામ માટે સોંપ્યું. ગુજરાતીમાં ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાનું 'નવજીવન અને સત્ય' ગાંધીજીને સોંપ્યું. ગાંધીજીને તો વધુમાં વધુ લોકો સુધી પહોંચવું હતું. ૧૯૧૯થી આ બંને ગાંધીજીની રીતે પ્રગટ થવા માંડ્યા. ત્રીજા જ અંકથી ૬૦૦માંથી ૬૦૦૦ વાચકો થયા. ખમાસાનું પ્રેસ નાનું પડવા માંડ્યું. બીજા કોઈ પ્રેસ અંગ્રેજ સરકારના ભયે કામ હાથમાં લે નહીં. મનોહર પ્રેસને ખરીદીને નામ આપ્યું નવજીવન મુદ્રણાલય અને બંને ત્યાંથી છપાવા લાગ્યાં. ચાલીસ ચાલીસ હજાર વાચકો સુધી પહોંચ્યા. ૧૯૨૨માં આ બધું લખવા માટે ગાંધીજીને પકડ્યા અને જેલમાં પૂર્યા. પ્રેસનું સ્થળ ફરી બદલાયું. ૧૯૨૯માં નવજીવનને બાપુએ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ બનાવ્યું. તેમાં ગાંધીજીનાં જ પુસ્તકો પ્રગટ થતા. કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ અને જીવણજી દેસાઈ કામ સંભાળતા. વખત જતાં જીવણજી દેસાઈ એકલા પર નવજીવનનો ભાર આવ્યો. તેમના પછી ઠાકોરભાઈ દેસાઈએ નવજીવન સંભાળ્યું. ત્યાર પછી તેમના પુત્ર જિતેન્દ્ર દેસાઈ અને હવે જિતેન્દ્રભાઈના પુત્ર વિવેક દેસાઈ 'નવજીવન'નો કાર્યભાર સંભાળે છે.

પ્રવેશ આપવાથી બધા ગાંધીજીની વિરુદ્ધ થઈ ગયેલા. એ વખતે અંબાલાલ સારાભાઈએ આપેલી આ રકમથી આશ્રમનું એક વર્ષનું ખર્ચ નીકળી ગયું હતું. તે વખતે અંબાલાલ માત્ર ૨૫ વર્ષના હતા. શાંત અને સૌમ્ય, પણ પ્રસ્થાપિત મૂલ્યોનો વિરોધ કરવાની તાકાત ધરાવતાં તેમનાં પત્ની સરલાદેવી વિદેશી બનાવટોનો બહિષ્કાર, સ્વદેશી, અસહકાર વગેરે પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. જેલમાં પણ ગયેલા. આ દંપતીનાં પુત્રી મૃદુલા વિદ્રોહી સ્વભાવનાં હતાં અને શરૂઆતથી જ ગાંધી કાર્યોમાં સક્રિય હતાં. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓ અને બાળકોને પ્રેરિત કરવામાં મૃદુલા સારાભાઈનો મોટો હાથ હતો. અનસૂયા સારાભાઈ અંબાલાલનાં મોટા બહેન ઈંગ્લેન્ડમાં ડૉક્ટરી અભ્યાસ છોડી સમાજસેવા શીખ્યાં. સમાજવાદી વિચારધારાથી પ્રેરિત અને 'અહેડ ઓફ ધ ટાઈમ' રહેલાં અનસૂયાબહેને મિલકામદારોની લડતમાં પોતાના ઉદ્યોગપતિ ભાઈ વિરુદ્ધ મહાત્મા ગાંધીને સાથ આપ્યો. બાળલગ્નમાંથી મુક્તિ મેળવી, માથે ઓઢવાનું છોડ્યું. મજૂર મહાજન સંઘની સ્થાપના કરી.

મહાદેવભાઈ પછીથી ગાંધીજીના અંગત સચિવ બની ગયા.

નરહરિ પરીખ ૧૯૧૭માં સાબરમતી આશ્રમમાં શિક્ષક તરીકે જોડાયા. ગુજરાત વિદ્યાપીઠ બની તેમાં અને રાષ્ટ્રીય શાળામાં તેમનું અત્યંત મહત્ત્વનું યોગદાન રહ્યું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં મોટા સમૂહને પ્રેરિત કરવાની તેમનામાં શક્તિ હતી. તેઓ ગુજરાત વિદ્યાપીઠના પહેલા પ્રિન્સીપાલ હતા. નરહરિ પરીખ, મહાદેવ દેસાઈ અને માવળંકર આશ્રમના પ્રારંભના અંતેવાસીઓ હતા અને બાપુના આજીવન સાથી બની રહેલા. માવળંકરજી જીવનભર ગાંધી કાર્યોમાં રત રહ્યા. સ્વતંત્ર ભારતના તેઓ પ્રથમ લોકસભા સ્પીકર હતા.

આવા જ આજીવન સાથી હતા શંકરલાલ બેંકર. મિલમજૂરોના સંઘર્ષ વખતે અનસૂયા સારાભાઈ સાથે ગાંધીજીના મોટા ટેકેદાર બની રહેલા. ખાદીને લોકપ્રિય બનાવવામાં તેમ જ અસ્પૃશ્યતા નિવારણમાં તેમની મોટી ભૂમિકા રહી. તેમનામાં અદ્‌ભુત વહીવટી કુશળતા હતી. ૧૯૧૪માં તેમણે લંડનમાં ગાંધીજીને સાંભળ્યા ત્યારથી ગાંધી રંગે રંગાયા હતા. ૧૯૧૭માં હોમરૂલ આંદોલન વખતે બ્રિટીશ સરકારે એની બિસેન્ટને પકડયા તેના વિરોધમાં તેમણે બાપુ સાથે રાષ્ટ્રવ્યાપી આંદોલન કર્યું હતું.

કસ્તૂરભાઈ લાલભાઈ મિલમાલિક હતા. સક્રિય લેખક અને રાજકારણી કસ્તૂરભાઈને બાપુએ ૧૯૨૯માં ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના ફંક્શનમાં મોકલ્યા હતા.

૧૯૨૩માં યરવડા જેલમાં ગાંધીજીની આત્મકથાના પહેલા ત્રીસ પ્રકરણ લખનાર ઈન્દુલાલ યાજ્ઞિક ૧૯૧૫માં ગાંધીજીને મળ્યા ત્યારે ગોખલેના ભારતીય સેવક સંઘના સભ્ય હતા.

એક નોંધવા જેવી વાત એ છે કે ગાંધીજી વિદ્યાર્થી અવસ્થામાં મેટ્રિકની પરીક્ષા આપવા અમદાવાદ ગયા હતા ને ધના સુતારની પોળમાં માનકીવાલા શેઠને ત્યાં રહ્યા હતા. ૧૯૩૦માં દાંડીકૂચ પછી તેમણે આશ્રમ છોડ્યો, અમદાવાદ નહીં. ૧૯૩૦થી ૧૯૩૫ દરમિયાન તેઓ વારંવાર અમદાવાદ આવ્યા હતા અને તે વખતે આંબાવાડીમાં રણછોડલાલ શોધનના બંગલે રહેતા. રણછોડલાલ કોચરબના પહેલાં નિવાસીઓમાંના એક હતા અને વિદેશી કપડાંની હોળી કરનાર પહેલા જૂથમાંના એક પણ હતા.

✱ ✱ ✱

Mobile 9833708494

## કાન્તિભાઈ પારેખ

કચ્છ માંડવીના વતની કાન્તિભાઈના પિતા નથુભાઈ મહાત્મા ગાંધીના ભક્ત. તેઓ કાલીકટ હતા. ગાંધીજી એકવાર ત્યાં ગયા અને લબરમૂછિયા યુવાનો દેશસેવામાં જોડાય તેવી ઇચ્છા વ્યક્ત કરી ત્યારે નથુભાઈ બોલ્યા, 'આ મારો કાંતિ તમને આપ્યો.' કાન્તિભાઈ ૧૨ વર્ષની વયે સાબરમતી આશ્રમમાં રહેવા ચાલ્યા ગયા. સાબરમતી આશ્રમ ત્યારે શરૂઆતના તબક્કામાં હતો. કાન્તિભાઈ વીસ વર્ષ સુધી આશ્રમમાં રહ્યા. આ સમય દરમ્યાન મહાત્મા ગાંધીએ જે જે જવાબદારી સોંપી, અદા કરી, દાંડીકૂચ દરમ્યાન કૂચ કરનારાઓ માટે આગળથી જે વ્યવસ્થા કરવાની હોય તે ટીમના મુખ્ય સંચાલક કાન્તિભાઈ હતા. તેમના ભાઈ જયંતીભાઈ દાંડીકૂચમાં ગાંધીજી સાથે હતા. બીજા ભાઈ ઇન્દુભાઈએ નારાયણ દેસાઈ સાથે ઘણું કામ કર્યું.

બારડોલી હુલ્લડમાં તેમના શરીરે ધારિયાના જે ઘા થયા ચમત્કાર ગણો કે તેમની શ્રદ્ધા-શરીરના જે ભાગ પર ખાદી હતી ત્યાં ઘા થયા ન હતા, પણ તેઓ મૃત ઘોષિત થયા. મુંબઈના તેમના ઘરમાં પિતાને હૃદયરોગનો હુમલો આવી ગયો. સરોજિની નાયડુ, અબ્દુલ ગફારખાન, મૌલાના આઝાદ આશ્વાસન આપવા આવ્યા. દરમ્યાન સરદાર પટેલ પોતાના આ પ્રિય શિષ્યને આશ્રમમાં અગ્નિ સંસ્કાર કરવા હર્સમાં લઈ જતા હતા ત્યાં મણિબહેને જોયું કે તેમનો અંગૂઠો જરા હલ્યો. સીધા હૉસ્પિટલમાં લઈ ગયા અને પછી બચી ગયા. તેમના લગ્ન જામનગરની કન્યા ચંદન ઝવેરી સાથે થયાં હતાં. ચંદન બહેન પિકેટિંગ કરતા અને પ્રણ લઈને બેઠેલા કે ગાંધીકામ કરતા યુવાન જોડે જ પરણીશ. સરદાર પટેલે બંનેને જોડી આપ્યા. રવિશંકર મહારાજે લગ્ન વિધિ કરાવી. પતિએ કાંતેલા સૂતરની સફેદ સાડી પહેરી ચંદનબહેન કાન્તિભાઈને પરણ્યાં. બંને આજીવન ખાદીધારી, અપરિગ્રહી અને સેવાવ્રતી રહ્યા. સિવિલ લિવિંગ હાઈ થિંકિંગના મૂર્તિમંત પ્રતીકો બની રહ્યા.

# મહાત્મા ગાંધીના મહિલા સાથીઓ

☐ ઉષા ઠક્કર

*[ ડૉ. ઉષા ઠક્કર મણિભવન ગાંધી સંગ્રહાલયમાં પ્રમુખ છે. એસએનડીટી યુનિવર્સિટીમાંથી પોલિટીકલ સાયન્સમાં પ્રાધ્યાપિકા અને અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયેલાં ઉષાબહેને શિકાગો અને કેનેડાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પોસ્ટ ડૉક્ટરેટ સંશોધન કર્યું છે. તેઓ યુકેની શેફિલ્ડ સીટી પોલિટેકનિકના વિઝિટિંગ ફેલો પણ હતાં. મુંબઈની એશિયાટીક સોસાયટી અને રાજસ્થાનની બનસ્થલી વિદ્યાપીઠના ભૂતપૂર્વ ઉપપ્રમુખ ઉષાબહેનના કાર્ય-સંશોધનક્ષેત્રો છે ગાંધી અભ્યાસ, 'ભારતીય રાજકારણ અને સ્ત્રીશિક્ષણ' 'અન્ડરસ્ટેન્ડિંગ ગાંધી' સહિત છએક પુસ્તકોના સહલેખન-સંપાદન તેમણે કર્યાં છે. હાલ તેઓ 'ગાંધી એન્ડ મુંબઈ' પુસ્તક લખી રહ્યાં છે. ]*

'સ્ત્રીને અબળા કહેવી એ અપમાન છે અને પુરુષનો સ્ત્રી પ્રત્યેનો અન્યાય છે. જો શક્તિનો અર્થ માત્ર પાશવી બળ થતો હોય, તો તે સ્ત્રીમાં પુરુષ કરતાં ઓછું છે. પણ જો શક્તિનો અર્થ નૈતિક બળ થતો હોય તો પુરુષ કરતાં સ્ત્રી ઘણી ચડિયાતી છે. તેનામાં વધુ ત્યાગ, સહનશક્તિ અને સાહસ છે. તેના વિના પુરુષ ન હોઈ શકે. જો અહિંસા આપણા અસ્તિત્વનો સિદ્ધાંત હોય તો ભવિષ્ય સ્ત્રીઓ પાસે છે.' આ શબ્દો છે સ્ત્રીજીવનમાં શાંત ક્રાંતિ લાવનાર મહાત્મા ગાંધીના.

પરંપરાગત ભારતીય સમાજમાં ગાંધીજીએ પોતાના વિચારો અને કાર્યો દ્વારા પરિવર્તનનો શંખ ફૂંક્યો અને સ્ત્રીમુક્તિના ઇતિહાસમાં નવું પ્રકરણ ખૂલ્યું. ગાંધીજીએ સહજતાથી સ્ત્રીના જીવનની વ્યથા અને વેદના જાણી અને સ્નેહપૂર્વક તેની સુષુપ્ત શક્તિને જગાડી. તેના કાર્યક્ષેત્રને વ્યાપક બનાવ્યું. તેના નિજી જીવનનો સાર્વજનિક ક્ષેત્ર સાથે સંબંધ જોડ્યો. ગૃહક્ષેત્રમાં તો સ્ત્રીની મહત્ત્વની કામગીરી છે જ. તે સાથે ગાંધીજીએ સામાજિક ક્ષેત્રમાં, રચનાત્મક કાર્યમાં, ગ્રામવિકાસના કાર્યમાં, શિક્ષણ ક્ષેત્રમાં અને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સ્ત્રી માટે વિધેયાત્મક ભૂમિકાની તરફેણ કરી. ગાંધીજીના રચનાત્મક કાર્યમાં અને તેમણે શરૂ કરેલ ચળવળમાં અનેક સ્ત્રીઓ જોડાઈ.

ગાંધીજીના મહિલા સાથીઓમાં અનેક જાણીતાં અને અજાણ્યાં નામ છે. કસ્તૂરબા ગાંધીજીનાં પત્ની અને તે સાથે દૃઢ મનોબળવાળાં સાથી. ગાંધીજી સાથે રહેવું અને પોતાનું વ્યક્તિત્વ જાળવી રાખવું લગભગ અશક્ય જેવું કામ લાગે. અને છતાં કસ્તૂરબા આ કામ કરી શક્યા. જે વાત પોતાને યોગ્ય લાગે તેને સમજીને પતિને દરેક કામમાં સાથ આપ્યો. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહથી આગાખાન પેલેસના કારાવાસ સુધી, જીવનના છેલ્લા શ્વાસ સુધી, ગાંધીજી સાથે રહ્યાં. દક્ષિણ આફ્રિકામાંથી સત્યાગ્રહનો પહેલો પાઠ લઈને તેમણે ગુજરાતમાં કામ કર્યું, બિજલપુર જેવી જગ્યાઓએ સભાઓ કરી અને બહેનોને ખાદી અને રેંટિયો અપનાવવાની સલાહ આપી.

ગાંધીજીનાં કેટલાય મહિલા સાથીઓ સક્રિય રીતે ચળવળમાં જોડાયાં, તો કેટલાય મહિલા સાથીઓ રચનાત્મક કાર્યમાં. અને અનેક અજાણી મહિલાઓએ પોતાના ઘરમાં ગાંધીવિચારનો દીપક પ્રગટાવ્યો, બાળકોમાં રાષ્ટ્રપ્રેમના સંસ્કાર સિંચ્યા અને જેલમાં ગયેલા દેશપ્રેમીઓનાં કુટુંબોને સંભાળ્યાં. સ્વાતંત્ર્ય સંગ્રામમાં સ્ત્રીઓએ પુરુષો સાથે ખભેથી ખભો મેળવીને કામ કર્યું છે અને ગાંધીજીના આહ્વાન પર દાંડી કૂચના સમયે, સવિનય કાનૂન ભંગના સમયે અને 'કરેંગે યા મરેંગે'ની ઉત્તેજનાના સમયે સ્ત્રીઓએ પોતાના યશસ્વી કાર્યો દ્વારા અપૂર્વ ક્ષમતા અને શક્તિનો પરિચય આપ્યો છે. તેમણે પોલીસનો માર ખાધો છે, જેલની

મહાત્મા ગાંધીએ મહિલાઓમાં રહેલી અહિંસક પ્રતિકારની શક્તિને પિછાણી તેનો શ્રેષ્ઠ ઉપયોગ સ્વાતંત્ર્ય સંગ્રામમાં કર્યો હતો. મહિલાઓની આખી પેઢી ઊભી થઈ હતી જેમણે વિદેશી વસ્ત્રો અને આભૂષણોનો ત્યાગ કરી ખાદી અપનાવી. આશ્રમના વહીવટ કાર્યો પર દેખરેખ રાખતા ગંગાબહેન વૈદ્યે મહાત્મા ગાંધીને ચરખો શોધી આપ્યો હતો.

મુંબઈના રાષ્ટ્રવાદી પત્રકાર ગોરધનભાઈ પટેલનાં પત્ની ગંગાબહેન પટેલ મહાત્મા ગાંધીના નિકટના વર્તુળમાનાં એક હતા. ગાંધીવિચારોને પૂર્ણપણે સમર્પિત હતાં. જેલવાસ પણ ભોગવ્યો. જાણીતા સાહિત્યકાર ધીરુબહેન પટેલ આ ગોરધનભાઈ–ગંગાબહેનનાં પુત્રી છે.

કમળાબહેન પટેલે ભાગલા દરમ્યાન વિસ્થાપિત થયેલી સ્ત્રીઓના પુનર્વસવાટનું કામ કર્યું હતું. ગાંધીપરિવારની પુત્રી મનુબહેન અને પુત્રવધૂ આભાબહેનને ગાંધીની 'લાકડીઓ' તરીકે સૌ ઓળખે છે.







યાતનાઓ સહી છે. પ્રભાતફેરીઓ કાઢી છે, ખાદી અને સ્વદેશીનો પ્રચાર કર્યો છે, વિદેશી કાપડ અને દારૂની દુકાનો પર પિકેટિંગ કર્યું છે અને બધી મુસીબતોનો ધૈર્ય અને સાહસથી મુકાબલો કર્યો છે. ગાંધીજીએ દેશની સ્ત્રીઓને કહેલું કે મને તમારા પાસેથી ઘણી અપેક્ષાઓ છે અને સ્ત્રીઓએ તેમને નિરાશ નથી કર્યા.

**સરોજીની નાયડુ** અનુપમ કવયિત્રી અને સમર્થ નેતા અને વક્તા. ૧૯૨૫માં કોંગ્રેસના પ્રમુખ ચૂંટાયેલાં. તેમની વાણી સભાઓને મંત્રમુગ્ધ કરી દેતી અને તેમનું નેતૃત્વ લોકોમાં શક્તિનો નવસંચાર કરી દેતું. ધરાસણાના સત્યાગ્રહમાં તેમણે ચળવળની અહિંસક શક્તિ દર્શાવેલી. કૂચ કરતાં પહેલાં તેમણે સત્યાગ્રહીઓને કહેલું કે 'ગાંધીજીનું શરીર જેલમાં છે, પણ તેમનો આત્મા આપણી સાથે છે. હિંદનું ભાવિ તમારા હાથમાં છે. કોઈ પણ સંજોગોમાં તમારે હિંસાનો આશરો નથી લેવાનો. તમને માર પડે કે લોહી વહે, તમારે શાંત રહેવાનું છે.' મોરચા પર લાઠીચાર્જ થયો. સત્યાગ્રહીઓનું લોહી રેડાયું પણ હિંસા ન ફાટી.

**મણિબેન પટેલ** સરદાર વલ્લભભાઈ પટેલનાં પુત્રી. તેમને પિતાની કીર્તિ અને પદનો જરા પણ ભાર નહીં. ગાંધીજીએ દર્શાવેલા સેવાના માર્ગને તેમણે પૂર્ણતઃ અપનાવેલો. મીઠાના સત્યાગ્રહમાં તેમજ ૧૯૪૨ના આંદોલનમાં તેમણે ભાગ લીધેલો. રેલ અને પ્લેગ જેવી આફતના સમયે તે રાહતકાર્યમાં પ્રવૃત્ત રહેતાં. સાદાઈ અને સમર્પણ પોતાના જીવનમાં આત્મસાત કરેલાં. ગાંધીજી અને કસ્તૂરબાનો તેમના પર અપાર પ્રેમ. સ્વતંત્ર ભારતમાં ઘણાં વર્ષો તે લોકસભા અને રાજ્યસભાના સભ્ય રહેલાં.

**બીબી અમતુસ્સલામ** ઉચ્ચ વર્ગના મુસ્લિમ પરિવારમાં જન્મેલાં. પણ ગાંધીજીના પ્રભાવ હેઠળ તેમણે દેશ અને સમાજ માટે અને દેશના વિભાજન સમયે શરણાર્થીઓની મદદ માટે ઉપયોગી કામ કર્યું.

શ્રીમંત અને પ્રખ્યાત મુસ્લિમ કુટુંબમાં જન્મેલાં **રેહાનાબેન તૈયબજી**એ ગાંધીજીના સાથમાં સુખ-સમૃદ્ધિપૂર્ણ જીવનનો ત્યાગ કરી સાદું જીવન અપનાવ્યું. તેમના જીવનમાં દેશપ્રેમ સાથે કૃષ્ણપ્રેમને પણ અનન્ય સ્થાન મળેલું. બ્રિટીશ શાસનની જોહુકમી સામે તેમણે સત્યાગ્રહમાં ઝંપલાવેલું. વિદેશી કાપડ અને દારૂની દુકાનો સામે પિકેટિંગ કરવામાં પણ તે મોખરે રહેલાં. ગાંધીજીને તેમના સુમધુર કંઠેથી ભજન તેમજ કુરાન સાંભળવા ઘણાં ગમતાં.

**સુશીલા નય્યર** ગાંધીજીના નિકટના સાથી અને ડૉક્ટર. આગાખાન પેલેસમાં તે ગાંધીજી અને કસ્તૂરબા સાથે રહ્યા અને તેમની પ્રેમપૂર્વક સંભાળ રાખી. મહાદેવ દેસાઈના અચાનક અવસાન પછી તેમણે ગાંધીજીની ડાયરી લખવાનું મહત્ત્વનું કામ ઉપાડી લીધું અને પોતાના ભાઈ પ્યારેલાલ સાથે ગાંધીજીવન પરના મૂલ્યવાન ગ્રંથ તૈયાર કર્યા. સ્વતંત્રતા પછી તે કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રી બન્યાં અને જીવનના અંત સુધી સ્વાસ્થ્ય, ગ્રામવિકાસ અને જનસેવાના ક્ષેત્રમાં કાર્યરત રહ્યાં.

**સુચેતા કૃપલાણી** પ્રખર ગાંધીવાદી, સ્વાતંત્ર્ય સેનાની અને જે. બી. કૃપાલાણીના જીવનસંગિની. ૧૯૪૨ના આંદોલનમાં સક્રિય ભાગ લીધેલ અને નોઆખલીમાં સળગેલા કોમી દાવાનળમાં સેવા અને સાંત્વના આપેલાં. તે બંધારણ સભાના સભ્ય હતા અને સ્વતંત્ર ભારતનાં પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન.

**રાજકુમારી અમૃતકૌર** કપૂરથલાના રાજવી પરિવારના પુત્રી. પણ ગાંધીજીના સાથ માટે તેમણે વૈભવી જીવનશૈલીનો પરિત્યાગ કર્યો અને દેશની

## ચાલીસ હજાર પાછા આપ્યા

આશ્રમની શરૂઆતના દિવસોની વાત છે. બાપુ પાસે એક જોષી ઘણી વાર આવતા. એમનું નામ ગિરજાશંકર જોષી હતું. એક દિવસ બાપુએ એમને કહ્યું, 'તમે નિયમિત આવો છો તો આશ્રમના છોકરાઓને સંસ્કૃત કેમ ન ભણાવો?' એટલે તેઓ છોકરાઓને સંસ્કૃત ભણાવવા લાગ્યા.

તેઓ ફલજ્યોતિષી હતા. અમદાવાદના ઘણાં પૈસાવાળાનો એમની વિદ્યા પર વિશ્વાસ હતો. સોમાલાલ નામના કોઈક તવંગરને બાપુને કંઈ દાન આપવાની ઈચ્છા થઈ. તેમણે જોષી સાથે ચાળીસ હજાર રૂપિયા શાળાનું મકાન બાંધવા માટે મોકલ્યા. તે દિવસોમાં અમે વાડજમાં તંબૂમાં ને સાદડીનાં ઝૂંપડામાં રહેતા હતા. મકાન બાંધવાનો વિચાર કરીએ તે પહેલાં અમદાવાદમાં ઈન્ફલુએન્ઝા ફાટી નીકળ્યો. રોજ સોબસો મરણ થવા લાગ્યાં ને હાહાકાર મચી ગયો. બાપુએ જોષીને કહ્યું, 'આ વરસે તો અમારે મકાન નથી બંધાવવાં. શાળાનું મકાન પણ નહીં બંધાય. એટલે સોમાલાલભાઈએ આપેલા પૈસા પાછા લઈ જાઓ.' જોષી કહે, 'તેમણે પૈસા પાછા નથી માંગ્યા.' બાપુ કહે, 'તેથી શું થયું?' જે કામને માટે તેમણે પૈસા આપ્યા છે તે કામ હમણાં થવાનું નથી, પછી એ પૈસા શા માટે સાચવવા?' જોષી કહે, 'હમણાં નહીં તો ભવિષેયમાં ક્યારેક પણ છાત્રાલય બંધાશે તો ખરું ને? તે વખતે પૈસા કામ લાગશે.' બાપુ કહે, 'હા, પણ જ્યારે બાંધવાનો પ્રસંગ આવશે ત્યારે કોઈ પૈસા આપનારા નીકળશે. જોષીએ જઈને સોમાલાલભાઈને બધી વાત કહી સંભળાવી. તેમણે કહ્યું, 'મેં આપ્યા તે આપ્યા. પાછા નહીં લઉં!'

❑ કાકા કાલેલકર




આઝાદી માટેની ચળવળમાં પ્રવૃત્ત બન્યા.

આખાય દેશમાં રાષ્ટ્રીયતાનું મોજું ફરી વળેલું. સ્ત્રીઓએ પોતાના સંગઠનો સ્થાપ્યાં જેમણે મહત્ત્વપૂર્ણ કામ કર્યું, જેમકે મુંબઈમાં દેશ સેવિકા સંઘ, બંગાળમાં નારી સત્યાગ્રહ સંઘ, ગુજરાતમાં સ્ત્રી સ્વરાજ્ય સંઘ, અલાહાબાદમાં સેવિકા સંઘ અને કેરલમાં સ્વયંસેવિકા સંઘ.

મુંબઈમાં સ્ત્રીઓએ અપૂર્વ ઉત્સાહથી મીઠાના કાયદાનો ભંગ કરેલો. મીઠુબહેન પીટીટ, જેકીબહેન મહેતા, પ્રેમાબહેલ કંટક, હંસા મહેતા, જયશ્રી રાયજી, પેરિન કેપ્ટન, લીલાવતી મુનશી અને અવંતિકાબાઈ ગોખલેએ હજારો સ્ત્રીઓને પ્રેરણા આપેલી. તે દિવસોને યાદ કરીને કમલાદેવી ચટ્ટોપાધ્યાયે લખ્યું છે કે સ્ત્રીઓએ પ્રત્યેક ઘરને કાયદો તોડવાનું સ્થળ બનાવી દીધેલું. આત્માની શુદ્ધિએ તેમના કાર્યને પવિત્રતા આપેલી અને જે સંઘર્ષનો ઉદ્‌ગમ ઘરના પવિત્ર પ્રાંગણમાં થયો હોય, સશક્ત સૈનિક શક્તિ પણ તેને નાશ ન કરી શકે.

બંગાળમાં બસન્તી દેવી, ઉર્મિલા દેવી, સરલા દેવી, હેમપ્રભા દાસગુપ્તા અને અશોકલતા દાસ જેવી મહિલાઓએ સરસ કામગીરી બજાવી. પંજાબમાં પાર્વતી દેવી, લાડો રાની ઝુત્સી અને મનમોહિની સહગલ જેવી સ્ત્રીઓ બહાર આવી. દક્ષિણ ભારતમાં રૂકમણિ લક્ષ્મીપતિ અને દુર્ગાબાઈએ ઉત્તમ કામ કર્યું. અમદાવાદમાં અનસૂયાબેન સારાભાઈ ગાંધીજીની વિચારસરણી તરફ વળ્યાં અને આજીવન મજૂર વર્ગના કલ્યાણ માટે કામ કર્યું.

ભારતીય મહિલાઓ સાથે થોડી વિદેશી મહિલાઓ પણ ગાંધીજીની સાથીઓ અને શિષ્યાઓ બની. તેમાંનું પ્રમુખ નામ છે **મેડલિન સ્લેડ અથવા મીરાબેન**. બ્રિટીશ નેવીના ઉચ્ચ પદાધિકારીની પુત્રી અને સંગીતપ્રેમી. રોમા રોલાંએ તેમને ગાંધીજી વિશેનું પુસ્તક વાંચતા જ તેમને થયું કે યુદ્ધ દ્વારા ઉદ્‌ભવતા બધા પ્રશ્નોના ઉત્તર તેમને મળી ગયા છે. તેમણે રહેણી-કરણી બદલી, ખાદી અપનાવી અને સાબરમતી આશ્રમમાં પદાર્પણ કર્યું. ગાંધીજીએ તેમને પ્રિય પુત્રી માન્યાં. તેમણે કારાવાસ પણ ભોગવ્યો અને આગાખાન પેલેસમાં મહાદેવભાઈ અને કસ્તૂરબાની ચિર વિદાય સમયે ગાંધીજીની સાથે રહ્યાં.

**મિલી હેન્રી પોલક**ને ગાંધીજીએ બહેન માનેલી. **મ્યુરિયલ લેસ્ટર** ગાંધી વિચારની અસર હેઠળ વૈભવથી વિમુખ થયા અને સ્વૈચ્છિક ગરીબી અપનાવી. તેમણે પોતાની બહેન ડોરિસ સાથે લંડનમાં કિંગ્સ્લે હોલની સ્થાપના કરી અને સમાજ સેવાનું વ્રત લીધું. ૧૯૩૧માં ગાંધીજી ત્યાં જ રહેલા. દક્ષિણ આફ્રિકામાં **એમિલી હોબહાઉસ** સમાજસેવા કરતા અને જનરલ સ્મટ્‌સ અને લુઈ બોથા સાથે સારા સંબંધ ધરાવતા. ગાંધીજીએ પાછળથી લખેલું કે ૧૯૧૪ની સમજૂતિમાં તેમણે અગત્યનો ભાગ ભજવેલો. માર્જરી સાઈક્સ ટાગોર સાથે ગાંધીજીના શિક્ષણ સંબંધી વિચારોથી પ્રભાવિત થયેલાં. **આગાથા હેરિસન** ગાંધીજીના અને ભારતના મિત્ર બનેલાં. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીને **સોંજા શ્લેસીન** જેવી કુશળ અને વિશ્વાસુ સેક્રેટરીનો સાથ મળેલો.

ગાંધીજીના સાથ અને નેતૃત્વ હેઠળ ભારતની સ્ત્રીઓએ નવી દિશામાં પગરણ માંડ્યા. સદીઓના બંધન અને પરંપરાની દીવાલ રાષ્ટ્રપ્રેમના પૂરમાં તણાઈ ગયા.

શિક્ષિત અને અશિક્ષિત, ગ્રામીણ અને શહેરી, અમીર અને ગરીબ બધા જ ક્ષેત્રોની અને વર્ગોની સ્ત્રીઓએ ગાંધીજી પાસેથી પ્રેરણા પામીને અભૂતપૂર્વ કામ કર્યું. અને ગાંધીજીએ તેમની દેશપ્રેમ અને ત્યાગની ભાવના પિછાણી. અને કહ્યું કે દેશની સ્વતંત્રતાના ઇતિહાસમાં સ્ત્રીઓના યોગદાનનું પ્રકરણ સુવર્ણાક્ષરોમાં લખાશે.

✱✱✱

ટેલિફોન:
૦૨૨ ૨૩૮૦ ૫૮૬૪.

## અસ્પૃષ્યતાની શરતે તો–

૧૯૨૧ની સાલની વાત છે. અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. એક દિવસ વિદ્યાપીઠના નિયમાક મંડળની બેઠક હતી. તેમાં મિ. એન્ડ્રૂઝ પણ આવ્યા હતા. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો, 'વિદ્યાપીઠમાં હરિજનોને દાખલ કરવામાં આવશે ને?' મેં તરત જ જવાબ આપ્યો કે હા, હરિજનોને દાખલ કરવામાં આવશે. પણ અમારા નિયામક મંડળમાં એવા લોકો હતા, જેમની અસ્પૃશ્યતા કાઢવાની તૈયારી નહોતી. બીજા પણ પોતપોતાની મુશ્કેલીઓ રજુ કરવા લાગ્યા. તે દિવસે એ પ્રશ્ન અનિશ્ચિત રહ્યો. છેવટે બાપુને પૂછવામાં આવ્યું. તેમણે પણ મેં આપ્યો હતો તે જ જવાબ આપ્યો.

આખા ગુજરાતમાં આ વાતની ચર્ચા ઊપડી. મુંબઈના કેટલાંક ધનવાન વૈષ્ણવોએ બાપુ પાસે આવીને કહ્યું, 'રાષ્ટ્રીય કેળવણીનું કાર્ય ધર્મકાર્ય છે. એમાં આપ કહો તેટલા પૈસા અમે આપીએ, પણ આ હરિજનોનો સવાલ આપ છોડી દો. એ અમારાથી સમજાતો નથી.'

પાંચસાત લાખ રૂપિયા આપવાનો વિચાર કરીને એ લોકો આવેલા. બાપુજીએ તેમને કહ્યું, 'વિદ્યાપીઠ ફંડની વાત તો બાજુએ રાખો, અસ્પૃશ્યતા કાયમ રાખવાની શરતે મને કાલે કોઈ હિંદુસ્તાનનું સ્વરાજય આપે તો તે સુદ્ધાં ન લઉં.'

☐ **કાકા કાલેલકર**

# મહાત્મા ગાંધી અને એમના કેટલાક સાથીઓ

☐ ડૉ. દિનકર જોષી

*[ લેખક, સંપાદક, અનુવાદક દિનકર જોશીએ ૧૫૦ પુસ્તકોનું સર્જન કર્યું છે, જેમાં ૪૩ નવલકથા, અને ૧૨ વાર્તા સંગ્રહનો સમાવેશ થાય છે. મહાત્મા ગાંધી, ઝીણા, ટાગોર, નર્મદ અને સરદાર પટેલના ચરિત્રકાર દિનકરભાઈએ ગુજરાતી સાહિત્ય બીજી ભાષાઓમાં જાય તે હેતુથી ૨૦૦૫માં ગુજરાતી સાહિત્ય પ્રતિષ્ઠાન ટ્રસ્ટ શરૂ કર્યું છે. તેમની નવલકથા 'પ્રકાશનો પડછાયો' મહાત્મા ગાંધી અને તેમના પુત્ર હરિલાલના સંઘર્ષ પર આધારિત છે. પ્રસ્તુત લેખમાં તેમણે ગાંધીજીના કેટલાક સાથીઓ વિશે માહિતી આપી છે. ]*

**બાદશાહખાન**

અવિભાજીત હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદો જ્યાં અંકાયા વિના જ સેળભેળ થાય છે ત્યાં હિંદુકુશ પર્વતમાળાના ડુંગરાળ પ્રદેશમાં ૧૮૯૦માં એક પઠાણ પરિવારમાં બાદશાહખાનનો જન્મ થયો હતો. પઠાણો એટલે ઉદારદિલી, પણ હત્યાઓ એમને માટે ડાબા હાથનો ખેલ. શિક્ષણ લગભગ નહિવત્. એમનું મૂળ નામ ખાન અબ્દુલ ગફારખાન પણ ઇતિહાસમાં ઓળખાયા બાદશાદખાનના નામે. ૧૯૨૮માં જે ખિલાફત ચળવળે દેશના મુસલમાનોને અસ્વસ્થ કર્યા એમાં બાદશાહખાને પણ ભાગ લીધો હતો. આ આંદોલન દરમિયાન ૧૯૨૮માં ગાંધીજી સાથે પહેલી મુલાકાત લખનૌમાં થઈ. ગાંધીજીએ આ કદાવર પઠાણમાં અહિંસાના દર્શન કર્યા અને બાદશાહખાને ગાંધીજીમાં એક સાચો ખુદાઈ ખિદમતગાર જોયો.

**ગાંધીદર્શનને એમણે એટલું બધું આત્મસાત્ કરી લીધું કે તેઓ સરહદના ગાંધી તરીકે જ આ પછી ઓળખાયા છે.**

ગાંધીનું નેતૃત્વ સ્વીકાર્યા પછી બાદશાહખાન વતનમાં પાછા ફર્યા અને હિંસા સિવાય કશું ન સમજતા પઠાણોને એકત્રિત કરીને ગાંધીનો સંદેશો આપ્યો. આ પઠાણો અહિંસક અને ગાંધીવાદી બન્યા અને ખુદાઈ ખિદમતગાર તરીકે ઓળખાયા. દેશભરના મુસલમાનો મહંમદઅલી ઝીણાથી દોરવાઈને પાકિસ્તાન તરફી થયા ત્યારે બાદશાહખાને આ પઠાણોને વિભાજનના વિરોધી અને ગાંધીતરફી રાખ્યા.

બાદશાહખાન વિભાજનના ઉગ્ર વિરોધી હતા. કૉંગ્રેસે જ્યારે વિભાજનનો સ્વીકાર કર્યો ત્યારે બાદશાહખાન ભરી સભામાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા. બાપુ સામે જોઈને માત્ર આટલું જ બોલ્યા, 'બાપુ, તમે અમને વરુઓને હવાલે કરી દીધા છે.' સ્વાતંત્ર્યની લડતમાં વરસો સુધી જેલવાસ ભોગવ્યા પછી પાકિસ્તાનમાં પણ એમણે ચૌદ વરસનો જેલવાસ ભોગવ્યો હતો. પેશાવરમાં ૧૯૮૮માં જ્યારે એમનું મૃત્યુ થયું ત્યારે અફઘાનિસ્તાનમાં આંતરવિગ્રહ ચાલતો હતો. બાદશાહખાનની દફનવિધિ એમના વતન જલાલાબાદમાં થાય એ માટે ત્યાં જે યુદ્ધ ચાલતું હતું એ બે ત્રણ દિવસ પૂરતું થંભી ગયું હતું અને એમની સ્મશાનયાત્રા આ વિકટ માર્ગેથી શાંતિપૂર્વક પસાર થઈ ગઈ.

**મહંમદઅલી ઝીણા**

ઉપલેટાના લોહાણા વૈષ્ણવ પરિવારના પૂંજાભાઈ વાલજી ઠક્કર ધર્મ પરિવર્તન કરીને ખોજા બન્યા. એમનો એક પુત્ર ઝીણીયો ઉર્ફે ઝીણાભાઈ પેટવડિયું રળવા કરાંચી ગયો. આ ઝીણાભાઈનાં છ સંતાનો પૈકી મામદ સહુથી મોટો. આ મામદ મેટ્રિક પણ પાસ ન થયો અને બ્રિટિશ પેઢીમાં નોકરી કરવા લંડન ગયો. ત્રણ વરસ પછી લંડનથી પાછો ફર્યો ત્યારે મહંમદ અલી ઝીણા બન્યો હતો અને કરાંચી ઘરે જવાને બદલે મુંબઈમાં પ્રારબ્ધ અજમાવવા આવ્યો.

કૉંગ્રેસમાં રહીને ઝીણાએ દાદાભાઈ નવરોજી, ફિરોજશાહ મહેતા, ગોપાલકૃષ્ણ ગોખલે જેવા ટોચના નેતાઓ સાથે ખભેખભા મેળવીને કામ કર્યું. મુસ્લિમ લીગની સ્થાપની થઈ ત્યારે, પોતે સહુ પ્રથમ ભારતીય છે અને પછી મુસલમાન છે એવું જાહેર કરીને લીગમાં જોડાયા નહિ.

૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી પાછા ફર્યા અને કૉંગ્રેસની બાગડોર એમના હાથમાં આવી. ગાંધીજી કરતા ઝીણાનો અભિગમ સાવ જુદો હતો. ઝીણા પોતાને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા માનતા હતા અને છતાં નેતૃત્વ ગાંધીજીની હાથમાં ગયું એ સહન કરી શક્યા નહિ. ગાંધીજીએ મુસલમાનોને ખિલાફત આંદોલનમાં સમર્થન કર્યું એ ઝીણાથી સહેવાયું નહિ. ધીમે ધીમે એમનો માર્ગ ફંટાતો ગયો અને અસહકાર, સવિનય કાનુનભંગ આ બધી લોક લડત, ખતરનાક છે એવું એમને લાગ્યું. જો લોકોના ટોળાં કાયદાભંગ કરીને શેરીઓમાં ઉતરે તો ભવિષ્યની કોઈપણ સરકાર ટકી શકશે નહિ એવું એ માનતા.

**ઝીણા પોતાને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા માનતા હતા અને છતાં નેતૃત્વ ગાંધીજીની હાથમાં ગયું એ સહન કરી શક્યા નહિ.**

આખરે કૉંગ્રેસ, ગાંધી અને મોટાભાગના સત્યાગ્રહીઓથી અવગણના થવાથી એમણે મુસ્લિમ લીગનું નેતૃત્વ સ્વીકાર્યું. આ પરિવર્તન

સૈદ્ધાંતિક નહોતું, અહંવાદી હતું. કૉંગ્રેસમાં નંબર વનનો પોતાને અધિકાર છે એવું એ માનતા પણ આ માન્યતાને સમર્થન ન મળ્યું અને એનું કારણ ગાંધી છે એવા દ્વેષભાવથી એ પીડાતા હતા.

ઝીણાને દેશના મુસલમાનોનું અભૂતપૂર્વ સમર્થન મળ્યું અને તેઓ પાકિસ્તાનના પહેલા ગવર્નર જનરલ બન્યા. એમનો ગાંધી દ્વેષ એટલો તીવ્ર હતો કે ગાંધીના મૃત્યુ વખતે અંજલિ આપતા એમણે કહ્યું,-'ગાંધી હિંદુઓના નેતા હતા.'

**વિઠ્ઠલભાઈ પટેલ**

વિઠ્ઠલભાઈ પટેલ એટલે સરદાર વલ્લભભાઈ પટેલના મોટાભાઈ. ગાંધીજી જ્યારે ૧૯૧૮માં ગુજરાત રાજકીય પરિષદમાં ભાગ લેવા ગોધરા આવ્યા ત્યારે વિઠ્ઠલભાઈ ગુજરાત કૉંગ્રેસના અગ્રણી નેતા હતા. વિઠ્ઠલભાઈને ગાંધીજીની રાજકીય નીતિઓ ઝાઝી પસંદ નહોતી. સુભાષચંદ્ર બોઝ સાથે મળીને એમણે કૉંગ્રેસમાં ગાંધીજીનો વિરોધ કર્યો હતો. ચિત્તરંજન દાસ સાથે મળીને વડી ધારાસભામાં એમણે ઝીણા સાથે સહકાર કર્યો અને વડી ધારાસભાના પહેલા હિંદી પ્રમુખ બન્યા.

તેઓ કૉંગ્રેસ પ્રમુખ બનવા માગતા હતા. એમનો એ અધિકાર પણ હતો પણ ગાંધી સાથેના મતભેદને કારણે એ પ્રમુખ બની શક્યા નહિ. એમનું સ્વાસ્થ્ય લથડી ગયું અને અસ્વસ્થતા તથા હતાશાથી પ્રેરાઈને તબીબી સારવાર માટે તેઓ જીનીવા ગયા. ગાંધી એકલા જ કૉંગ્રેસના પ્રતિનિધિ તરીકે ગોળમેજી પરિષદમાં જાય એ વાતથી તેઓ નારાજ થયા હતા. પોતે ગાંધીને મદદ કરી શકે એવા ઉદ્દેશથી સ્વાસ્થ્યની વિરુદ્ધ જઈને પણ વિઠ્ઠલભાઈ ગોળમેજી પરિષદ વખતે લંડનમાં રહ્યા પણ ગાંધીએ એમને કોઈ અપેક્ષિત પ્રતિભાવ આપ્યો નહિ. આથી વિઠ્ઠલભાઈ હતાશ થઈ ગયા. જીનીવા પાછા ફરીને એમણે સુભાષચંદ્ર બોઝ સાથે મળીને ગાંધીજીની નીતિઓને વખોડી કાઢતું જાહેર નિવેદન આપ્યું અને એનાથી ગાંધીજી વધુ નારાજ થયા હતા.

વિયેનાની હૉસ્પિટલમાં જ્યારે એમનું મૃત્યુ થયું ત્યારે એમણે પોતાનું વસિયતનામું લખાવ્યું હતું અને એમાં સુભાષચંદ્ર બોઝને એક પક્ષકાર બનાવ્યા હતા. આ વસિયતનામાના પ્રશ્ને વલ્લભભાઈ અને સુભાષચંદ્ર વચ્ચે વિખવાદ થયો હતો અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. આ વીલમાં સુભાષચંદ્રને અપાયેલી રકમ અનુચિત અને ગેરકાયદે છે એવો ચુકાદો કોર્ટે આપ્યો.

વિઠ્ઠલભાઈનો મૃતદેહ વિયેનાથી મુંબઈ લાવવામાં આવ્યો હતો અને મુંબઈમાં ચોપાટીના દરિયા કાંઠે એમનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

> *વિઠ્ઠલભાઈ પટેલ કૉંગ્રેસ પ્રમુખ બનવા માગતા હતા. એમનો એ અધિકાર પણ હતો પણ ગાંધી સાથેના મતભેદને કારણે એ પ્રમુખ બની શક્યા નહિ.*

**સુભાષચંદ્ર બોઝ**

તા. ૨૩-૧-૧૮૯૭માં બંગાળી પરિવારમાં જન્મેલા સુભાષચંદ્ર ૧૯૨૦માં બ્રિટિશ સરકારની સર્વોચ્ચ પરીક્ષા આઈ.સી.એસ.માં ચોથા નંબરે ઉત્તીર્ણ થયા હતા. આઈ.સી.એસ. થયા પછી ૧૯૨૧માં મુંબઈના મણિભુવનમાં ગાંધીજી સાથે એમની પહેલી મુલાકાત થઈ. આ સંવાદથી પરસ્પર બંને અસંતુષ્ટ રહ્યા હતા. સુભાષને ગાંધીજીની અહિંસા, અસહકાર, કાનૂનભંગ આ બધી નીતિઓ ગમી નહોતી. સુભાષ સ્વાતંત્ર્ય લડત માટે કૉંગ્રેસમાં જોડાયા તો ખરા પણ વૈચારિક રીતે જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન અને કેટલેક અંશે જવાહરલાલ નહેરુની વધુ નિકટ હતા. અદ્ભુત જુસ્સો અને પ્રખર વક્તવ્યને કારણે સુભાષ કૉંગ્રેસના જુવાન વર્ગમાં ખૂબ લોકપ્રિય થયા. એટલું જ નહિ, ૧૯૩૮માં કૉંગ્રેસ પ્રમુખ પણ બન્યા. સુભાષનો ઉદ્દામવાદ ગાંધીજીને પસંદ નહોતો એટલે ૧૯૩૯માં સુભાષ કૉંગ્રેસ પ્રમુખ ન બને એ માટે ગાંધીજીએ એમનો વિરોધ કર્યો. ગાંધીજીના વિરોધ છતાં સુભાષ મોટી બહુમતિએ ચૂંટાયા.

આ પછીનો ઇતિહાસ દુ:ખદ છે. ગાંધીજીના કહેવાથી કૉંગ્રેસ કારોબારીએ સુભાષનો અસહકાર કર્યો એટલે સુભાષ રાજીનામું આપીને છૂટા થઈ ગયા. બ્રિટિશ સરકારે એમની ધરપકડ કરી અને નજરકેદ કર્યા. સુભાષ આ નજરકેદમાંથી બ્રિટિશ સરકારની આંખમાં ધૂળ નાખીને નાસી છૂટ્યા અને જર્મની પહોંચી ગયા.

બીજુ વિશ્વયુદ્ધ ચાલુ હતું અને બ્રિટિશ લશ્કરી સેનાપતિઓએ સિંગાપુર અને બર્મામાં પરાજય થતા હજારો હિંદી સૈનિકોને ત્યજી દીધા હતા. સુભાષે આ સૈનિકોની આઝાદ હિંદ ફોજ બનાવી અને નવો નારો આપ્યો-'ચલો દિલ્હી'. બ્રિટિશરો સામેના આ યુદ્ધમાં સહુપ્રથમ એમણે ગાંધીજીના આશીર્વાદ લીધા. સિંગાપુર રેડિયો ઉપરથી એમણે પહેલી જ વાર ગાંધીજીને રાષ્ટ્રપિતાનું સંબોધન કર્યું. આસામના ઈમ્ફાલ જિલ્લામાં આઝાદ હિંદ ફોજ પ્રવેશી અને ભારતની સ્વતંત્ર ભૂમિ ઉપર પહેલી જ વાર દેશનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આખા દેશે એમને નેતાજીનું હુલામણું બિરુદ આપ્યું.

> *અદ્ભુત જુસ્સો અને પ્રખર વક્તવ્યને કારણે સુભાષ કૉંગ્રેસના જુવાન વર્ગમાં ખૂબ લોકપ્રિય થયા. એટલું જ નહિ, ૧૯૩૮માં કૉંગ્રેસ પ્રમુખ પણ બન્યા.*

એમના મૃત્યુ વિશે હજુ આજેય વિવાદ પૂરો નથી થયો. ૧૯૪૫માં ૧૮ ઓગસ્ટે તાઈવાન ખાતે વિમાની અકસ્માતમાં એમનું મૃત્યુ થયું હોવાનું કહેવાય છે.

ઇતિહાસનું આ પૃષ્ઠ હજુ આજેય શંકાના ઘેરા પાછળ છે.





**પ્રાણજીવન મહેતા**

ગાંધીજીની નાનકડી પુસ્તિકા 'હિંદ સ્વરાજ' ગાંધી દર્શનની ગીતા તરીકે ઓળખાય છે. આ ગાંધી ગીતાના પાયામાં ડૉ. પ્રાણજીવન મહેતા હતા એ વાત બહુ ઓછા જાણે છે. તા. ૨૧-૨-૧૯૪૦ બંગાળના મલકીંદા ગામે ગાંધી સેવા સંઘની બેઠકમાં બોલતા ગાંધીજીએ કહેલું–'મેં 'હિંદ સ્વરાજ' ડૉ. પ્રાણજીવન મહેતા માટે લખ્યું હતું.'

*ગાંધીજી મુંબઈમાં જે બંગલામાં રોકાતા એ બંગલો મણિભુવન, પ્રાણજીવનભાઈના મોટાભાઈ રેવાશંકરભાઈનો હતો. પ્રાણજીવનભાઈએ ગાંધીજીને એમની લડતમાં પુષ્કળ આર્થિક સહાય કરેલી.*

૧૯૦૯માં લંડનની વેસ્ટ મિનિસ્ટર હોટેલમાં એક મહિનો ગાંધીજી ડૉ. પ્રાણજીવન મહેતા સાથે રહ્યા હતા. આ દરમિયાન જે ચર્ચાઓ થઈ એના ફળ સ્વરૂપ 'હિંદ સ્વરાજ' લખાયું.

ડૉ. પ્રાણજીવન મહેતા ગાંધીજી કરતા પાંચ વરસ મોટા હતા. ગાંધીજી સાથેનો એમનો પરિચય ગાંધીજી જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં લંડનમાં હતા ત્યારે થયેલો. ગાંધીજી મુંબઈમાં જે બંગલામાં રોકાતા એ બંગલો મણિભુવન, પ્રાણજીવનભાઈના મોટાભાઈ રેવાશંકરભાઈનો હતો. પ્રાણજીવનભાઈએ ગાંધીજીને એમની લડતમાં પુષ્કળ આર્થિક સહાય કરેલી.

**મહાવીર ત્યાગી**

સમર્પિત થવું કોને કહેવાય અને સમર્પિત થયા પછી કેવા કેવા કામો કરીને, કેટલું કેટલું સહન કરી શકાય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ શોધવું હોય તો મહાવીર ત્યાગીનું નામ લેવાય. (મહાદેવભાઈની જેમ જ.) લશ્કરી દળોના આ સૈનિકે જલિયાંવાલા બાગની કત્લેઆમના વિરોધમાં રાજીનામું આપ્યું અને કોર્ટ માર્શલની શિક્ષા વહોરી લીધી. પછી ગાંધીને મળ્યા અને એમના ભક્ત થઈ ગયા. દહેરાદુનને વડું મથક બનાવીને ઉત્તર પ્રદેશના ગામે ગામ ફર્યા અને ગાંધીનો સંદેશ પહોંચાડ્યો. કૉંગ્રેસમાં રહીને, મોતીલાલ હોય કે જવાહરલાલ બધા સાથે સ્પષ્ટવાદીતાને કારણે બાખડ્યા પણ જ્યારે ગાંધીએ એમને ઠપકો આપ્યો ત્યારે ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા. સ્વાતંત્ર્યોત્તર કાળમાં સંસદ સભ્ય બન્યા અને 'સ્વરાજની લડતના તે દિવસો' તથા 'નગારખાનામાં તતૂડીનો અવાજ' નામના બે અવશ્ય વાંચવા જેવા પુસ્તકો એમણે લખ્યા છે. ✷ ✷ ✷

મોબાઈલ : ૦૯૯૬૯૫૧૬૭૪૫.

## મહાત્મા ગાંધી અને આંબેડકર

આંબેડકરનો જન્મએક દલિત જાતિમાં થયો હતો. ગાંધીજી સવર્ણ વણિકના પુત્ર હતા. આમ છતાં બંનેના ઉછેરમાં અસ્પૃશ્યતાનું કલંક એક કે બીજા રૂપે અસ્તિત્વમાં હતું. આંબેડકરે જન્મથી અસ્પૃશ્યતાનો અભિશાપ ભોગવ્યો હતો. ગાંધીજી નાનપણથી અસ્પૃશ્યતાને અભિશાપ માનતા હતા. અસ્પૃશ્યતાના અપમાનનો અનુભવ ગાંધીજીએ દક્ષિણઆફ્રિકામાં ચામડીના રંગ સંદર્ભે કર્યો હતો.

આંબેડકર અને ગાંધીજી બંને ઇંગ્લૅન્ડ ભણ્યા હતા. આંબેડકર જીવનભર પશ્ચિમી સંસ્કૃતિના પ્રશંસક રહ્યા જ્યારે ગાંધીજીએ પશ્ચિમી સંસ્કૃતિ છોડી અને પછીથી તો ટીકાકાર પણ બન્યા હતા. ગાંધીજીનું ચિંતન ધાર્મિક હતું , આંબેડકરનું ધર્મનિરપેક્ષ. ગાંધીજીએ જીવનભર સત્તાને સ્પર્શ ન કર્યો, આંબેડકરે સત્તા સ્વીકારી હતી અને જરૂર લાગી ત્યારે આસાનીથી છોડી પણ ખરી.

ડૉ. આંબેડકર દલિત જાતિઓ માટે આજીવન મથ્યા, ગાંધીજી વિશ્વનાં સૌ દુ:ખિયારાંઓ માટે જીવનભર પ્રયાસ કરતા રહ્યા. બંને નેતાઓ સ્પષ્ટ સત્ય બોલતા, આત્મગૌરવવાળા હતા, પણ બંનેની અભિવ્યક્તમાં આસમાન જમીનનું અંતર હતું. બંને મહાનુભાવો દેશના મુસ્લિમ રાજકારણના સમર્થક ન હતા. બંને પોતપોતાના વિચારોમાં અડગ છતાં અન્યના વિચારમાં રહેલા સત્યનું સમર્થન કરતા.

ડૉ. આંબેડકર ગાંધીજી એટલે કૉંગ્રેસ એવું સમીકરણ માંડતા જ્યારે ગાંધીજી અને કૉંગ્રેસ વચ્ચે અનેક વિરોધ પણ હતા. બંને નેતાઓ વ્યક્તિગત સ્વાર્થથી પર હતા. ગાંધીજીનું ધ્યેય સમાનતાના પાયાપર સમાજ રચવાનું હતું. એ સંબંધે અસ્પૃશ્યતાનો તેઓ વિરોધ કરતા. આંબેડકરનું જીવનધ્યેય અસ્પૃશ્યતાને ખતમ કરવાનું હતું. બંને સર્વ નાગરિકો માટે પુખ્ત મતાધિકારના સમર્થક હતા.

બંનેના વિચારોમાં મુખ્ય ભેદ એ હતો કે કે ગાંધીજી સમગ્ર માનવજાતનું હિત ઈચ્છતા હતા જ્યારે આંબેડકરે સમાજના એક વર્ગના હિતને મિશન બનાવ્યું હતું. આમ છતાં રાષ્ટ્રના બંધારણનો ખરડો ઘડનાર સમિતિના અધ્યક્ષ તરીકે તમણે સમગ્ર સમાજનો ખ્યાલ રાખ્યો હતો જોકે વૈચારિક ભેદને કારણે બંને વચ્ચે ગજગ્રાહ થયો હતો.

**મહેબૂબ દેસાઈ**
mehboobdesai@gmail.com

*પ્રાર્થના જીભથી નહીં, હૃદયથી થાય છે. મૂંગો, તોતડો કે મૂઢ પણ સાચી પ્રાર્થના કરી શકે છે.*

# ગાંધીજીના પરમ સેવક – નરહરિભાઈ

નરહરિભાઈ મૂળ તો ખેડા જિલ્લાના. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં મહોદવભાઈ સાથે મેળાપ થયો ને બંને સગાભાઈની જેમ પ્રેમની ગાંઠે બંધાયા. બંને મિત્રો એલએલ.બી. થયા ને અમદાવાદમાં વકીલાત કરવા આવ્યા. ગુજરાત ક્લબમાં ગાંધીજીએ તૈયાર કરેલ એક પત્રિકા નજરે ચડી. તેમાં ગાંધીજીએ આશ્રમના નિયમો, આશ્રમી જીવન અંગે મહાનુભાવો પાસેથી અભિપ્રાય માગ્યા હતા. બંનેએ મળીને એક પત્ર ગાંધીજીને મોકલ્યો. તેમાં બ્રહ્મચર્ય અને ગ્રામોદ્યોગ વિશે સવાલ ઉઠાવ્યા. ગાંધીજીને મળ્યા. ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા. ગાંધીજી પણ બંને મિત્રોથી પ્રભાવિત થયા હતા. નરહરિભાઈ, પત્ની મણિબહેન સાથે આશ્રમમાં જોડાયા. કાકાસાહેબ સાથે રાષ્ટ્રીયશાળામાં શિક્ષક તરીકે જોડાયા. અસહકાર આંદોલનને કારણે રાષ્ટ્રીયશાળાઓ શરૂ થઈ હતી તેને માટે શિક્ષકો તૈયાર કરવાના હતા. તે માટે ગામેગામ ફરીને રાષ્ટ્રીયશાળાઓને માર્ગદર્શન આપતા, ઉપરાંત 'નવજીવન'માં તેઓ લેખો લખતા. વિચારોની સ્પષ્ટતા અને જોરદાર ભાષાને કારણે લેખો અસરકારક બની રહેતા. નવયુવકો બહાર આવવા લાગ્યા, નરહરિભાઈ લિખિત 'આટલું જાણજો' એ પુસ્તક યુવાવર્ગને આકર્ષવા માટે ભાથું બની રહ્યું.

સને ૧૯૨૦માં ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. તેમાં જોડાયા. નરહરિભાઈને લાગ્યું કે ગાંધીજી રચનાત્મક કાર્યો દ્વારા ગામડાંનો પુનરુદ્ધાર કરવા માગતા હતા તેમાં જોડાઈ જવું જોઈએ.

સુરત જિલ્લાના ભુવાસણ ગામની પસંદગી કરવામાં આવી. નરહરિભાઈ તેમજ આશ્રમવાસી છગનભાઈ જોશી બંનેના કુટુંબ ત્યાં રહેવા આવી ગયા. ભુવાસણમાં રહેવું એ એક તપશ્ચર્યા હતી. ઉત્તમચંદભાઈ શાહ અને શંકરલાલભાઈ બેંકર ભુવાસણના કામમાં લાગી ગયા. આ સૌ મહાનુભાવો ઉચ્ચ કોમના ભણેલ ગણેલ સુખી કુટુંબના નબીરા હતા. હાથે રાંધે, સફાઈ કરે, લોકોની સેવામાં ૨૪ કલાક મગ્ન રહે. ભુવાસણના દૂબળાઓને ભણાવવાનું નક્કી કર્યું તેથી પાટીદારો સેવકોને ધમકાવવા માંડ્યા. નરહરિભાઈએ ઉપવાસ શરૂ કર્યા. પાટીદારોએ સ્વીકાર્યું.

સાદા, સરળ, પ્રામાણિક તેમજ અહંકારમુક્ત હતા. નરહરિભાઈ ગાંધીજી સાથે જોડાયા ન હોત તો મોટા ગજાના વિશિષ્ટ સાહિત્યકાર બન્યા હોત. અઢળક કામ વચ્ચે પણ વાંચન, લેખન ચાલુ રાખ્યું. દાંડીકૂચમાં લાઠીમારથી સખત ઘવાયા. મહાદેવભાઈની નોંધો પરથી નરહરિભાઈએ પથારીમાં પડ્યાં પડ્યાં 'મહાદેવભાઈની ડાયરી'નાં પાંચ પુસ્તકો તૈયાર કર્યાં.

ભુવાસણના અનુભવથી નરહરિભાઈને લાગ્યું કે આદિવાસીઓના ઉત્થાન માટે કાયમી ધોરણે સંસ્થા સ્થાપીને કામ કરવું જોઇએ. તેથી નરહરિભાઈ અને જુગતરામભાઈ સ્થળ પસંદગી માટે ફર્યાં ને આખરે 'વેડછી' ગામ પસંદ કર્યું. શિક્ષણથી કામની શરૂઆત થઈ. આદિવાસીઓની સહકારી મંડળીઓ શરૂ કરવામાં આવી. આદિવાસીઓના થતા શોષણ ઉપર નિયંત્રણ આવ્યું. નરહરિભાઈના પત્ની મણિબહેને ચંપારણમાં શાળા શરૂ થઈ તેમાં કામ કર્યું. કન્યા માટેનું છાત્રાલય શરૂ કર્યું. આદિવાસી વિસ્તારમાં નવજાગૃતિનાં મંડાણ થયાં. પછી તો જુગતરામભાઈ અઠે દ્વારકા માનીને વેડછીમાં બેસી ગયા.

નરહરિભાઈને એક પુત્ર નામે મોહન અને પુત્રી વનમાળા. પુત્ર મોહન જાપાન જઈને યંત્રવિદ્યા શીખી આવ્યા. ખેતીના ઓજારોમાં સુધારા કર્યાં. જેથી ખેડૂતોને શ્રમ ઓછો પડે ને વધુ પાક ઉતરે. સુરુચિ છાપખાનું ઊભું કરીને વિદ્યાર્થીઓને તાલીમ આપી. કચરામાંથી ખાતર બનાવવાનું શિક્ષણ આપ્યું.

નરહરિભાઈ ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર પણ હતા. આણંદમાં ખેતીવાડી કૉલેજ ઊભી કરી. નઈ તાલીમના પુરસ્કર્તા બન્યા. સેવાગ્રામમાં ખાદી સેવકો તૈયાર કરવાનું કામ સંભાળ્યું. બારડોલીની લડત વખતે ખેડૂતોને ઉદ્દેશીને 'બારડોલીના ખેડૂતો' અને 'ખેડૂતોનાં ચોપડાં' એમ બે પુસ્તકો લખ્યાં.

નરહરિભાઈ સરદારસાહેબના વિશ્વાસુ હતા. બારડોલીની લડત વખતે સરદારસાહેબને નરહરિભાઈનો સાથ હતો. સાદા, સરળ, પ્રામાણિક તેમજ અહંકારમુક્ત હતા. નરહરિભાઈ ગાંધીજી સાથે જોડાયા ન હોત તો મોટા ગજાના વિશિષ્ટ સાહિત્યકાર બન્યા હોત. અઢળક કામ વચ્ચે પણ વાંચન, લેખન ચાલુ રાખ્યું. દાંડીકૂચમાં લાઠીમારથી સખત ઘવાયા. મહાદેવભાઈની નોંધો પરથી નરહરિભાઈએ પથારીમાં પડ્યાં પડ્યાં 'મહાદેવભાઈની ડાયરી'નાં પાંચ પુસ્તકો તૈયાર કર્યાં.

સાબરમતી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ, નવજીવન ટ્રસ્ટ, સેવાગ્રામ વિદ્યાલય, ગાંધીસેવા સંઘ વગેરે સંસ્થાઓના ગાંધીજીએ તેમને ટ્રસ્ટી નીમ્યા. ગાંધીજીએ પોતાના વસિયતનામાના એક્ઝીક્યુટીવ તરીકે પણ તેમને નીમ્યા હતા.

✶ ✶ ✶

# વિનોબા-યુગની આકાશગંગા

❑ મીરા ભટ્ટ

*[ મીરાબહેન ભટ્ટ અને અરુણભાઈ ભટ્ટ ગાંધી–વિનોબા જનોની આજની પેઢીના મીરાબા અને અરુણદાદા છે. ગાંધી–વિનોબા વિચારોને સમર્પિત મીરાબહેન આજે જૈફ ઉંમરે પણ પોતાની કલમ દ્વારા સમાજને દોરવણી આપવાનું પુણ્યકાર્ય કરે છે. પ્રસ્તુત અંક તૈયાર કરવામાં ગાંધીસાથીઓ વિશેનાં એમનાં પુસ્તકોની ઘણી મદદ મળી છે. ]*

ભારતમાં અનેક પરંપરાઓ યુગ-યુગાંતરથી ચાલી આવી છે, એ આપણું સૌભાગ્ય છે. પરંપરા એટલે ભૂતકાળનું સત્ત્વ ગ્રહીને એમાં નવયુગનું સત્ય ઉમેરી સત્વને આગળ વધારવું. છેલ્લી સદીમાં આપણે ત્યાં શ્રી રામકૃષ્ણ પરમહંસ થઈ ગયા, તેમણે 'સર્વધર્મ-સમન્વય'નું સૂત્ર આપ્યું. આ સૂત્રને આગળ વધારી શ્રી અરવિંદે અભિમનસની અભિવ્યંજના કરી આપી. એમના પછી ગાંધીજી આવ્યા તો તેમણે પોતાના યુગાનુરૂપ 'સત્યાગ્રહ'નું મૂલ્ય સ્થાપ્યું, તો એમની પરંપરાને ચાલુ રાખતા વિનોબાએ 'સામ્યયોગ'નું બીજારોપણ કર્યું.

વિનોબા પોતે જ સામ્યયોગી હતા. એમની આ સમત્વશીલતાનો સ્પર્શ ગાંધીજીને પરિચયના આરંભમાં જ થઈ ગયો હતો. ગાંધીજીએ એન્ડ્રુઝને પરિચય આપતાં કહેલું કે-આ વિનોબા એક મોટું રત્ન છે. આશ્રમ પાસેથી કશું લેવા નહીં, આશ્રમને એ આપવા આવ્યો છે. ગૃહત્યાગ કરીને આવેલા વિનોબાના પિતાને પત્ર લખતાં ગાંધીજીએ લખેલું કે-તમારો દીકરો મારી પાસે આવી ગયો છે. એનામાં જે છે, તે પ્રાપ્ત કરતાં મને વર્ષો લાગ્યાં હતાં.'

વિનોબા યુગપુરુષ કહેવાયા, કારણ કે એમણે પેતાના સમયની સાર્વત્રિક સમસ્યાનો માનવીય ઉકેલ શોધી આપવાનો પ્રયાસ કર્યો.

એ કાળમાં ભૂમિની સમસ્યા પ્રાણભૂત સમસ્યા હતી. ત્યારે વિનોબાને 'भूमि सबै गोपाल की' નો મંત્ર સૂઝ્યો અને એમણે યુગ-પરિવર્તક એવા ભૂદાન-આંદોલનને ચલાવ્યું. એમણે આ આંદોલનને 'ભૂદાનયજ્ઞ' રૂપે સ્થાપી, પોતાને આ યજ્ઞમાં અધ્વર્યુ રૂપે ન સ્થાપતા, યજ્ઞના 'અશ્વ' રૂપે સ્થાપી, ચૌદ-ચૌદ વર્ષ સુધી ભારતના ગામડે ગામડે પહોંચી, લોકો પ્રેમપૂર્વક પોતાના જીગરના ટુકડા સમી ભૂમિનું પણ દાન કરી શકે છે એ સ્થાપિત કર્યું.

સાથોસાથ અન્ય ક્ષેત્રોમાં પણ એમણે અનન્ય પ્રદાન કર્યું. 'સર્વધર્મ-સમન્વય'ની સ્થાપના રૂપે એમણે તમામ ધર્મોના સાર કાઢી આપ્યા. કુરાનસાર માટે તો એમણે અરબી ભાષાનો અભ્યાસ કર્યો, એટલું જ નહીં, કુરાની આયતોનો એવી રીતે પાઠ કરી બતાવ્યો કે મૌલાના આઝાદને કહેવું પડ્યું કે કોઈ પણ મૌલવીના કુરાનપાઠ કરતાં સહેજે ઊતરે એવો આ પાઠ નથી.

વિનોબા 'સંત' કહેવાયા. સર્વાત્માને પરમાત્મા રૂપે પ્રમાણી શકે તેને 'સંત' કહેવાય. વિનોબા 'સામ્યયોગી' કહેવાયા. એમનું સમત્વ યોગ બનીને પ્રગટ્યું. તદુપરાંત, એમના વ્યક્તિત્વનાં અનેક પાસાં છે. જેને વિગતવાર વર્ણવી શકાય. પરંતુ સંક્ષેપમાં કહેવું હોય તો એ ક્રાંતદ્રષ્ટા ઋષિ હતા. એમના 'સામ્યયોગ'માં પ્રાચીનકાળના સત્ત્વરૂપ ફળ પણ છે અને આવનારા ભાવિ યુગના ક્રાંતિબીજ પણ છે. એક સાથે ફળ અને બીજ બંનેને સંઘરનારા આ યુગપુરુષ હતા. જ્યાં સુધી સમાજમાં સમાનતા ન સ્થપાય ત્યાં સુધી સમાજ આરોહણ ન કરી શકે. ભૂદાન-આંદોલન એક એવું ચૈતન્યવૃક્ષ હતું, જેમાં આ ક્રાંતિનાં અનેક પાસાંની વિવિધ શાખાઓ ફૂટતી હતી.

જે રીતે ગાંધીયુગમાં ગાંધીજી ઉપરાંત બીજી અનેક મહાન હસ્તિઓ પ્રગટ થઈ, એ જ રીતે વિનોબાયુગની આકાશગંગામાં પણ અનેક તારલાઓએ પોતાનું તેજ પ્રગટાવ્યું. સ્વ. દાદા ધર્માધિકારી આવા જ એક સિતારા હતા, સર્વોદય વિચારના તેઓ ઉત્તમ ભાષ્યકાર હતા. જેમના મૌલિક પ્રદાને સર્વોદય વિચારને શાસ્ત્રીય સ્વરૂપ આપ્યું. નાગપુરમાં સ્વરાજ પ્રાપ્તિના કામ માટે મથનારા સેવકોમાંના તેઓ એક હતા. સ્વરાજ પછી થોડો વખત લોકસભાના સભ્ય રૂપે રહ્યા, પરંતુ ભૂદાન-આંદોલન શરૂ થતાં જ રાજકારણ છોડી લોકકારણમાં જોડાયા. એમનું વક્તૃત્વ તો અજોડ હતું જ, પરંતુ એથીય અદકેરી તેમની જીવનનિષ્ઠા હતી. ૧૯૫૫માં અમદાવાદમાં અપાયેલાં એમનાં પ્રવચનો વિચારક્રાંતિ રૂપે એવા પ્રસર્યાં કે અનેક બુદ્ધિજીવીઓને નવો પ્રકાશ મળ્યો. આશ્ચર્યની વાત તો આ હતી કે એમની પ્રખર બુદ્ધિમતાથી પણ ચઢી જાય એવું એમનું દિલ હતું. કોઈ પણ વિચારને બુદ્ધિ કે તર્કની કસોટીમાંથી આરપાર પસાર કરી સત્ય રૂપે સ્થાપનારા હોવા છતાં પોતે પ્રેમના પૂજારી હતા. એમના આ વહાલનો અનેકને સ્પર્શ થતો. ભૂદાનના પ્રસાર કાર્યમાં એમનું સ્થાન અજોડ છે. કોઈ સંસ્થામાં કે પદમાં સમાવાય એવું એમનું વ્યક્તિત્વ જ નહોતું. એ સર્વતંત્રયુક્ત હતા. છતાંય સર્વોદયના મંત્રતંત્રના અદ્ભુત પ્રસારક હતા. એમના અંતિમકાળમાં જ્યારે વિનોબાને મળતા ત્યારે વિનોબા કહેતા કે-દાદા 'ધર્માધિકારી' મટીને હવે 'મોક્ષાધિકારી' ક્યારે બને છે ? સામૂહિક મુક્તિના પ્રવર્તક, માત્ર વ્યાવહારિક કામોમાં ગૂંથાઈ રહે, એ મોક્ષાર્થીને કેમ પોષાય ? એમના અંતિમ વર્ષોમાં દાદા પવનારના 'બ્રહ્મવિદ્યા-મંદિર'માં જ રહેતા અને એમનો દેહવિલય પણ આશ્રમમાં જ થયો.

દાદા સર્વોદયના શાસ્ત્રી હતા, તે પોતાને સર્વોદયના 'મિસ્ત્રી' રૂપે ઓળખાવતા. સ્વ. શ્રી ધીરેન મજમુદાર પણ સર્વોદયની સભાના એક રત્નરૂપ જ હતા. સર્વોદયના સિદ્ધાંતોને પ્રત્યક્ષ વ્યવહારમાં



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

સ્થાપવા માટે મથતા, એટલે પોતાને 'મિસ્ત્રી' કહેતા. ગાંધીજીનાં રચનાત્મક કાર્યોમાં લાગેલા અનેક કાર્યકરોમાં ધીરેનદાનું સ્થાન અજોડ હતું. પોતે બંગાળી હતા, છતાં બિહારના સર્વોદય કાર્યને વ્યાવહારિક રૂપ આપવા વર્ષો સુધી ગામેગામ ફરતા રહ્યા. તદુપરાંત 'શ્રમભારતી' નામે આશ્રમ સ્થાપ્યો, જેમાં શ્રમનિષ્ઠ જીવનની મહત્તા સ્થાપનારા અનેક મૂલ્યોને વ્યવહારૂ રૂપ અપાતું. આશ્રમની સ્થાપના સાથે જ એમનું લોકસંપર્કનું કામ ગામે-ગામ પદયાત્રા રૂપે ચાલતું રહ્યું. છેલ્લી ઉંમરે, શરીર લથડતું હોવા છતાં બળદગાડીમાં એમની લોકયાત્રા ચાલતી રહી. એમની કરોડરજ્જુમાં તકલીફ હોવાને કારણે એ બેસી શકતા નહોતા. સર્વોદય-સંમેલનોમાં ઊંચી વ્યાસપીઠ ઉપર અડધા બેઠેલા અને સૂતેલા ધીરેનદાના વક્તવ્યને સાંભળવા શ્રોતા આતુર રહેતા.

દાદા-ધીરેનદા ઉપરાંત ગાંધીજી પછીના કાળમાં દેશને અનન્ય સેવા આપનારામાં એક નામ અમલપ્રભા બાઈદેવનું પણ આવે. આ બાઈદેવ આસામની સ્ત્રીશક્તિને જાગૃત કરીને પ્રત્યક્ષ સમાજને સંબલ આપનારા બળ રૂપે પણ પ્રગટાવી. આખા ભારતમાં સ્ત્રીઓનું સૌથી વધુ પ્રદાન આસામમાં સ્થપાયું, તે આ અમલપ્રભા બાઈદેવને કારણે. એમના પિતા ગાંધીજીના અનુયાયી હતા. મોટા જાગીરદાર હતા, પણ બાપ-બેટી બંનેએ સર્વસ્વ સમાજને અર્પણ કરી, પોતાને પણ સમાજને ખાતે જ ઉધારી દીધા. સ્વરાજ્ય ઉપરાંત સમાનતાની ક્રાંતિમાં પણ એટલો જ મહત્ત્વનો ફાળો આપ્યો. સ્ત્રી-શક્તિ-જાગૃતિના દેશવ્યાપી કામ માટે બાઈદેવ પ્રેરણા રૂપ હતાં જ, તદુપરાંત આખા આસામના ભૂદાન-આંદોલનમાં એ પાયાના પ્રણેતા રહ્યા. માત્ર 'ભૂદાન' જ નહીં, અનેક 'ગામદાન' પણ થયાં, ભૂમિનું વિતરણ પણ થયું. ઉપરાંત ભારત-ચીનની સરહદ પર 'મૈત્રી-આશ્રમ'ની સ્થાપના પણ વિનોબાની પ્રેરણાથી થઈ. આસામમાં આતંકવાદના સળગતા સવાલને મીટાવવા બાઈદેવ એમના સંગઠનના નેતાઓ સાથે પણ સંપર્કમાં રહી 'શાંતિ-સ્થાપના'નું કાર્ય કરતા રહે છે. આવી સમર્પિત વ્યક્તિને મળેલાં એવોર્ડો કે પારિતોષિકોની વાત કરવી અશોભનીય લાગે છે. આ 'આસામપ્રભા' હતી. આજે એમની અનુપસ્થિતિમાં પણ બહેનોનું એમનું સેવાદળ અડીખમ ઊભું રહી, સતત સેવાકાર્યમાં લાગેલું છે.

સર્વોદય જગતના ઉપરોક્ત નેતાઓ ઉપરાંત બીજી હરોળના અનેક કાર્યકર્તાઓ એવા પ્રગટ્યા, જેમનાં જીવન-કવન અનેકો માટે પ્રેરણારૂપ બની શક્યા. આવાં નામોમાં કેટલાક અગ્રગણ્ય સેવકોનાં નામોનો જ અહીં ઉલ્લેખ માત્ર કરીશ. વિનોબા કહેતા કે હવેના યુગમાં નેતાઓના નેતૃત્વને સ્થાને લોકોનું 'ગણ સેવકત્વ' સ્થપાશે. નેતા નહીં, પણ 'લોક'જ મુખ્ય શક્તિ. અને 'નેતૃત્વ'ને બદલે એમની 'સેવા' જ પાયાની પ્રેરણારૂપ હોય. આવી લોકશક્તિના ઉપાસક સેવા શ્રી શંકરરાવ દેવ, આશાદેવી–આર્યનાયકમ્, રવિશંકર મહારાજ, બબલભાઈ, બંગસાહેબ, દક્ષિણના જગન્નાથન-કૃષ્ણા, નારાયણ-પ્રબોધ-ચુનીકાકાની ત્રિપુટી, ઓરિસ્સાના રમાદેવી, ધીરેનદાના શિષ્ય શ્રી રામમૂર્તિ, વિમલાતાઈ, બંગાળમાં ચારુચંદ્ર ભંડારી જેવા અનેકાનેક સેવકો ગણનાતુલ્ય નીકળ્યા.

ગાંધી પછી શ્રી જયપ્રકાશ નારાયણનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ અને સ્વતંત્ર મૂલ્ય-પ્રદાન રહ્યું. ગાંધી યુગમાં સમાજવાદી રૂપે એમણે સ્વતંત્રતાની લડત લડી જાણી. સ્વરાજ પછીના યુગમાં વિનોબાના વિચારોથી આકર્ષાઈ એમણે પક્ષમુક્ત ભૂમિકા અપનાવી ગામે ગામ ગ્રામસ્વરાજ તથા ભૂમિદાનનો સંદેશો પહોંચાડી ભૂમિ-વિતરણ તથા ગ્રામસ્વરાજની ભૂમિકા સ્થાપવાના પ્રયાસો કર્યા. છેલ્લે બિહારમાં મોતીહારી જિલ્લામાં બેઠક જમાવી ગામે ગામ ગ્રામસભા કામ કરતી થાય અને તમામ ભૂમિહીનોને જમીન મળે તે માટેનું ગ્રામદાનનું પુષ્ટિ કાર્ય કરતા રહ્યા. દરમ્યાન બિહારની યુવા છાત્રી-વાહિનીના યુવાનોએ એમના આંદોલન માટે જયપ્રકાશજીના નેતૃત્વની માંગણી કરી, ત્યારે સત્ય અને અહિંસાના મૂલ્યના રખેવાળાં રહે એવી શરત સાથે નેતૃત્વ સ્વીકાર્યું. એમનું આ બિહાર-આંદોલન સમસ્ત ભારતનું વ્યાપક આંદોલન બન્યું અને એમની સંપૂર્ણ-ક્રાંતિના વ્યાપક પ્રસાર સાથે રાષ્ટ્રીય નેતૃત્વ સિદ્ધ કર્યું. આ આંદોલનના ભાગરૂપે દેશભરમાં કટોકટી સર્જાઈ અને ઇંદિરા ગાંધી દ્વારા ઈમરજન્સીની જાહેરાત થઈ એની સાથે જ જયપ્રકાશ ઉપરાંત દેશના અનેક નેતાઓની ધરપકડ થઈ અને જેલવાસ થયો. આ જેલવાસ દરમ્યાન જ જે.પી.ની તબિયત બગડી. અંતે કટોકટી ઊઠાવી લેવાઈ અને નવી ચૂંટણીઓ જાહેર થઈ, જેમાં તમામ પક્ષોને એક કરી 'જનતા પક્ષ'ની સ્થાપનાનું કામ જે.પી.ની પ્રેરણાથી થયું અને જનતા પક્ષ જીત્યો. વડા પ્રધાન રૂપે મોરારજીભાઈની વરણી થઈ, ત્યાં સુધી જે.પી.નું નેતૃત્વ ચાલતું રહ્યું. જે. પી. આખરે લોહપુરુષ હતા. સત્તાથી પોતાને હંમેશાં દૂર રાખતા હતા. દેશના વડાપ્રધાન રૂપે કામ કરવાની ક્ષમતા છતાં પક્ષીય રાજકારણથી એ સદા દૂર જ રહ્યા. એમના માટે લોકસત્તા અને લોકશક્તિની જાગૃતિ જ મહત્ત્વના હતા. ગ્રામ-સ્વરાજ રૂપે એમનું 'સંપૂર્ણ-ક્રાંતિ'નું દર્શન અનેકો માટે પ્રેરક રહ્યું. તેઓ યુવાનોના મસીહા ગણાતા. જેલમાંથી નાસી જઈ મહિનાઓ સુધીનો ગુપ્તવાસ અનેકો માટે ઉત્સાહપ્રેરક રહ્યો. પ્રભાવતી દેવી સાથેનું એમનું બ્રહ્મચર્યમુલક દાંપત્ય પણ એટલું જ પ્રેરક રહ્યું. એમનું વ્યક્તિત્વ રાષ્ટ્રીય નહીં, વૈશ્વિક હતું, પાકિસ્તાન-બાંગ્લાદેશના પ્રશ્નો ઉપરાંત બીજા અનેક દેશોના પ્રશ્નો સાથે એ સંકળાયેલા રહ્યા એટલે એમની જાગતિક અસ્મિતા રાષ્ટ્ર માટે પ્રેરક રહી.

ગાંધી પછીના રાષ્ટ્રીય ગાળાના દેશસેવકોની આ આછી રૂપરેખા છે. ભારત દેશનું ઘડતર આવા રાષ્ટ્રીય વ્યક્તિઓ દ્વારા જ થતું રહ્યું છે. આવી વિભૂતિઓ જ આપણી રાષ્ટ્રીય સંપદા છે.

✶✶✶

મોબાઈલ : ૦૯૩૭૬૮૫૫૩૬૩.

# મહાત્મા ગાંધી અને તેમનાં વિદેશી સાથીઓ

☐ જિતેન્દ્ર દવે

*[મલાડની સ્કૂલમાંથી પ્રિન્સીપાલ તરીકે નિવૃત્ત થયેલા જિતેન્દ્ર દવે વર્ષોથી મહાત્મા ગાંધી વિશે લખતા અને બોલતા રહ્યા છે. કારકિર્દી દરમ્યાન ગાંધી જીવન અને કાર્યોનો સતત અભ્યાસ કરતા રહેલા જિતેન્દ્રભાઈ મહાભારત અને રામાયણના પણ અભ્યાસી અને લેખક-પ્રવચનકાર છે. મહાત્મા ગાંધી વિશે તેમના ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે 'કામણગારા ગાંધીજી', 'ગાંધીજીની ધર્મભાવના', અને 'ઉદયાચલનો સૂર્ય'. ]*

દક્ષિણ આફ્રિકામાં અંગ્રેજોની રંગભેદ નીતિ વિરુદ્ધની ગાંધીજીની લડતમાં કેટલાય અંગ્રેજ સજ્જનોએ પણ ગાંધીજીને સાથ અને સહકાર આપ્યો હતો. એવા પ્રતિષ્ઠિત ગોરાઓનો વિસ્તૃત પરિચય ગાંધીજીએ તેમના ગ્રંથ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'ના ખંડ પહેલાના 'ગોરા સહાયકો' નામના ૨૩મા પ્રકરણમાં આપ્યો છે, જેમાં અગ્રગણ્ય ગણાય તેવા કેટલાક આ મુજબ છે:

આલ્બર્ટ વેસ્ટ, મિસ એડા વેસ્ટ (દેવીબહેન), રિચ, હેન્રી સોલોમન પોલાક, હર્મન કેલનબેક, મિસ શ્લેશિન, હર્બટ કિચન, આલ્બર્ટ કાર્ટરાઈટ, રેવરંડ ચાર્લ્સ ફિલિપ્સ વેરસ્ટેન્ડ, ઑલિવ શ્રાઈનર, રેવરંડ જોસેફ જે. ડોક વગેરે.

**આલ્બર્ટ વેસ્ટ**

ગાંધીજી તેમના ગોરા સહાયકોમાં સૌથી પહેલો ઉલ્લેખ આલ્બર્ટ વેસ્ટનો કરે છે. ૧૯૦૩-૦૪ દરમ્યાન ગાંધીજી જોહાનિસબર્ગમાં એકલા રહેતા હતા ત્યારે રોજ જમવા માટે એક નિરામિષ ભોજન ગૃહમાં જતા. આલ્બર્ટ વેસ્ટ પણ ત્યાં જમવા આવતા. રોજ સાંજે બંને જણ જમ્યા પછી સાથે ફરવા જતા. વેસ્ટ એક નાના છાપખાનામાં ભાગીદાર હતા.

૧૯૦૪માં ત્યાં મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો અને ગાંધીજી દરદીઓની સારવારમાં લાગ્યા. આથી ભોજનગૃહમાં જવાનું અનિયમિત થયું. વેસ્ટને ચિંતા થઈ. સવારના પહોરમાં છ વાગે વેસ્ટે ગાંધીજીના ઘરનું બારણું ખખડાવ્યું.ગાંધીજીને હેમખેમ જોઈને રાજી થયા. એમણે ગાંધીજીને કહ્યું, 'તને જોઈને નિરાંત થઈ. તને ભોજનગૃહમાં ન જોયો તેથી હું ગભરાઈ ગયો હતો.' વેસ્ટે ગાંધીજીને મદદરૂપ થવાની ઈચ્છા દર્શાવી. ગાંધીજીએ એમને 'ઈન્ડિયન ઑપીનિયન' સંભાળવાનું કામ સોંપ્યું.

ગાંધીજી તેમના વિશે નોંધે છે, 'ધર્મનો અભ્યાસ ન હોવા છતાં, અત્યંત ધાર્મિક માણસ તરીકે તેમને ઓળખું છું. તે અતિશય સ્વતંત્ર સ્વભાવના માણસ છે. એ બ્રહ્મચર્યનું પાલન કરતા.'

વેસ્ટ માતાપિતાને યાત્રા કરાવવા વિલાયત ગયા અને ત્યાંથી પરણીને આવ્યા. ગાંધીજીની સલાહ માનીને પોતાની પત્ની, સાસુ અને કુંવારી બહેન સાથે ફિનિક્સ આશ્રમમાં બધા હિંદીઓની સાથે હળીમળીને રહ્યા. ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રહ્યા ત્યાં સુધી વેસ્ટ ગાંધીજીના સાથી થઈને રહ્યા.

**હેન્રી સોલોમન લીઓન પોલાક**

આલ્બર્ટ વેસ્ટની જેમ પોલાકની ગાંધીજી સાથેની મુલાકાતમાં નિરામિષ ભોજનાલય નિમિત્ત બન્યું હતું. લંડનના ડોવર પરગણામાં ૧૮૮૨માં પોલાકનો જન્મ. લંડન અને સ્વિટ્ઝરલેન્ડમાં અભ્યાસ કર્યો. ૧૯૦૩માં દક્ષિણ આફ્રિકા આવ્યા. 'ટ્રાન્સવાલ ક્રિટીક'માં

## ફ્રાંસના ગાંધી શાંતિદાસ

યુરોપમાં એક શાંતિદાસનો આશ્રમ છે. આ શાંતિદાસ ભારતીય નથી. ઇટાલીના સિસીલી પ્રદેશના નાગરિક, રાજ કુટુંબના નબીરા ૧૯૦૧માં જન્મેલા આ યુવકનું નામ છે જયૂસેપે લાંઝા દેલવાસ્તા. ખ્રિસ્તી ધર્મનું હાર્દ સમજવા, તત્ત્વજ્ઞાનના ડૉક્ટર થઈ એ દુનિયા ઘૂમવા નીકળ્યા ને ભારત આવ્યા. ભારતના હિમાલયથી માંડી દક્ષિણ છેડા સુધી જાતજાતના આધ્યાત્મિક અનુભવો મેળવ્યા પછી ૧૯૩૬માં તેમનું મન એક મહામાનવમાં ઠર્યું. ડાયરીમાં નોંધ્યું: 'જેણે એવા સત્યને ખોળી કાઢ્યું છે જે સમગ્ર દુનિયામાં પ્રાણ સંચાર કરી શકે' અને 'એ સત્ય સાથે મારો પણ કોઈક સંબંધ છે.' આ મહામાનવ એટલે મહાત્મા ગાંધી. સેવાગ્રામમાં એ રહ્યા અને પૂર્ણપણે ભારતીય બની ગયા. ત્યાર પછી ગાંધીજીએ આપેલા 'શાંતિદાસ' નામ સાથે જ જીવ્યા. વર્ષો સુધી પશ્ચિમના દેશોમાં અહિંસાનો પ્રચાર કર્યો. ફ્રાંસમાં 'આર્ક' નામનો આશ્રમ સ્થાપી ગાંધીશૈલીમાં સામૂહિક જીવનમાં મૂલ્યોને ઉતારવાના પ્રયોગ કર્યા. યુરોપ, અમેરિકા અને એશિયામાં આવા અનેક આશ્રમો સ્થાપ્યા. પોતે યુદ્ધગ્રસ્ત અને યુદ્ધત્રસ્ત વિશ્વને શાંતિનો સંદેશો આપતા, સત્યાગ્રહો કરતા, ઉપવાસો આદરતા અને લોકોને અહિંસક પ્રતિકાર કરવા પ્રેરતા રહ્યા. તેમના આશ્રમોમાં સાત વ્રત પાળવાનાં હોય છે. વિશ્વપ્રશ્નોથી વાકેફ રહી શાંતિ કાર્યો કરવાનાં હોય છે. તેઓ 'ફ્રાંસના ગાંધી' કહેવાતા.

ખબરપત્રી તરીકે સેવા બજાવી તે દરમ્યાન ગાંધીજી અને તેમની લડત વિશે જાણ થઈ. 'ઈન્ડિયન ઑપીનિયન'માં ગાંધીજીના લેખ વાંચતા એમને ખાત્રી થઈ કે એમની લડત ન્યાયી હતી.

ગાંધીજીને એમણે પહેલી વાર નિરામિષ ભોજનાલયમાં જોયા. પ્રથમ મુલાકાતમાં જ બંને એકબીજાના મિત્ર બની ગયા. બંને ટૉલ્સટોયના ચાહક. ગાંધીજી પાસે ટૉલ્સટોયના ઘણાં પુસ્તકો હતા. એમણે પોલાકને એ પુસ્તકો જોવા ઘરે આવવાનું આમંત્રણ આપ્યું. બંનેની મિત્રાચારી વધતી ગઈ.

ગાંધીજીને મદદરૂપ થવા 'ઈન્ડિયન ઑપીનિયન' માટે લેખ લખી આપવાનું સૂચન કર્યું. ગાંધીજીએ સ્પષ્ટતા કરતાં કહ્યું, 'તમારા લેખનો જરૂર સ્વીકાર કરીશ પણ બદલામાં કોઈ માનધન આપી શકીશ નહીં.' પોલાકનો પૈસા કમાઈ લેવાનો ઈરાદો ન હતો. એમણે લેખ મોકલવાનું શરૂ કર્યું. ૧૯૦૬માં ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે ઈન્ડિયન ઑપીનિયનના તંત્રી તરીકે પોલાકે સફળતાપૂર્વક સેવા બજાવી હતી.

પોલાકના લગ્ન થયા ત્યારનો એક રમુજી પ્રસંગ ગાંધીજીએ એમની આત્મકથામાં નોંધ્યો છે. પોલાક જેની સાથે લગ્ન કરવાનું ઈચ્છતા હતા એ મહિલા વિલાયતમાં રહેતી હતી. ગાંધીજીએ તેમાં રસ લીધો અને બંને વચ્ચે પત્રવ્યવહાર શરૂ કરાવ્યો. મહિલા રાજી થઈ, પરણવા દક્ષિણ આફ્રિકા આવી. ટ્રાન્સવાલમાં વિવાહ યોજાયા.પણ એમાં એક વિઘ્ન આવ્યું. વિવાહની નોંધ કરનારા અમલદાર કાળા માણસના વિવાહની નોંધ લે નહીં. આ વિવાહમાં ગાંધીજી 'અણવર' તરીકે હતા એટલે અમલદારને શંકા થઈ કે જે વિવાહમાં ગાંધીજી અણવર હોય તેમાં વર અને વધુ ગોરા જ હોય એવી ખાતરી કેવી રીતે મળે ? તેણે વિવાહની નોંધણી મુલતવી રાખી.

ત્યાર પછી મેજિસ્ટ્રેટે ચિઠ્ઠી લખી આપી અને વિવાહની નોંધણી થઈ. વિવાહ રજિસ્ટર થયા.

ગાંધીજીના વિદેશી સાથીદારોમાં પોલાકનું નામ સુવર્ણ અક્ષરે લખાવું જોઈએ કેમકે પોલાકે ગાંધીજીને એક એવું પુસ્તક વાંચવા માટે આપ્યું હતું કે જે વાંચીને ગાંધીજીને એમનો પ્રથમ આશ્રમ સ્થાપવાની પ્રેરણા મળી હતી. એ પુસ્તક એટલે 'અનટુ ધિસ લાસ્ટ'. વાંચવાનું શરૂ કર્યા પછી ગાંધીજી તેને છોડી જ ન શક્યા. પુસ્તકના વિચારોને આધારે ગાંધીજીએ ફિનિક્સ આશ્રમની સ્થાપના કરી હતી. (૨૬-૫-૧૯૦૪) એ પુસ્તક વિશે ગાંધીજી કહે છે, 'જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો, એવું તો આ પુસ્તક જ કહેવાય.' ગાંધીજીએ તે પુસ્તકનો અનુવાદ 'સર્વોદય' નામે પ્રગટ કર્યો છે.

પોલાક પણ ફિનિક્સ આશ્રમમાં જોડાયા હતા. ગાંધીજીની સાથે રહીને પોલાકે કારાવાસ પણ ભોગવ્યો હતો. ૧૯૧૫માં ગાંધીજી ભારત પાછા આવ્યા ત્યારે પોલાક ઇંગ્લૅંડમાં જઈને વસ્યા. પણ એમની મિત્રતા છેવટ સુધી રહી હતી. પોલાકનું અવસાન ૧૯૫૭માં થયું હતું.

હેન્રી પોલાકના ધર્મપત્ની મિલી ગ્રેહામ પોલાક પણ ગાંધીજીની ચળવળમાં સક્રિય ભાગ લેતા હતા. (૧૯૦૫). એમણે ગાંધીજીની જીવનકથા `Mr. Gandhi : The Man' લખી હતી, જે ૧૯૩૧માં લંડનમાં પ્રગટ થઈ હતી અને ૧૯૪૯માં ચાર્લી એન્ડ્રૂઝની પ્રસ્તાવના સાથે ભારતમાં પ્રગટ થઈ હતી.

મિત્રો, હવે આપણે ગાંધીજીના એક એવા ગોરા સાથીદારની ઓળખાણ મેળવીશું જે વ્યવસાયે પાદરી હતા, ગાંધીજીની તરફેણ કરતા હોવાથી એમના પંથના ખ્રિસ્તીઓએ એમને હેરાન પણ કર્યા હતા. હાજી, એ ભલા પાદરી તે બીજું કાંઈ નહીં, પણ રેવરંડ જોસેફ જે. ડોક; બેરિસ્ટર સંપ્રદાયના પાદરી.

૧૯૦૭ની સાલમાં અચાનક એક દિવસ ડોક ગાંધીજીની ઑફિસે આવ્યા. પોતાનું નામ લખીને મોકલાવ્યું. એમના નામની આગળ 'રેવરંડ' વિશેષણ વાંચીને ગાંધીજીએ અનુમાન કર્યું કે જેમ બીજા કેટલાક પાદરીઓ એમને ખ્રિસ્તી બનાવવા માટે અથવા તો લડત બંધ કરવાનું સમજાવવા આવતા હતા તેમ આ મહાશય પણ આવ્યા હશે. પણ ડોક સાથેની દસપંદર મિનીટની વાતચીતમાં જ ગાંધીજી સમજી ગયા કે એમનું અનુમાન ખોટું હતું. બંને ગાઢ મિત્ર બન્યા. ડોક ગાંધીજીની લડતની દરેક હકીકતથી વાકેફ રહેતા. એમણે ગાંધીજીને કહ્યું હતું, 'આ લડતમાં તમે મને તમારો મિત્ર ગણજો. મારાથી જે કંઈ સેવા થઈ શકશે તે હું મારો ધર્મ સમજી કરવા ઇચ્છું છું.' સમય જતાં બંને વચ્ચે સ્નેહ અને સંબંધ વધતા જ ગયા.

એવામાં એક ગંભીર પ્રસંગ એ બન્યો કે ગાંધીજી પર જીવલેણ હુમલો થયો અને ગાંધીજીની સારવાર એ ભલા પાદરી જોસેફ ડોકે પોતાના ઘરમાં કરી. આ ભલમનસાઈને લીધે ડોકને તેમના પંથના ગોરાઓ તરફથી ઘણું સહન કરવાનું આવ્યું હતું.

મીર આલમ નામનો પઠાણ ગાંધીજીનો જૂનો અસીલ હતો. તા. ૧૦-૨-૧૯૦૮ના રોજ ગાંધીજી પરવાનો કઢાવવા એશિયાટિક ઑફિસે જઈ રહ્યા હતા ત્યારે મીર આલમ અને તેના સાથીઓએ ગાંધીજી પર હુમલો કર્યો. ગાંધીજી બેભાન થઈને પડ્યા. ભાનમાં આવ્યા ત્યારે રેવરંડ ડોકને તેમના મોં ઉપર નમેલા જોયા. ડોકે ગાંધીજીને પૂછ્યું, 'તને કેમ છે ?' ગાંધીજીએ કહ્યું, 'ઠીક છે, પણ દાંત અને પાંસળીઓ દુ:ખે છે.' પછી પૂછ્યું, 'મીર આલમ ક્યાં છે ?' ડોકે કહ્યું, 'મીર આલમ તેના સાથીઓ સાથે પકડાઈ ગયો છે.' ગાંધીજી કહે, 'તેઓ છૂટવા જોઈએ.'

ગાંધીજી ડોકના ઘરે દસેક દિવસ રોકાયા હતા. રાત ને દિવસ ડોકના ઘરનું કોઈ ને કોઈ ગાંધીજીની તહેનાતમાં ઊભું જ હોય.

ગાંધીજીને જોવા સેંકડો લોકો આવતા અને એ બધાના આદર સત્કારમાં ડોક રચ્યા પચ્યા રહેતા. આથી ડોકના પંથના ગોરાઓ મારફતે મળતી ડોકની આજીવિકામાં કાપ મૂકાયો. ચિંતાતુર ગાંધીજીએ ડોક સાથે ચર્ચા કરી. ડોકનો ખુલાસો નોંધવા લાયક છે. એમણે કહ્યું હતું, 'મારા વહાલા મિત્ર! ઇશુના ધર્મને તું કેવો માને છે? મારી આજીવિકા તેઓની પાસેથી મળે છે એ ખરું, પણ તું એમ તો નહીં જ માને કે આજીવિકાને ખાતર હું તેઓની સાથે સંબંધ રાખું છું; અથવા તો તેઓ મારી રોજીના આપનાર છે. મારી રોજી તો મને ઈશ્વર આપે છે. તેઓ નિમિત્ત માત્ર છે. એટલે મારે વિશે તું બેફિકર રહેજે. હું કંઈ હિંદીઓની ઉપર મહેરબાની કરવા આ લડતમાં પડ્યો નથી. મારો તો ધર્મ છે એમ સમજીને પડ્યો છું.'

મિત્રો, અંગ્રેજો સામેની લડતમાં ગાંધીજીને આ ભલા પાદરી જેવા કેટલાય અંગ્રેજોની સક્રિય સહાય મળી હતી. તેમના ગોરા સહાયકો વિશે ગાંધીજી નમ્રતાપૂર્વક નોંધે છે, 'સત્ય પ્રવૃત્તિઓ આવી અનેક પ્રકારની શુદ્ધ અને નિસ્વાર્થ મદદો પોતાની તરફ વિના પ્રયાસે આકર્ષે જ છે.'

જોસેફ ડોકે ગાંધીજીની જીવનકથા પણ લખીને ૧૯૦૯માં પ્રગટ કરી હતી, `M. K. Gandhi - An Indian Patriot in South Africa.'

જીવનકથાનું મુખ્ય પાસું હતું ડોકનો ગાંધીજી સાથેનો ઘનિષ્ઠ સંબંધ. ગાંધીજી પોતાના વિશે બોલતા ગયા અને ડોકે ટપકાવી લીધું. પુસ્તકના પ્રકાશનની જવાબદારી પણ ગાંધીજીએ ઉઠાવી હતી. પુસ્તક પ્રગટ થયું કે તરત એક પ્રત ટૉલ્સટોયને મોકલવામાં આવી હતી. ટૉલ્સટોયે પુસ્તક વધાવી લેતા કહ્યું કે વાચકને જકડી રાખે તેવું અને ગાંધીજીને સમજવામાં મદદરૂપ થાય એવું પુસ્તક છે. અંગ્રેજીમાં લખાયેલી એ જીવનકથાનો ગુજરાતીમાં અનુવાદ બાલુભાઈ પારેખે કર્યો છે, શીર્ષક છે, 'ગાંધીજીનું પહેલું ચરિત્ર' (૧૯૭૦).

જીવનકથામાં ડોકે કરેલું ગાંધીજી સાથેની એમની પ્રથમ મુલાકાતનું વર્ણન વાંચીએ, 'હું હિંદમાં ફરેલો છું એટલે લગભગ અજ્ઞાતપણે મેં મને લેવા આવનાર વ્યક્તિનો ચહેરો અને દેહાકૃતિ અમુક જાતની હશે એમ ધારી લીધું હતું : ઘણું કરીને એ ઊંચો અને દમામદાર પુરુષ હશે, એનો ચહેરો જોહાનિસબર્ગમાં એનો જે પ્રભાવ પડતો હતો તેને જેબ આપે એવો રૂઆબદાર અને આંજી નાખે એવો હશે અને એનો સ્વભાવ ઉગ્ર અને મિજાજી હશે. પણ મારી ધારણા સાવ ખોટી હતી. એક નાની, ચપળ, સુકલકડી મૂર્તિ મારી સમક્ષ આવીને ઊભી રહી અને મારી સામે સભ્યતા અને નિખાલસતાથી જોઈ રહી. એની ચામડીનો રંગ શ્યામ હતો, આંખો પણ કાળી હતી; પરંતુ એના ચહેરા પર ચમકી રહેલું સ્મિત અને સીધી, નિર્ભીક દૃષ્ટિ સામાના હૃદયને જોતાંવેંત જીતી લેતી હતી...એ અણિશુદ્ધ અંગ્રેજી બોલતા હતા અને અત્યંત સંસ્કારી છે એમ દેખાઈ આવતું હતું.'

ગોરા અમલદારો વિશે ડોક નોંધે છે કે, 'એ લોકો એમના (ગાંધીજીના) વર્તનથી અચરજ પામે છે, એમની ગજબની નિ:સ્વાર્થતાથી અકળાય છે, અને ગૌરવ અને શ્રદ્ધાની લાગણીથી એમને ચાહે છે. એ એવા મહાનુભાવોની પરંપરાના છે જેમની સાથે ચાલો તો સંસ્કારિતાના પાઠ શીખવા મળે; જેમનો પરિચય કરો તો ચાહ્યા વિના રહી ન શકો.'

ગાંધીજીના આચારની લાક્ષણિકતાઓ વિશે ડોક જણાવે છે કે, 'બોલતી વખતે એ હાથ ઊંચાનીચા કરતા નથી. આંગળી સરખીએ જવલ્લે જ હલાવે છે. પણ એમની પોતાની શ્રદ્ધાનું બળ, એમની નમ્રતા, એમની તર્કબદ્ધ રજૂઆત શ્રોતાઓને જીતી લે છે. એમના વ્યક્તિત્વની મોહિનીમાંથી બહુ ઓછા છટકી શકે છે. એમની નમ્રતાની શક્તિ આગળ એમના કટ્ટરમાં કટ્ટર વિરોધીઓને મેં ચૂપ થઈ જતા અને નમ્ર બનતા જોયા છે. જેઓ એમની સાથે વિવાદમાં ઊતરે છે તે સૌ પર એમના અદ્ભુત વિનયની છાપ પડ્યા વિના રહેતી નથી. એ વિનયમાં કદી ઓટ અનુભવાતી નથી. સૌને એમને મળીને એક મહાનુભાવને મળ્યાની ખાતરી થાય છે.'

ગાંધીજીની રાજકીય ચળવળના શરૂઆતના વર્ષોમાં તેમને વિશે લખાયેલા આ શબ્દો પૂર્ણપણે યથાર્થ પૂરવાર થયા છે. આટલું સચોટ વર્ણન ભાગ્યે જ બીજે કશે વાંચવા મળે!

ગાંધીજીની લડતમાં સ્વેચ્છાએ જોડાયેલ આ વિદેશી સાથીદારો ઉપરાંત બીજા કેટલાક એવા સહાયકો પણ હતા જેમણે ગાંધીજીની આર્થિક સંકડામણ દૂર કરી આપી હોય. અહીં આપણે જર્મન શીલ્પી હર્મન કેલનબેકને યાદ કરવા પડે. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ લડત ઉપાડી તે અગાઉથી એમની ઓળખાણ હર્મન કેલનબેક સાથે થઈ હતી. જોહાનિસબર્ગમાં ગાંધીજીએ જ્યારે ઘરબાર કાઢી નાંખ્યા હતા ત્યારે એ હર્મન કેલનબેક સાથે રહેતા. કેલનબેક ગાંધીજીને ભાગનો ઘરખર્ચ પણ કાઢવા દેતા નહીં.

૧૯૧૦ની સાલમાં ગાંધીજીની ચળવળ વધુ ઉગ્ર બનતી જતી હતી. બહોળા પ્રમાણમાં હિંદીઓ ચળવળમાં સહભાગી થઈ રહ્યા હતા. ચળવળમાં ભાગ લેવાનો અર્થ એ થતો કે સરકાર ધરપકડ કરે ત્યારે જેલમાં જવું. દેશનિકાલ પણ થઈ શકે. જે સત્યાગ્રહી જેલમાં જાય તેના કુટુંબીઓનું શું? એમની સારસંભાળ કોણ રાખે? જેલમાંથી છૂટીને આવે તે સત્યાગ્રહીને નોકરી પર કોણ રાખે? રોજી રોટી વિના સત્યાગ્રહી કરે પણ શું? આવા વિચારોને અંતે ગાંધીજીએ બધા કુટુંબોને એક સ્થળે રાખવા અને બધાએ સાથે મળીને કામ કરવું એવો માર્ગ સૂચવ્યો. આમાં ઘણા હિંદીઓને એક સાથે રહેવાનું મળે. સત્યાગ્રહી કુટુંબોને નવા અને સાદા જીવનની તાલીમ મળે. ફિનિક્સ આશ્રમ તો હતો જ. પણ ત્યાં 'ઈન્ડિયન ઑપીનિયન' ચાલતું હતું. ત્યાં થોડી ખેતીવાડી પણ હતી. પણ ફિનિક્સ આશ્રમ

જોહાનિસબર્ગથી ત્રણસો માઈલ દૂર હતો. આથી એ ઉપયોગમાં લઈ શકાય તેમ ન હતું. નવી જગ્યા તો ટ્રાન્સવાલમાં જ અને શક્ય હોય તો જોહાનિસબર્ગની નજદીકની લેવી પડે.

હર્મન કેલનબેકે જમીન ખરીદી અને નવો આશ્રમ સ્થાપવાનું કામ ગાંધીજીને સોંપ્યું. એ જમીન ૧૧૦૦ એકરની હતી. તેમાં નાની ટેકરી પણ હતી. ટેકરી પર એક મકાન હતું. ત્યાં ફળઝાડ હતાં. તેમાં નારંગી, એપ્રિકોટ, પ્લમ વગેરે પુષ્કળ ઊગતાં. પાણીનો નાનો ઝરો પણ હતો.

ગાંધીજીએ ૩૦-૫-૧૯૧૦ના રોજ એ જમીન પર ટૉલ્સટોય આશ્રમની સ્થાપના કરી. આશ્રમમાં હિંદુ, મુસલમાન, પારસી અને ખ્રિસ્તી ધર્મના લગભગ ચાળીસ જુવાન, બે-ત્રણ વયોવૃદ્ધ, પાંચ મહિલા અને વીસથી ત્રીસ બાળકો રહેવા લાગ્યા.

મિત્રો, ગાંધીજીના જે વિદેશી સાથીઓની અહીં વાત કરી શક્યા એ તો પાશેરામાં પહેલી પુણી સમાન છે. અને એમણે તો ફક્ત દક્ષિણ આફ્રિકામાં મદદરૂપ થયેલા વિદેશી સાથીઓમાંથી કેટલાક જ સાથીઓની વાત કરી શક્યા છીએ. હજુ તો ઘણું લાંબુ લિસ્ટ બાકી છે. આ સિવાય પણ ઘણાં વિદેશીઓએ ગાંધીજીને અનેક રીતે મદદ કરી હતી.

ખરી વાત તો એ છે કે ગાંધીજીનો પ્રભાવ જ એવો પડતો કે તેમના વિરોધીઓ પણ નમ્રભાવે વિરોધ કરતા અને અંતે તો ગાંધીજીનું ભલું જ ઈચ્છતા. અહીં વિરોધીઓમાં બ્રિટિશ અધિકારીઓ અને રાજકારણીઓનો પણ સમાવેશ થઈ જાય છે. જેમ કે ૧૯૨૨માં અમદાવાદમાં ગાંધીજી પર જજ મિ. બ્રૂમફિલ્ડની કોર્ટમાં ચાલેલા રાજદ્રોહના કેસમાં ગાંધીજીને છ વરસની આસાન કેદની સજા ફરમાવવામાં આવી હતી. જજ મિ. બ્રૂમફિલ્ડે એમના જજમેન્ટમાં ઉમેર્યું હતું કે, 'ભવિષ્યમાં જો હિંદુસ્તાનનું રાજદ્વારી વાતાવરણ શમે અને સરકાર તમારી સજા ઓછી કરી તમને છોડી મેલી શકે તો તે દિવસે મારા જેટલો આનંદ બીજા કોઈને નહીં થાય.'

✷ ✷ ✷

**સંદર્ભ ગ્રંથ :** ૧. સત્યના પ્રયોગો-ગાંધીજી ૨. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ-ગાંધીજી ૩. Gandhi at First Sight–Thomas Weber (2015) ૪. Mr. Gandhi the Man–Millie Graham Polak ૫. Gandhi the Writer–Bhabani Bhattachary ૬. કામણગારા ગાંધીજી-જિતેન્દ્ર દવે ૭. ગાંધીજીનું પહેલું ચરિત્ર–અનુ. બાલુભાઈ પારેખ

સંપર્ક : મો. નં. : 9833626638.

## મોરારજી દેસાઈ

વલસાડના શિક્ષક પિતાના પુત્ર મોરારજી દેસાઈ વહેલી વયે ખૂબ ચાલી, મેદાની રમતો રમી શરીરને અને ખૂબ ભણી મનને કસી ચૂકેલા. રાષ્ટ્રધર્મ પ્રત્યે એટલા જાગૃત હતા કે સ્વદેશી વ્રત બારમા વર્ષે જ અપનાવી લીધું. અમદાવાદમાં ડેપ્યુટી કલેક્ટરની નોકરીમાંથી ૧૯૩૦ના દાયકામાં રાજીનામું આપી રાષ્ટ્રસેવા માટે મુક્ત થયા. દાંડીકૂચ, મીઠાનો સત્યાગ્રહ અને અનેક દેશકાર્યોમાં જોડાયા, જેલવાસ વેઠ્યો, જેપી–મીનુ મસાણી વગેરે પાસે સમાજવાદ-સામ્યવાદના પાઠ ભણ્યા, ગુજરાતના મુખ્યમંત્રી, મુંબઈ પ્રાંતના મહેસૂલ પ્રધાન નીમાયા. પગારમાંથી કરકસર કરીને રહે ને વધેલી રકમ ટ્રસ્ટમાં જમા કરાવે. દારૂબંધીના આગ્રહી ને પૂરા સિદ્ધાંતવાદી. આઝાદી પછી સંયુક્ત મુંબઈ પ્રાંતના ને કેન્દ્રના મહત્ત્વનાં ખાતાં સંભાળ્યાં અને વડાપ્રધાન પણ બન્યા. જીવનભર પોતે કાંત્યું, દેશમાં ખાદી, નઈ તાલીમ, દારૂબંધી, કોમી એકતા, માતૃભાષા-રાષ્ટ્રભાષાનું ગૌરવ, કુદરતી ઉપચાર જેવા વિષયો માટે આગ્રહી રહ્યા. ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિપદે બત્રીસ વર્ષ રહ્યા હતા. ૧૯૮૮માં પાકિસ્તાનનો સર્વોચ્ચ અવૉર્ડ 'નિશાને પાકિસ્તાન' અને ૧૯૯૧માં ભારતનો સર્વચ્ચ 'ભારત રત્ન' મેળવ્યો, પણ બંને પ્રસંગે સમારંભમાં ગેરહાજર રહ્યા. છેલ્લે સુધી પ્રાર્થના, ધ્યાન, ગીતા, સફાઈ શ્રમ, કાંતણને વળગી રહ્યા.

## રામ મનોહર લોહિયા

મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી ભારત આવી વસ્યા, તે વર્ષો રામમનોહર લોહિયાના તરુણ કાળના. પિતા હિરાલાલ સાથે તેઓ ગાંધીજીને મળ્યા ત્યારે બાપુએ પીઠ થાબડેલી. ઊગતી વયમાં સ્વતંત્ર બુદ્ધિ, પ્રેરક વ્યક્તિત્વ અને નેતૃત્વ શક્તિ ધરાવતા લોહિયાએ અંગ્રેજોએ ભારતના ઇતિહાસમાં ક્યાં ખોટું લખ્યું છે તે શોધી 'ધ વ્હીલ ઑફ હિસ્ટ્રી' પુસ્તક લખ્યું છે જે ખૂબ પ્રસિદ્ધ હતું. સુભાષબાબુ-નહેરુ સાથે કામ કરેલું. જર્મનીમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી ડૉક્ટરેટ મેળવ્યું. માર્ક્સવાદી વિચારોને લીધે તેઓ ગાંધીવાદને પૂરેપૂરો અપનાવી ન શક્યા, તેમના પિતાએ સ્વરાજ્ય ચળવળમાં ઝંપલાવ્યું હતું. લોહિયાને મહાત્મા ગાંધી ઉપરાંત ટાગોરનું પણ આકર્ષણ હતું. ક્યાંય બંધાયા નહીં, સાફદિલ, પ્રમાણિક, અહિંસાના પુરસ્કર્તા. ૧૯૪૨ના આંદોલન વખતે 'ભૂગર્ભ રેડિયો' ચલાવતા. ૧૯૪૪માં પકડાઈ અમાનુષી ત્રાસ ભોગવ્યો.ગાંધીજીના દબાણથી ૧૯૪૬માં તેમને અને લાહોર જેલમાં ત્રાસ વેઠતા જયપ્રકાશ નારાયણને છોડવામાં આવ્યા. લોહિયાએ ગોવામાં આઝાદીની મશાલ ચેતાવી હતી. મુસ્લિમ લીગે લોહિયાના માથા સારે દસ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. નહેરુની નીતિઓનો ઉગ્ર વિરોધ કરતા લોહિયા ૫૭ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા

# મહાત્મા ગાંધીના સેવાયજ્ઞના સાથીઓ

## રવિશંકર મહારાજ

- નાની ઉંમરથી જ ગાંધીજીના પ્રભાવમાં આવી દેશ અને સમાજ સેવામાં જોડાયા.
- ગાંધીજી, સરદાર પટેલના નિકટના સાથી.
- ૧૯૨૦–સુણાવમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના, આચાર્યથી માંડી પટાવાળા સુધીની ફરજ બજાવતા.
- ૧૯૨૧–મકાન અને જમીન વેચીને રાષ્ટ્રસેવામાં આપવા પત્ની સંમત ન થતાં મિલ્કત પરના બધા હક છોડી જીવન દેશને સમર્પિત કર્યું.
- ૧૯૨૩–બોરસદ સત્યાગ્રહ, હૈડીયા વેરા નહીં ભરવાની ગામે ગામ ઝુંબેશ.
- ગુજરાતના રાષ્ટ્રીય આંદોલનો (૧૯૨૦-૩૦)ના પ્રણેતા.
- ૧૯૨૬–બારડોલી સત્યાગ્રહ, છ મહિના જેલવાસ
- ૧૯૩૦–દાંડી કૂચમાં ભાગ લેવા માટે ૨ વર્ષ જેલવાસ
- ૧૯૪૨–ભારત છોડો ચળવળમાં ભાગ અને અમદાવાદમાં કોમી હુલ્લડોમાં રચનાત્મક ભાગ, જેલવાસ.
- જેલમાં ગામઠી ગીતા સમજાવતા.
- આઝાદી મળ્યા બાદ સમાજસુધારણાનાં કામોમાં કાર્યરત; વિનોબા ભાવેની ભૂદાન અને સર્વોદય યોજનાઓમાં પાયાનું કામ.
- પાટણવાડીયા, બારૈયા કોમો અને બહારવટીયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું.
- ૧૯૫૫ થી ૧૯૫૮ વચ્ચે ૭૧ વર્ષની ઉંમરે ભૂદાન માટે ૬૦૦૦ કિલોમીટર ચાલ્યા હતા.
- ૧૯૨૦માં પગરખાં ચોરાયા ત્યારથી પગરખાંનો ત્યાગ કર્યો હતો!
- આખી જિંદગી જમવામાં માત્ર એક જ ટંક અને તે ય માત્ર લુખ્ખી ખીચડી!
- પોતાને માટે રૂપિયો પણ ન વાપરનાર આ વ્યક્તિએ કરોડો રૂપિયા અને કિંમતી જમીનોના દાન મેળવ્યા હતા. વિનોબા તેમને તુકારામ મહારાજની કોટિના ગણતા.
- ૧૯૬૦, ૧લી મે-ગુજરાત રાજ્યની સ્થાપના તેમના શુભ હસ્તે કરવામાં આવી.
- ૧૯૮૪ સુધી જે કોઈ ગુજરાતના મુખ્ય મંત્રી બને તે સોગંદ વિધિ બાદ તરત જ મહારાજના આશીર્વાદ લેવા જતા તેવી પ્રણાલી થઈ હતી.
- ૧૯૭૫–કટોકટીનો વિરોધ
- મેઘાણીએ લખેલી 'માણસાઈના દીવા' રવિશંકર મહારાજના અનોખા સેવાયજ્ઞ પર પ્રકાશ પાડે છે.

## ઠક્કરબાપા

ઠક્કરબાપાનું મૂળ નામ અમૃતલાલ. તેમનો જન્મ ૧૮૬૯ના નવેમ્બરની ૨૯મી તારીખે ભાવનગરમાં થયેલો.

ગોખલેજીને મળ્યા ત્યારે તેમની ઉંમર ૪૫ વર્ષની હતી. ગોખલેજીએ જણાવ્યું કે: 'હિન્દ સેવક સમાજની અમુક શરતો છે, તેનું પાલન તમારાથી થઈ શકશે?' અમૃતલાલે એ શરતોનું પાલન કરવાનું સ્વીકાર્યું અને તેઓ હિન્દ સેવક સમાજના સભ્ય તરીકે દીક્ષિત થયા. એમનું કામ હતું હરિજન, દલિત વગેરેને ઋણમુક્ત કરવાનું. વિઠ્ઠલભાઈ પટેલ સુધરાઈના પ્રમુખ થયા ને વડી ધારાસભાના સભ્ય પણ હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવાનું બિલ દાખલ કર્યું. આ સંબંધ કેવી પરિસ્થિતિ વર્તે છે તેનો રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી અમૃતલાલને સોંપી. તેમણે તપાસ કરીને રીપોર્ટ મોકલ્યો. વિઠ્ઠલભાઈ પ્રભાવિત થયા. એવી જ રીતે હિંદ સેવક સમાજે જમશેદપુરના લોઢાના કારખાનાના મજૂરોની સ્થિતિનું સર્વેક્ષણ કરવાનું હતું, તે માટે અમૃતલાલની પસંદગી થઈ ને તેમણે રીપોર્ટ તૈયાર કરીને મોકલ્યો. ગોખલેજી વધુ રાજી થયા.

હવે તેઓ ઠક્કરબાપા તરીકે ઓળખાતા. દુષ્કાળમાં સેવા, ખાદીકામ, ભીલોનો ઉત્કર્ષ, અને અંતે દેશભરના આદિવાસીઓની સેવા.

૧૯૩૦માં ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો. ઠક્કરબાપાને થયું કે બધા સત્યાગ્રહમાં જોડાઈ જેલમાં જાય તો પછી મંડળનું શું? બાપાએ ભીલ સેવામંડળની જવાબદારી ઊઠાવી લીધી. ઠક્કરબાપા લડતથી દૂર રહ્યા હતા, છતાં એમની ધરપકડ કરવામાં આવી.

૧૯૩૦ના સત્યાગ્રહમાં ધોલેરા તેમજ ધરાસણામાં પોલીસ સત્યાગ્રહીઓ ઉપર તૂટી પડી હતી. કાયદા બહારનો ત્રાસ ફેલાવવામાં આવતો જાણીને ઠક્કરબાપાએ નિવેદન બહાર પાડ્યું. પરિણામે તેમને છ માસની સજા થઈ.

ભીલ સેવામંડળમાં બાળકોને શિક્ષણ, સહકારી મંડળીઓની રચના, શાહુકારોની નાગચૂડમાંથી છોડાવ્યા, દુકાળોમાં રાહતનું કામ કર્યું, સરકારી અધિકારીઓની જોહુકમીથી તેમને બચાવ્યા. પરિણામે ભીલ લોકોમાં જાગૃતિ આવી ને તેઓ સબળ બન્યા. સાથોસાથ હરિજન સેવાનું કામ શરૂ કર્યું. સંસ્થાનું નામ 'અંત્યજ સેવામંડળ' રાખ્યું. આ કામમાં ડૉ. સુમંતભાઈ, નરહરિભાઈ પરીખ,

જુગતરામભાઈ વગેરે જોડાયા.

અંત્યજોને પાણી માટે સવર્ણોની દયા ઉપર જીવવું પડે છે, તેથી તેમણે ૨૦૦ જેટલા અલગ કૂવાઓ તૈયાર કરાવ્યા ને તેમના માથેનું દેવું ફેડવામાં લાગી ગયા.

હરિજનોની પરિસ્થિતિ દુઃખદ હતી. સવર્ણ સમાજ તેને હડધૂત કરતો હતો તે જોઈને તેમણે અખિલ હિંદ અસ્પૃશ્યતા નિવારણ સંઘ નામક સંસ્થા સ્થાપી. આ સંસ્થાના મંત્રી તરીકેની જવીબદારી બાપા ઉપર આવી પડી. જ્યારે બાપુએ 'અંત્યજ' શબ્દને 'હરિજન' નામ આપ્યું ત્યારથી સંસ્થાનું નામ 'હરિજન સેવક સંઘ' શરૂ થયું. બાપાએ તે માટે કાર્યક્રમનો મુસદ્દો તૈયાર કર્યો.

બાપુની અસ્પૃશ્યતા નિવારણ યાત્રાના પ્રેરક ઠક્કરબાપા હતા. બાપાને ૭૦ વર્ષ પૂરાં થયાં હતાં ત્યારે સાથીઓએ બાપાની જન્મજયંતી ઉજવવાનું વિચાર્યું. બાપાએ જાહેર કર્યું કે આ રકમ હરિજનોના હિતાર્થે વપરાશે અને સૌને હરિજનોના ઉત્કર્ષમાં લાગી જવા અપીલ કરી.

૧૯૪૨માં બંગાળ, ઓરિસ્સા તેમજ મહારાષ્ટ્રના બિજાપુર જિલ્લામાં ભયંકર દુકાળ પડ્યો ત્યાં દોડી ગયા. કસ્તૂરબાની સ્મૃતિમાં ટ્રસ્ટ ઊભું કરવાનું વિચારવામાં આવ્યું. ૭૫ લાખનું લક્ષ્યાંક હતું. ટ્રસ્ટનો ઉદ્દેશ બહેનો તેમજ બાળકોના ઉત્કર્ષના કામો કરવાનો હતો. બાપાએ હામ ભીડી લક્ષ્યાંક પૂરો કર્યો ને ટ્રસ્ટના મંત્રી તરીકેની જવાબદારી સ્વીકારી.

એ વખતે મહંમદઅલી ઝીણાએ ભારતના ભાગલા માટે મુસ્લિમોને ડાયરેક્ટ એક્શન-સીધા પગલાં ભરવાનો આદેશ આપ્યો. બંગાળ, બિહાર, પંજાબ તેમજ દિલ્હીમાં રક્તપાત થયો, બાપા અને સાથીઓ તે રાહતકામમાં લાગી ગયા.

બંગાળના નોઆખલી વિસ્તારમાં કોમી દાવાનળ ભભૂકી ઊઠ્યો. ગાંધીજી ત્યાં પહોંચ્યા. બાપા તેમની સાથે નોઆખલી ગયા. અડવાણે પગે યાત્રા શરૂ કરી, ખૂબ જ મુશ્કેલીભરી પરિસ્થિતિ હતી. બાપુની સેવા, સમાચારો પહોંચાડવા ને વડાપ્રધાનને ગાંધીજી વચ્ચે સેતુરૂપ બનવાનું કાર્ય કર્યું. તબિયત બગડતી હતી છતાં પાકિસ્તાનમાંથી હિંદુ શરણાર્થીઓ ભારત આવી રહ્યા હતા, તેમના પુનઃવસવાટના કામમાં બાપા લાગેલા હતા.

સ્વરાજ આવતાં દેશનું બંધારણ ઘડવા બંધારણ સભાની રચના થઈ. બાપા તેમાં નિમાયા ત્યારે તેમની ઉંમર ૭૯ વર્ષની હતી. અસ્પશ્યતા નાબુદીની કલમ બંધારણમાં દાખલ કરાવી અને અસ્પૃશ્યતાને ફોજદારી ગુનો ગણાવ્યો. ૧૯૫૧માં તેમનો દેહાંત થયો.

### છોટુભાઈ દેસાઈ

છોટુભાઈ દેસાઈ, મહાદેવભાઈ દેસાઈના પિતરાઈ મોટાભાઈ. તેમને સ્વામી આનંદ 'ગુજરાતનો આઝાદ લડવૈયો' કહેતા. મહાદેવભાઈ અને છોટુભાઈ વચ્ચે ઉંમરનો ઝાઝો તફાવત નહીં. બંને સાથે ઉછરેલા ને ભણેલા, પણ બંનેની કેળવણી, સ્વભાવ અને વ્યક્તિત્વ જુદાં. સુરત ભાંગી મુંબઈ ખીલ્યું ને દેશ આખામાં રેલવેના પાટા નખાયા ત્યારે રેલવેની પરીક્ષામાં પહેલો નંબર લાવી તારમાસ્તર થયા. બુદ્ધિશક્તિ અપાર તેને નબળાને મદદ કરવા ને આડાને સીધા કરવામાં વાપરતા. ગોરા અધિકારીઓને પણ ભૂ પાતા. નોકરી છૂટચે રીતસરના પ્રજાસેવક બની રહ્યા. થોડો વખત રેલને ઈન્સ્ટિટ્યૂટના વડા તરીકે રહ્યા અને અનેક તાર ટિકિટ માસ્તરોને ઘડ્યા. એંજિન ડ્રાઈવરોના સંગઠન કર્યાં. ૧૯૩૪ના આરંભથી થાણા જિલ્લાના જંગલ પ્રદેશોમાં વસતા આદિવાસીઓની સેવાનું કામ સ્વામી આનંદ સાથે કરતા. મન વચન ને કાયાથી, એકનિષ્ઠપણે, કોઈ કદર કે પ્રશંસાની અપેક્ષા વિના માત્ર સેવાવૃત્તિની ધગશથી, થાણાના ગાંધી આશ્રમ વતી છોટુભાઈ કામ કરતા. આદિવાસીઓનું ખૂબ શોષણ થતું, તેને માટે લડતા. ભૂખ-તરસ, ટાઢ-તાપ કશું ન જુએ. આફ્રિકાના હબસી ગુલામો જેવી દશામાં જીવતા કાથોડીઓ માટે તેમના માલિકો, જંગલખાતાના અમલદારો અને જંગલ સંપત્તિના વેપારીઓ સાથે બાખડે. એ વિસ્તારમાં છુપાયેલા ગુંડા-મવાલીઓને કઢાવ્યા. તેઓ હુમલા કરતા, પણ છોટુભાઈ ડરે નહીં. 'ગાંધીનો આદમી નિર્ભય જ હોય' ગાંધીજી છોટુભાઈને 'જંગલના સિંહ' કહેતા. આદિવાસીઓ પાસેથી અંગ્રેજ સરકારે પરાણે ઊઘરાવેલો તે પાછો કઢાવ્યો. જેલવાસ પછી થાણા આશ્રમ વીખાયો ત્યાર પછી પારડી વિસ્તારના આદિવાસીઓની સેવા જીવનના અંત સુધી કરતા રહેલા. ભડવીર, વૈરાગી ને હળવા ફૂલ, એકનિષ્ઠ સામાજિક કાર્યકર હતા.

### ચુનીભાઈ મહેતા

ચોવીસ વર્ષની વયે સાબરમતી આશ્રમમાં ગાંધીકામના વિદ્યાર્થી તરીકે દાખલ થયેલા ચુનીભાઈ, મગનલાલ ગાંધીના ગુરુપદ નીચે એવા તૈયાર થયા કે સમગ્ર વેડછી વિસ્તારને ખાદીમય બનાવ્યો. ચરખામાં પ્રયોગો કર્યા. ગાંડીવ ચરખો, યરવડા ચક્ર, મગન રેંટિયો, ધનુષ તકલી, વાંસ ચક્ર ને અંતે અંબર ચરખો.

ખાદી કામ સ્વરાજ્ય પ્રાપ્તિની ગુરુચાવી હતું. બાળુભાઈ મહેતાએ 'ખાદી મીમાંસા' પુસ્તક લખ્યું છે. 'સુતરના તાંતણે સ્વરાજ' એ ગાંધીમંત્ર બની ગયો હતો. બિહારના લક્ષ્મીનંદન સાહૂજી, ધ્વનિપ્રસાદ સાહૂ, તકલીવીર ભાઉ પાનસે પણ સેવાયજ્ઞના સાથીઓ હતા.

✶ ✶ ✶



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# ગાંધીજી અને ગુરુદેવ

☐ રવીન્દ્ર સાંકળિયા

મહાત્મા ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર. બેઉ વિશ્વવંદ્ય વ્યક્તિ. બેઉ અત્યંત પ્રતિભાશાળી. બેઉને એકબીજા પ્રત્યે પુષ્કળ માન, બેઉ વચ્ચે ગાઢી મિત્રતા. વિચારોમાં સામ્ય ઘણું છતાં ત્રણ-ચાર પ્રશ્નો પર તીવ્ર મતભેદ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફરી રહ્યા હતા ત્યારે એમના થોડા અંતેવાસીઓ અને એમના બાળકોને હિન્દુસ્તાનમાં રહેવા માટે કોઈ ઘરબાર ન હતા એટલે એમને ક્યાં રાખવા એ એક કોયડો હતો. દીનબંધુ એન્ડ્રૂઝ ગાંધીજી તેમજ રવીન્દ્રનાથ બેઉને જાણતા હતા એટલે એમણે આ લોકો શાંતિનિકેતનમાં રહે એવું સૂચન કર્યું તે મુજબ આ લોકો શાંતિનિકેતનમાં આવી રહ્યા. શાંતિનિકેતનમાં તેલ, સાબુ કે પગરખાં નહીં વાપરવાની સાદાઈ ગાંધીજીને ગમી પણ સાથે સાથે ત્યાં બ્રાહ્મણ અને બિનબ્રાહ્મણ વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો હતો તે એમને ખૂંચ્યું. જમવાની પંગત પણ જૂદી. ગુરુદેવ પાસે આ બાબત પર ગાંધીજીને સંતોષી શકે એવો ખુલાસો ન હતો. એમણે ફક્ત એટલું જ કહ્યું કે આ પ્રચલિત પરંપરા છે એમાં વિક્ષેપ શા માટે ?

ગાંધીજીને 'મહાત્મા'નું બિરૂદ આપનાર ગુરુદેવ જ હતા.

સન ૧૯૧૯માં બ્રિટિશ સરકારે જાહેર કરેલા સુધારાઓ સામે ગાંધીજીએ અસહકાર આંદોલનની જાહેરાત કરી હતી તેના કાર્યક્રમ મુજબ સરકારી નોકરો પોતાની નોકરી છોડી દે, વિદ્યાર્થીઓ શાળા-કૉલેજ છોડી દે, વિદેશી વસ્ત્રોની હોળી કરવામાં આવે એવું બધું સામેલ હતું. રવીન્દ્રનાથે આની સામે સખત વિરોધ દર્શાવ્યો. એમનું એમ કહેવું હતું કે વિદેશી વસ્ત્રોની હોળી કરીને આપણે આપણાં કપડા બાળતા નથી પણ ગરીબોનાં બાળીએ છીએ, જેના પર આપણો કોઈ અધિકાર નથી. અસહકાર એક નકારાત્મક વલણ છે અને શાળા-કોલેજ છોડવા એનો અર્થ તો અશિક્ષિત રહેવું એવો જ થાય ને! ગુરુદેવ ગાંધીજીની ચરખા પ્રવૃત્તિમાં જરા પણ માનતા ન હતા. રેંટિયો કાંતવો એ એમને માટે સ્વધર્મથી ભ્રષ્ટ થવા જેવું હતું. અસહકારની ચળવળ ચલાવીને આપણે પશ્ચિમનાં આંધળા રાષ્ટ્રવાદની નકલ કરીએ છીએ. જ્યારે ખરૂં જોતાં તો વિશ્વના સહુ પરસ્પર શક્ય હોય એટલો વધુ સહકાર કરીને વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના સ્વીકારે એ વધુ જરૂરી હતું. આની સામે ગાંધીજીનો જવાબ એ હતો કે 'રાષ્ટ્રવાદ' કંઈ રવીન્દ્રનાથ માને છે એવો રોગ નથી. સ્વદેશીની સૌથી પહેલી ચળવળ રવીન્દ્રનાથે પોતે જ 'બંગભંગ' વખતે કરી હતી. આ ચર્ચાએ દેશભરના બૌદ્ધિક વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવ્યો હતો. ત્યારે એનો નિવેડો લાવવા દીનબંધુ એન્ડ્રૂઝના સૂચનથી બેઉ મહાનુભાવો સામસામે નિરાંતે મળ્યા અને નિખાલસતાથી ચર્ચા કરી. પણ બેમાંથી કોઈએ નમતું ન મૂક્યું. બન્ને પોતપોતાને સ્થાને અવિચળ રહ્યા.

આ પછી થોડા જ વખતમાં રવીન્દ્રનાથનો ૬૦મો જન્મદિન આવતો હતો તેની ઉજવણી રૂપે શાંતિનિકેતનમાં નાટક, સંગીત, નૃત્ય વિ. વિવિધ કાર્યક્રમોની તૈયારી ચાલી રહી હતી. કાર્યક્રમના બે દિવસ પહેલાં જ અસહકારની ચળવળ ચલાવવા બદલ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી જેને લીધે રવીન્દ્રનાથ ખૂબ વ્યથિત થઈ ગયા હતા અને ગાંધીજીની ધરપકડ રાષ્ટ્રનું ઘોર અપમાન છે. આ અપમાનનો ઘૂંટડો ગળી જઈ આપણે આપણો કાર્યક્રમ કરી શકીએ નહિ એમ કહી કાર્યક્રમ રદ કરવાની જાહેરાત કરી.

બ્રિટનમાં ગોળમેજી પરિષદ થઈ ત્યાર પછી બ્રિટનના વડાપ્રધાન રામ્સે મેકડોનાલ્ડે હિન્દુસ્તાનની પ્રજાને વિભાજીત કરતો દલિત વર્ગને હિંદુ કોમથી અલગ કરતો ચુકાદો આપ્યો. આની સામે ગાંધીજીએ યરવડા જેલમાં આમરણાંત ઉપવાસ જાહેર કર્યા. આખો દેશ ખળભળી ઉઠ્યો. સૈદ્ધાંતિક વિરોધ છતાં જ્યારે ગાંધીજીએ પોતાનું જીવન હોડમાં મુક્યું ત્યારે અસ્વસ્થ થઈ ગયા અને ગાંધીજીનું જીવન કોઈ પણ રીતે બચાવી લેવું જોઈએ એમ એમને લાગ્યું એટલે સીધા ગાંધીજી પાસે પહોંચી ગયા. રવીન્દ્રનાથ પૂના પહોંચ્યા ત્યારે ઉપવાસનો ચોથો દિવસ હતો. ત્યાર

## મહાત્મા ગાંધી

'કદાચ તેઓ સફળ ન થાય;
કદાચ તેઓ નિષ્ફળ પણ જાય;
જે રીતે બુદ્ધ અને ઈસુ
મનુષ્યોને અધર્મથી અલગ કરવામાં
નિષ્ફળ ગયા!
પરંતુ પોતાના અસાધારણ જીવનને કારણે
પ્રત્યેક યુગમાં
તેઓનું સ્મરણ થતું જ રહેશે.'

☐ ટાગોર

પછી બે જ દિવસ રહીને ઉપવાસનું રાજકીય સમાધાન થયું એટલે ગાંધીજીએ રવીન્દ્રનાથની ઉપસ્થિતિમાં સંતરાનો રસ લઈને પારણાં કર્યા અને રવીન્દ્રનાથને વિનંતી કરી કે 'તમારે કંઠેથી એક ગીત સાંભળવાની ઈચ્છા છે' અને રવીન્દ્રનાથે અત્યંત સૂરીલા પણ દર્દીલા અવાજે ગીત ગાયું. 'તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે.' ગાંધીજીને 'મહાત્મા'નું બિરુદ આપનાર ટાગોર જ હતા.

બિહારના વિનાશક ધરતીકંપ વખતે બિહારની વ્યથામાં આખો દેશ સહભાગી થયો હતો ત્યારે ગાંધીજીએ પોતાની આગવી રીતે સૌને સાંત્વના આપતા કહ્યું કે 'હિંદુ સમાજે સદીઓથી અસ્પૃશ્યતાને અમલમાં મૂકીને જે પાપ આચર્યું છે તે પાપની પરમાત્માએ કરેલી આ સજા છે, તેનો સ્વીકાર કરી આપણે પાપનું નિવારણ કરીએ. આ નિવેદન વાંચીને રવીન્દ્રનાથ સમસમી ઊઠ્યા. એમના મતે ગાંધીજીએ જે કંઈ કહ્યું છે તેનો સ્વીકાર કરીએ તો અંધશ્રદ્ધાને ઉત્તેજન આપવા જેવું થાય. ધરતીકંપ એક કરૂણતા છે પણ ગાંધીજીનું નિવેદન એથી મોટી કરૂણતા છે, અને એનો સખત વિરોધ થવો જોઈએ.

રવીન્દ્રનાથનું નિવેદન વાંચ્યા પછી ગાંધીજીએ પોતાના વિચારોની વધુ સ્પષ્ટતા કરીઃ માણસ જે કંઈ વિચારે છે કે વર્તન કરે છે તેની અસર વૈશ્વિક પર્યાવરણ પર અવશ્ય થાય છે. જેને આપણે ભૌતિક પરસ્થિતિ કહીએ છીએ એની ઉપર પણ આધ્યાત્મિક વર્તનની અસર થતી હોય છે. ઈશ્વરના જ્ઞાન કે એણે ઘડેલી કાયદા વિશે આપણે કશું જાણતા નથી. અસ્પૃશ્યતાનું પાપ આપણે આચર્યું છે એટલે એ પાપની સજા થાય એ સહજ છે. વૈશ્વિક ચેતના અગમ્ય છે અને આ ચેતના તથા માનવીય શ્રદ્ધા આ બંને ઈશ્વરની નજીક પહોંચવાનો માર્ગો છે એવું મને લાગે છે.'

સન ૧૯૪૦ના અરસામાં ગુરુદેવનું સ્વાસ્થ્ય કથળતું જતું હતું એટલે એમણે ગાંધીજીને શાંતિનિકેતન બોલાવ્યા અને વિનંતી કરી કે એમના મૃત્યુ પછી ગાંધીજી વિશ્વભારતીનો કારભાર સંભાળે. જવાબમાં ગાંધીજીએ કહ્યું કે 'વિશ્વભારતી માત્ર રાષ્ટ્રીય સંપત્તિ નથી પણ આંતરરાષ્ટ્રીય સ્થાપણ છે એની જવાબદારી લેનાર હું કોણ?' પણ સાથે સાથે એટલું ઉમેર્યું કે વિશ્વભારતી સંસ્થા માટે જ્યારે પણ જે કંઈ કરવા જેવું લાગશે તે બધું જ કરી છૂટશે

વખત જતાં ગુરુદેવની તબિયત વધારે બગડી, ત્યારે ગાંધીજીએ મહાદેવ દેસાઈને ગુરુદેવ પર એક પત્ર લખીને મોકલ્યા. મહાદેવભાઈ ગુરુદેવને મળ્યા. પ્રણામ કરી કહ્યું 'બાપુએ આપને વંદન પાઠવ્યા છે અને આપના સ્વાસ્થ્ય માટે પોતે પરમાત્માને પ્રાર્થના કરે છે એવો સંદેશો આપ્યો છે.' રવીન્દ્રનાથ અપલક નેત્રે મહાદેવભાઈ સામે જોઈ રહ્યા. એમની નજર સમક્ષ ગાંધીજી સાથેના પોતાના મતભેદોના સંખ્યાબંધ પ્રસંગો તરવર્યા. એક ઘડીનોયે આરામ લીધા વગર ગાંધીજી અદ્ધર શ્વાસે દેશ ભરમાં દોડી રહ્યા હતા એ કવિ જાણતા હતા. આટલી મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે પણ એમણે મહાદેવભાઈને પોતાની ખબર જોવા મોકલ્યા એ જાણીને કવિના હૈયામાં ડૂમો ઉભરાયો.

✱ ✱ ✱

C/o. માલા પ્રદીપ સિંહા
૪૧, રામબાગ સોસાયટી, મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦.

## મહાત્મા ગાંધીના ચરણોમાં સર્વસ્વનું સમર્પણ

### જમનાલાલ બજાજ

કુશળ અને સાચા માર્ગે ચાલનારા શ્રીમંત વેપારી જમનાલાલજી વર્ધામાં રૂના રાજા ગણાતા. તેઓ કૉંગ્રેસના ખજાનચી હતા. અખિલ ભારતીય ચરખા સંઘના પ્રાણ, અસ્પૃશ્યતા નિવારણ સમિતિના પ્રમુખ, હિન્દી પ્રચાર અને અનેક નાનીમોટી સંસ્થાઓના સ્થાપક. આશ્રમને આર્થિક સહાય કરતા. સહપરિવાર આશ્રમમાં જ રહેતા. પુત્રો આશ્રમશાળામાં ભણતા. બાપુ જમનાલાલજીને પોતાના પાંચમા પુત્ર કહેતા. તેમણે પોતાનું સર્વસ્વ બાપુના ચરણે ધરી દીધું. વર્ધામાં પોતાની વાડી, મકાનો આશ્રમ માટે અર્પણ કર્યા. કુમારપ્પા એ ત્યાં અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કરી. શેગાંવની જાગીર પણ ગાંધીજીને ચરણે ધરી જ્યાં સેવાગ્રામ આશ્રમ સ્થપાયો. તેઓ ગૌસેવક હતા અને ગાંધીજીના રચનાત્મક કામો માટે નાણાંની તૂટ પડવા ન દેતા.

### શંકરલાલ બેંકર

શંકરલાલ બેંકર સુરત જિલ્લાના નાવલી ગામના, મુંબઈમાં જન્મ અને ઉછેર થયાં. પરિવાર ગર્ભશ્રીમંત, વૈષ્ણવ સંસ્કારોવાળો. શંકરલાલ બેંકર સુધારાવાદી અને પુસ્તકપ્રેમી હતા. મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે તેમની સાથે જોડાયા. પુષ્કળ જીવનરસ. ચારે બાજુ પ્રવૃતિઓ ધમધમે. હોમરૂલ, સ્વદેશી, ખાદી, અસ્પૃશ્યતા નિવારણ બધામાં સક્રિય. અનસૂયાબહેન સારાભાઈ સાથે અમદાવાદની મજૂર લડતમાં સંકળાયા હતા. મહાત્મા ગાંધીની ખૂબ નિકટ હતા. ભંડોળ એકત્ર કરી આપતા. ગાંધીજીની ધરપકડ પછી 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'ના પ્રકાશક તરીકે સરકારે શંકરલાલભાઈને પણ પકડ્યા. બંનેએ સાથે જેલવાસ વેઠ્યો. જીવનભર દેશને ગુલામી અને ગરીબીમાંથી મુક્ત કરવા ગાંધી સાથે ઝઝૂમ્યા.

# ગાંધીજી - પ્રાર્થના – સંગીત

❑ સોનલ પરીખ

૧૯૪૬માં આઝાદીનો સૂર્ય ઊગવાની તૈયારીમાં હતો ત્યારે ગાંધીજીને એક પત્રકારે પૂછ્યું : 'આપ પહેલાં ૧૨૦ વર્ષ જીવવાની ઈચ્છા રાખતા હતા. હવે આપ કહો છો કે આવી ઈચ્છા રહી નથી. આનો અર્થ શો ? શું આપ નિરાશાવાદી બની ગયા છો ?'

'નિરાશાવાદી હું ? જરા પણ નહીં. હું નિરાશાવાદી હોઈ શકું જ નહીં.'

'કેમ ?'

'કેમ કે હું આસ્તિક છું.'

આસ્તિક કદી નિરાશાવાદી હોઈ ન શકે, કેમ કે તેની જીવન પ્રત્યેની દૃષ્ટિ વિધાયક હોય છે. ગાંધીજીના પારિવારિક, સામાજિક, રાજકીય જીવનમાં પ્રચંડ ઊથલપાથલો થતી રહી પણ તેઓ સતત સકારાત્મક રહ્યા હતા. દેશ આંતરવિગ્રહથી ખદબદતો હતો ત્યારે પણ તેમની આશાજ્યોતિ સ્થિર હતી.

જીવનમાં, માણસમાં, ઈશ્વરમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધા તેમના પ્રાર્થનાપ્રેમમાં વ્યક્ત થાય છે. પણ તેમની પ્રાર્થનાઓનો અભ્યાસ કરનારની સામે એક બીજું રહસ્ય પણ ખૂલે છે અને તે છે ગાંધીજીની સંગીત તરફની રુચિ.

ગાંધીજી એક ગંભીર, કઠોર, શિસ્તબદ્ધ, સત્યાગ્રહી અને એટલે શુષ્ક અને નિરસ વ્યક્તિ હોવાની એક સામાન્ય છાપ છે. પણ તેમના જીવનમાં કલા અને આનંદને પણ એક સ્થાન હતું. અલબત્ત, કલા અને આનંદ પ્રત્યેની તેમની રુચિ ગંભીરતા અને જીવનનિષ્ઠાથી રસાયેલી હતી.

તો પણ ગાંધીજી સંગીત પ્રત્યે રુચિ ધરાવતા હતા તે વાતથી ઘણાખરાને નવાઈ તો લાગશે.

ગાંધીજીના જન્મનો સમય પુષ્ટિમાર્ગમાં સુવર્ણકાળ હતો. બીજા વૈષ્ણવ પરિવારોની જેમ ગાંધીજીના પરિવારમાં પણ હિંદી ગુજરાતી પદો ઉપરાંત મીરાબાઈ, તુલસીદાસ, કબીર, નરસિંહ મહેતા વગેરેનં ભજનો ગવાતાં હશે. ગાંધીજીના કાન તેમ જ આત્મા આ ભજનોથી રસાયા હશે. ઉપરાંત ગીતાના શ્લોકો, અખાના છપ્પા, રામાયણની ચોપાઈઓનું વાતાવરણ તો ખરું જ. ગાંધીજીએ કહ્યું છે : 'સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના-આ બધું ભ્રમ નથી. આપણે ખાઈએ, પીઈએ, ઊઠીએ, બેસીએ તે જેવું સત્ય છે તેટલું જ–કદાચ તેથી પણ વધારે સત્ય આ બધું છે. એ વાણીનો કે સૂરોનો વિલાસ છે એવું પણ નથી. પ્રાર્થનાના શબ્દો ને સ્વરોનાં મૂળ હૃદયમાં છે, ને તેનો વિસ્તાર ગગનમાં છે. તેનાથી મન નિર્મળ થાય છે અને જીવનમાં સુસંવાદિતા આવે છે.

જોકે ચરખાનું સંગીત ગાંધીજીના મતે શ્રેષ્ઠ હતું. જીવનની એકતાનતા અને સર્જન સાથેના જોડાણનું પ્રતીક. તેઓ કહેતા, 'ભજન ગાતાં ગાતાં ચરખો કાંતો. ચરખાના ગુંજનથી હું ઈશ્વર સાથે એકાત્મતા અનુભવું છું.'

પ્રાર્થના અને કાંતણ–આ બંને વિષયો પર ગાંધીજીએ જીવનભર પ્રયોગો કર્યા. ચરખાની ગુંજ તેમને તાનપુરાના રણકાર જેવી સૂરીલી લાગતી. સૂતરના એક એક તારમાં ખાદી વિશેનું સઘળું તત્ત્વજ્ઞાન પ્રત્યક્ષ થતું.

બાળકોએ એક વાર પૂછ્યું : 'બાપુ, તમારી કેટલી ટીકાઓ થાય છે, લોકો ફાવે તેમ કહી જાય છે, પણ તમે શાંત હો છો. પોતાની પ્રવૃત્તિમાં મસ્ત. આવી મનઃસ્થિતિ કેવી રીતે રાખી શકો છો ?'

'મારા હૃદયમાં સંગીત છે. તાનપુરો હંમેશાં મેળવેલો હોય છે.'

પ્રાર્થનાનું ગાંધીજીના જીવનમાં આગવું મહત્ત્વ હતું. તેમનો અંત પણ પ્રાર્થના સમયે અને પ્રાર્થના સ્થળે આવ્યો એ કેવો યોગાનુયોગ ! ૩૦ જાન્યુઆરીની સવારે ગાંધીજીએ મનુ ગાંધીને એક શ્લોક ગાવાનું કહ્યું, જે તેમની પ્રાર્થનામાં ગવાતો ન હતો-તેનો ભાવાર્થ એ હતો કે, 'તું થાકેલો હોય તો પણ, હે માનવ ! વિશ્રાંતિ કદી ન લઈશ.'

૧૧ માર્ચ, ૧૯૩૦-દાંડીકૂચના આગલા દિવસે ગાંધીજીએ પ્રાર્થના સભામાં કહેલું : 'સાબરમતીના પવિત્ર કાંઠા પર કદાચ આ મારું છેલ્લું જ ભાષણ છે.' અને પ્રાર્થના ગાતાં પંડિત ખરેનો અવાજ કંપી ગયો હતો. ૧૨ માર્ચની સવારે પંડિત ખરેએ ગાયું-'જાનકીનાથ સહાય કરે તબ કૌન બિગાડ કરે નર તેરો' સાંભળી ગાંધીજીને બળ મળ્યું. તેમણે કહ્યું, 'ઈશ્વર આપણી સાથે છે, પછી કોની બીક છે ?' છેવટે 'વૈષ્ણવ જન' ગવાયું ત્યારે સૂર્યનું પહેલું કિરણ ધરતી પર ઊતરતું હતું. દાંડીકૂચની ૨૨ દિવસની યાત્રા દરમ્યાન લોકગીતો, ભજનો, ઘોષણાઓની રમઝટ બોલાતી. સત્યાગ્રહનું વાતાવરણ ઊભું કરવામાં લોકસંગીત,

> *ગાંધીજી કહેતા હતા: 'સત્ય એ જ ઈશ્વર છે.' પરંતુ સત્યની ઓળખ મુશ્કેલ છે. એટલે એમના જીવનમાંથી મારી અલ્પ બુદ્ધિ મુજબ હું જે કાંઈ સમજ્યો, એ છે: પ્રેમ એ જ સત્ય છે. અને આ પ્રેમ દ્વારા જ ઈશ્વરની ઓળખ થઈ શકે છે. આવો મારો વિશ્વાસ ગાંધીજીનાં જીવને દૃઢ કર્યો છે. એટલે હું સદા એમનો ઋણી છું.*
>
> ❑ ગુરુ દયાલ મલ્લિક

ગમ્મતરેલીઓ, સ્વાતંત્ર્યગીતોનો ફાળો ઓછો નહોતો.

સવારસાંજની પ્રાર્થના આશ્રમજીવનનું એક અનિવાર્ય અંગ હતી. તેઓ જીવનમાં એક દિવસ પણ પ્રાર્થનામાં હાજર રહેવાનું ચૂક્યા નહોતા. તેમના પ્રભાવથી ભારતના સાર્વજનિક જીવનમાં પણ સામુદાયિક પ્રાર્થનાનો એક યુગ શરૂ થયો. આ પ્રાર્થનાનું લક્ષ્ય હતું આત્માને વિશ્વવ્યાપક, કરુણાસભર અને પ્રેમપૂર્ણ બનાવવાનું. તેથી જ ગાંધીજીની 'આશ્રમ ભજનાવલિ'નાં ભજનો સમજવાં અને ગાવાં ખૂબ સરળ રહેતા. ન તેમાં અઘરા શબ્દો આવે, ન કિલષ્ટ સૂરો – કારણ કે ગાંધીજીનું સાધ્ય હતું જનતાના હૃદયને એક તારે બાંધવું તે. ઈશ્વર સમર્પણ સાથે તેમને માનવઐક્ય પણ સાધવું હતું. તેથી સાદી ભાષામાં, સરળ રાગોમાં ઉન્નત ભાવોને વણી લેતાં ભજનો 'ભજનાવલિ'માં સ્થાન પામ્યાં હતાં.

પં. નારાયણ ખરે સંગીતાચાર્ય વિષ્ણુ દિગંબરના પ્રિય શિષ્ય. તેઓ સાબરમતીમાં આવ્યા અને આશ્રમનું વાતવરણ બદલાઈ ગયું. 'આશ્રમ ભજનાવલિ'નાં ભજનોનું ચયન તેમણે જ કર્યું છે. પણ એ ચયન કેમ કરવું તેનું ઝીણવટભર્યું માર્ગદર્શન ગાંધીજી આપતા. પછી નારાયણ ખરેના પુત્ર રામચંદ્ર ખરેએ એ ભજનોને લિપિબદ્ધ કર્યા. અને બે ભાગમાં પ્રસિદ્ધ કર્યાં. આશ્રમમાં રોજ સવારે અને સાંજે પ્રાર્થના થતી. સવારસાંજના શ્લોકો અને ભજનો જુદાં જુદાં રહેતાં. ચયન એ પ્રકારનું હોય કે લોકોને પ્રાર્થના ચૂકવી પાલવે નહીં. આત્મતત્ત્વના ત્રણ શ્લોકોથી સવારની પ્રાર્થના શરૂ થાય અને સ્થિતપ્રજ્ઞ લક્ષણ સાંજની પ્રાર્થનામાં અચૂક ગણાય.

પં. નારાયણ ખરે પાસેથી એક વાર 'રઘુપતિ રાઘવ' સાંભળીને ગાંધીજીની આંખો ભરાઈ આવી હતી. આ પદ પછીથી વિશ્વભરમાં પ્રસિદ્ધ થયું. મીરાંનાં પદ સાંભળી ગાંધીજી તેમની ઉત્કટતા અનુભવતા. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન' તો તેમનો આદર્શ હતું. સુરદાસના પદોની અહંકારમુક્તિ તેમને ખૂબ ગમતી. આ બધું તેમણે પોતે તેમ જ આશ્રમવાસીઓએ પણ આત્મસાત્ કર્યું હતું.

કાકા કાલેલકરે 'આશ્રમ ભજનાવલિ'ની એક વિસ્તૃત પ્રસ્તાવના લખી છે. તેમણે નોંધ્યું છે કે દક્ષિણ આફ્રિકામાં પણ સંધ્યાકાળની પ્રાર્થના હંમેશાં થતી હતી. ત્યાં ગવાતાં ભજનો પછીથી 'નીતિકાવ્યો' નામે પ્રગટ થયાં છે.

૧૯૧૪માં ગાંધીજી ભારત આવ્યા અને આશ્રમ સ્થાપ્યો. આશ્રમવાસીઓના પહેલા સમૂહમાંના ઘણાં શાંતિનિકેતનમાં રહી આવ્યા હતા. ત્યાંની સુંદર પ્રાર્થનાઓ પણ 'ભજનાવલિ'માં છે. સવારની પ્રાર્થના કાકા કાલેલકરે શરૂ કરાવી. 'ભજનાવલિ'ના મરાઠી પદો તેમની દેણ છે.

કોચરબ આશ્રમમાં સવારસાંજની પ્રાર્થનાનો ક્રમશઃ વિકાસ થતો ગયો. રામધૂન શરૂ થઈ. પદો એક સૂરે વ્યવસ્થિત ગવાવા લાગ્યા. વિનોબા અને કાકા કાલેલકર ઉપનિષદપ્રેમી–તેમણે ઉપનિષદના વચનો પણ ઉમેરાવ્યાં. એક તમિળ બંધુના પ્રતાપે તમિળ ભજનો સમાવાયાં. રામાયણ-મહાભારત અને ગીતાના પાઠ થવા લાગ્યા. શુદ્ધ ઉચ્ચાર, ઉત્તમ સ્વરરચના અને ઉચ્ચ અધ્યાત્મની તાલીમ આ પ્રાર્થના દ્વારા આશ્રમવાસીઓ પામ્યાં. મહાદેવજીએ 'અકલ કલા ખેલત', 'નર જ્ઞાની' અને કિ. ઘ. મશરૂવાલાએ 'હો રસિયા મૈં તો શરણ તિહારી' સમાવિષ્ટ કરાવ્યા.

એક જાપાની સાધુ દ્વારા જાપાની મંત્ર, રેહાના તૈયબ દ્વારા 'અલ ફાતિહા' અને 'સૂરત ઈ ઈખલાસ' સમાવાયાં. રેહાનાનો અવાજ ખૂબ મીઠો હતો. તેઓ ખૂબ સાફ ઉચ્ચાર સાથે ગીતાના શ્લોકો

### ભક્તિસંગીતના ઉપાસક

## નારાયણ મોરેશ્વર ખરે

ગાંધીજીને લાગ્યું કે સાબરમતી આશ્રમમાં જ્ઞાન સાથે ભક્તિનું વાતાવરણ સર્જાવું જોઈએ. તેમણે સંગીતસાધક પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસે માગણી કરી કે સાબરમતી આશ્રમ માટે કોઈ ભક્તદિલ સંગીતકાર જોઈએ છે.

તેમણે પોતાના શિષ્ય સંગીતકાર નારાયણ મોરેશ્વર ખરેને મોકલી આપ્યા. તેઓ સંગીતના માત્ર કલાકાર ન હતા, પરંતુ સાધક હતા. આથી સાબરમતી આશ્રમમાં એક વધુ સત્યાગ્રહી સાધકનો ઉમેરો થયો. પોતાની સંગીતકળાનો તેમણે ક્યારેય બીજો ઉપયોગ કર્યો નહિ. સમગ્ર જીવન ગાંધીને ચરણે સમર્પિત કરી દીધું. સવાર-બપોર-સાંજ વિદ્યાર્થીઓના સંગીતના વર્ગો ચલાવતા. તેમાં ઉંમરલાયક પણ જોડાતા.

આશ્રમમાં સવાર-સાંજ પ્રાર્થના થતી તેમાં પંડિતજીનો નાદબ્રહ્મ ખીલી ઊઠતો ને ધૂનમાં સૌ ડોલવા લાગે. પંડિતજીના પત્ની લક્ષ્મીબહેન એવાંજ ભક્તદિલ. ક્યારેક પંડિતજીના ગુરુબંધુ ઓમકારનાથજી ઠાકુર આવે. પંડિતજીને બે પુત્રો અને એક પુત્રી હતાં. નાનો પુત્ર વસંત શીતળાના રોગમાં અવસાન પામ્યો ત્યારે દાંડીયાત્રા શરૂ થવાની હતી. પંડિતજી પુત્રવિયોગને મનમાં ભંડારી દઈ દાંડીયાત્રામાં જોડાવા તૈયાર થઈ ગયા હતા.

શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ

દેખ ભાગે સો શૂર નાહી.

ગાતાં.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં હતા ત્યારે તેમણે ખ્રિસ્તી ભજનનો સંગ્રહ કર્યો હતો. તેમનું `lead kindly light' તેમને ખૂબ ગમતું. તેમણે ભારત આવી ઘણા બધા પાસે તેનો ગુજરાતી અનુવાદ કરાવ્યો હતો. તેમાં શ્રી નરસિંહરાવ દિવેટિયાએ કરેલો અનુવાદ તેમને સૌથી વધુ ગમ્યો, અને 'ભજનાવલિ'માં તેનો સમાવેશ કર્યો. ડૉ. ગિલ્ડર દ્વારા જરથુસ્તી ગાથાઓ ને પછીથી સિંધી ભજનો પણ 'ભજનાવલિ'માં આવ્યાં.

આમ 'આશ્રમ ભજનાવલિ' ભજનનો સંગ્રહ માત્ર નથી, તે આશ્રમના સામુદાયિક જીવનનું દર્પણ છે. એક પ્રજાના ક્રમશઃ અધ્યાત્મવિકાસનો ઇતિહાસ છે. પ્રાર્થનામાં પણ મન લીન થાય, પ્રત્યેક શબ્દ ને પ્રત્યેક સૂરમાં પ્રાણ પરોવાય તે માટે તેઓ અત્યંત જાગૃત હતા.

આશ્રમમાં ગવાતાં ભજનો અડાણા, આસા, આસાવરી, કલ્યાણ, કાફી, કાલિંગડા, કેદાર, ખમાજ, ગૌડ સારંગ, શ્રી, જોગી, ઝિંઝોટી, તિલક કામોદ, તિલંગ, દરબારી કાનડા, દેસ, દુર્ગા, ધનાશ્રી, નટ, પરજ, પીલુ, પૂર્વી, બાગેશ્રી, બહાર, બ્રિન્દાવની સારંગ, ભીમપલાસી, ભૂપાલી, ભૈરવ, ભૈરવી, મલ્હાર, માલકૌંસ, માંડ, શંકરા, સોહિણી, હિંડોલ, અને અન્ય રાગો પર આધારિત હતાં. આનાથી ભાવ એ સ્વરનું એક સુંદર સંયોજન આશ્રમના ભજનોમાં થયું હતું.

> **આજે જગત જેને વંદનીય ગણે છે એ ગાંધીજીનું જીવન તો એક ઉઘાડાં પુસ્તકરૂપ હતું. એમાંથી પાત્રતા પ્રમાણે દરેક જણ કંઈ ને કંઈ મેળવી શકે. વાલ્મીકિ રામાયણમાં સજ્જનના મનને સ્વચ્છ પાણીની સાથે સરખાવતાં કહે છેઃ 'પ્રસન્ન રમ્ય નિર્મલ જલ જેવું સજ્જનનું મન.' ગાંધીજીનું મન એવું હતું–આદર્શના જેવું. એ આદર્શમાં જોઈ લોકો પોતાને સમજતા થાય.**

પ્રાર્થના પૂર્વે મૌન પળાતું. તેનો હેતુ હતો આત્મસંશોધન, એકાગ્રતા. પ્રાર્થના દરમ્યાન બધાની આંખો બંધ હોવી જોઈએ તેવો ગાંધીજીનો આગ્રહ હતો. નિશ્ચિત સમયે પહોંચી જવું, જાતે કાંતેલી ખાદીના આસન પર બેસવું, શ્લોકો-પદો ધ્યાનપૂર્વક સાંભળવાં, બીજા દિવસે કયા શ્લોકો અને પદો લેવાશે તેની માહિતી આપવી – આ તેમનો રોજનો ક્રમ. પ્રાર્થના સમયે તેઓ ટૂંકું ઉદ્‌બોધન પણ કરતા. પંડિત તોતારામજી ભજનો ગાતા ને તેનો અર્થ પણ સમજાવતા. વિનોબાનાં એકાદશ વ્રત તો પ્રાર્થનાનું અભિન્ન અંગ હતાં.

માનસિક દૃષ્ટિએ આ વાતાવરણ ઊંડો આધ્યાત્મિક પ્રભાવ પાડતું. ઉપસ્થિત રહેતા લોકો કહેતા કે: 'ગાન સમાધિ' લાગી જતી. પ્રાર્થનાનો આવો પ્રભાવ અને તેનું આવું સામુદાયિક સ્વરૂપ ગાંધીજી પહેલાં કોઈ ઊભું કરી શક્યું નહોતું.

ટાગોરના આશ્રમની પ્રાર્થના આછા અજવાસમાં દીવાઓના ઝગમગાટ વિના, નિસર્ગની ભવ્ય શાંતિના સાંનિધ્યમાં થતી. ગાંધીજીને અજવાળા-અંધારાના સંગમ સમયની આ ઉદાત્ત ગહન શાંતિ ખૂબ ગમતી. તેથી સવાર-સાંજ બંને પ્રાર્થનાઓ માટે તેમણે આવો જ સમય પસંદ કર્યો હતો.

પ્રાર્થનાઓ દરમ્યાન અનેક વાર ગાંધીજી પર જીવલેણ હુમલાઓ થયા હતા. છતાં તેમણે કદી પ્રાર્થનાઓ છોડી નહોતી. ૧૯૪૭માં દિલ્હીમાં સાંજની પ્રાર્થનામાં નિયમ પ્રમાણે કુરાનની આયાતો બોલાઈ – લોકોએ વિરોધ કર્યો. કોમી તોફાનોએ માઝા મૂકી દીધી હતી. ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું. 'પ્રાર્થના' બંધ નહીં થાય. પ્રાર્થનામાં કુરાનની આયાતો છે તેને માટે કોઈએ મને ઠાર કરવો હોય તો કરે – રામનામ લેતાં હું શરીર છોડી દઈશ.'

'હરિનો મારગ છે શૂરાનો' સાંભળવું ગાંધીજીને ખૂબ ગમતું. ક્યારેક ચરખો કાંતતા તેઓ મંદ સ્વરે આ ભજન ગણગણતા પણ ખરા.

'તીર્થ સલિલ'માં દિલીપકુમાર રૉયે પૂછ્યું છે, 'બાપુ, આપનું સંગીત તો ગરીબોનું સંગીત હશે ખરું ને?'

'હા, સંગીત શ્રેષ્ઠ કલા છે. શ્રેષ્ઠ કલા સૌને માટે કલ્યાણસાધક હોય. ગરીબમાં ગરીબ માટે ગીત-સંગીત સુલભ છે. સર્વોત્તમ કલા સહજ સર્વભોગ્ય હોય છે. મારો ચરખો એ જ મારી વીણા છે.'

દિલીપકુમારના કંઠે 'મને ચાકર રાખો જી' સાંભળીને બીજા બધાની સાથે ગાંધીજીની આંખોમાંથી પણ અશ્રુધારા વહી હતી.

ટાગોરે કહ્યું હતું: 'પ્રાણ અને મન દ્વારા પણ હું જેને પહોંચી શકતો નથી તેને હું મારા ગાન દ્વારા સ્પર્શ કરું છું.' કુમાર ગંધર્વે 'ગાંધી મલ્હાર' નામનો રાગ બનાવ્યો હતો. મલ્હારના આ પંદરમા પ્રકારમાં તેમણે મલ્હારની મૂળ ગંભીર પ્રકૃતિમાં ગાંધીજીની કરુણા અને માનવપ્રેમ ઉમેર્યા હતા. તેમાં તેમણે બંને 'ગ' બંને 'ની' અને શુદ્ધ 'મ'નો પ્રયોગ કર્યો હતો.

દક્ષિણ આફ્રિકામાં એક વાર ગાંધીજી એક મઠમાં ગયા હતા. ત્યારે બધા સાધુઓ મૌની હતા. ગાંધીજીએ મઠાધીશને તેમના મૌનનું કારણ પૂછ્યું. જવાબ મળ્યો, 'વારંવાર બોલીને અંતરાત્માનો શાંત મધુર નાદ સાંભળવાનું શા માટે ચૂકવું?'

અંતરાત્માના આ મધુર નાદના ગાંધીજી પણ ઉપાસક હતા તે કોણ નથી જાણતું? ✱✱✱

(મુખ્ય આધાર : 'महात्मा गांधी व संगीत' મરાઠી પુસ્તક લેખિકા प्रा. सौ. रामश्री राय.)

● માનવ તે જ બની જાય છે જે થવાનો તેને વિશ્વાસ હોય છે.

# ગાંધીજી આ સહુમાં જીવ્યા

**❑ ડૉ. સેજલ શાહ**

*[ ડૉ. સેજલ શાહ પ્રાધ્યાપિકા, લેખિકા અને વક્તા છે. સાહિત્ય, અધ્યાત્મ અને ગાંધીવિચારો – આ ત્રણે ક્ષેત્રોને યુવાન વયે ખેડી રહ્યાં છે. ગાંધીપ્રેરિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભાગ લેનાર હયાત સેનાનીઓની મુલાકાત લઈ તેમણે લખેલું પુસ્તક દસ્તાવેજી મહત્ત્વ ધરાવે છે. ]*

ગાંધીજી–મોહનદાસ કરમચંદ ગાંધી–બાપુ નામે લાડકું વિશેષણ પણ! આશ્ચર્ય થાય એવું વ્યક્તિત્વ અને કાર્યનું ફલક એથીય વિશાળ. એક માણસ પોતાના એક જીવનમાં આટલું કાર્ય કઈ રીતે કરી શકે? એવું સતત લાગે છે કે પોતે જીવ્યા એનાથી વધુ અન્યમાં જીવ્યા, કોઈ કહેશે કે કોઈ માણસ અન્યમાં કઈ રીતે જીવી શકે, પરંતુ જ્યારે એમનાથી પ્રભાવિત વ્યક્તિઓના નામોની યાદી જોઈએ છીએ, એમની સાથે એમના સિદ્ધાંતોને અનુસરી જીવનારા લોકોની યાદી જોઇએ છીએ અને એમણે દર્શાવેલા કેટલાક માર્ગો પૈકી અમુક રાહ પસંદ કરી એજ રીતે જીવનારા લોકોની યાદી જોઈએ છીએ ત્યારે થાય છે ગાંધીજી અનેકમાં જીવ્યાં છે. અનેકે પોતાના ભાવથી ગાંધીજીને જીવાડ્યા છે. અનેક લોકોના જીવન ગાંધીવિચારણાથી ઘડાયા અને એ રીતે જીવી સમાજમાં કોઈ ઘોંઘાટ વગર પોતાનું જીવન તે લોકોએ વ્યતીત કર્યું. આ લોકો માટે મહત્ત્વનું એ નહોતું કે લોકો તેમને ઓળખે પરંતુ એમનું જીવન કોઈ પણ અપેક્ષા વગર એક વ્યક્તિના વિચારોને આધીન હતું. એક વ્યક્તિને વરેલું હતું, જેમાં નર્યો ભક્તિભાવ નહોતો, શ્રદ્ધા સાથે વાસ્તવિકતા અને સમાજનો સુમેળ હતો. આજે કેટલીક એવી વ્યક્તિઓની વાત કરવી છે જેમણે ગાંધી સમર્પિતતા શબ્દને સાચા અર્થમાં સાકાર કર્યો છે. યુવાવસ્થામાં ગાંધીજીનો પ્રભાવ ઝીલી આ વ્યક્તિઓના જીવનનો માર્ગ ફંટાઈ ગયો હતો. આઝાદી પછી તેઓ રાજકારણમાં પડવાને બદલે ગાંધી કાર્યો કરતા રહ્યા હતા. ગાંધીજીને પોતાના કાર્ય દ્વારા અને પોતાના જીવન દ્વારા જીવંત રાખ્યાં હતાં તેઓ પૈકી સૌ પ્રથમ માલતી ઝવેરીને મળીએ.

માલતી ઝવેરીનું નામ મુંબઈગરા માટે અજાણ્યું નહીં જ. નાટક, સંગીત, સાહિત્ય વગેરેના કાર્યક્રમોમાં આગલી હરોળમાં બેસી કલાકારોને બિરદાવતાં માલતીબેનને–દામુ ઝવેરીના પત્ની તરીકે કેટલાક ઓળખે, તો કેટલાક કુંભારવાડામાં કામ કરતા 'તમાકુ છોડો' કાર્યક્રમના 'દીદી' તરીકે ઓળખે. પરંતુ બહુ ઓછા લોકો માલતીબેનને સ્વાતંત્ર્ય સેનાની કે હિમાલય ખૂંદતાં વીરાંગના તરીકે ઓળખે છે.

ઈ. સ. ૧૯૪૨માં 'ભારત છોડો' આંદોલન દરમ્યાન રાષ્ટ્રપ્રેમનો જુવાળ ચારેકોર ફેલાયો હતો. 'ગાંધીજી'ના પ્રભાવનો એમાં ઘણો મોટો ફાળો હતો ત્યારે સેંકડો લોકો સ્વનો અને ઘરનો ઊંબરો ઓળંગી રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા ઉત્સાહી બન્યા હતા. 'ગાંધીચેતના' નામનો ઉત્સાહ અણુએ અણુમાં પ્રસરી ગયો હતો. માલતીબેન ઝવેરી પણ આનો એક ભાગ બન્યાં હતાં. એમનું જીવન આ સમય દરમ્યાન એક દિશા તરફ વળ્યું હતું. એમના પિતાએ ક્યારેય એમને ધર્મ, સમાજ કે વિચારોના વાડામાં બાંધ્યા નહોતાં. પિતાએ આપેલી સ્વતંત્રતાને લીધે માલતીબહેન અને તેમનાં બહેન પ્રભાબહેન 'ભારત છોડો' આંદોલનનો ભાગ બન્યા. તેમને માટે આ સહજ ન હતું. કારણ કે પિતાને અંગ્રેજ સરકારે 'સર'નો ખિતાબ આપ્યો હતો. સરકારી અધિકારીઓ સાથે તેમનો સારો સંપર્ક હતો છતાં તેમણે પુત્રીઓને આઝાદીની લડતમાં ભાગ લેતા રોકી નહીં. '૭,૮,૯ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે AICCની સભામાં ખિસ્સાખર્ચીમાંથી ટિકિટ લઈ તેઓ ગયા હતા. સભામાં જવાનું થયું ત્યારે મારી ઉંમર ૨૦ વર્ષની. કોંગ્રેસના સેવાદળના મહિલા વિભાગના સોફિયાખાને બધાને પાણી પાવાનું કામ સોંપ્યું. તે જ દિવસે સ્ટેશન નજીક દામુ ઝવેરીને ડ્યુટી મળી હતી. ત્યારબાદ તો મળસ્કે ગાંધીજી, મહાદેવ દેસાઈ, મીરાબેન વગેરેની ધરપકડના સમાચાર મળ્યા.'

સમાચાર મળ્યા પછી પણ ૯મી ઓગસ્ટે માલતીબેન ત્યાં પહોંચ્યા. મેદાન ખેદાન-મેદાન થઈ ગયું હતું. ટોળાના ટોળા ત્યાં ભેગા થયાં હતાં. પોલીસે આ ટોળાને વિખેરવા માટે ટિયરગેસના ટોટા છોડ્યા હતા. સરકારે પાણીની લાઈનો બંધ કરી દીધી હતી. એ દિવસે આજુબાજુ રહેતા બધા રહેવાસીઓએ પોતાના ઘરનું પાણી ખાલી કરીને બળતરા બુઝાવી હતી. પોલીસે એમને સવારે દસ વાગે પકડ્યાં અને બપોરે એક વાગે છોડ્યાં.

પછી તો ગાંધી ચેતનાનો સ્પર્શ જીવનભર તાજો રહ્યો. ચૌદ વર્ષ સુધી કુંભારવાડામાં કામ કર્યું. તેમના પ્રશ્નો ઉકેલ્યા. તેમને સંગઠિત કર્યા. હરિજનવાડામાં પણ સેવા આપી. કુંભારોને પ્રાચીન અને અર્વાચીન માટીકામથી અવગત કરાવ્યા. નેપિયન્સી રોડ અને કુંભારવાડા વચ્ચેનું અંતર આ સાચા ગાંધીવાદીએ ઘટાડ્યું. તેમને પોતાના કાર્યો માટે કમળાદેવી ચટ્ટોપાધ્યાયનું સતત પીઠબળ મળ્યું.

ઈ. સ. ૧૯૬૧માં માલતીબેનને સોહન સહકારી સંઘ' લિમિટેડ દ્વારા ૫૦૦૦ વણકરોને તેમની કલાના વિકાસ માટેની પૂરતી તક આપી. ભારતના મુંબઈ, મદ્રાસ, દિલ્હી, હૈદરાબાદ જેવાં શહેરોના

કારીગરોનો સંપર્ક કરી તેમની હસ્તબનાવટને સોહમ દ્વારા બજારમાં મૂકી અને આ કારીગરોને પોતાની કળાનું પૂરતું મૂલ્ય અપાવ્યું.

આજે સ્વચ્છતા અભિયાનને નામે દેશ અને સમાજમાં ઘણું જ ચાલે છે. પરંતુ એ સ્વચ્છતાની વાત વર્ષો પહેલાં ગાંધીજીના કેટલાક નિશ્ચિત નિયમોના ભાગ રૂપે હતી. ઈન્દિરાબેન ગોડ અને હિંમતભાઈ ગોડે કરેલું કામ ભલે બહુ લોકપ્રિય ન થયું હોય પરંતુ કામ હોય તો આ એવું સાંભળ્યા પછી કહેવાનું મન થાય તો નવાઈ નહિ. હિંમતભાઈના શબ્દોમાં સાંભળીએ તો,

'જે માટે ગાંધીબાપુએ ખૂબ પ્રયત્ન કર્યા તે માણસનો માણસ સાથેનો ભેદભાવનો ડંખ આજે પણ આપણે મનમાંથી કાઢી નથી શક્યા. અંતરમાંથી ભેદભાવ દૂર નથી થયો. એ દુઃખ બહુ કઠે છે.'

ગાંધીજીના ભત્રીજા છગનલાલ ગાંધીના પુત્ર પ્રભુદાસભાઈ ગાંધીનાં દીકરી એટલે ઇંદિરાબેન અને તેમના પતિ એટલે હિંમતભાઈ ગોડા.

ઈંદિરાબેનનું શિક્ષણ નાનાભાઈ ભટ્ટની લોકભારતીમાં થયું. ત્યાં હિંમતભાઈ પણ શિક્ષણ લેવા આવ્યા હતા. વડીલોની સંમતિથી પ્રેમલગ્ન થયા. ૧૯૪૨ની લડત પૂરી થઈ એટલે મહાત્માએ બધાને ગામડામાં કામ કરવા મોકલ્યા હતા. ત્યારે આ બંને લોકભારતીમાં ભણતા હતા અને સત્યાગ્રહીઓ શાળામાં શિક્ષક તરીકે ભણાવતા.

આશ્રમમાં લગ્નના દિવસે સવારે વહેલા ઊઠી ગ્રામસફાઈ કરવાની પછી ગૌસેવા જેમાં છાણ, વાસીદું વગેરે કામ કરવાનાં, ત્યારબાદ નાહીધોઈને કાંતવા બેસવાનું અને કંતાઈ જાય પછી જ લગ્ન કરવાનાં. ઇંદિરાનું પાનેતર એમનાં દાદીએ જ કાંતેલું. પછી જીવન પણ સાદાઈથી જ જીવ્યાં. શિક્ષક તરીકે ખેતી કરી, હરિજન સેવા, પ્રાણીના પ્રશ્નો જેવાં અનેક કાર્યો કર્યાં હતાં. ખાસ કરીને ગામડામાં ફરી-ફરીને અંદાજે ૩૦,૦૦૦ જેટલાં શૌચાલયો ઊભા કર્યાં હતાં. થોડીક સરકાર સહાય કરે, થોડીક સંસ્થાની મદદથી આર્થિક આધાર મળી રહેતો હતો. આ શૌચાલયો બંધાવતી વખતે ઓછા પાણીથી સાફ થઈ શકે એવા ખાસ પ્રશ્નોને ધ્યાનમાં રખાતા. ગામડામાં પોતે સાફ-સફાઈ કરી લોકોની સામે ઉદાહરણ પૂરું પાડતા હતા. શ્રમનું કોઈ કામ કરવામાં ક્યારેય ખચકાટ ન અનુભવ્યો. ઉપરાંત સૌરાષ્ટ્રની પાણીની અછતના ઉકેલ રૂપે ૨૦૦૦ જેટલા નાના-મોટા ડેમો બનાવવાનું, પાણીના તળ ઊંચા લાવવા માટેનું, ગામડામાં આબાદી વધે એવા કાર્યો કર્યાં હતાં, તેઓનું મુખ્ય ધ્યેય હતું-ગામડાંના લોકોને પગભર બનાવી. ત્યાં ટકાવી રાખવા. હિંમતભાઈ લોકશાળામાં શિક્ષક હતા. ટૂંકો પગાર, કાપડ પોતે વણી લે. પ્રભુદાસ ગાંધી તેમનો આદર્શ હતા.

તેઓ કહે છે, 'પરિવર્તન જીવનનો નિયમ છે પણ અમુક પરિવર્તનો ગમતાં નથી. હજી મનુષ્યો ભેદભાવના શિકાર છે. લોકભારતીમાં હરિજન કે વણકર શિક્ષકો એકબીજાના ઘેર જતા અને જમતા. જે માનવીય સમાનતા માટે ગાંધીજી જીવનભર મથ્યા તેને હજી પહોંચી નથી શકાયું. જ્યાં સુધી શિક્ષણ સાથે શ્રમને જોડવામાં નહીં આવે ત્યાં સુધી શિક્ષણ વાંઝિયું રહેવાનું. ઓછી જરૂરિયાતો–અપરિગ્રહને ભૂલી ગયા છીએ અને સ્વતંત્રતા ? આજે આપણી બધાની જ ગુલામી વધી છે. માતૃભાષાને ભૂલી ગયા છીએ. આપણી સંસ્કૃતિ-સંસ્કાર બધું જ બદલાઈ ગયું છે. આપણે આપણું વિસારી બીજાના ગુલામ થઈએ છીએ. સામે ચાલીને ગુલામ થવું આપણને ગમે છે.'

લોકો જેને જી.જી.ના લાડલા નામથી બોલવતા તે ગુણવંતરાય ગણપતરાય પરીખ. તેઓ માનતા કે સ્વાતંત્ર્ય આંદોલન એ અધૂરું કાર્ય છે, કારણ આજે સત્તા સામાન્ય માણસના હાથમાં જવાને બદલે અંગ્રેજો જેવા બીજા અંગ્રેજોના હાથમાં ગઈ છે

જી. જી. આજની પરિસ્થિતિ અંગે કહેતા કે 'આપણે જ્યારે બૌદ્ધિકતાની વાત કરીએ ત્યારે પશ્ચિમની તરફ જ વળી જઈએ છીએ. સાહિત્ય હોય કે કળા હોય કે અર્થશાસ્ત્ર, આપણા વિચારો અન્ય દેશોએ તોડ્યા છે અને એનું નુકશાન આપણે જ નથી સમજી શકતા.'

આંદોલન માત્ર રાજકીય નહોતું પણ એની સાથે સામાજિક, આર્થિક દિશાઓ પણ બદલવાની જરૂર હતી. ગાંધીજીએ જે ભારતનું સ્વપ્ન જોયું હતું તેમાં આજે આપણે જીવી નથી રહ્યા. ગામડાનું ભારત, જ્ઞાતિ અને સંપ્રદાયનું ભારત, ગરીબ અને શ્રીમંત ભારત આજે પણ પોતાના વાડામાં અકબંધ છે. જે 'નઈ તાલીમ', આશ્રમ પદ્ધતિને, ગામડાંને સ્વાવલંબી કરવાના, સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કરી આપણી અર્થવ્યવસ્થાને મજબૂત કરવાની. જી. જી. પરીખે પોતાની સંસ્થા અને કાર્યક્રમો દ્વારા આ વીસરાયેલા વિચારોને જીવંત રાખવાનો પ્રયત્ન કર્યો છે. આંદોલન અને એના રાજકીય પ્રશ્નોનો અનુભવ લેનારી આવી હસ્તીઓએ ઈ. સ. ૧૯૪૭ પછીના ભારતને ખરા રૂપમાં યોગદાન આપ્યું છે.

આવા ક્રાંતિકારીઓની ઉપસ્થિતિ કદાચ આજની સૌથી મોટી આવશ્યકતા છે. કોઈ આંદોલન ક્યારેય પૂરું નથી થતું. એ ચાલ્યા કરે છે. એનું સ્વરૂપ બદલાય છે. ગાંધીકાર્ય કદી પૂરાં થવાના નથી. હજી ઘણાં કામ કરવાના અને કરાવવાના બાકી છે. રાષ્ટ્રના અનેક પ્રશ્નો છે અને એને બીજા પર છોડી શકાય તેમ નથી. જ્યાં ધર્મ, રાજકારણ અને સત્તા કંઈ ન કરે ત્યાં લોકોએ જાગૃત થઈને કરવું જ પડે. ગાંધીજીને સમજવાનો અને તેમની સાથે કામ કરીને કે પછી તેમની ચેતનાને ઝીલીને દૂરથી ગાંધી કાર્યોમાં ઓતપ્રોત રહેનારી અને બદલામાં પોતાને માટે કંઈ પણ ન ઈચ્છનારી આવી બધી વ્યક્તિઓમાં ગાંધીજી જીવ્યા છે. ✶✶✶

બિલ્ડિંગ નં. ૧૦, વિંગ 'બી', ફ્લેટ નં. ૭૦૨, અલિકા નગર, લોખંડવાલા કોમ્પલેક્સ, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૧૦૧. મોબાઈલ : ૯૮૨૧૫૩૩૭૦૨.

# ગાંધીજનોની ગઈકાલ, આજ અને આવતી કાલ

❑ ગુણવંત શાહ

*[ મહાત્મા ગાંધી અને વિનોબાના વિચારોથી પ્રેરિત, પદયાત્રાઓના સહયાત્રી અને મહાત્મા ગાંધીના વિચારો સાથેની અસહમતિ પણ તંદુરસ્ત ભાવે વ્યક્ત કરનાર ગુણવંત શાહ જાણીતા વિચારક, ચિંતક, સાહિત્ય સર્જક અને અનેક અનેક પુસ્તકોના લેખક તેમ જ ઉત્તમ વક્તા છે. ]*

સન ૧૯૪૭માં સ્વરાજ મળ્યું. ત્યારે ગુજરાતમાં અને દેશમાં એક એકથી ચડિયાતા ગાંધીજનો બધે જોવા મળતા. એમની વિચારશક્તિ સાથે ગાંધીજી પ્રત્યેની શ્રદ્ધા ભળી જતી. ગુજરાતમાં લોકો પોતાની શ્રદ્ધા નિરાંતે મૂકી શકે એવાં કેટલાંક ઉપસ્થાનો તૈયાર હતાં, જેવાં કે વેડછી, દક્ષિણામૂર્તિ, ગુજરાત વિદ્યાપીઠ ઇત્યાદિ.

સન ૧૯૫૨ની ચૂંટણીમાં પૂજ્ય રવિશંકર મહારાજે સક્રિયપણે કૉંગ્રેસનો પ્રચાર કરેલો. કૉંગ્રેસીઓ સત્તામાં હતા તોય ગાંધીજનો સાથે ઓતપ્રોત હતા.

રાજકારણ અને સેવાકારણ વચ્ચેનો નાજુક અનુબંધ છેક તૂટ્યો ન હતો. ૧૯૫૭ પછી રચનાત્મક કાર્યકરો ધીરે ધીરે પક્ષમુક્ત રહીને સેવા કરવાના માર્ગે આગળ વધ્યા અને વિનોબાજી એમના માર્ગદર્શક બન્યા. મનુભાઈ પંચોળી, મુનિ સંતબાલ અને મગનભાઈ પ્ર. દેસાઈ.

મહાગુજરાત આંદોલન વખતે ઈન્દુલાલ યાજ્ઞિક અમદાવાદના જનહૃદયમાં બિરાજમાન થયા. ગુજરાતને ગાંધીજનોની ત્રિમૂર્તિ મળી. મહારાજ, જુગતરામ દવે અને બબલભાઈ મહેતા જેવા ત્રણ નામો પ્રાત:સ્મરણીય ગણાય. બબલભાઈ સાધુવેશ વગરના સાધુ હતા. ગાંધીજનોનો પ્રભાવ ધીરે ધીરે ઘટતો ગયો. ઈન્દિરા ગાંધીએ ગાંધીજનોમાં ભાગલાનું સર્જન કર્યું હતું. કટોકટી દરમિયાન બબલભાઈ અને જુગતરામ કાકાના દેહવિલય સાથે અસ્ત પામી. એ પેઢીમાં કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ, સ્વામી આનંદ, નરહરિ પરીખ, નાનાભાઈ ભટ્ટ અને મગનભાઈ પ્ર. દેસાઈ જેવા મનીષીઓ હતા તે સાથે ઠક્કરબાપા, પરીક્ષિતલાલ મજમુદાર, મામાસાહેબ ફડકે અને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા કર્મઠ સેવકો પણ હતા. એ સૌની પાસે ખાનગી પ્રામાણિકતાની મૂડી હતી. એ પેઢી અસ્ત પામે તે પહેલાં જ વિનોબાના ભૂદાન આંદોલનને કારણે નવયુવાનોની એક આશાસ્પદ અને વિચારશીલ પેઢી ઉદય પામી ચૂકી હતી. ગાંધીજનોની એ પેઢી પણ હવે આથમવાને આરે છે. ગાંધી વિનોબાની અસર હેઠળ રચનાત્મક સેવાકાર્યોને વરેલી એ પેઢી પર જયપ્રકાશની સંપૂર્ણ ક્રાંતિનો પ્રભાવ પણ જોવા મળે છે.

વિનોબા પાસે કવિનું હૃદય હતું અને ઋષિનું મસ્તિષ્ક હતું. 'વિનોબા ઋષિખેતી કરે અને ધરતી પર પદયાત્રા કરે તોય એમનું અનુસંધાન 'પરમ વ્યોમ' સાથે રહેતું.

સત્યાગ્રહ નિસ્તેજ બને તે સાથે સત્યાગ્રહી પણ નિસ્તેજ બને એ સ્વાભાવિક હતું. ગાંધીજનોની આજની પેઢીની સરેરાશ ઉંમર ૬૦ ઉપરની થવા જાય છે. કેટલાક સેવકોની નિષ્ઠા નજરે જોઈ છે. કેટલાક લોકોએ અતિ દૂરના જંગલ વિસ્તારોમાં સેવાકાર્ય શરૂ કર્યું.

જયપ્રકાશ જેલમાં ગયા અને વિનોબાએ કટોકટીને 'અનુશાસન પર્વ' કહીને નવાજેલી હતી. સ્વામી આનંદ, રવિશંકર મહારાજ અને વિમલા ઠકાર આ બાબતે ખૂબ જ નારાજ હતાં. સ્વામી આનંદ કેવળ નારાજ ન હતા. ક્રોધે પણ ભરાયેલા હતા.

સ્વરાજયુગમાં ગાંધીજીની પ્રેરણા હેઠળ તૈયાર થયેલા જાણીતા અને અણજાણીતા ગુજરાતી ગાંધીજનોની એક આખી પેઢી પૂજ્ય મહારાજ,

આ ગાંધીજનોનો પ્રભાવ ક્યાંય વર્તાતો નથી. લોકોમાં ઉત્સાહ જગાવી શકે અને એમની સામેલગીરી જોતરી શકે એવો પ્રભાવ લગભગ ગેરહાજર જણાય છે. આવું બને તેની સઘળી જવાબદારી ગાંધીજનોની ન ગણાય. લોકમાનસ બદલાયું છે અને ટી.વી. માધ્યમની અસરો કલ્પી ન શકાય તેવી છે. નવી પેઢી નવી વ્યૂહરચના અને નવા ઉન્મેષો માગે છે. એમની સ્ટાઈલ નવી પેઢીના યુવાનોને વિચિત્ર લાગે છે. તેઓ ક્યારેક એવી રીતે વર્તે છે કે

## જે. સી. કુમારપ્પા

જોસેફ કોર્નેલિય કુમારપ્પા ગાંધીજીના અનોખા સાથી હતા. લંડનમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલા અને અમેરિકામાં બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના સ્નાતક થયા. કોલંબિયા યુનિવર્સિટીમાં અનુસ્નાતક પ્રબંધ લખ્યો–ભારતની ગરીબીનાં કારણો. આ પ્રબંધ માટે જ મહાત્મા ગાંધીને ૧૯૨૯માં પહેલી વાર મળ્યા અને પરિવર્તિત થઈ ગયા. ગ્રામોદ્યોગમાં પ્રવીણ, અધ્યાત્મના ખાં. કૃષિમૂલક ઔદ્યોગિક સમાજનું સ્વપ્ન જોતા. 'યંગ ઈન્ડિયા' સંભાળ્યું. ગુજરાત વિદ્યાપીઠમાં શીખવ્યું. સરદાર પટેલે આઝાદી પછી કેન્દ્રિય પ્રધાનમંડળમાં જોડાવા ઘણો આગ્રહ કર્યો, પણ એમણે કારોબારીનું સભ્યપદ પણ ન સ્વીકાર્યું. અનેક પુસ્તકો લખ્યાં. તેમાં 'ગાંધી અર્થવિચાર'ને દુનિયાભરમાં માન્યતા મળી.

યુવાનોમાં અપાકર્ષણ પેદા થાય. પલાયનવાદ ગાંધીજનને નિસ્તેજ બનાવનારો છે.

મારું સદ્‌ભાગ્ય છે કે જૂની અને નવી પેઢીના ગાંધીજનોના પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું બન્યું. ગાંધી અને દંભને બારમો ચંદ્રમા હતો. આજના કેટલાક ગાંધીજનોને દંભ પ્રત્યે ઝાઝો છોછ નથી.

કેટલાક ગાંધીજનો સાથે પરિચયમાં આવનારને એમની ત્રણ હઠીલી મર્યાદાઓ તરત સમજાઈ જશે :

(૧) સાત્ત્વિકતાનો અહંકાર.

(૨) તમારા કરતાં હું વધારે પવિત્ર છું, એવો ભાવ.

(૩) દંભ પ્રત્યે પ્રચ્છન્ન પક્ષપાત.

આ ત્રણે મર્યાદાઓ મનુષ્યને તેજહીન બનાવનારી છે. આવું બને ત્યારે પ્રભાવ ઘટે છે, કારણ કે સારા હોવા કરતાં સારા દેખાવાનું મહત્ત્વનું બની જાય છે. સ્વામી આનંદના શબ્દો સાંભળવા જેવા છે :

'ગાંધીજન જોઈએ તીખા,
ધરતી પર જૂજ દીઠા'.

સત્ય સિવાય બીજી કોઈ વાતનો ઝાઝો પ્રભાવ પડતો નથી, એ વાત આગળ કરી છે. ગાંધીજનોએ યાદ રાખવા જેવી વાત એટલી જ કે :

(૧) સત્યનો પ્રભાવ ન પડે તેવું કદી પણ ન બને. (પ્રમેય)

(૨) પ્રભાવ ન પડે, તો માનવું કે સત્ય નંદવાયું. (પ્રતિપ્રમેય)

આજના સરેરાશ ગાંધીજનને ન્યાય આપવા માટે એટલું તો કહેવું જ રહ્યું કે ગમે તેટલી મર્યાદાઓ છતાં આજના વિષમ પ્રવાહો સામે પોતાની જે કંઈ નિષ્ઠા છે તેને સંગોપીને એ હજી સમાજ માટે કશુંક કરી છૂટવા માટે પ્રતિબદ્ધ છે. ભાંગ્યા ભાંગ્યા તોય ભરૂચ જેવો એ જણાય તોય હજી પ્રવાહમાં તણાઈ જવા તૈયાર નથી. એ પણ એની સિદ્ધિ જ ગણાય.

દુનિયામાં આજકાલ બે પ્રકારની જીવનશૈલી વચ્ચેની ટક્કર ચાલી રહી છે. એક શૈલીમાં જરૂરિયાતો પર કાબૂ મૂકીને અને પર્યાવરણમિત્ર કે eco-friendly બનીને જીવવા મથનારા મનુષ્યની ઉદાત્ત જીવનશૈલીની ઝંખના છે. બીજી શૈલીમાં સુખપ્રધાન, સગવડમૂલક અને ભોગવાદી અભરખાના ઉધામા છે. આ બંને જીવનશૈલીઓ વચ્ચે સેન્ડવીચ થયેલો જનસામાન્ય આજકાલ ભયંકર ગોટાળામાં છે. એનું શમણું ક્લાસિકલ છે અને એના જીવનની વાસ્તવિકતા વિકરાળ છે. વિચાર કરનારા આદમી દુ:ખી છે અને ન વિચારે તેને નિરાંત છે.

આજે સમગ્ર વિશ્વમાં ભોગવાદ, ઉપભોક્તાવાદ અને લોભવાદની બોલબાલા વધી પડી છે. વાસ્તવમાં આજે લોભનું લિબરલાઈઝેશન અને ગરીબીનું ગ્લોબલાઈઝેશન થઈ ચૂક્યું છે. ગરીબ દેશોની વસ્તી વધે છે ને માતબર દેશોને માર્કેટ મળ્યાનો આનંદ થાય છે.

સ્વીકારવું પડશે કે અતિઉદ્યોગવાદ પણ જીવનવિરોધી અને માનવવિરોધી જણાય છે. તે જ પ્રમાણે ક્લાસિકલ પર્યાવરણવાદી હઠ પણ થોડીક વિજ્ઞાનવિરોધી જણાય છે. સુખની ઝંખના મૂળભૂત માનવીય ઝંખના છે. કોદાળીથી કોમ્પ્યુટર સુધીની 'ટેકનોયાત્રા' પણ મૂળભૂત માનવીય ઝંખનાનું પરિણામ છે. તો પછી માણસે કઈ જીવનશૈલી અપનાવવી? જવાબ છે : સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ, યાને માફકસરનો વિકાસ. ગાંધીજી આવા સમાધાનથી નારાજ થાય તેવા બંધિયાર મનના મહાત્મા ન હતા. ✷ ✷ ✷

ટેલિફોન :
૦૨૬૫ ૨૩૪૦૬૭૩.

## સી. રાજગોપાલાચારી

ચક્રવર્તી રાજગોપાલાચારી બ્રિટીશ ભારતના મદ્રાસમાં જન્મ્યા. બચપણમાં એટલી નાજુક તબિયત રહેતી કે માતા-પિતા ચિંતામાં મૂકાઈ જતા. તેમણે બેંગલોર અને મદ્રાસમાં સ્નાતક થઈ કાયદાનો અભ્યાસ કર્યો.

બાળ ગંગાધર તિલકની પ્રેરણાથી રાજગોપાલાચારી સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાયા. ૧૯૧૯માં તેઓ મહાત્મા ગાંધીના અનુયાયી બન્યા અને અસહકાર ચળવળમાં પ્રમુખ સાથી બની રહ્યા. અસ્પૃશ્યતા વિરુદ્ધ જબરું કામ કર્યું. શાંત ચહેરો અને નાજુક કાયા ધરાવતા રાજગોપાલાચારીને રાજકારણી કહેવા કરતા રાજપુરુષ કહેવું વધારે યોગ્ય લેખાય. ગાંધીજીના પુત્ર દેવદાસ ગાંધી રાજગોપાલાચારીની પુત્રી લક્ષ્મી સાથે લગ્નગ્રંથિથી જોડાયા હતા.

મહાત્મા ગાંધી સાથે અમુક મતભેદ છતાં તેઓ ગાંધીજીના વિશ્વાસુ સાથી રહ્યા. દક્ષિણ ભારતમાં રાષ્ટ્રભાષા હિંદીનો પ્રચાર કર્યો અને દારૂબંધીના પ્રચાર માટે તમિલનાડુમાં ગાંધી આશ્રમ સ્થાપ્યો. મદ્રાસ પ્રેસિડન્સીના પ્રથમ પ્રમુખ ચૂંટાયા પછી તેમણે ત્યાં ઘણાં સુધારા કર્યા. દલિતોને મંદિર પ્રવેશ અપાવ્યો, ખેડૂતોને રાહત થાય તેવા પગલાં લીધાં.

ભારતને સ્વાતંત્ર્ય મળ્યા પછી તેઓ પશ્ચિમ બંગાળના પ્રથમ અને અંતિમ ગવર્નર જનરલ બન્યા. સરદાર પટેલના મૃત્યુ પછી તેમણે ગૃહખાતું સંભાળ્યું હતું. પંડિત નહેરુ સાથેના મતભેદ પછી રાજીનામું આપી છેક સુધી દક્ષિણમાં ગાંધીકાર્યો કર્યાં. ✷ ✷ ✷

# ગાંધીજીના શબ્દોમાં...

☐ સંકલન : યશવંત મહેતા

*[ શાળાજીવનથી જ લેખનકાર્ય શરૂ કરી ચારસો ઉપરાંત પુસ્તકો આપનાર અને અનેક પુરસ્કારો મેળવનાર યશવન્ત મહેતા રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનો બાળસાહિત્ય પુરસ્કાર મેળવનાર પ્રથમ ગુજરાતી લેખક છે. 'ગાંધીજી : અંતિમ અધ્યાય' નામની તેમની પરિચય પુસ્તિકા ૨૦૧૩માં પ્રગટ થઈ છે. ]*

## ગોખલે અને ગાંધી

લોકમાન્યને મળ્યો. તેણે કહ્યું, '...તમે પ્રોફેસર ગોખલેને તો મળશો જ...! હું ગોખલે પાસે ગયો. તે ફરગ્યુસન કૉલેજમાં હતા. મને ખૂબ પ્રેમથી ભેટ્યા ને પોતાનો કરી લીધો. તેમનો પણ મને પહેલો પરિચય હતો. પણ, કેમ જાણે અમે પૂર્વે મળ્યા ન હોઇએ, એવું લાગ્યું. સર ફિરોઝશા તો મને હિમાલય જેવા લાગ્યા. લોકમાન્ય સમુદ્ર જેવા લાગ્યા. ગોખલે ગંગા જેવા લાગ્યા. હિમાલય ચડાય નહિ, સમુદ્રમાં ડૂબવાનો ભય રહે, ગંગાની તો ગોદમાં રમાય... ગોખલેએ મારી ઝીણવટથી તપાસ કરી, જેમ એક નિશાળિયો નિશાળમાં દાખવ થવા જાય તેની થાય તેમ. કોને કોને મળવું અને કેમ મળવું એ બતાવ્યું.

x x x

ગોખલેની પાસે સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેની પ્રસાદીરૂપ એક ઉપરણો હતો. દક્ષિણ આફ્રિકામાં તેમનું મોટામાં મોટું ભાષણ હતું. તે પ્રસંગે તેમને પેલો ઉપરણો વાપરવો હતો. તે ચોળાયેલો હતો તે તેને ઈસ્તરી કરવાની જરૂર હતી. મને મારી કળાનો ઉપયોગ કરવા દેવાની મેં માગણી કરી.

'તારી વકીલાતનો હું વિશ્વાસ કરું, પણ આ ઉપરણા ઉપર તારી ધોબીકળાનો ઉપયોગ કરવા હું ન દઉં. એ ઉપરણાને તું ડાઘ પાડે તો ? એની કિંમત તું જાણે છે ?' આમ કહી અતિ ઉલ્લાસથી પ્રસાદીની કથા મને સંભળાવી.

મેં વિનય કર્યો ને ડાઘ ન પાડવા દેવાની ખોબાધરી આપી. મને ઈસ્તરી કરવાની રજા મળી. મારી કુશળતાનું પ્રમાણપત્ર મળ્યું. હવે મને જગત પ્રમાણપત્ર ન આપે તો શું થયું ?

x x x

મહાસભા ભરાઈ...પ્રમુખનું ભાષણ તો એક પુસ્તક હતું. તે પૂરું વંચાય એવી સ્થિતિ જ નહોતી. તેમાંના કોઈ કોઈ ભાગ જ વંચાયા...છેવટના ઠરાવો વિમાનની ગતિએ ચાલતા હતા..સહુ ભાગવાની તૈયારીમાં...રાતના અગિયાર વાગ્યા. ગોખલેએ મારો ઠરાવ જોઈ લીધો હતો.

મેં ધ્રૂજતાં વાંચી સંભળાવ્યો. ગોખલેએ ટેકો આપ્યો. 'એક મતે પસાર', સહુ બોલી ઊઠ્યા.

x x x

હું કલકત્તામાં એક માસ રહ્યો...હું કલકત્તામાં રોકાવાનો હતો એ તેમના જાણવામાં આવતાં જ ગોખલેએ મને પોતાની સાથે રહેવા આમંત્રણ આપ્યું...(ગોખલે સાથે એક માસ રહ્યો)...પહેલે જ દહાડેથી ગોખલેએ મને હું મહેમાન છું એવું ન ગણવા દીધું...ગોખલેની કામ કરવાની પદ્ધતિથી મને જેટલો આનંદ થયો તેટલું જ શીખવાનું મળ્યું. તેઓ પોતાની એક પણ ક્ષણ નકામી ન જવા દેતા. તેમના બધા સંબંધો દેશકાર્યને અંગે જ હતા એમ મેં અનુભવ્યું.

x x x

ગોખલેની ભારે ઈચ્છા હતી કે હું મુંબઈમાં સ્થિર થાઉં, ત્યાં બારિસ્ટરનો ધંધો કરું ને તેમની સાથે જાહેર સેવામાં ભાગ લઉં. તે વખતે જાહેર સેવા એટલે મહાસભાસેવા હતું...એક તરફથી મારા ધંધા વિષે કંઇક અનિશ્ચિતતા આવવા લાગી. બીજી તરફ ગોખલેની આંખ તો મારી તરફ તરવર્યા જ કરતી હતી. અઠવાડિયામાં બેત્રણ વખત ચેમ્બરમાં આવી મારી ખબર કાઢી જાય...

x x x

[મુંબઈમાં વકીલાત બરાબર ન ચાલતાં, ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા. ત્યાં વકીલાત કરી અને હિન્દીઓની સેવા વધારે કરી. લડતો ચલાવી. એ દરેકમાં ગોખલેનો સાથ. એ જમાનામાં ગોખલેએ લાખો રૂપિયા જમા કરીને મોકલેલા. ગાંધીજી ૧૯૧૫માં હિન્દમાં પાછા આવ્યા. તરત જ ગોખલેને મળવા ગયા.]

x x x

વિલાયતમાં મને થયેલ પાંસળીના બરણની હકીકત હું લખી ગયો છું. આ રોગ વખતે ગોખલે વિલાયતમાં આવી પહોંચ્યા હતા...મારા ખોરાકના પ્રયોગો તો ચાલતા જ હતા. તે વેળાનો મારો ખોરાક ભોંયસિંગ, કાચાં અને પાકાં કેળાં, લીંબુ, જીતુનનું તેલ, ટમાટાં, દ્રાક્ષ વગેરે હતાં. દૂધ, અનાજ, કઠોળ વગેરે મુદ્દલ નહોતો લેતો... ફરિયાદ ગોખલે સુધી પહોંચી. ફળાહારની મારી દલીલ વિષે તેમને બહુ માન નહોતું. આરોગ્ય સાચવવાને સારું

દાક્તર કહે તે લેવાનો આગ્રહ હતો. ગોખલેના આગ્રહને ઠેલવો મારે સારુ બહુ કઠિન વાત હતી...આખી રાત વિચારમાં ગાળી... જેમ માંસ તેમ જાનવરનું દૂધ પણ મનુષ્યનો ખોરાક નથી એ વસ્તુ મારી પાસે હતી. તેથી દૂધના ત્યાગને વળગી રહેવાનો નિશ્ચય કરીને હું સવારે ઊઠ્યો. 'આ તમારો છેવટનો નિર્ણય છે?' ગોખલેએ પૂછ્યું. 'મને લાગે છે કે હું બીજો જવાબ નહીં આપી શકું. ગોખલેએ કાંઈક દુ:ખથી પણ અતિ પ્રેમથી કહ્યું, 'તમારો નિશ્ચય મને ગમતો નથી. પણ હવે હું આગ્રહ નહીં કરું.'

x x x

જે દેશમાં ૧૯૦૫માં પાછા ફરવાની આશા રાખતો હતો ત્યાં દશ વર્ષે પાછો પહોંચી શક્યો.

x x x

હું મુંબઈ પહોંચ્યો કે તરત મને ગોખલેએ ખબર આપી, 'ગવર્નર તમને મળવા ઈચ્છે છે, અને પૂના આવતાં પહેલાં તેમને મળી આવવું યોગ્ય ગણાશો.' તેથી હું તેમને મળવા ગયો...હું પૂના પહોંચ્યો. ત્યાંનાં બધાં સ્મરણો આપવા હું અસમર્થ છું. ગોખલેએ અને સોસાયટીના (સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટીના) સભ્યોએ મને પ્રેમથી નવરાવ્યો...ગોખલેની તીવ્ર ઈચ્છા હતી કે હું પણ સોસાયટીમાં જોડાઉં. મારી ઈચ્છા તો હતી જ, પણ સભ્યોને એમ લાગ્યું કે સોસાયટીના આદર્શો ને તેની કામ કરવાની રીત મારાથી જુદાં હતાં.

x x x

[આ પછી ગાંધીજી સહપરિવાર ટાગોરના શાંતિનિકેતનમાં રહેવા ગયા. પરંતુ ત્યાં એકાદ અઠવાડિયું પૂરું થાય તે પહેલાં તાર મળ્યો કે ગોખલે અવસાન પામ્યા છે. ૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૫.]

...ગોખલેએ મારી પાસેથી વચન લીધું છે કે એક વર્ષ લગી મારે ભ્રમણ કરવું. કોઈ જાહેર પ્રશ્ન પર વિચાર ન બાંધવો, ન બતાવવો. આ વચન હું અક્ષરશ: પાળવાનો છું...'

...અહીં આટલું કહેવું પ્રસ્તુત છે કે 'હિંદ સ્વરાજ'માં મેં જે વિચારો દર્શાવ્યા છે તેને ગોખલે હસી કાઢતા ને કહેતા, 'એક વર્ષ તમે હિન્દુસ્તાનમાં રહી જશો એટલે તમારા વિચારો એની મેળે ઠેકાણે આવશે.'

['આત્મકથા'માં ગોખલે સાથેના સંબંધના અંત–ગોખલેના અવસાન–સુધીની વાત છે. પછી વખતોવખત ગાંધીનું એમનો ઉલ્લેખ કરતા હતા. ખાસ વાત એ છે કે તેઓ ગોખલેને પોતાના ગુરુ માનતા.]

## મોતીલાલ નેહરુ અને ગાંધીજી

જલિયાંવાલા બાગની ૧૯૧૯ની ઘટના પછી પંડિત મોતીલાલ નહેરુ, જેમણે પોતાનો ધંધો કોરે મૂકીને પંજાબમાં જ થાણું કર્યું હતું, તે મહાસભાના પ્રમુખ હતા...તેમના પરિચયમાં હું લાહોરમાં આવ્યો હતો. મહાસભાના આ અધિવેશનમાં પંડિત મદનમોહન માલવીય, લોકમાન્ય ટિળક, બાબુ ચિત્તરંજન દાસ, અલીભાઈ ભાઈઓ હાજર હતા અને જાતજાતના એવા ઠરાવો રજૂ કરવા ધારતા હતા જે ઠરાવો મને સ્વીકાર્ય નહોતા... આમ રીઢા થયેલા, કસાયેલા સર્વમાન્ય લોકનાયકોથી મારો મતભેદ મને પોતાને અસહ્ય લાગ્યો. બીજી તરફથી મારો અંતર્નાદ સ્પષ્ટ હતો. મેં મહાસભાની બેઠકમાંથી ભાગવાનો પ્રયત્ન કર્યો. પંડિત મોતીલાલ નેહરુને અને માલવીયજીને સૂચવ્યું કે, મને ગેરહાજર રહેવા દેવાથી બધા અર્થ સરશે, ને હું મહાન નેતાઓ સાથેના મતભેદનું પ્રદર્શન કરવાથી ઊગરી જઈશ.

આ સૂચના આ બન્ને વડીલોને ગળે ન ઊતરી. લાલા હરકિશનલાલને કાને જતાં તેમણે કહ્યું: 'એ કદી બને જ નહીં. પંજાબીઓની ઉપર ભારે આઘાત પહોંચે.'...એ ઠરાવ શું હતા એમાં ઉતરવાની અહીં જરૂર નથી. એ ઠરાવ (વડીલોની સમાધાનવૃત્તિથી) કેમ (પસાર) થયો એટલું જ એને અહીં બતાવવું આ (સત્યના) પ્રયોગોનો વિષય છે...

x x x

અમૃતસરના અનુભવે બતાવ્યું કે, મારી એક શક્તિનો ઉપયોગ મારી મહાસભાને છે. પંજાબ સમિતિના કામથી લોકમાન્ય, માલવીયાજી, મોતીલાલજી, દેશબંધુ વગેરે રાજી થયા હતા એ હું જોઈ શક્યો. તેથી મને તેમણે પોતાની બેઠકોમાં ને મહાસભામાં બોલાવ્યો...

x x x

(૧૯૨૦ના સપ્ટેમ્બરમાં મહાસભાની ખાસ બેઠક કલકત્તામાં બોલાવવામાં આવી અને એમાં અંગ્રેજ સરકાર સાથે અસહકાર કરવાનો ઠરાવ રજૂ કરવાનો હતો. ઠરાવ સ્વયં ગાંધીજીએ ઘડ્યો.) મારી સ્થિતિ દયાજનક હતી. કોણ સામે થશે ને કોણ ઠરાવ પસંદ કરશે એની મને ખબર નહોતી. લાલાજીના વલણ વિષે હું કશું જાણતો નહોતો. રીઢા થઈ ગયેલા યોદ્ધાઓ કલકત્તામાં હાજર થયા હતા. વિદુષી ઍની બેસંટ, પંડિત માલવીયાજી, વિજય રાઘવાચાર્ય, પંડિત મોતીલાલજી, દેશબંધુ વગેરે તેઓમાં હતા.

મારા ઠરાવમાં ખિલાફત અને પંજાબના અન્યાય પૂરતા જ અસહકારની વાત હતી. શ્રી વિજય રાઘવાચાર્ય એમાં રસ ન આવ્યો. એ કહે, 'જો અસહકાર કરવો તો અમુક અન્યાયને સારુ જશો? સ્વરાજનો અભાવ એ મોટામાં મોટો અન્યાય છે, ને તેને સારુ અસહકાર થાય.' મોતીલાલજીને પણ એ દાખલ કરવું હતું. મેં તરત

જ સૂચનાનો સ્વીકાર કર્યો, ને સ્વરાજની માગણી પણ ઠરાવમાં દાખલ કરી. વિસ્તારપૂર્વક ને કંઈક તીખી ચર્ચાઓ પછી અસહકારનો ઠરાવ પસાર થયો.

મોતીલાલજી તેમાં પ્રથમ જોડાયા. મારી સાથેની તેમની મીઠી ચર્ચા મને હજુ યાદ છે. કંઈક શબ્દફેરની તેમણે સૂચના કરેલી તે મેં સ્વીકારી. દેશબંધુને મનાવવાનું બીડું તેમણે ઝડપ્યું હતું. દેશબંધુનું હૃદય અસહકાર તરફ હતું, પણ તેમની બુદ્ધિ એમ સૂચવતી હતી કે અસહકારને પ્રજા નહીં ઝીલે...

[ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' ૧૯૨૬ સુધીની જ છે. એટલે મોતીલાલ નેહરુ સાથેના એમના સંબંધોની વિગતો અન્ય સાધનોથી નોંધીએ. મોતીલાલ નહેરુનું અવસાન ૬ ફેબ્રુઆરી, ૧૯૩૧ને દિવસે થયું.

૧૯૨૮માં જ્યારે કલકત્તામાં કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ત્યારે એક પક્ષે મોતીલાલજી, માલવીયજી વગેરે હતા, જેઓ હિન્દને સ્થાનિક દરજ્જો મળે એવો આગ્રહ રાખતા હતા. બીજી બાજુ, જવાહર ને સુભાષ જેવા નેતાઓને સંપૂર્ણ આઝાદી જોઈતી હતી. બ્રિટન સાથેનો કોઈ પણ પ્રકારનો સબંધ એમને સ્વીકાર્ય નહોતો. બન્ને પક્ષો વચ્ચે નાગપુર કૉંગ્રેસ સમયે જેવી પરિસ્થિતિ હતી તેવી જ નિર્માણ થઈ. કૉંગ્રેસમાં ભંગાણ પડે એવી ધાસ્તી હતી. બન્ને પક્ષ ખૂબ જ મક્કમ હતા. આખરે ગાંધીજી વહારે ધાયા, બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવ્યું, એથી બન્ને પક્ષોને સંતોષ થયો. ગાંધીજીએ કૉંગ્રેસને પુનઃ જીવતદાન આપ્યું.]

x x x

૧૯૩૧માં નમક સત્યાગ્રહ યોજાયો. ત્યારે વળી નવા-જૂના નેતાઓ એકબીજાને પડખે ઊભા રહ્યા. મુંબઈમાં વૃદ્ધ માલવીયાજીએ સરઘસની આગેવાની લીધી. પોલીસે સરઘસને આગળ વધતા અટકાવ્યું. ત્યારે આખી રાત રસ્તા પર બેસી રહ્યા. મોતીલાલજી માંદગીને બિછાનેથી ઊઠીને નમક પકવવા દોડ્યા અને પકડાયા... જવાહર પણ પકડાયા. બન્નેને પૂના નજીકની યરવડા જેલમાં રાખવામાં આવ્યા. ગાંધીજી પણ એ જ જેલમાં હતા, પરંતુ એમને અલગ અલગ બેરેકોમાં રાખવામાં આવ્યા હતા. આથી એમની મુલાકાતો અશક્ય હતી. આથી જવાહર ખૂબ ખીજાયા અને જણાવ્યું કે અમને ગાંધીજીની સાથે રહેવાની રજા આપો. જેલના અમલદારોએ સૂચવ્યું કે તમારી મુલાકાત ગોઠવી દઈએ, પણ ગાંધીજીની સાથે તો રહેવા નહિ દઈએ. મોતીલાલ નહેરુએ આ પ્રસ્તાવનો ઘસીને ઈન્કાર કર્યો. આખરે જેલના અમલદારોએ મોતીલાલજીની શરતનો સ્વીકાર કરવો પડ્યો. ત્રણ દિવસ સુધી ગાંધીજી અને મોતીલાલ સાથે રહ્યા. પરંતુ પછી વળી સરકારે મોતીલાલને નૈની મોકલવાનું ઠરાવ્યું.

આ લાંબા ટ્રેઈન-પ્રવાસથી મોતીલાલની તબિયત વિશેષ બગડી. પણ જીવનના અંતિમ દિવસોમાં ગાંધીજી સાથે ત્રણ દિવસ ગાળવાનો એમને સંતોષ હતો... અવસાન અગાઉ એમણે ગાંધીજીને પત્ર લખ્યો એમાં જણાવ્યું: 'મહાત્માજી, હું તો હવે તુરતમાં ચાલ્યો. સ્વરાજ જોવાનું મારા નસીબમાં નથી. પરંતુ હું જાણું છું કે તમે તો એ જીતી ચૂક્યા છો, અને થોડા જ સમયમાં તે તમારા હાથમાં આવશે.'

✷ ✷ ✷

મોબાઈલ : ૦૯૪૨૮૦૪૬૦૪૩.

## કયા મોઢે આ ખાઈ શકું ?

૧૯૪૭ના ઉનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહયા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું: પણ મને કહે, પહેલા તપાસ કર કે આ કેરીની કિંમત શી?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે. એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યાં. થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુ : હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછ્યા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું, પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન લાવી. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ કયા મોઢે હું ખાઈ શકું?

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એકબે નિરાશ્રિત બહેનો પોતાના બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા લાગ્યા: 'ઇશ્વર મારી મદદે છે તેનો આ તાદૃશ દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવાં બાળકોની હું ઈચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો!'

**☐ ઉમાશંકર જોષી**

# ગાંધી બિફોર ગાંધી

❑ પ્રીતિ એન. શાહ

*[પ્રીતિબહેન B.Sc., B.Ed., M.A. (Jainism), M.Phil (Jainism) ડીગ્રીઓ ધરાવે છે. વીરચંદ ગાંધીના જીવન તથા કાર્યો પર શોધ નિબંધ લખ્યો છે અને તેના પર આધારિત 'ગાંધી બીફોર ગાંધી' પુસ્તક પણ લખ્યું છે. તેઓ જ્ઞાનસત્ર અને જૈન સાહિત્ય સમારોહમાં નિબંધ પ્રસ્તુતિ કરે છે. શ્રી ઝાલાવાડી વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સભા-અમદાવાદ સંચાલિત માસિક પત્રિકામાં 'જૈન શાસનના વીર રત્નો' અંતર્ગત શ્રેણી લેખન કરી રહ્યા છે. ધર્મ જાગૃતિ કેન્દ્ર અને જૈન યુવા પરિષદ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાના વક્તા છે.]*

મહાત્મા ગાંધીનું જીવન એટલા બધા વિવિધ આયામોમાં વહેંચાયેલું હતું કે એમના દરેક પાસાનો સ્પર્શ પામીને ઘણાં બધાં પાત્રો સમાજસેવાના તેમ જ આઝાદીના કાર્યોમાં જોડાયાં. આજે આપણે એના એક એવા મિત્રની વાત કરીશું કે જેમનું નામ ઈતિહાસના પૃષ્ઠો પર ધૂંધળું થઈ ગયું છે. ગાંધીની આત્મકથામાં તેમ જ પ્યારેલાલજીના પુસ્તકમાં જો નોંધ ના હોત તો આ બંને મિત્રોના સંબંધ વિશે આપણે કદાચ અજાણ રહ્યા હોત. અલ્પ આયુને લીધે એમના આ મિત્ર આઝાદીની લડાઈમાં સાથ ના આપી શક્યા પણ બંને જેટલું પણ સાથે રહ્યા મહાત્માજીના દિલ પર એક અમીટ છાપ મૂકી ગયા. આ મિત્ર એટલે વીરચંદ રાઘવજી ગાંધી.

**મહાત્મા ગાંધીના વિચારો**

યંગ ઈન્ડિયા, ૮ સપ્ટેમ્બર, ૧૯૨૦

'તમે લોકો મિશનરી બનીને ભારતમાં એ ધારણા લઈને આવો છો કે જ્યાં એવા લોકો રહે છે જે જડ, ગમાર અને અભણ છે અને જે ઈશ્વર વિષે જાણ્યા વિના મૂર્તિપૂજા કરે છે. એક બહુ મોટા ઈસાઈ વિદ્વાનની બે પંક્તિઓથી મને હંમેશાં દુ:ખ થાય છે. 'ત્યાં (ભારતમાં) આમ તો બધું શ્રેષ્ઠ છે પણ ત્યાંના લોકો ભ્રષ્ટ અને નીચ છે.'

મારા વિચારમાં પશ્ચિમથી આવવાવાળા ઈસાઈ મિશનરીઓ પોતાના વ્યવહારિક ઢંગથી મૂળ ઈસાયતથી ઉલટા અને નકારાત્મક છે. મારું એ અનુમાન છે કે જો ઈશુ આજે શારીરિક રૂપથી આપણી વચ્ચે હોત તો તેઓ વર્તમાન ક્રિશ્ચિયન સામૂહિક પ્રાર્થના અને અનુષ્ઠાનોનો સ્વીકાર ના કરત.'

Speeches and Writings of M. K. Gandhi 242-244

'કોઈ દુ:ખ અને અફસોસ વગર હું કહી શકું છું કે સમગ્ર યુરોપમાં ચાલી રહેલા ઘોર અત્યાચારોનો મતલબ એ છે કે શાંતિના અવતાર પ્રભુ ઈશુનો સંદેશ ત્યાં કોઈએ બરોબર સમજ્યો જ નથી અને હવે એમને પૂર્વના દેશોમાંથી જ્ઞાનના પ્રકાશની જરૂર છે.'

**શ્રી વીરચંદ ગાંધીના વિચારો**

અમેરિકા (૧૮૯૪) નાઈનટીન્થ સેન્ચ્યુરી કલબ, ન્યૂયોર્ક

'ખ્રિસ્તી મિશનરીઓને લાખો રૂપિયા ખર્ચીને ભારતમાં મોકલવામાં આવે છે જે ભારતના જીવનને ઘણું અસર કરે છે. ભારત જડ, અસંસ્કારી લોકોની ભૂમિ છે જે આંદામાન અને ફીજી ટાપુઓ સમાન છે તેમ વગોવે છે. પણ ભારત બધા ધર્મોની માતા છે. સંસ્કૃતિનું પારણું છે. ભારતને જંગલી કહેનાર ખ્રિસ્તીઓ ખ્રિસ્તી દેશોમાં કેટલું અજ્ઞાન છે એ દર્શાવે છે!'

'શું તમે એવું માનો છો કે ૩૦ કરોડ અમારા લોકો અમેરિકા ને ઈંગ્લેન્ડના રૂપિયાથી વટલાઈ જશે? હું ખુશીથી ઈચ્છા રાખું છું અને અમેરિકાના ભાઈઓ અને બહેનોને વિનંતી કરું છું કે તેમના એજન્ટ ભારતના વિવિધ ભાગમાં મોકલે જેથી તેઓ તેમની જાહેરાત કરી શકે અને ગરીબ જરૂરિયાતમંદ હિન્દુને હજારો ડોલરથી ખરીદી શકે.'

'મારી સમક્ષ ઉપસ્થિત ભાઈઓ અને બહેનો તથા સમસ્ત ઈસાઈ સમાજને મારે નિવેદન કરવું છે ખ્રિસ્તી સમાજનો નારો છે કે, આખું વિશ્વ ઈસુનું છે. આ ક્યા ઈસુ છે જેના નામ પર તમે વિશ્વ પર વિજય પ્રાપ્ત કરવા નીકળ્યા છો? શું અત્યાચારનો કોઈ ઈસુ છે? અન્યાયનો કોઈ ઈસુ છે? શું અન્યાયપૂર્ણ અને અત્યાધિક કર વસુલ કરવાવાળો ઈસુ છે? જો આવા કોઈ ઈસુના નામ પર તમે અમને જીતવા નીકળ્યા હોય તો અમે પરાજિત નહિ થઈએ. જો તમે શિક્ષા, ભાતૃભાવ અને વિશ્વપ્રેમના ઈસુના નામથી આવો તો અમે જરૂર તમારું સ્વાગત કરીશું. આવા ઈસુનો અમને ભય નથી.'

મહાત્મા ગાંધીએ જે વાત ખ્રિસ્તી મિશનરીઓ માટે કહી એવા જ વિચારો મહાત્મા ગાંધીથી લગભગ ૨૬ વર્ષ પહેલાં અમેરિકાની ધરતી પર ભારતના એક ૨૯ વર્ષના યુવાને રજૂ કર્યા હતા અને આ યુવાન એટલે ઈ. સ. ૧૮૯૩માં શિકાગો ખાતે યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કરનાર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી.

ઈ. સ. ૧૮૬૪માં ભાવનગરના મહુવા ગામે એમનો જન્મ. મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાંથી ગ્રેજ્યુએશન કરીને જૈન સમાજના પ્રથમ સ્નાતક થયા. જૈન એસોસિએશન ઓફ ઈન્ડિયાના માનદ મંત્રી બન્યા. આ સંસ્થાના નેજા હેઠળ એમણે ઘણા સામાજિક અને ધાર્મિક કાર્યો કર્યાં. ઈ. સ. ૧૮૯૩માં અમેરિકાના શિકાગો ખાતે યોજાયેલ ધર્મપરિષદમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું જ્યાં સ્વામી વિવેકાનંદે હિંદુ ધર્મ પર ભાષણ આપ્યું હતું પરિષદમાં હિંદુ ધર્મ અને સંસ્કૃતિ પર આકરી ટીકાઓ થતા ભારત દેશના આ પુત્રે



*હિંસાથી આવતું સારું પરિણામ ટૂંકજીવી હોય છે પણ તેનાથી આવતાં ખરાબ પરિણામ દીર્ઘજીવી હોય છે.*

એવો હિંમતભેર અને અતિ ગરિમાપૂર્વક જવાબ આપ્યો હતો કે સમગ્ર સભા એમની વાક્છટાથી અંજાઈ ગઈ. બીજે દિવસે એમની પ્રશંસામાં ત્યાં તમામ અખબારોએ તેમનો આ જવાબ અક્ષરસઃ છાપ્યો હતો. અમેરિકા અને યુરોપમાં શ્રી વીરચંદ ગાંધીએ છટાદાર અંગ્રેજીમાં જુદા જુદા ગહન વિષયો પર ભાષણો આપ્યા. એમના ભાષણો સાંભળીને પણ વિદેશી લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો અને જૈન ધર્મના સિદ્ધાંતો એમના જીવનમાં અપનાવ્યા હતા. તેઓ જ્યારે અમેરિકામાં હતા ત્યારે ભારતમાં ભયંકર દુષ્કાળની સ્થિતિ સર્જાતા તેમને દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરીને રૂપિયા ૪૦,૦૦૦ રોકડા અને મકાઈ ભરેલી સ્ટીમર કલકત્તા મોકલાવી હતી. સ્ત્રીઓ પણ ઉચ્ચ અભ્યાસ પામે એ માટે એક સંસ્થા સ્થાપીને એ અંતર્ગત ત્રણ સ્ત્રીઓને અમેરિકા ઉચ્ચ અભ્યાસાર્થે મોકલી. અમેરિકા અને યુરોપના પ્રવાસ દરમિયાન તેઓએ બેરિસ્ટરની પદવી પણ મેળવી. જ્યાં ખ્રિસ્તી ધર્મનું સામ્રાજ્ય હોય એવા સમાજમાં ખ્રિસ્તીઓને હિંમતભેર એમની ભૂલો બતાવવી એ કામ વીરચંદ ગાંધી જેવા સત્યનિષ્ઠ માનવી જ કરી શકે.

મહાત્મા ગાંધી એમની આત્મકથામાં (અંગ્રેજી ભાષાંતર) જણાવે છે કે, 'હું જ્યારે મુંબઈમાં હતો ત્યારે એક બાજુ મેં ભારતીય કાયદાનો અભ્યાસ ચાલુ કર્યો અને બીજી બાજુ ખોરાકના પ્રયોગો ચાલુ કર્યા જેમાં મારા મિત્ર વીરચંદ ગાંધી જોડાયા. મારા ભાઈ મને બ્રીફ અપાવવા માટે પ્રયત્ન કરતા હતા. ભારતીય કાયદાનો અભ્યાસ ઘણો કંટાળાજનક લાગતો હતો, ત્યારે વીરચંદ ગાંધી જે સોલીસીટરનો અભ્યાસ કરતા હતા તેઓ મને બેરિસ્ટર અને વકીલોની વાતો સંભળાવતા હતા.'

આ ઉપરાંત `Mahatma Gandhi -- The Early Phase by Pyarelal' માં પણ આ વાતનો ઉલ્લેખ છે. જેમાં જણાવ્યું છે કે મુંબઈમાં એમણે રવિશંકર નામનો બ્રાહ્મણ રસોઈઓ રાખીને વાઈટલ ફૂડના પ્રયોગો કર્યા હતા. વાઈટલ ફૂડ એટલે ખોરાકના પૌષ્ટિક તત્ત્વો જળવાઈ રહે એ રીતે ખોરાકને રાંધવાની જુદી જુદી રીતોથી તૈયાર થયેલ ખોરાક. લંડનથી બેરિસ્ટર થઈને આવેલા મહાત્મા ગાંધીને કોઈ કેસ મળતો ન હતો. તેઓ વચેટિયાને દલાલી આપીને કેસ લેવા માગતા ન હતા. આ વખતે વીરચંદ ગાંધી મહાત્મા ગાંધીજીને ધૈર્ય અને હિંમત રાખવા કહેતા હતા. ફિરોઝશા મહેતા અને બદરુદ્દીન તૈયબજી અને બીજા વકીલાતના અગ્રણીઓની સફળતા પાછળના સંઘર્ષની વાતો કરીને ગાંધીજીને હિંમત આપતા હતા.

વારંવાર વિદેશ યાત્રાને લીધે તેમજ સેવા કાર્યો કરતા કરતા તેઓ પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપી શક્યા નહીં અને ઈ. સ. ૧૯૦૧માં આ દિવ્ય આત્માનો જીવનદીપ માત્ર ૩૭ વર્ષની અલ્પ આયુમાં બુઝાઈ ગયો. હવે લગભગ એક સદી પછી ધીમે ધીમે એમના કાર્યોનું મૂલ્યાંકન થઈ રહ્યું છે.

હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે આવા મહાન આત્મા વિષે મને ઊંડું સંશોધન કરવાની તક મારા એમ. ફીલ.ના અભ્યાસ દરમિયાન પ્રાપ્ત થઈ. મારા આ સંશોધન પરથી 'ગાંધી બિફોર ગાંધી' પુસ્તકનું (સહલેખન: ડૉ. બિપિન દોશી) અને ગુજરાતી નાટક 'ગાંધી બિફોર ગાંધી' (રંગત પ્રોડક્શન - ૩૫૦ થી પણ વધુ સફળ શો)નું નિર્માણ થયું. ૨૦૦૯માં ભારત સરકાર દ્વારા વીરચંદ ગાંધીની સ્મૃતિમાં ટપાલટિકીટ જારી થઈ. ૨૦૧૨માં અમદાવાદના નવરંગપુરા ચાર રસ્તાને 'વીરચંદ ગાંધી ચોક' નામાભિધાન થયું. મહુવાના ચોકમાં તેમ જ શિકાગો દેરાસરમાં વીરચંદ ગાંધીનું સ્ટેચ્યુ મુકાયેલ છે. હાલમાં ૧૬ ડિસેમ્બરના રોજ 'ગાંધી બિફોર ગાંધી' પુસ્તકના હિન્દી અનુવાદનું વિમોચન સંસદભવન નવી દિલ્હી ખાતે આત્મવલ્લભ જૈન સ્મારક શિક્ષણ નિધિના ઉપક્રમે કરવામાં આવ્યું.

✷ ✷ ✷

એ/૪, નોર્થવ્યુ એપાર્ટમેન્ટ,
પ્લોટ-૪, ભોંયતળીયે,
સેન્ટ ઝેવિયર્સ રોડ, નવરંગપુરા,
અમદાવાદ- ૩૦૦૦૦૯.
ફોન નંબર : 09426347363, 08141199064
E-mail : priti_narendra@yahoo.co.in

## જટાયુ જીવતો થયો

જટાયુ મારું 'રામાયણ'નું સૌથી પ્રિય પાત્ર છે. રામ કરતાં પણ વધારે પ્રિય પાત્ર જટાયુ છે મારું, અત્યારે આપણે જે સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છીએ એ સમસ્યાનો ઉકેલ માત્ર જટાયુ છે.

સીતાના અપહરણ વખતે જટાયુ જ્યારે પોતાનું બલિદાન આપવા તૈયાર થયો, ત્યારે ગીધોના સમાજમાં જે વ્યવહારુ લોકો હતા એમણે કહ્યું હશે કે 'જટાયુ, આ રામ ને રાવણની તકરારમાં તું કાં પડ્યો? રાવણ ક્યાં અને તું ક્યાં? જરા વિચાર કર.'

જટાયુએ વડીલોને જવાબ આપ્યો: 'મારા જીવતાં રાવણ સીતાનું અપહરણ કરી શકે નહીં.' અને જડાયુ લડ્યો.

ગાંધીજીના ગયા પછી આ સમાજની જટાયુવૃત્તિ ખતમ થતી ગઈ છે. આ સમાજનું એક ધ્રુવ વાક્ય છે કે, આપણે એમાં શું કરી શકીએ?

અંગ્રેજોના રાજ્યમાં એવું જ હતું કે ઘણાખરા લોકો બોલતા કે, અંગ્રેજ સરકાર સામે આપણે નહીં પહોંચી વળીએ. આ જ દેશમાં માટીમાંથી મરદ બનાવ્યા ગાંધીએ. આ નિર્વીર્ય સમાજ હતો તદ્દન. એની પાસે ગાંધીએ જે રીતે કામ લીધું એમાં જટાયુ જીવતો થયો.

❑ ગુણવંત શાહ

# ગાંધી આકાશના તેજસ્વી તારલા

**નેતાજી સુભાષચંદ્ર બોઝ**

સુભાષચંદ્ર બોઝ ભારતના મહાન સ્વાતંત્ર્યસેનાની હતા. ક્રાંતિકારી વિચારોને પરિણામે કૉલેજમાંથી બરતરફ થયા હતા અને જેલવાસ પણ ભોગવ્યો હતો. ઇંગ્લેન્ડમાં આઈસીએસ થયેલા સુભાષબાબુની કારકિર્દી તેજસ્વી હતી. મોટો હોદ્દો છોડીને તેમણે સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઝુકાવ્યું. કોલકાતાના યુવાનો, વિદ્યાર્થીઓ અને કામદારોને જાગૃત કરવામાં તેમનો ફાળો મોટો હતો. તેઓ ત્યારના સૌથી મોટા સંગઠન કૉંગ્રેસમાં જોડાયા હતા. તરત જ મજબૂત નેતા તરીકે ઉભરી આવ્યા. મહાત્મા ગાંધીના ઉદારમતવાદી વિચારોનો તેઓ વિરોધ કરતા, છતાં કૉંગ્રેસ પ્રમુખની ચૂંટણીમાં તેઓ જીત્યા હતા. વિચારભેદને લીધે વાતાવરણ ગૂંગળાવનારું બની જતાં, અન્ય રીતે દેશને મદદરૂપ થવા તેઓ દેશની બહારથી મદદ મેળવવા પ્રયત્નશીલ થયા. બીજા વિશ્વયુદ્ધમાં ભારતને સંડોવવા બદલ ઇંગ્લેન્ડનો વિરોધ કરવાથી સરકારે તેમને નજરકેદ કર્યા. કેદ તોડી તેઓ ૧૯૪૧માં જર્મની અને જાપાન ગયા. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી, જે ખૂબ બહાદુરીપૂર્વક વિષમ સંજોગોમાં લડી અને ખતમ થઈ. સુભાષબાબુનું રહસ્યમય મૃત્યુ થયું. વિચાર અને માર્ગમાં મતભેદ છતાં મહાત્મા ગાંધીને 'રાષ્ટ્રપિતા'નું બિરુદ સુભાષચંદ્ર બોઝે જ આપ્યું હતું.

**ડૉ રાજેન્દ્ર પ્રસાદ**

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેમણે અર્થશાસ્ત્રમાં એમ.એ. કર્યું હતું અને ઘણી શિક્ષણ સંસ્થાઓમાં કામ કર્યું હતું. ત્યાર પછી વકીલ બન્યા અને બિહાર અને ઓરિસાની હાઈકોર્ટમાં જોડાયા. ૧૯૧૧માં તેઓ કૉંગ્રેસ સાથે જોડાયા. ૧૯૧૬ના લખનૌ અધિવેશનમાં તેમની મુલાકાત મહાત્મા ગાંધી સાથે થઈ. ત્યાર પછી તેમના તમામ સત્યાગ્રહો અને લડતોમાં રાજેન્દ્રપ્રસાદ મોખરે રહ્યા અને જેલવાસ ભોગવ્યો, સાથે સામાજિક કાર્ય પણ કરતા રહ્યા. ૧૯૩૪, ૧૯૩૯, ૧૯૪૨ અને ૧૯૪૭માં તેઓ કૉંગ્રેસ પ્રમુખ ચૂંટાયા હતા. વચગાળાની સરકારમાં તેમણે અન્ન અને કૃષિ ખાતું સંભાળ્યું હતું.

સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનારી સભાના તેઓ પ્રમુખ હતા. ૧૯૫૦માં ભારત પ્રજાસત્તાક બન્યું. તેઓ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ચૂંટાયા. રાષ્ટ્રપતિ તરીકે તેમણે તાજા સ્વતંત્ર ભારતને લોકશાહી મૂલ્યો તરફ દોરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. તેમને 'ભારત રત્ન' ઘોષિત કરવામાં આવ્યા હતા.

**મૌલાના અબુલ કલામ આઝાદ**

અરબસ્તાનના મક્કા શહેરમાં જન્મેલા મૌલાના આઝાદ અરબી, અંગ્રેજી અને ઉર્દૂ પર સારો કાબૂ ધરાવતા. 'આઝાદ' તેમનું ઉપનામ હતું. પોતે રાષ્ટ્રવાદી હતા અને કોમવાદને ઉશ્કેરતી પ્રવૃત્તિઓને ઉઘાડી પાડતા લેખો લખતા. ૧૯૧૫માં પાંચ વર્ષ માટે જેલમાં હતા. ૧૯૨૦માં જેલવાસ પૂરો થયો ત્યારે ગાંધીજીનું મોજું દેશ પર ફરી વળ્યું હતું. અસહકાર આંદોલન પૂરજોશમાં ચાલતું હતું. તેઓ ગાંધીજીને મળ્યા અને ગાઢ સંબંધ બંધાયો. ખિલાફત, સર્વધર્મ સમભાવ દરેક આંદોલનમાં તેઓ ગાંધીજીને મજબૂત ટેકો આપતા. ચોંત્રીસ વર્ષની ઉંમરે કૉંગ્રેસ પ્રમુખ તરીકે ચૂંટાયા. તેઓ સ્વાતંત્ર્ય, અહિંસક અસહકાર, શિસ્તપાલનમાં માનતા. ૧૯૪૨નું 'હિંદ છોડો' આંદોલન પણ તેમની જ અધ્યક્ષતામાં થયું. ૧૯૪૫-૪૬-૪૭ના મુશ્કેલ વર્ષોમાં પણ કૉંગ્રેસના પ્રમુખસ્થાને મૌલાના આઝાદ જ હતા. સ્વતંત્ર ભારતના તેઓ શિક્ષણ પ્રધાન હતા. અગિયાર વર્ષ સુધી તેમણે એ પદ સંભાળ્યું. તેમના 'ઈન્ડિયા વીન્સ ફ્રિડમ' પુસ્તકમાં ભારતની સ્વરાજ્યયાત્રાનું વિગતવાર ચિત્રણ છે.

**બાળકોબા અને શિવોબા**

વિનોબાથી નાના બાળકોબા, તેમનાથી નાના શિવોબા, ત્રણે બ્રહ્મચારી, સાધુ. ખૂબ બુદ્ધિશાળી. ત્રણેને ગાંધીજીની મોહિની લાગેલી. ખૂબ કામ ખેંચે. બાળકોબાએ આશ્રમમાં ભંગીકામની શરૂઆત કરી. બ્રાહ્મણ ભંગીકામ કરે છે તે જાણી ગાંધીજીના બહેન રળિયાતબહેન ખૂબ કચવાયાં. આશ્રમ છોડી ગયા. ઉરુલીકાંચન નિસર્ગોપચાર આશ્રમ બાળકોબા સંભાળતા. ત્રણે ભાઈઓ આશ્રમમાં રહે પણ ચૂપચાપ પોતાના કામ કર્યે જાય. બોલવાનું નહીંવત્ છતાં ત્રણે સમરસ. શિવોબા ગીતાપ્રચારનું ઘણું કામ કરતા.

**ચી.ના. પટેલ**

ચીમનભાઈ પટેલ તેજસ્વી ને તરવરાટભર્યા વિદ્યાર્થી અને પ્રાધ્યાપક હતા. જીવનના પૂર્વાર્ધમાં સાહિત્યક્ષેત્રે પંકાયા. ઉત્તરાર્ધમાં ગાંધીજીના અઢળક સાહિત્યને સંકલિત સંપાદિત કરવાની મહાજવાબદારી લીધી. ૧૯૬૧થી ૧૯૮૫ સુધી દિલ્હીમાં એકલા રહ્યા. રાતદિવસ પરિશ્રમ કરી બધા લખાણોનું વ્યવસ્થિત કાળાનુક્રમે સંપાદન કર્યું અને 'કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી' ગ્રંથ, ગુજરાતીમાં 'ગાંધીજીનો અક્ષરદેહ'ના પંચોતેર ખંડ છપાયા.

**કિશોરલાલ મશરૂવાલા**

મોટા ગજાના તત્ત્વચિંતક કિશોરલાલ મશરૂવાળા આકોલામાં વકીલાત કરતા, પણ જીવ અધ્યાત્મનો, નાજુક શરીર, સુધારકવૃત્તિ.

ઠક્કરબાપા દ્વારા મહાત્મા ગાંધીના પરિચયમાં આવ્યા તે પહેલાં જ સ્વદેશીથી રંગાઈ ગયા હતા. ગાંધીજીએ તેમને કોચરબ આશ્રમની શાળામાં શિક્ષક તરીકે નીમ્યા. અપરિગ્રહી હતા, પરિણીત પણ બ્રહ્મચર્ય સેવતા. કેદારનાથજી તેમના ગુરુ હતા. આધ્યાત્મિક સાધના ને તત્ત્વચિંતન કરતા. સ્વરાજની લડતો લડ્યા, જેલવાસ પણ ભોગવ્યો. મહાદેવભાઈના અવસાન પછી થોડો વખત તેમણે ગાંધીજીના મંત્રી તરીકે સેવા બજાવી. 'સમૂળી ક્રાંતિ' તેમનું પાયાનું પુસ્તક છે.

**તુલસી મેહરબાબા**

ગાંધી આશ્રમના નેપાળી અંતેવાસી. નેપાલના રાજાએ તેમને નાની વયે હસ્તોદ્યોગ શીખવા અમદાવાદ સાબરમતી આશ્રમમાં મોકલી આપ્યા હતા. ત્યાં ગાંધીવિચારમાં પલોટાયા. ખાદી, સત્યાગ્રહ, બાપુની અંગત સેવા, શિક્ષણનાં કામો કર્યાં. મીરાબહેનને કાંતવા-પીંજવાનું કામ શીખવવાની જવાબદારી નિભાવી હતી. જીવનભર સમર્પિત.

**'ગાંધીયુગની આકાશગંગા' – મીરા ભટ્ટ**

**વીર આત્મારામ ભટ્ટ**

આજીવન સત્યાગ્રહી આત્મારામ ભટ્ટ દાંડીકૂચ અને સત્યાગ્રહોમાં અગ્રેસર રહ્યા અને ઘણાં જુલમ વેઠ્યા. બીજાનું જીવન પલટી નાખવાની ક્ષમતા એમનામાં હતી. ગાંધી વિચારને ઘેર ઘેર પહોંચાડવો તે તેમની નેમ હતી.

**કાંતિભાઈ શિલ્પી**

અમદાવાદના ટોલનાકા પર દાંડીકૂચ માટે નીકળેલા ગાંધીની આબેહૂબ, જીવંત પ્રતિમા છે. આવી જ પ્રતિમાઓ ન્યૂયોર્કમાં અને ગુયાનાની રાજધાની જ્યોર્જ ટાઉનમાં છે. આ પ્રતિમાઓના શિલ્પી છે કાંતિભાઈ પટેલ. તેમના પિતા બળદેવભાઈ રાષ્ટ્રવાદી અને ગાંધીવિચારક હતા. કાંતિભાઈ પોતે પણ સત્યાગ્રહી હતા, જેલવાસ ભોગવી આવેલા હતા.

**કૃષ્ણદાસ ગાંધી**

દક્ષિણ આફ્રિકાની ફિનિક્સ વસાહતના ગાંધીજીના પ્રથમ સાથીઓમાંના છગનલાલ ગાંધી અને કાશીબહેન ગાંધીના દીકરા કૃષ્ણદાસ ગાંધી શ્રમનિષ્ઠ જીવન અને ગાંધીમૂલ્યોની ગળથૂથી પીને મોટા થયા. ગાંધીજી ભારત આવ્યા ત્યારે કોચરબમાં આવ્યા. બાપુની ઈચ્છા જોઈ ઉજ્જવળ કારકિર્દીનું સ્વપ્ન છોડી ખાદીકામમાં લાગી ગયા. ચરખા અને ખાદીના નવસંસ્કરણ માટે સતત પ્રયત્નશીલ રહયા. ખાદી જગતના મોટા કામો ને મોટાં પદો શોભાવ્યાં.

**બાલકૃષ્ણ વૈદ્ય**

રાષ્ટ્રભક્તિ, આયુર્વેદ ને અધ્યાત્મનો ત્રિવેણી સંગમ. મીઠાના સત્યાગ્રહમાં ભાગ લીધો, કષ્ટો સહન કર્યાં ને જેલવાસ પણ ભોગવ્યો. લોકસેવા અને ગાંધીકામોમય દીર્ઘાયુષ્ય ભોગવ્યું.

**રાવજીભાઈ પટેલ**

દક્ષિણ આફ્રિકાના સાથી, 'ગાંધીજીની સાધના' પુસ્તકના લેખક, સ્વરાજ્ય આંદોલનના એકેએક કાર્યક્રમમાં ભાગ લીધો.

**ઉત્તમચંદ શાહ**

ચાર સત્યાગ્રહોમાં ભાગ લઈ છ વર્ષની જેલ ભોગવી વિલ્સન કૉલેજનો અભ્યાસ ગાંધીજીની હાકલથી છોડી આશ્રમવાસ સ્વીકાર્યો. ૧૯૩૦માં દાંડીકૂચ વખતે ઉત્તમચંદ શાહ દાંડી જવાને બદલે ગાંધીજીની સૂચનાથી આશ્રમ સંભાળવા રહ્યા હતા. સરકારે આશ્રમ જપ્ત કરી ઉત્તમચંદભાઈને જેલમાં પૂર્યા.

**લક્ષ્મીદાસ આશર**

ગાંધીજીના અંતેવાસી. અનન્ય અનુયાયી. બધો વેપાર ખંખેરી ગાંધીના સ્વયંસેવક બનેલા. યરવડા ચક્રની શોધ પાછળ એમનું ભેજું પણ ચાલેલું.

**દિલખુશ દિવાનજી**

વિલેપાર્લેમાં રાષ્ટ્રીય શાળામાં જોડાયા હતા. અનેક યુવાનોને રાષ્ટ્રીય રંગ લગાડ્યો. જેલવાસ વેઠ્યો, ગાંધીજીએ ગામડાં બેઠાં કરવાની હાકલ કરી તો નવસારી તાલુકાના કરાડી ગામે ગયા ને છેક સુધી રહ્યા. રચનાત્મક કાર્યો, આદિવાસીઓને માટે ખાદી-કાંતણ-વણાટ જેવા અનેક કામોમાં રત રહ્યા.

**ગોરધન કાકા**

સેનેટરી ઈન્સ્પેક્ટર ગોરધનકાકાએ પ્રવાસ દરમ્યાન 'નવજીવન'નો અંક વાચ્યો. ગાંધીજીએ લખ્યું હતું, 'મારી લડાઈ સત્ય અહિંસાની છે. પૈસામય બની ગયેલી દુનિયાને મારે ઈશ્વરમય બનાવવી છે.' આ વાંચી ગોરધનકાકા અસ્પૃશ્યતા નિવારણ, કોમી એકતા અને સત્યાગ્રહોમાં જોડાઈ ગયા. સૌને ખાદી, ગાંધી અને વિનોબાનો રંગ લગાડતા.

**સર્વોદય સેવકો**

લીલાધરભાઈ દાવડા, કરસનદાસ વાછાણી, નાનુ-જગદીશ, ડૉ. વલ્લભભાઈ દોશી, પ્રબોધ ચોકસી ('ભૂમિપુત્ર'નો જન્મ થયો ત્યારે નારાયણ દેસાઈ સાથે સહસ્થાપક) હરિભાઈ દેસાઈ (જેમની પાસેથી વિનોબા ફ્રેન્ચ શીખ્યા), જયદેવભાઈ અણ્ણા જગન્નાથ (વિનોબાના હનુમાન કહેવાતા), કુષ્ટરોગ મિશનરી મનોહર દિવાણ, ધીરેન્દ્ર મજમુદાર, સાને ગુરુજી (અસ્પૃશ્યતા નિવારણ)

ગાંધીજીના બે મંત્રો હતા–'સૂતરના તાંતણે સ્વરાજ' અને 'ગામડા વિના સ્વરાજ્ય કેવું ?'

**મૂળશંકર ભટ્ટ**

ગાંધીજીએ અંગ્રેજી સત્તામાંથી છૂટવા રાષ્ટ્રીય શિક્ષણની હાકલ કરી,







ત્યારે શિક્ષણવિદ્યાના શિલ્પી સમા નાનાભાઈ ભટ્ટે 'ગ્રામદક્ષિણામૂર્તિ' અને 'લોક ભારતી' ગ્રામ વિદ્યાપીઠો શરૂ કરી. ભારતભરમાં તેનું અનન્ય પ્રદાન રહ્યું. ખેતીમૂલક શ્રમ, છાત્રાલય પ્રધાન વિદ્યાપીઠ, વિનોદ હાસ્યના પારિવારિક વાતાવરણમાં ગાંધીમૂલ્યોનું સિંચન અહીં થયું. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી, મૂળશંકર ભટ્ટ અને નટવરલાલ બૂચ આ પ્રવૃત્તિને ગામડા સુધી લઈ ગયા. મૂળશંકર ભટ્ટ સાહસિક, વિજ્ઞાનપ્રેમી, સારા લેખક અને ચિંતક. માની વત્સલતાથી વિદ્યાર્થીઓને ઘડતા. કાંતિભાઈ મહેતા પણ રાષ્ટ્રીય શિક્ષણમાં પડ્યા હતા.

**નટવરભાઈ ઠક્કર**

દુખિયારાની સેવાનો ગાંધીમંત્ર નટવરભાઈ ઠક્કરને છેક નાગાલેન્ડ લઈ ગયો. રાષ્ટ્રીય તાલીમ મેળવવા સેવાગ્રામ ગયા ત્યાં કિશોરલાલભાઈ, કુમારપ્પા, કાકાસાહેબ વગેરે ભારતના નકશા પર ઉપેક્ષિત ક્ષેત્રો ફરતા કુંડાળા ચીતરતા હતા. કાકાસાહેબ સાથે ભારતમાં ઘણું ફર્યા બાદ નટવરભાઈએ સેવાક્ષેત્ર તરીકે નાગાલેન્ડના હિંસક અને વ્યસની એવા પછાત વિસ્તારોમાં સેવા કરી.

**ડૉ. મણિભાઈ મહેતા**

ઉરુલીકાંચનમાં નિસર્ગોપચાર અને દૂધ ઉત્પાદનમાં વિક્રમ સાધનાર ગાંધીજન બાપુ સાથે સેવાગ્રામમાં રહેલા.

**રમણિકભાઈ મોદી**

મહાત્મા ગાંધી સાથે ૬૦ વર્ષ કામ કરેલું. કેદારનાથજીના શિષ્ય, કિશોરલાલજીના મિત્ર, રાષ્ટ્રીય શાળાના આચાર્ય, દાંડીકૂચના સૈનિક, આશ્રમના મુખ્ય હિસાબનીશ.

**સુરેન્દ્રજી**

આધ્યાત્મિક શોધ અને ચિત્તશુદ્ધિની ભાવના સુરેન્દ્રજીને ગાંધીજી તરફ ખેંચી લાવી. જિંદગીભર ગાંધીમય રહ્યા. આશ્રમનું કઠોર જીવન આનંદથી સ્વીકાર્યું. દક્ષિણમાં અડિયારમાં કામ કર્યું. સત્યાગ્રહમાં લાઠીઓ ખાધી, જેલમાં ગયા. મુક્ત ચિંતન, મુક્ત વિહાર અને સંપૂર્ણ અનાસક્તિ સેવ્યાં.

**પરચૂરે શાસ્ત્રી**

મૂળ શિક્ષક. આઝાદીની ચળવળમાં પત્ની સમેત ભાગ લીધો. ૧૫૦ ગામડાં ફર્યાં. ગ્રામસેવક કહેવાયા. રક્તપિત્તના રોગીઓની સેવા કરતાં રક્તપિત્ત લાગુ પડ્યો. બાપુ તેમની સેવા કરતા.

**ચારુચંદ્ર ભંડારી**

સાચા ગ્રામસેવક સત્યાગ્રહો, જેલયાત્રા, ખાદી રાજકારણમાં પણ આગળ વધેલા. અન્નમંત્રી બનેલા બાપુના મૃત્યુ પછી રાજકારણ છોડી દીધું.

**અચ્યૂત પટવર્ધન**

જયપ્રકાશ નારાયણ, અરુણા અસફઅલી, ઉષા મહેતા અને અચ્યુત પટવર્ધન ૧૯૪૨ની લડતમાં ઝળકેલાં નામો. ચારેય સમાજવાદી વિચારધારાના પુરસ્કર્તા. સ્વતંત્ર ચિંતન અને દેશ માટે મરી ફીટવાની ઝિંદાદિલીવાળા બહાદુરો.

અચ્યૂત પટવર્ધને સતત પડદા પાછળ રહી કામ કર્યું. ૧૯૪૨માં આ ચારેયે ભૂગર્ભી આંદોલન ચલાવ્યું. ભૂગર્ભ રેડિયો ચલાવવામાં ઉષાબહેનના સાથી હતા. બ્રિટીશ સરકારે અચ્યુતજીના માટે લાખો રૂપિયાનું ઈનામ જાહેર કરેલું. સમાજની રોગિષ્ઠ મનોદશાથી ખૂબ અકળાતા.

**આર્યનાયકમ્**

સિલોનના તમિળભાષી. સ્કોટલેન્ડની યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ

## વૈષ્ણવ જન તો તેને કહીએ

*વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણ રે.*
*પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે. –વૈષ્ણવ.*
*સકલ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;*
*વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે. –વૈષ્ણવ.*
*સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;*
*જિહ્વા થકી અસત્ય ન બોલે, પર-ધન નવ ઝાલે હાથ રે. –વૈષ્ણવ.*
*મોહ-માયા વ્યાપે નહીં જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;*
*રામનામ શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. –વૈષ્ણવ.*
*વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ નિવાર્યાં રે;*
*ભણે નરસૈયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે. –વૈષ્ણવ.*

☐ **નરસિંહ મહેતા**

## VAISHNAVJAN TO TENE

*Humane in one who feels the pairs of others,*
*Never is proud, even obliges the miserable.*
*Bows down to every one, never absues the others,*
*Never changes words, action, mind, admirable is one's mother.*
*Looks even, no not greedy, every woman is one's mother,*
*Never utters lies, touches not the wealth of others.*
*Is unfazed by charm or illusion, to one renunciation matters,*
*Heart throbs the name of Rama, all pilgrimages in mind's shelters*
*Never selfish, nor cunning, won over passion and anger,*
*Narsim worship whom, give Salvation to Humane Seekers*

**-Translated by KULIN VORA**

લીધું. શાંતિનિકેતનમાં પત્ની સાથે રહેલા. ૧૯૩૭માં ગાંધીજીએ પાયાની કેળવણીની કલ્પના આપી ત્યારથી દંપતી 'નઈ તાલીમ'ના પૂજારી બની ગયું. હિન્દુસ્તાની તાલીમ સંઘના અધ્યક્ષ પદે ડૉ. ઝાકીર હુસેન હતા અને મંત્રી પદે આર્યનાકમ્.

**ગોકુળભાઈ ભટ્ટ**

દારૂબંધીના સત્યાગ્રહી, સ્વરાજ્યની લડતમાં લાઠીમાર, જેલવાસ ઝીલ્યાં ને આઝાદી મળ્યા બાદ રચનાત્મક કામોમાં પરોવાઈ ગયા. વિલેપાર્લે રાષ્ટ્રીય શાળાના આચાર્ય. આ શાળા સત્યાગ્રહ છાવણી બની ગઈ હતી.

**ગુરુદયાળ મલિક**

સરહદ પ્રાંતમાં જન્મ્યા હતા. ગાંધી–ગુરુદેવની સંયુક્ત પ્રેરણા પામી અપૂર્વ જીવન જીવી ગયા. બહુભાષી વિદ્વાન, લેખક, લોકસેવક પણ અધ્યાતમ સ્થાયી ભાવ. ખૂબ ફરતા, ખૂબ કામ કરતા.

**પ્રોફેસર ભણશાળી**

ગાંધી સંગ્રહાલયની અનોખી મૂર્તિ સમા પ્રો. ભણશાળીએ બાપુ જેલમાં ગયા ત્યારે 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'ના મુદ્રકની જવાબદારી સ્વીકારી. દરમિયાન જેલવાસ ભોગવ્યો. જેલમાં ઈશ્વરદર્શનની ભૂખ જાગી. મૌન ન તૂટે તે માટે હોઠ સીવી લેતા. શ્યામજી કૃષ્ણ વર્મા તેમના મામા થાય. તેમનું કામ સંભાળતા. યુરોપ ગયા, પણ પછી પાછા આવ્યા.

**નરસહિંભાઈ પટેલ**

ખેડા જિલ્લાના વતની નરસહિંભાઈ પડેલ સરદાર પટેલના શાળાના સહાધ્યાયી. સશસ્ત્ર ક્રાંતિકારી ચળવળના કાર્યકર્તા અને બોમ્બ બનાવવાની રીતનું પુસ્તક લખનાર વિદ્રોહી નરસિંહભાઈ ટાગોરની હયાતીમાં શાંતિનિકેતનમાં શિક્ષક હતા. દાંડીકૂચ કરતા ગાંધીજીનું સામૈયું કરવા નરસિંહભાઈ બોરીયાવી ગયા હતા, ત્યાંથી સાથે ચાલ્યા હતા. તે વખતે અબ્દુલ ગફારખાન તેમને ત્યાં રોકાયા હતા.

બ્રિટીશ સરકારને હાથતાળી દઈ તેઓ પોંડિચેરી, કોલંબો ને સોમાલિલેન્ડ થઈ આફ્રિકા અને પછી જર્મની ચાલ્યા ગયા હતા. ત્યાર પછી નાઈલ નદીના મૂળ પાસે જિજા ગામે રહ્યા. ત્યાં ટૉલ્સટોયનું પુસ્તક વાંચી અહિંસા તરફ ને પછીથી ગાંધી તરફ વળ્યા.

**મામા સાહેબ ફડકે**

રાષ્ટ્રીય શિક્ષણ આપનું ગંગનાથ વિદ્યાલય અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્રકુમારે સ્થાપેલું. વિદ્યાલયમાં કુટુંબભાવના રહે તે માટે કાલેલકરને 'કાકા', હરિહર શર્માને 'અણ્ણા'ને વિઠ્ઠલ ફડકેને 'મામા' કહેતા. પૂરા ભારત માટે તેઓ મામા બની રહ્યા. બ્રાહ્મણ કુળમાં જન્મ્યા. જિંદગીભર હરિજન સેવા કરી.

**રૂસ્તમ મોદી**

આફ્રિકામાં અબ્દુલ્લા શેઠ સાથે એક વર્ષનો કરાર પૂરો થયો પછી ડરબનના જે હિંદીઓએ ગાંધીજીને આફ્રિકામાં વધુ રોકાઈ જવાનો આગ્રહ કર્યો તેમાંના એક રૂસ્તમ મોદી હતા. ફિનિક્સ માટે છૂટા હાથે દાન આપેલું. ગાંધીજી ભારત આવ્યા પછી પોતે પણ ભારત આવ્યા, જો કે શરૂઆતમાં અંગ્રેજી સામ્રાજ્યના ટેકેદાર હતા. ૧૯૧૯માં રાષ્ટ્રીય લડતમાં ઝંપલાવ્યું.

**અબ્બાસ તૈયબજી**

અબ્બાસ તૈયબજી વડોદરાના ગાયકવાડ સ્ટેટના ન્યાયાધીશ હતા. ૧૮૮૫માં સ્થપાયેલી કૉંગ્રેસમાં સ્તંભરૂપ બદરૂદ્દીન તૈયબજી તે અબ્બાસ તૈયબજીના કાકા. ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા ત્યારે અબ્બાસ તૈયબજી નિવૃત્ત થયા હતા. નિવૃત્ત જીવન ગાંધીપ્રવૃત્તિઓને અર્પણ થયું.

**પુરુષોત્તમ બાવીસી**

પત્ની કંચનબહેન સાથે પુરુષોત્તમભાઈ વર્ષો સુધી વર્ધા આશ્રમમાં રહ્યા હતા. જમનાલાલ બજાજના સાથી હતા અને બા-બાપુના આત્મીય પણ હતા. ત્યાં ચાલતાં ગાંધીકાર્યોમાં સક્રિય રહ્યા હતા.

✷ ✷ ✷

## મરાઠીનું વાચન

દરેક જણે પડોશના પ્રન્તોની ભાષા જાણવી જોઇએ, એ બાપુજીનો આગ્રહ હતો. જ્યારે હું આશ્રમની શાળામાં જોડાયો, ત્યારે અભ્યાસક્રમમાં બાપુજીએ ગુજરાતી, હિંદી અને સંસ્કૃત ઉપરાંત મરાઠી ભાષા પણ એક વિષય તરીકે રાખી હતી. એક વાર એમણે કહેલું કે, દક્ષિણ આફ્રિકાના ગિરમીટિયાની સેવા કરવા સારું જ્યારે હું તામિલ ભાષા શીખ્યો ત્યારે મુંબઈ ઇલાકામાં રહી મરાઠી ન જાણું એ કેમ ચાલે ?'

મરાઠી શીખવાની આ તક એમને યરવડા જેલમાં મળી. એમણે મારી મદદથી મરાઠી શીખવાનો મનસૂબો કર્યો. મામૂલી કેદીઓ માટે જેમતેમ રાખેલા પુસ્તકાલયમાંથી મરાઠીનાં ચાર-પાંચ પાઠ્યપુસ્તકો મળ્યાં. એ લઈને અમે કામ શરૂ કર્યું. બાપુજી વાંચતા જાય અને હું શબ્દોનો અર્થ કરતો જાઉં. જ્યાં ન સમજાય ત્યાં પૂછે. રોજ અમુક મિનિટો જ મરાઠીને અપાતી. એક દિવસે કવિતાના પાઠમાં માણસના હસ્તાક્ષર વિશે 'દાસબોધ'માં આવેલી રામદાસ સ્વામીની પંક્તિઓ હતી.

બાપુજીને એ પંક્તિઓ એટલી બધી ગમી કે એમણે એ લખી કાઢી, અનેક વાર વાંચી અને જ્યાં ન સમજાયું ત્યાં પૂછી લીધું. એટલેથી જ સંતોષ ન થતાં, એ આખો ફકરો પોતે ઉતારી કાઢ્યો, આશ્રમ પરના સાપ્તાહિક પત્ર સાથે મોકલી દીધો અને સૂચવ્યું કે આશ્રમવાસીઓએ તે ધ્યાનપૂર્વક વાંચી મોઢે કરવો.

☐ કાકા કાલેલકર



મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

# ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને અનુસરતા કેદીઓ

❑ તુલસીદાસ સોમૈયા

*[ 'કાકા'ના નામથી જાણીતા તુલસીદાસ સોમૈયા લાર્સન એન્ડ ટુબ્રોની મોટા પગારની નોકરી છોડી યુવાન વયે મહાત્મા ગાંધીની ધૂણી ધખાવી બેસી ગયા. એ વાતને આજે પચાસથી વધુ વર્ષો વીતી ગયાં છે. જેલસુધાર, ગાંધી વેબસાઈટ, ગાંધી પુસ્તક ભંડાર અને અનેક ગાંધીકાર્યોની ધૂણી જૈફ વયે પણ ધમધમતી રાખી રહ્યા છે. ]*

નાગેન શર્મા મેમોરિયલ સોસાયટી અને મુંબઈ સર્વોદય મંડળના સંયુક્ત ઉપક્રમે ગોહાટી, આસામના સંવેદનશીલ વિસ્તારમાં ગાંધીજીના મૂલ્યોનો પ્રસાર યુવા પેઢીમાં તેમ જ જેલના કેદીઓમાં ઘણાં વર્ષોથી થઈ રહ્યો છે. આ વર્ષે આ બંને સંસ્થાઓ દ્વારા ગોહાટીમાં થયેલાં કાર્યોના અહેવાલ નીચે મુજબ છે.

ગોહાટીની જેલમાં રહેલા કેદીઓમાં તેમ જ ગોહાટીના મેનેજમેન્ટના વિદ્યાર્થીઓમાં ગાંધીમૂલ્યોનો પ્રચાર અને રચનાત્મક કાર્યો પ્રત્યે અભિરુચિ જગાડતા 'ગાંધી વિચાર પ્રચાર અભિયાન' અંતર્ગત નાગેન શર્મા મેમોરિયલ સોસાયટી અને મુંબઈ સર્વોદય મંડળની આર્થિક સહાય દ્વારા વિવિધ રચનાત્મક કાર્યોનું આયોજન કર્યું હતું. આ અભિયાન બીજી ઑક્ટોબર, ગાંધી જયંતીના દિને શરૂ થયું જેમાં ગોહાટી સેન્ટ્રલ જેલના ૧૧૦૦ કેદીઓએ ભાગ લીધો હતો.

આ અભિયાન દ્વારા આખું વર્ષ ગોહાટી જેલમાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવ્યા. 'લગે રહો મુન્નાભાઈ' તેમ જ રિચર્ડ એટનબરોની 'ગાંધી' જેવી ફિલ્મ દર્શાવવામાં આવી. ઉપરાંત અંગ્રેજી, ઊર્દૂ ભાષામાં ગાંધીજીની આત્મકથા જેલના જુદા જુદા વૉર્ડમાં વહેંચવામાં આવી. ગાંધીવિચાર પર જુદાં જુદાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં અને ગાંધીજીનાં જીવન અને સંદેશ અંગે સમજ આપવામાં આવી.

લક્ષ્મણ ગોળે નામના ભૂતપૂર્વ જેલકેદીનું જીવન ગાંધીજીની આત્મકથા વાંચીને બદલાઈ ગયું હતું અને તેણે પોતાના અપરાધો કબૂલ કરીને સામેથી સજા માગી લીધી હતી. સજા પૂરી થયા બાદ હવે તે ગાંધી-વિચારોનો પ્રચાર કરી રહ્યો છે. તેના પ્રેરણાદાયક જીવન વિશે ગોહાટી જેલના કેદીઓને સમજાવવામાં આવ્યું.

આ દરમ્યાન સૌથી વધુ રસપ્રદ બાબત એ બની કે કેદીઓમાંના ઘણાએ પોતાના ગુના સ્વીકારી લીધા. ઘણાંએ પશ્ચાતાપનાં આંસુ સાર્યાં અને ઘણાએ સત્ય અને શાંતિના માર્ગ પર ચાલવાના સોગંદ લીધા.

જેલ સુપ્રીન્ટેન્ડન્ટના નેતૃત્વ હેઠળ તુવેરના પાકનું વાવેતર શરૂ કરવામાં આવ્યું જેમાં કેદીઓ જોડાયા. જેલના સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી સાઈક્યા કેદીઓના કલ્યાણ માટે કરવામાં આવી રહેલી આ પ્રવૃત્તિથી ઘણા ઉત્સાહિત હતા. તેઓ પોતે પણ મહાત્મા ગાંધીના અનુયાયી છે.

તેમના આમંત્રણથી કેદીઓને ઉપકારક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. તેમનું માનવું છે કે મોટા ભાગના લોકો અપરાધીને પકડીને જેલમાં પૂરવો એટલે ન્યાય થઈ ગયો એમ સમજે છે, પણ કોઈ એ નથી વિચારતું કે સજા પૂરી કર્યા પછી કેદી જ્યારે છૂટે છે ત્યારે તેનું શું થાય છે ? જો સમાજમાં તેને માટે જગા ન થાય તો કેદી ફરીથી અપરાધની દુનિયા તરફ ધકેલાય છે અને પહેલાં કરતાં વધુ ઝનુનથી નવા અપરાધ કરે છે. જાણે પોતાના ખોવાયેલાં વર્ષોનો બદલો લે છે. જો કેદીઓને ગાંધીજીના જીવન વિશે સમજાવવામાં આવે અને ખેતી જેવા કામમાં સદ્‌ભાવનાપૂર્વક જોડવામાં આવે તો તેમના આત્મા સુધી પહોંચી શકાય છે અને એક વખતના અપરાધીને સત્ય અને અહિંસાના માર્ગ પર લઈ જઈ શકાય છે.

આ પ્રકારના સકારાત્મક અને પોષક વાતાવરણમાં કેદીઓના મનમાં પણ નવા વિચારો સ્ફૂરવા લાગ્યા. તેનો અમલ કરવા અમે પૂરેપૂરી શક્તિથી પ્રયત્ન કર્યો. આમાંનો એક વિચાર જેલના પરિસરમાં પુસ્તકાલય શરૂ કરવાનો હતો. એક કેદીએ ગાંધીજીની પ્રતિમા મૂકવાનો વિચાર રજૂ કર્યો.

આ કેદીને જનમટીપની સજા થઈ હતી. તેણે કહ્યું કે ગાંધીજીની પ્રતિમાના સાંનિધ્યમાં સજા ભોગવવાથી પોતાનો એકલતા નહિ લાગે.

✶ ✶ ✶

## ઈશ્વર છે તેની ખાતરી

જોહાનિસબર્ગમાં ગાંધીજી વહેલા ઊઠે, પ્રાર્થના કરે, કોઈ વાર ઘંટીથી દળે, ચૂલો સળગાવે અને કિટલીમાં પાણી ગરમ કરવા મૂકે.

મકાનના જાજરૂની બાલદીઓ છથી દસ ફૂટ જેટલી ઊંચાઈવાળી એક ટાંકીમાં સાફ થતી. નાહવા-ધોવાનું પાણી પણ એમાં એકઠું થતું. એ ટાંકી ખાલી કરવા અઠવાડિએ મ્યુનિસિપાલિટીની બે ઘોડાથી ખેંચાતી લોખંડી ટાંકી લઈને હબસીઓની ટુકડી આવતી.

સફાઈકામ પૂરું થાય એટલે સ્વચ્છ થઈ, ઠંડી હોય ત્યારે તો પૂરતાં કપડાંને અભાવે ધ્રૂજતા, હબસીઓ ગાંધીજી પાસે આવે. એમના ટમ્બલરમાં પોતાને હાથે બનાવેલી ગરમ ગરમ ચા કિટલીમાંથી રેડવાનો ગાંધીજીનો ક્રમ હતો. ગરમાગરમ ચા પીતાં પીતાં આભાર દર્શાવતાં તેઓ ડાબો હાથ ઊંચો કરીને ઝૂલુ ભાષામાં કહેતાં: 'કોસ બાબા ફૈઝલુ' – 'ઇશ્વર ઉપર છે', પણ એની ખાતરી તો અમને તમારી આપેલી આ ગરમ ગરમ ચાના પ્યાલાથી થાય છે.'

# ગાંધી વાચનયાત્રા

# ‘બિલવેડ બાપુ’

## એક અનન્ય મૈત્રી–મહાત્મા અને મીરા

□ સોનલ પરીખ

### (૫)

### અંતિમ ગાન

મીરાબહેન ઓરિસ્સા ગયા ત્યારે વાતાવરણમાં ભય ભરેલો હતો. સરકાર અંગ્રેજોથી દબાયેલી હતી. જાપાનીઓ આવે તો અંગ્રેજ અધિકારીઓ દસ્તાવેજો બાળી નાખવાની ને પુલ ઉડાડી દેવાની તૈયારી રાખી બેઠેલા હતા. જનતાના રક્ષણ માટે કે તેને ખસેડી લેવા માટે કોઈ વ્યવસ્થા ન હતી. મીરાબહેને અંગ્રેજ અધિકારીઓની મુલાકાત માગી અને સમજાવ્યું કે તેમની પાસે માનભેર હિંદમાંથી વિદાય લેવી એ જ ઉત્તમ વિકલ્પ હતો. બાપુએ પોતાને શા માટે ઓરિસ્સા મોકલ્યા હતા તે પણ સમજાવ્યું. આ ચર્ચાનો વિગતવાર અહેવાલ મીરાબહેને બાપુને મોકલ્યો. બાપુએ લખ્યું, *‘તું યોગ્ય સ્થળે વખતસર પહોંચી છે. જાપાની લશ્કર સાથે આપણી નીતિ સંપૂર્ણ અસહકારની છે. અંગ્રેજી શાસન તો જોઈતું જ નથી. આપણી પસંદગી છે પૂર્ણ સ્વાતંત્ર્ય.’*

ઓરિસ્સામાં વિકટ સંજોગોમાં મીરાબહેન પૂરી શક્તિથી કામ કરી રહ્યા હતાં. વર્ધામાં કૉંગ્રેસ કાર્યવાહક સમિતિની બેઠક મળવાની હતી. બાપુને બધી વાત રૂબરૂ કરવા મીરાબહેન સેવાગ્રામ ગયાં. સભામાં ‘હિંદ છોડો’ ઠરાવને ફરી ટેકો અપાયો. બાપુએ મીરાબહેનને વાઈસરોય લોર્ડ લિનલિથગોની મુલાકાતે મોકલ્યાં. તેમના સેક્રેટરી સાથે મીરાબહેનને ઘણી ચર્ચા થઈ. આ ચર્ચામાં ફરી એક વાર મીરાબહેન બાપુને કેટલું સમજતાં હતાં અને બાપુ મોટા રાજકીય મામલાઓમાં પણ મીરાબહેન પર કેટલો વિશ્વાસ કરતા હતા તે સ્પષ્ટ થાય છે. છેવટે મીરાબહેને એમ પણ કહ્યું કે આ વખતે કોઈ જેલ, કોઈ જુલમ ગાંધીજીને રોકી નહીં શકે. એવી દરેક કોશિશ તેમનું તેજ વધારતી જશે. ત્યાર પછી મીરાબહેન લશ્કરી અધિકારીઓને પણ મળ્યાં હતાં. આ ૧૯૪૨નો જુલાઈ મહિનો હતો.

જનતા ખૂબ ઉત્સાહમાં હતી. બહુ મોટી બહુમતીથી અને તાળીઓના ગગન ગજાવતા ગડગડાટ વચ્ચે ઑગસ્ટ મહિનામાં ‘હિંદ છોડો’ ઠરાવ પસાર થયો. બીજે દિવસે બાપુ, મહાદેવભાઈ અને મીરાબહેનની ધરપકડ થઈ. જુદી જુદી જગ્યાએથી જવાહરલાલ, વલ્લભભાઈ, સરોજિની નાયડુ, અન્ય નેતાઓ અને અનેક કાર્યકરોની ધરપકડ થઈ. આખી ટ્રેન કેદીઓથી ભરાઈ ગઈ.

બાપુ ચૂપ હતા. મીરાબહેન એમના મૌનનો અર્થ સમજતા હતાં. હવે લોકો માથું ઊંચકશે, દોરવણી આપવા પોતે હાજર નહીં હોય ત્યારે શું થશે એ બાપુની ચિંતા હતી. બાપુ, મહાદેવભાઈ અને મીરાને પૂનાના આગાખાન પેલેસમાં લઈ જવામાં આવ્યાં. ત્રીજે દિવસે સુશીલા અને બાને લાવવામાં આવ્યાં.

આગાખાન પેલેસમાં બે વર્ષની કેદ દરમ્યાન બાપુના ઉપવાસ, મહાદેવભાઈનું મૃત્યુ, બાની બિમારી અને તેમનું અવસાન જેવા મોટા બનાવો બની ગયા. વાઈસરોય કશું સમજવા તૈયાર ન હતા. બાપુ મનોમન રિબાતા હતા. મીરાબહેન અગ્નિપરીક્ષા માટે તૈયાર થઈ રહ્યા હતાં. બા અને મહાદેવભાઈની સમાધિ પર બાપુની ઈચ્છાથી મીરાબહેને ઓમ, ક્રોસ અને ચાંદતારા દોર્યાં. બાપુ રોજ એ બંને સમાધિ પર ફૂલ ચડાવતા.

છૂટ્યા પછી મીરાબહેને ઉત્તર હિંદમાં કામ શરૂ કર્યું અને દેશની ઊથલપાથલોથી થોડા અલિપ્ત થઈ ગયાં. ગાંધીજી ઝીણા સાથે મંત્રણાઓ કરી રહ્યા હતા. ઝીણાને પાકિસ્તાન જ જોઈતું હતું. બાપુ ભાગલા રોકવા મથતા હતા.

૧૯૪૫માં લોર્ડ વેવેલની સર્વપક્ષી પરિષદ મળી. ગાંધીજી તેને માટે સિમલા આવ્યા. મીરાબહેન બાપુને અને કારાવાસથી થાકેલા કૉંગ્રેસી નેતાઓને મળ્યાં અને ફરી પોતાના કિસાન આશ્રમના કામમાં પરોવાઈ ગયાં. કાંતણ, પીંજણ, ખાદીઉત્પાદન, વેચાણ વગેરે ચાલતાં. વિશ્વયુદ્ધ પૂરું થયું. ૧૯૪૬ની ચૂંટણીઓમાં ઉત્તર ભારતમાં કૉંગ્રેસની જીત થઈ. મીરાબહેન નવી સરકારના ‘વધુ અનાજ ઉગાડો’ આંદોલનનાં સલાહકાર નીમાયાં.


**‘બિલવેડ બાપુ’**<br>
ધી ગાંધી-મીરાબેન કોરસ્પોન્ડન્સ<br>
પરિચય અને સંકલન – ત્રિદીપ સુહૃદ, થોમસ વેબર<br>
પ્રકાશક : ઓરિએન્ટલ બ્લેક સ્વાન પ્રા. લિ.<br>
૧/૨૪, અસફઅલી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨.<br>
Email : delhi@orientalblackswan.com<br>
પ્રથમ આવૃત્તિ-૨૦૧૪, પૃષ્ઠ ૫૩૫. કિંમત રૂા. ૯૫૦.

૧૬ ઑગસ્ટ ૧૯૪૬. 'સીધાં પગલાં' દિન. કલકત્તામાં કારમાં રમખાણ શરૂ થયાં. બાપુએ સેવાગ્રામથી લખ્યું, *'આંતરિક કલહની આ તો શરૂઆત છે.'* ઑક્ટોબરમાં તેઓ કલકત્તાથી નોઆખલી, બિહાર અને દિલ્હીના રમખાણગ્રસ્ત વિસ્તારોમાં ફર્યાં. શાંતિ સ્થાપવાની તેમની જીવલેણ મથામણ હૃદયવિદારક હતી. ૧૯૪૭ના ફેબ્રુઆરીમાં અંગ્રેજોએ ૧૯૪૮માં ભારતને સત્તા સોંપી દેવાનું જાહેર કર્યું. મીરાબહેનને બધા સમાચાર મળતા હતા. દરેક દિવસ આગલા દિવસથી વધુ ખરાબ જતો હતો. કૉંગ્રેસની ભારતને અખંડ રાખવાની મથામણ, ઝીણાની જીદ, ભયાનક કત્લેઆમ, બાપુના શાંતિ સ્થાપવા માટેના હવાતિયાં અને એમ કરતાં હિંદુ રાષ્ટ્રવાદીઓની દુશ્મની વહોરી લેવી–બાપુ મોતના ખપ્પરમાં હોમાવા જઈ રહ્યા હતા?

મીરાબહેને બીજો આશ્રમ શરૂ કર્યો હતો. પહેલો 'કિસાન આશ્રમ' હતો, આ નવા આશ્રમનું નામ રાખ્યું 'પશુલોક'. અહીં વૃદ્ધ, અપંગ, વસૂકી ગયેલા ઢોરને આશ્રય અપાતો. બધી બાજુથી હતોત્સાહ થયેલા બાપુએ મીરાબહેનને ઉત્સાહ આપ્યો, *'તારું કેન્દ્ર જોવા આવીશ.'* પણ પત્રોમાં તેમની નિરાશા પણ ઝલકતી : *'આ ભારતમાં મારું સ્થાન નથી.'* લોહિયાળ ભાગલા, નવા નેતાઓની યાંત્રિક ને લશ્કરી યુગને આવકારવાની તૈયારી–બાપુ ત્રાસ પામતા હતા. *'મારી વિકેન્દ્રિત અર્થતંત્ર અને નિઃશસ્ત્રીકરણની વાતો બધાને અવ્યવહારુ લાગે છે. મારા શબ્દની કોઈ કિંમત નથી.'* બાપુના શબ્દોમાંથી ટપકતી વેદનાથી મીરાબહેનનો જીવ કપાતો. તેમને થતું, બાપુ હિમાલયમાં આવીને રહે તો સારું. તેમણે બાપુ માટે યોગ્ય જગ્યા શોધવા માંડી, પણ નીચે પરિસ્થિતિ વિકટ હતી. બાપુ નીકળી શકે તેવી શક્યતા નહીંવત્ હતી.

બાપુએ ભાગલા વિરુદ્ધ આંદોલન ન કર્યું તેથી ઘણાં તેમના પર નારાજ છે. નારાજ ન હોય તેવા પણ બાપુનું વલણ પૂરું સમજી શક્યા નથી. પણ મીરાબહેન બાપુના મનને સ્પષ્ટ વાંચી શક્યાં છે. તેમણે લખ્યું છે, *'બાપુને સ્પષ્ટ જણાયું હતું કે મુસ્લિમ લીગના 'સીધાં પગલાં'ના હિમાયતી જૂથથી હેરાન અને પોતે આ તક ઝડપી નહીં લે તો ભાગલાની યોજના પ્રમાણેનું ખંડિત હિંદ પણ હાથમાંથી સરકી જશે એવા ભયથી ગ્રસ્ત કૉંગ્રેસી પ્રધાનો તેમણે જે કર્યું તેથી બીજું કરી શકે તેમ ન હતા.'* પણ બાપુ પ્રજાની અદલાબદલીની વિરુદ્ધ હતા. વળી તેમનું કહેવું એમ પણ હતું કે તોફાની તત્ત્વોના દબાણથી ભાગલા પાડવાના બદલે અંગ્રેજો વિદાય લે પછી ભાગલા પાડીએ. પણ પરિસ્થિતિ હાથમાં ન હતી.

ભયાનક લોહિયાળ ઊથલપાથલો વચ્ચે આઝાદી આવી. બાપુ ત્યારે પણ રમખાણગ્રસ્ત વિસ્તારોમાં ફરતા હતા. મીરાબહેનને પણ મેદાનોમાં જવાનું મન ન થયું. આઝાદી વિશેનો, લોકશાહી વિશેનો, હિંદુસ્તાનના ભાવિ વિશેનો બાપુનો ભ્રમ ભાંગી ગયો હતો. ૧૨૫ વર્ષ જીવવાની ઈચ્છા મરી પરવારી હતી. શું થવાનું છે તેનો જાણે બાપુને ખ્યાલ આવી ગયો હતો છતાં બાપુ પ્રયત્નપૂર્વક ખુશ રહેતા. 'તે દિવસોમાં બાપુને જોઈને છાતી ફાટી જતી' મીરાબહેને લખ્યું છે. ત્યારે મીરાબહેન ૧૯૪૭ના ઑક્ટોબર મહિનામાં તબિયત બતાવવા દિલ્હી આવ્યા હતાં. બાપુ સતત રમખાણગ્રસ્ત વિસ્તારોમાં ફરતા, નિરાશ્રિતોને મળવા જતા, ભારતમાં રહેલા મુસ્લિમોનો ભય દૂર કરવા મથતા.

ડિસેમ્બરની ૧૮મી તારીખે મીરાબહેન પશુલોક પાછા ગયા. બાપુ સાથે ગાળેલા ત્રણ મહિનાની મહામૂલી મૂડી તેમની સાથે હતી.

૧૯૪૮નો જાન્યુઆરી મહિનો શરૂ થયો. હિંદુ-મુસ્લિમો વચ્ચેની હિંસા અટકવાનું નામ લેતી ન હતી. બાપુએ ઉપવાસ પર ઊતરવાનો નિર્ણય લીધો છે તેવા સમાચાર આવતાં મીરાબહેનનો જીવ પડીકે બંધાયો. ૧૬ જાન્યુઆરીએ બાપુએ મીરાબહેનને લખ્યું, *'હું ઉપવાસ કરું છું એટલે અહીં દોડી ન આવતી. હું જેને યજ્ઞ કહું છું તે પ્રમાણે દરેક સ્ત્રીપુરુષે પોતાને સ્થાને જ રહીને પોતાની ફરજ બજાવવી જોઈએ.'*

મીરાબહેન પ્રાર્થનામય ચિત્તે પોતાના કામમાં મગ્ન રહ્યાં, ને હતાં ત્યાં જ રહ્યાં. ત્રણ જ દિવસમાં આ યજ્ઞનું પરિણામ દેખાયું. જરા વધારે પાકા પાયા પર કોમી શાંતિ પાછી આવી. ૧૯ જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે ઉપવાસ છોડી બાપુએ પત્ર લખ્યો, *'મીરા, બધી ચિંતા દૂર થઈ છે.'*

પણ ૨૦મી જાન્યુઆરીએ જ પ્રાર્થનાસભામાં બાપુના આસનથી થોડે દૂર જ બોમ્બ ફૂટ્યો. બાપુ સ્વસ્થ રહ્યા. મીરાબહેન પણ સ્વસ્થ થઈ કામે લાગ્યાં. કામ પણ ઓછું ન હતું. નવી ગમાણ બનાવવાની હતી. કાર્યકરો માટે ઘર બની રહ્યાં હતાં. મીરાબહેનની ઝૂંપડી તૈયાર થવા આવી હતી. દરેક ચીજની દેખરેખ રાખવાની હતી.

૩૦મી જાન્યુઆરીએ કેન્દ્ર સરકાર તરફથી એક અધિકારી ગૌશાળાનાં બીજાં મકાનો માટે જગ્યા જોવા આવ્યા. આખો પ્રદેશ તેમને બતાવવા અને પોતે પસંદ કરેલી જગ્યા શા માટે સૌથી વધુ અનુકૂળ છે તે સમજાવવા મીરાબહેન તેમને હાથી પર ફરવા લઈ ગયા. સાંજે મીરાબહેન પાછા આવ્યાં. અધિકારી ઋષિકેશ ગયા.

સાંજનું ભોજન લઈ મીરાબહેન ઊઠ્યાં જ હતાં ત્યાં ખરબચડા રસ્તા પર ઊછળતી એક જીપ આવીને ઊભી રહી. તેમાંથી પશુલોકના માણસો અને દિલ્હીના અધિકારી મીરાબહેન તરફ દોડી આવ્યા. દબાયેલા ડૂસકા સાથે કોઈ બોલ્યું, *'બાપુની હત્યા થઈ છે...'*

મીરાબહેન આઘાતથી જડ બની ગયા. 'બાપુ, બાપુ, આખરે આ બનીને જ રહ્યું.' વૃક્ષોના ઝૂંડ વચ્ચેથી દેખાતા આકાશમાં તારા ચમકી રહ્યા હતા. એ શાંત આકાશમાં બાપુનો મુક્ત આત્મા વિલીન થઈ ગયો હતો? હા, બાપુ જરૂર ત્યાં પહોંચ્યા છે. અને બાપુ અહીં મારી પાસે પણ છે. આઘાત ઓસર્યો ત્યારે મીરાબહેન રડ્યાં નહીં.

પૂછ્યું, 'મૃત્યુ તરત થયું હતું?' 'હા. તરત જ.' પ્રભુનો મનોમન ઉપકાર માની મીરાબહેન ટટ્ટાર શરીરે ધ્યાનમાં બેઠાં. કલાકો સુધી શરીર કંપતું રહ્યું, પણ મગજ શાંત હતું. સ્પષ્ટ પણ હતું. બાપુની યાતનાનો આ અંત હતો. ઈસુને ક્રોસ પર જડી દીધા હતા તેમ બાપુનું થયું. માનવજાતિ પરના પ્રેમને કારણે અપાયેલું આ બલિદાન એળે જવાનું ન હતું. બાપુ જાણતા જ હતા કે પોતે જે ઈચ્છતા હતા તેની પ્રાપ્તિનો આ જ માર્ગ હતો. છેલ્લા પત્રમાં તેમણે લખ્યું હતું, *'બધી ચિંતા પૂરી થઈ છે.'* તેનો આ અર્થ હતો.

ઋષિકેશથી માણસો આવ્યા, 'ચાલો, અમે તમને દિલ્હી લઈ જઈશું. પરોઢિયે અગ્નિદાહ પહેલાં પહોંચી જઈશું.' ફરી બાપુના શબ્દો યાદ આવ્યા, *'જ્યાં છે ત્યાં જ રહે.'* સાત વર્ષ પહેલાંના શબ્દો પણ યાદ આવ્યા, *'આખરી દર્શનનો કોઈ અર્થ નથી. જે આત્માને તું ચાહે છે તે તારી સાથે જ છે.'* મીરાબહેને હાથ જોડી કહ્યું, 'આભાર, પણ હું અહીં જ રહીશ.'

બીજા દિવસે તેઓ કામે લાગી ગયાં. જે દુનિયામાં બાપુ રહ્યા ન હતા તે દુનિયામાં ગોઠવાવું અઘરૂં હતું. હવે બાપુને પત્રો લખવાના નથી. હવે બાપુ માટે જગ્યા શોધવાની નથી – પણ મન કહેતું હતું, હવે બાપુને શાંતિ આપવી જોઈએ. પોતાના જ બળ પર ઊભા રહેતા શીખવું જોઈએ.

બાપુની હત્યાના દેશ પર, દુનિયા પર પ્રચંડ પડઘા પડ્યા. દુનિયાના ખૂણે ખૂણેથી સ્વજન ગુમાવ્યાનો શોક નીતરતો હોય તેવી શ્રદ્ધાંજલિઓ આવી. બાપુના માર્ગને સ્વીકાર્યા વિના દુનિયાનો છૂટકો નથી એવું બધા જ માનતા હતા. આ સમાચાર મીરાબહેનને શાતા આપતા હતા.

તેરમા દિવસે બાપુના અસ્થિ પધરાવવા દિલ્હીથી અલાહાબાદ એક ખાસ ટ્રેન જવાની હતી. ફરીથી મીરાબહેન પર જવાનું દબાણ આવ્યું, ફરીથી તેઓ ન ગયાં. દિલ્હીથી થોડાં અસ્થિ આવવાનાં હતાં, તે મીરાબહેનના હાથે પધરાવાય તેવી ત્યાંના લોકોની ઈચ્છા હતી.

## એક પુણ્ય સ્મરણ

તા. ૧૬-૧૨-૨૦૧૫ના અંકમાં શ્રી મીરાબહેન (મેન્ડેલીન સ્લેઈડ) ગાંધીજી પાસે કેવી રીતે આવ્યા, તેના અંગેનો બહુ સરસ લેખ છે. એ લેખ લખનાર શ્રી સોનલ પરીખને મારા અભિનંદન.

પરંતુ, મને શ્રી મીરાબહેન બહુ યાદ આવી ગયા, કારણ કે ૧૯૫૧-૫૨માં હું મારા જીવનના કોઈ કાર્યમાં બહુ જ હતાશ થઈ ગયેલો, ત્યારે હિમાલય જવાની ઇચ્છા થયેલી અને મારા ખાસ મિત્રો મને અમદાવાદ મળ્યા. એ લોકો હિમાલયમાં ઋષીકેશ પાસે રહેતા શ્રી મીરાબહેનને મળીને આવેલા અને શ્રી મીરાબહેને તેમને કહેલું કે, તેમને કોઈ ભણેલાં અને કામ કરી શકે એવા જુવાન વ્યક્તિને મદદનીશ તરીકે રાખવા છે. મેં તરત જ આ અંગે શ્રી મીરાબહેનને પત્ર લખ્યો અને એમાં પૂ. મોરારજીભાઈ દેસાઈ સાથે કામ કરેલું તે (મુંબઈ સરકારના ગૃહમંત્રી અને મહેસુલ મંત્રી હતા) રેફરન્સ પણ આપ્યો. શ્રી મીરાબહેનને એ પત્ર ઋષીકેશમાં મળ્યો અને તેમણે પોતે જ મોરારજીભાઈને પત્ર લખ્યો અને જાણવા માગેલું કે, મારા પત્રની હકીકત સાચી છે કે નહીં. પૂ. મોરારજીભાઈએ તેમને હકારમાં જવાબ આપેલો અને મને પણ એ જવાબની નકલ બીડેલી. તેઓ ખૂબ જાણીતા એટલે શ્રી મીરાબહેને મને પછી પત્ર લખ્યો કે હું તેમની સાથે કામ કરવા તૈયાર હોઉં તો મારે ઋષીકેશ પાસે આવેલ હિમાલયના ટહેરી ગઢવાલ જિલ્લામાં ટહેરી પાસે મીરાબહેન કામ કરે છે ત્યાં પહોંચવાનું છે. અને ટહેરીમાં મીરાબહેન કામ કરે છે ત્યાં પહોંચવા માટે મેં બધી તૈયારી કરી, પુરતા ગરમ કપડાં લીધા અને કેટલાક ગાંધી ઉપરના પુસ્તકો લીધા.

ત્યારબાદ હું મીરાંબહેનને ૧૯૫૧ના એપ્રિલ-મે મહિનામાં મળ્યો. અને મીરાંબહેન તો ગઢવાલ જિલ્લામાં છેક ઉપર એક જગા પર તેમણે આશ્રમ બાંધેલો અને ત્યાં તેઓ ગાયો રાખતા હતા. તે જગા ભિલંગણા વેલી (ખીણ) પાસે આવેલી. અને શ્રી મીરાબહેન એ જ જગ્યાએ રહેતા તે જગ્યાથી સવારે સૂર્ય ઉગે એ પહેલાં કેદારનાથ પર્વતનાં સ્પષ્ટ દર્શન થતાં.

શ્રી મીરાબહેનને મને આવકાર્યો અને એમના મનમાં ગાંધીના વિચારના પ્રચાર માટે એક પ્રવાસ કરવો એમ નક્કી કરેલું. અને એના અંગેની પત્રિકા કરેલી. તે પત્રિકાનું નામ આપેલું 'બાપુરાજ પત્રિકા'. હું મીરાબહેનની સાથે પ્રવાસમાં નીકળી પડતો. તેઓ ઘોડા પર બેસતા જોડે એક ઘોડા ચલાવનાર વ્યક્તિ રહેતો અને એક હું એમ અમે ગામે-ગામ જતાં. એક થાળી વગાડીને હું બધાને જણાવતો કે ગાંધીજીના શિષ્ય મીરાંબહેન અહિંયા આવ્યા છે અને તેઓ હિન્દુસ્તાનમાં બાપુરાજના વિચારનો પ્રચાર કરવા માગે છે. 'બાપુરાજ' એટલે બધી જ રીતે ગાંધીજીના વિચારોને આવરી લેતો એક વિચાર. અમે લગભગ એકાદ મહિનો આવી રીતે પ્રવાસમાં ફર્યા હઈશું. તેમાં તકલીફ મારા કરતા મીરાબહેનને વધુ પડતી. લોકો તેમને ખૂબ આવકાર આપતા. તે વખતે મીરાબહેનને માથા પર વાળ નહોતા. તેમના વાળ કાઢી નાખેલાં, કારણ કે બાપુની ૧૯૪૮ની ૩૦મી જાન્યુઆરીએ હત્યા થયા પછી તેમણે નક્કી કરેલું

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૯૬)

તાંબાના કુંભમાં અસ્થિ આવ્યાં. રામધૂન કરતા મિત્રો સાથે જઈ મીરાબહેને ઋષિકેશ જઈ વેગથી વહેતી ગંગાના પવિત્ર જળમાં અસ્થિ પધરાવ્યાં. પ્રકૃતિનો સર્વવ્યાપી પ્રેમ મનુષ્યના અવશેષોને કેવી રીતે પોતાનામાં સમાવી લે છે તેની આ પાવન અનુભૂતિ હતી.

ફેબ્રુઆરીમાં તેઓ દિલ્હી ગયાં. જવાહરલાલ અને વલ્લભભાઈના ફિક્કા ચહેરા અને મૌન વ્યથા જોયા ન જાય તેવા હતા. તેમની સાથે ચૂપચાપ થોડો સમય વિતાવી મીરાબહેન બાપુના અગ્નિસંસ્કાર કર્યા હતાં તે સ્થળે ગયાં. દરેક જગ્યાએ ઘેરી શૂન્યતા હતી. દરેક વ્યક્તિ જાણે પોતાના જ શોકમાં ડૂબેલી હતી.

મીરાબહેન પોતાના પ્રિય પહાડોમાં પાછા આવ્યાં. પ્રકૃતિ મૃત્યુનો શોક કરતી નથી, કારણ કે પ્રકૃતિમાં મૃત્યુ જેવું કંઈ છે જ નહીં. મીરાબહેન માટે પણ બાપુના મૃત્યુ જેવું કંઈ હતું નહીં. બાપુ તેમના આત્મામાં પ્રકાશતા જ હતા.

x x x

'એક વિશાળ નાટકનો ભાગ થઈ મારે ફાળે આવેલું કામ કર્યે જાઉં.' આ વિચાર હવે મીરાબહેનના જીવનના કેન્દ્રમાં સ્થિર થયો.

૧૯૪૮થી ૧૯૬૦નાં વર્ષો મીરાબહેને બાપુ વિનાના ભારતમાં ગાળ્યાં. આ બધો સમય તેઓ રાજકારણથી અલિપ્ત, હિમાલયના પહાડોમાં કામ કરતા રહ્યાં. કિસાન આશ્રમ અને પશુલોક ઉપરાંત બાપુગ્રામ, ગોપાલ આશ્રમ જેવા આશ્રમો સ્થાપ્યા. કાશ્મીર, કુમાઉ અને ગઢવાલ પ્રદેશોમાં ફરતા રહ્યાં. જંગલો કપાતા જોઈ તેમને ખૂબ દુ:ખ થતું. 'સમથિંગ રોંગ ઈન હિમાલયા' નામના એક લેખમાં તેમણે આ પ્રવૃત્તિ કેટલી અનિષ્ટ છે, દુ:ખદાયક છે તે જણાવ્યું છે.

૧૯૬૦માં તેઓ ઈંગ્લેન્ડ ગયાં. ત્યાંથી ઓસ્ટ્રિયા ચાલ્યા ગયાં. જીવનના છેલ્લાં બાવીસ વર્ષ તેમણે વિયેનામાં વીતાવ્યાં. આ સમયનું વર્ણન તેમની આત્મકથામાં નથી, પણ આપણે કલ્પી શકીએ કે ચક્ર પૂરું થયું હતું–બિથોવનથી રોમાં રોલાં, રોમાં રોલાંથી ગાંધી અને ગાંધીથી બિથોવન. જે જંગલોમાં ઘૂમતા બિથોવને પોતાની અમર

## પુણ્ય સ્મરણ....અનુસંધાન પાના ૯૫થી ચાલુ

કે તેમણે મુંડન કરવું. શરીરે મજબૂત હોવાને કારણે તેઓ ઘોડા પર બેસતા અને ઘોડાનું નામ હતું 'માના'. એટલો સરસ તાલીમ પામેલો ઘોડો હતો કે દૂરથી બૂમ પાડીએ કે 'માના...માના' અહીંયા આવ તો ૫૦૦ વાર દૂર હોય તો તે પાસે આવે. પશુઓ માટેનો મીરાબહેનનો પ્રેમ ઘણો મોટો એટલે જ એમણે હિમાલયના આશ્રમનું નામ 'પશુલોક' પાડેલું. હું તેમની સાથે પ્રવાસમાં તથા ઋષીકેશમાં ૮-૯ મહિના રહ્યો હોઇશ. અને મને ખૂબ તાવ આવ્યો. ત્યાં ઉપચાર કરાવ્યા, પરંતુ તે તાવ ન મટવાને કારણે મીરીબહેને જલદીથી ટપાલ મળી જાય એ રીતે પૂ. મોરારજીભાઈને કાગળ લખ્યો અને મને તાવ આવતો હતો તે બધી વાત લખી. પૂ. મોરારજીભાઈએ તારથી જવાબ આપ્યો કે સૂર્યકાન્તને જલદીથી અમદાવાદ મોકલો અને હું ૧૯૫૧ના મે મહિનામાં ખરા તાપમાં ટ્રેન મારફત અમદાવાદ પાછો આવ્યો. અને મારા કુટુંબે, મારા માતા-પિતાજી હયાત હતા. તેઓએ મારી સારવાર હૉસ્પિટલમાં દાખલ કરીને સાજો કર્યો અને હું સાજો થયા પછી કોઈ કામની શોધમાં હતો.

એ દરમ્યાન અમદાવાદના મીલમાલિક શ્રી જયક્રિષ્ણ હરીવલ્લભદાસ વિધાનસભામાં ચૂંટાયેલા. તેઓ એક સહાયક મંત્રીની શોધમાં હતા. અને પૂ. મોરારજીભાઈએ મારો રેફરન્સ મોકલ્યો. એટલે મને અમદાવાદમાં મળવા બોલાવ્યો, કારણ કે તેમની મીલ અમદાવાદમાં હતી. અને તેઓ શાહીબાગમાં રહેતા હતા. તેમના કહેવાથી તરત જ મંત્રી તરીકે દાખલ થયો. તે વાત મીરાબહેનને પહોંચાડવામાં આવી. અને તેમને બહુ સારું લાગ્યું તેમ પત્ર લખ્યો. મારો સતત પત્રવ્યવહાર મીરાબહેન સાથે ચાલતો અને એમની કલ્પનાનું બાપુરાજ એ લાવવા માટે જે પ્રચાર કરવો જોઈએ તે પ્રચાર હું કરતો. એટલામાં જ વિનોબાજીનું ભૂદાન આંદોલન શરૂ થયું. અને શ્રી નારાયણભાઈ દેસાઈ ગુજરાતના પહેલા જ પદયાત્રી વિચારના પ્રચાર માટે નીકળેલા. તેમણે મને કહેવડાવ્યું અને હું શ્રી નારાયણભાઈ દેસાઈની ભૂદાન યાત્રામાં પહેલો સાથી બન્યો. અને હું તેમને પંચમહાલ જિલ્લાના એક મથક ઉપર મળ્યો. અને ત્યારથી એમની જોડે થોડોક વખત ભૂદાનનું કામ કર્યું. પરંતુ મારું જીવન મારે આર્થિક રીતે ચલાવવું હતું. ઉપરાંત મારા પિતાજીની ઈચ્છા મારા લગ્ન કરાવવાની હતી. યોગાનુયોગ મારા પિતાજીના નજીકના મિત્ર મુંબઈ રહેતા હતા. પરમાનંદ કુંવરજી કાપડીયાની દીકરી અંગે તેમને પણ કોઈ સારા જમાઈની જરૂર હતી. અને એ રીતે અમારા બંનેનો વિવાહ થયો અને પછી તરત જ મુંબઈમાં લગ્ન ૯મી ડિસે. ૧૯૫૩માં થયું. એ લગ્નમાં પૂ મોરારજીભાઈ દેસાઈ હાજર હતા. સ્વામી આનંદજી હાજર હતા. અમારું લગ્નજીવન ૫૭ વર્ષ ચાલ્યું. પણ લાંબા લગ્નજીવન પછી, ૭મી એપ્રીલ-૨૦૧૨ના રોજ ગીતાનું અવસાન થયું. અમારે બે પુત્રો છે. મોટો ડૉક્ટર છે દર્શન અને પત્નીનું નામ ફાલ્ગુની, નાના દીકરાનું નામ આનંદ છે, તેની પત્નીનું નામ અનુરાધા છે, તેમને બે સંતાન છે, મીહીર (૨૬ વર્ષ) અને વિરાજ (૨૪) વર્ષ અને અપરિણિત છે, અને તે બધા અમેરિકામાં રહે છે.

**–સૂર્યકાન્ત પરીખ** (સ્વાતંત્ર્ય સેનાની)
મોબાઈલ : ૯૮૯૮૦૦૩૯૯૬

સ્વરાવલિ રચી હતી, તે જંગલોમાં થઈને વહેતી હવામાં મીરાબહેને આયુષ્યનો શેષ તબક્કો વીતાવ્યો.

૧૯૮૨ના જુલાઈ મહિનામાં ૯૦ વર્ષની ઉંમરે મીરાબહેન મૃત્યુ પામ્યાં. તેમના સામાનમાંથી મળી આવી 'ધ સ્પીરીટ ઑફ બિથોવન' નામની અપ્રગટ, હસ્તલિખિત જીવનકથા.

રિચર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી', મીરાબહેનના મૃત્યુના થોડા જ મહિના પછી રિલીઝ થઈ હતી. તેમાં ગેરાલ્ડીન જેમ્સ નામની અભિનેત્રીએ મીરાબહેનની ભૂમિકા કરી હતી.

સત્યના ઉપાસક મહાત્મા ગાંધીની આ મિત્ર, શિષ્યા, પુત્રી, સંગિનીનું પોતાનું સત્ય શું હતું તે આપણે જાણવા પામવાના નથી. મહાત્મા ગાંધી જેમને પોતાના પાંચમા પુત્ર કહેતા તે જમનાલાલ બજાજે મીરાબહેનને શ્રદ્ધાંજલિ આપતાં લખેલું, 'થોડી ભૂલો, મહાન સમર્પણ, અચલ નિષ્ઠા.' 'ઈન લવ વિથ મહાત્મા' લેખમાં ખુશવંતસિંહે ૨૦૦૫માં મહાત્મા ગાંધી અને મીરાબહેનના સંબંધને બે 'ફ્રસ્ટ્રેટેડ સેકસ્યુઆલીટી'નો સંઘર્ષ કહ્યો હતો.

તરુણ મેડલિનનો પહેલો ભક્તિપૂર્ણ પ્રેમ બિથોવન પર ઢોળાયો હતો. મહાત્મા ગાંધી પાસે આવ્યા ત્યારથી બિથોવન ભૂલાઈ ગયો હતો અને મીરાબહેન મહાત્મામય બનીને રહ્યા હતાં. પૃથ્વીસિંહને જોઈ જાગેલું તેમનું સ્ત્રીત્વ પૃથ્વીસિંહ જતાં બુઝાઈ ગયું. મહાત્મા ગાંધીની ચિરવિદાય પછી, તેમના વગરના ભારતમાં તેમનું કામ અગિયારેક વર્ષ કરી મીરાબહેન ફરી ચાલ્યા ગયાં બિથોવન પાસે. પણ બિથોવન તો નિરાકાર સૂરાવલિ હતો, ગાંધી નક્કર વ્યક્તિ હતા. શું હતું મહાત્મા અને મીરાબહેનની મૈત્રીનું સત્ય? એવું લાગે છે જાણે મીરાબહેન મહાત્મા ગાંધીમાં જન્મ્યાં અને તેમના મૃત્યુ સાથે મૃત્યુ પામ્યાં. યુરોપથી આવેલાં મિસ સ્લેડ, મહાત્માની મીરા બન્યાં અને તેમના મૃત્યુ પછી ફરી મિસ સ્લેડ બની યુરોપ ચાલ્યા ગયાં. રહી એક સુગંધ. ઘીનો દીવો બુઝાય પછી મંદિરની હવામાં ફેલાતી હોય તેવી સુગંધ. મહાત્મા અને મીરાની અનન્ય મૈત્રીની આ પવિત્ર સુગંધનું વર્ણન કરવું અશક્ય છે. એમના ઐક્યને, એમની વેદનાને નમ્રપણે અનુભવવાની માત્ર એક નાની કોશિશ આપણે તો કરી શકીએ.

**(સંપૂર્ણ)**

મોબાઈલ : ૦૯૨૧૧૪૦૦૬૮૮

## ...અને હવે આ પુસ્તક વિશે થોડી અજાણી પણ જરૂરી વાતો....

તો આ હતી મહાત્મા અને મીરાની અનન્ય મૈત્રીની વાત. જે પુસ્તક નિમિત્તે આ વાતો થઈ તેનું નામ છે 'બિલવેડ બાપુ–ધ ગાંધી-મીરા કોરસ્પોન્ડન્સ.'

આ પુસ્તકમાં સંગ્રહાયા છે મીરાબહેન અને મહાત્મા ગાંધીએ એકબીજા પર લખેલા સેંકડો પત્રો. મીરાબહેને ભારત આવવાનો સંકલ્પ કર્યો ત્યારથી માંડીને મહાત્મા ગાંધી મૃત્યુ પામ્યા તેના થોડા દિવસો અગાઉ સુધી એટલે કે લગભગ ચોવીસ વર્ષ દરમ્યાન આ પત્રવ્યવહાર થયો છે. ૫૩૫ પાનાં અને આઠ પ્રકરણમાં આ પત્રો વહેંચવામાં આવ્યા છે. દરેક પ્રકરણમાં જે તે તબક્કા વિશે વાચકને અવગત કરવામાં આવ્યા છે. ટૂંકમાં છતાં મૂળભૂત સમજ આપતી આ માહિતી વાચકને આગળના વાચન માટેનો પાયો પૂરો પાડી દે છે, અને ત્યાર પછી વાચકને પત્રો અને પત્રલેખકો સાથે વાચનવિહાર કરવા મુક્ત કરી દે છે.

પત્રોને સંકલિત કરનાર છે ત્રિદીપ સુહૃદ અને થોમસ વેબર. આ બંને મહાત્મા ગાંધીના સાહિત્યક્ષેત્રે જાણીતાં અને આદરપૂર્વક લેવાતાં નામો છે. પ્રકાશક છે ઓરિએન્ટ બ્લેકસ્વાન, મૂલ્ય રૂ. ૯૫૦. પ્રથમ આવૃત્તિ ૨૦૧૪.

મહાત્મા ગાંધી અને મીરાબહેનના સંબંધો નિકટના, લાંબા, પ્રેમપૂર્ણ, સમજદારીના ઊંચા સ્તર પર રહેલા અને છતાં જટિલ અને વેદનાપૂર્ણ પણ રહ્યા હતા. મીરાબહેનમાં રહેલા અથાક ખંત અને નિષ્ઠા મહાત્મા ગાંધીને અત્યંત પ્રિય એવા ગુણો હતા, પણ તેમનો 'ઓબ્સેસીવ' પ્રકારનો પ્રેમ અને વ્યક્તિપૂજા મહાત્મા ગાંધીને અકળાવતાં. બંને પત્રલેખન કલામાં નિપૂણ હતાં અને કદાચ બોલવા કરતા લિખિત રૂપે વધારે સારી રીતે વ્યક્ત થતાં, તેથી તેમના પત્રો અને આ પુસ્તક; ઇતિહાસમાં રસ ધરાવનારાઓ કે સંશોધકો-વિદ્વાનોને આકર્ષે છે તેટલું જ જીવનમાં, જટિલ માનવમનમાં અને સંબંધોની સંકુલતામાં રસ ધરાવનારને પણ સ્પર્શે છે.

ત્રિદીપ સુહૃદ સાબરમતી આશ્રમ, અમદાવાદમાં કામ કરે છે અને થોમસ વેબર ઓસ્ટ્રેલિયાની એક યુનિવર્સિટીમાં સમાજશાસ્ત્ર અને સંશોધન સાથે સંકળાયેલા છે.

લેખ લખવા માટે મેં ઉપયોગમાં લીધેલાં અન્ય પુસ્તકો નીચે પ્રમાણે છે :

- અ સ્પિરિટ્સ પિલગ્રિમેજ – મીરાબહેનની આત્મકથા
  પ્રકાશન વર્ષ ૧૯૬૦
- એક સાધિકાની જીવનયાત્રા – વનમાળા દેસાઈ
  પ્રકાશક નવજીવન – પ્રકાશન વર્ષ ૧૯૬૯
- મીરા એન્ડ ધ મહાત્મા – સુધીર ઠાકર
  પ્રકાશક પૅંગ્વિન – પ્રકાશન વર્ષ ૨૦૧૪

● પ્રશંસાની ભૂખ એ લોકોને જ હોય છે જેમની લાયકાત ઓછી હોય છે.

# પ્રબુદ્ધ જીવન

# કાલ—આજ—કાલ

❑ ડૉ. સેજલ શાહ

## ગઈકાલ

સોમવાર તા. ૨૬-૦૧-૧૯૩૧

## જૈન સાહિત્યનું વિકાસ-દર્શન

લેખક : સર્વદમન

દરેક પ્રજા, દરેક રાષ્ટ્ર તેમજ પ્રત્યેક ધર્મના અનુયાયીઓ પોતાનું સાહિત્ય સંઘરે છે તેમાં અગત્યનો હેતુ રહેલો છે. સાહિત્ય એ દરેક પ્રજાના જીવન વિકાસનો, રહેણી કહેણીનો અને તેમની સર્જન શક્તિનો અરિસો છે. કોઈ પણ પ્રજાના ભૂતકાળના અભ્યાસકને તે પ્રજાના સાહિત્યમાંથી ભૂત માનસનું પ્રતિબિંબ જરૂર અવલોકવા મળશે. અમુક પ્રજા રાષ્ટ્ર વિકાસમાં, વિશ્વ સંસ્કૃતિમાં અને માનવ જાતના હિતમાં શું ફાળો આપી રહેલ છે તે જાણવા તેનું સાહિત્ય અમૂલ્ય સાધન છે. અને આ ઉપરોક્ત કારણથી જ સાહિત્યનો વિકાસ કરવો એ એક આવશ્યક કર્તવ્ય છે.




સાહિત્ય અને સંસ્કાર સિંચન

વાલ્મિકી, વ્યાસ અને હોમરનાં મહા કાવ્યોમાંથી આજે સકળ જગત પ્રેરણા પી રહ્યું છે; અને તે અખૂટ ઝરામાંથી અનેક કવિઓ, અનેક કલ્પના કુશળ લેખકો દુનિયાનાં દર્દીઓને શાંતિ સમર્પી રહ્યા છે. પ્રજાનાં માનસનું ખરેખરું ઘડતર આવા સાહિત્યમાંથી જ થાય છે. કૃષ્ણે ગીતા ગાઈ અર્જુનને પ્રબોધી યુદ્ધે ચડાવ્યો. ગુરુ રામદાસે મહાભારત શ્રવણ કરાવી શીવાજીને ધર્મરક્ષા કરવા પ્રેર્યો; અને આવાં અનેક દૃષ્ટાંતો આપણી દૃષ્ટિમાં અનેકવાર આવે છે.

જૈન સાહિત્ય અને તેનો વિકાસ

આપણું જૈન સાહિત્ય ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને માગધી ભાષામાં ઘણું ઊંચું સ્થાન ભોગવે છે; અને સાહિત્યના સ્તંભ રૂપે મનાય છે. હજુ આપણું સાહિત્ય અણવીકસ્યું છે. જૈન સાહિત્યને સાહિત્ય સૃષ્ટિમાં પ્રધાન પદ અપાવવું હોય તો જૈનોને હવે વધુવાર બેઠું નહિ પાલવે. ખંભાત, પાટણ અને સુરત વિ. સ્થળોએ જૈનોનાં સુંદર ભંડારો હોવાનું કહેવાય છે. જૈન તાડપત્રો, શીલા લેખો અને મુર્તિઓની ઐતિહાસિક ઉપયોગિતા ઘણી અગત્યની છે. આપણાં કિંમતી પુસ્તકોનો, આપણાં સંઘરેલ ઇતિહાસનો, અને આપણી સાહિત્ય સમૃદ્ધિનો ઝરો જગતને અણજાણ્યો રહે તો તેનું અસ્તિત્વ કશા લાભનું નથી. અને સાહિત્ય પ્રચારની બાબતમાં આપણે કેટલેક અંશે ખ્રિસ્તીઓની રીતિનીતિનું અનુકરણ કરીએ તો તે ભવિષ્યમાં અતિ લાભદાયી નીવડ્યા વિના નહીં રહે. ખ્રિસ્તીઓનું સર્વ માન્ય બાઈબલ લગભગ ૭૦૦ ભાષામાં લખાયેલું છે. દુનિયાના સંગ્રહ સ્થાનોમાં કે પુસ્તક ભંડારોમાં બાઈબલ હોવાનું જ; તે નિ:શંક બીના છે. આ રીતે આપણાં મહાપુરુષોનાં વચનો સૌ કોઈ ઝીલે, અને ગ્રહે તેવી ભાવના ધારીને સાહિત્ય વિકાસનાં સાંપ્રત રૂંધન પ્રત્યે દુર્લક્ષ્ય રાખવું ન ઘટે. સાહિત્ય વિષયક આપણી કેટલીક સંકુચિતતાઓમાં અત્યંત પરિવર્તનની આવશ્યકતા છે. કેટલાક ભંડારો અમુક સાધુઓનાં નામથી અને સૂચનથી જ ચાલે એટલે તેમાંની પ્રતો અન્ય મુનિરાજોને ન અપાય એવી પરિસ્થિતિ અનેક ઠેકાણે ચાલે છે. કોઈ સાહિત્યનો તૃષાતુર આપણા સાહિત્ય ઓવારે સુધારસ પીવા મથતો હોય તેમાં તેને નિષ્ફળતા મળી છે તેવાં દૃષ્ટાંતો નિહાળ્યાં છે. આવી કરુણાજનક સ્થિતિ આપણે ક્યાં સુધી ચલાવ્યે રાખશું?

આવી પરિસ્થિતિનો વિચાર કરતાં મને કેટલીક વ્યવહારૂ યોજનાઓ જડી તે હું વાંચક સમક્ષ રજૂ કરું છું.

પ્રદર્શન, પરિષદ અને સંસદ

આજે જગત એટલું આગળ વધ્યું છે કે 'જાહેરાત' એ વ્યાપારનું જ નહિ પરંતુ સાહિત્ય, કળા, વિજ્ઞાન સૌ કોઈ વિષયનું આવશ્યક અંગ બન્યું છે. આવી જાહેરાતો માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. પ્રદર્શનોના વિસ્તૃત વર્ણનો વાંચી દેશ દેશનાં માનવીઓ તેનો લાભ લેવા તલસે છે. અને તે જ કારણે સાહિત્ય પ્રદર્શનો ભરાય તે ઈચ્છનીય અને અનુમોદનીય બીના છે. દેશવિરતિ સમાજ અમદાવાદમાં પોષ માસની આખરે જૈનોનું સાહિત્ય







મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક

પ્રદર્શન ભરે છે તેની જાહેરાત જૈન સાહિત્યનો પ્રેમી આવકારદાયક લેખે છે. પરંતુ



જૈન સાહિત્યનું વિકાસ-દર્શન.

તે પ્રદર્શન કશા મતભેદ વિના અને અમુકને માટે જ કીર્તિનો અખાડો ન બન્યું હોત તો ઠીક થાત. આવાં કેટલાંયે પ્રદર્શનો દ્વારા આપણે આપણી એ અણમુલી મિલ્કતનો વિકાસ કરી શકીએ તો આપણે ફરજ અદા કરી ગણાશે. પરંતુ આવી રીતે જુદાં પ્રદર્શનો ભરવાને બદલે કૉન્ફરન્સની વાર્ષિક બેઠકો વખતે સાહિત્ય પ્રદર્શનનો સરસ વિભાગ રાખવામાં આવે તો તેનો લાભ વધારે સારી રીતે અને સારી સંખ્યામાં લેવાય તે કથન નિર્વિવાદ છે. આપણો આ પ્રયોગ સફળ નીવડે તો વાર્ષિક સાહિત્ય પરિષદ ભરવી એ શક્ય થઈ પડશે; અને તેવી પરિષદો દ્વારા આપણે અન્ય ધર્મના ધુરંધરો સાથે કશો વિનિમય કરી શકવા સમર્થ બનશું તેટલું જ નહીં પરંતુ સામાન્ય જનતાનું સાહિત્યની બાબતોમાં લક્ષ ખેંચી શકીશું. આ સિવાય આવા મેળાવડાઓ આપણા સમાજમાં સાહિત્ય સંસદોને અને કંઈક માર્ગદર્શક બનતી Literary Societies ને ઉદ્‌ભવ આપશે જેની સેવાઓ આપણી સહિત્ય સમૃદ્ધિ પરત્વે અમૂલ્ય થઈ પડશે.

હિંદની સરકારે હમણાં જ એક ઐતિહાસિક દસ્તાવેજોની શોધખળ માટે મંડળ નીમ્યું છે. મારા જાણવા મુજબ તેમાં એક પણ જૈન સંશોધક નથી. આખી મનુષ્ય જાતને ભૂતકાળ જાણવાની એક જાતની મમતા હોય છે અને તે કારણે જૂનાં ચિત્રો અને દસ્તાવેજોના આશ્ચર્યજનક મૂલ્ય ઉપજે છે. જૈનો તેમનાં પુરાતન સંગ્રહો માટે ભલે ગૌરવ લે પરંતુ તેને માટે વિશ્વના સાધરણ માનવીને ઓછી જ ચિંતા કે દરકાર છે! આપણાં ચરિત્રોમાં, આપણાં કાવ્યોમાં, આપણાં વ્યાકરણમાં સૌ કોઈ ત્યારે જ રસ લે કે જ્યારે તેનાં અણ માગ્યાં દાન સામાન્ય જન મેળવી શકે. આપણાં ભંડારો અને પુસ્તકાલયોની તપાસણી માટે આવું જ કમીશન નિમાય અને તેનો અહેવાલ સૂચન સાથે પ્રગટે તો તે જરૂર માર્ગદર્શક નિવડે.

### સસ્તું અને સરળ સાહિત્ય

પરંતુ આજે અન્ય વ્યવસાયોમાં ગુંથાયેલા માણસને મુશ્કેલ બાબતોનો નિરાકરણ કરવા સમય નથી. આજ દુનિયાની બજારમાં સસ્તું અને સાદી સમજણવાળું સાહિત્ય વધારે વંચાય છે. આપણાં પૂજ્ય પુરુષોનાં ચારિત્રો માંહેથી કે શ્રીપાળ અને ચંદ્રરાજના રાસાઓ માંહેથી હાલના લોકપ્રિય માસિકોમાં સુંદર સુગ્રંથિત અને આકર્ષક વાર્તાઓ લખાય, તેમજ આપણાં સિદ્ધાંતોનું ગાંધીજી, મહાદેવભાઈ કે કાકા કાલેલકર જેવાની શુદ્ધ અને સરળ ઢબમાં નિરૂપણ થાય તો તે સમૂહ-માનસને અસરકારક જરૂર નીવડે. પરંતુ આ સૂચના અમલમાં મુકાય તે અગાઉ આપણે લેખકોની સેના તૈયાર કરવી જોઈએ. જૈન સમાજની દોલતનો સાહિત્ય વિષયક સંશોધન કાર્યના રસિકોને અને તત્ત્વજ્ઞાનમાં રસ લેનાર વિદ્યાર્થીઓને લાભ મળે તો જ એવા સૈનિકોની કંઈક શક્યતા ખરી.

## આજ અને આવતી કાલ

૧૯૩૧માં લખાયેલ જૈન સાહિત્ય અંગેનો આ લેખ એક જાગૃતિ સાથે સાહિત્ય સમજ વિકસાવવા માટે જરૂરી જણાય છે. આજે આ વિશેની વાત કરવાનું એક કારણ ફેબ્રુઆરી મહિનામાં આયોજિત સાહિત્ય સમારોહ પણ છે. દર બે વર્ષે યોજાતો આ ર૩મો સાહિત્ય સમારોહ છે. જેનું એક ધ્યેય જૈન સાહિત્યમાં વિદ્વાનો વધુ ને વધુ સંશોધન કરે એની જાણ પ્રજાના વિશાળ વર્ગ સુધી પહોંચે અને સમારોહ બાદ એ રજૂ થયેલા સંશોધન લેખો પુસ્તક રૂપે પ્રકાશિત થાય છે. જેથી એક સામગ્રી તૈયાર થાય અને ભવિષ્યમાં વધુ સંશોધકોને ઉપયોગી બને. આજે આપણે જૈન સાહિત્યને માત્ર ધર્મ ભાવથી નહિ પરંતુ સાહિત્યિક ભાવથી પણ વિચારીએ. ઈ.સ.ના બારમા શતકમાં શરૂ થયેલા પ્રાચીન ગુજરાતી જૈન સાહિત્યનો પ્રવાહ ઇ.સ.ના ૧૪૫૦ થી ૧૬૦૦ સુધીના દોઢસો વર્ષના ગાળામાં વધારે પુષ્ટ અને વેગવાળો જોવા મળે છે. આ સાહિત્યના મોટાભાગના રચનાકાર જૈન સાધુઓ હતા. જેમાં ભક્તિભાવનું પ્રમાણ સાહજિક રીતે જ વિશેષ હોય પરંતુ સાથે અલંકાર, ભાષા સમૃદ્ધિ, વર્ણનનું લાલિત્ય અને અનેક સાહિત્ય પ્રકારની સભરતા પણ જોવા મળે છે. કથાવસ્તુનું વૈવિધ્ય, ચમત્કારની અદ્‌ભુત શ્રેણી, પાત્રોની અનંત સૃષ્ટિથી આ સાહિત્ય રસમય બન્યું છે. પરંતુ ધર્મના નામ હેઠળ આ સાહિત્ય અંગે પૂરતા પ્રમાણમાં ચર્ચા થઈ નથી. એવા સમયે જૈન શ્રાવકની જવાબદારી વધી જાય છે કે આ સાહિત્ય રસને ઉજાગર કરે. આજે ભંડારોમાં કે વ્યક્તિઓ પાસે અનેક અપ્રકાશિત કૃતિઓ છે. જેને ઉકેલી પ્રકાશિત કરવાની છે. શ્રુતજ્ઞાનનો મહિમા જૈન ધર્મમાં પહેલેથી જ છે. પુસ્તકના પૂજન પાછળ જ્ઞાનની મહત્તા સ્થપાઈ છે પરંતુ અહીં બે બાબત મહત્ત્વની છે. આપણે માત્ર ધાર્મિક જ્ઞાન જે સૂત્ર રૂપે પાઠશાળામાં ભણીએ છીએ તેની સાથે આ સાહિત્યને કઈ રીતે જોડી શકીએ? બીજું આ સાહિત્યને ઉકેલવાની ભાષા અંગે જ્ઞાન ધરાવતા વિદ્વાનોની કેટલી સંખ્યા આપણી પાસે

છે ?

જૈન સાહિત્ય સમારોહ, જ્ઞાનસત્ર યોજીને પણ આપણે આ જરૂરિયાતને પહોંચી નહિ શકીએ. દર વખતે વિવિધ સાહિત્ય સ્વરૂપ અંગે કે પછી જૈન સાહિત્યના ઇતિહાસ વિશે કે પછી સાહિત્યકારો જેવા અનેક વિષયો પર કાર્ય કરવાનું નિમિત્ત સર્જાય છે. પરંતુ એ નિમિત્તે જે વાતાવરણ આપણી વચ્ચે નિર્માણ થાય છે, તેનાથી આપણે એવા ઘડાવાનું છે કે એ કાર્યને સતત કરતાં જ રહીએ. એ માટે આપણે સાહિત્ય અંગેની સમજ અને લાગણી બંને વિકસાવવા પડશે. સાહિત્યમાં માત્ર ધાર્મિક વિષયોની મર્યાદા નથી. ચરિત્ર, ઇતિહાસ અને લોકકથાના ક્ષેત્ર સુધી આનો વિકાસ થયો છે. લોકકથામાંથી જે કથાનક પસંદ કરાયું છે, તેનું કવિએ પોતાની કલ્પના શક્તિથી એવું તો રૂપાંતર કર્યું છે કે એ કૃતિ ભાવકને વિશિષ્ટ આનંદ આપે.

૧૯૩૧થી આજે ૨૦૧૬ સુધીમાં સાહિત્ય અંગેની પરિસ્થિતિમાં આવેલ બદલાવ કદાચ બહુ ધીમો અથવા પુરતો નથી. જૈન સાહિત્ય આપણી સંસ્કૃતિ, વિચાર, શ્રદ્ધાને પુષ્ટ કરે છે. આપણા આવનારા સમયમાં આપણને આ સાહિત્ય ટકાવશે, માર્ટિન લ્યુથર કિંગ-જુનિયરની એક વાત યાદ આવે છે. `Every man lives in two realms: the internal and the external. The internal is that realm of spiritual ends expressed in art, literature, morals, and religion. The external in that complex of devices, techinques, mechanisms, and instrumentalities by means of which we live.' દરેક મનુષ્ય બે ભાગમાં હોય છે. એક આંતરિક અને બીજું બાહ્ય વિશ્વ. જે આંતરિક વિશ્વ છે તે આધ્યાત્મિકતામાં પરિણમે છે જે કલા, સાહિત્ય, નૈતિકતા અને ધર્મમાં વ્યક્ત થાય છે અને જે બાહ્ય વિશ્વ છે તે તકનિકી, મશીનો, સાધનોની સંકુલતામાં વ્યક્ત થાય છે. આપણું અંદરનું વિશ્વ આપણને ટકાવી રાખે છે, બાહ્ય અનેક લડતો સામે લડવાની તાકાત આ અંદરની ચેતના આપે છે. આ ચેતનાનો વિકાસ સમજણથી થાય છે અને સમજણ વાંચનથી કેળવાય છે. સાહિત્યની અઢળક આપણી જ સમૃદ્ધિથી આપણે અપરિચિત છીએ તેથી મોટી રંકતા બીજી કઈ હોઈ શકે ?

જે વાત વર્ષો પહેલાં થઈ છે, તે કાર્ય કરવાનું બાકી છે તેથી જ લેખ ફરી એકવાર તમારી સમક્ષ ! આ અમૂલ્ય વારસાને જાળવી ને આપણે જ આપની ઓળખથી વંચિત થઈ જઈએ તે પહેલાં.

✷ ✷ ✷

મોબાઈલ: ૦૯૮૨૧૫૩૩૭૦૨.


## કૉરોનરી હૃદયરોગ નિવારણ પુસ્તિકાસપ્તક

## માત્ર રૂા. ૧૨૦માં ઉપલબ્ધ

સમગ્ર વિશ્વ સામે હૃદયરોગની બીમારી આજે ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. યુવાનો પણ એનો શિકાર બની રહ્યા છે. આવા સંજોગોમાં હૃદયરોગથી બચવા કેવી સાવધાની રાખવી જોઈએ અને શિકાર બન્યા પછી કેવી સારવાર લેવી જોઈએ તે અંગેનું વિસ્તૃત ગાઈડન્સ આપતી આ સાત પુસ્તિકાઓ ડૉ. રમેશ કાપડિયાએ તૈયાર કરી છે. ૫૦ વર્ષના પોતાના તબીબી અનુભવો અને 'યુનીવર્સલ હીલિંગ' કાર્યક્રમને કારણે તેઓ વિશ્વભરમાં પ્રતિષ્ઠા પામ્યા છે. તેમનાં આ પુસ્તકો પડતર કિંમતે પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને ડૉ. રમેશ કાપડિયાના સહયોગથી ઉપલબ્ધ છે. લગભગ ૩૦૦ રૂપિયાની કિંમત જેટલાં આ સાત પુસ્તકો કુલ માત્ર ૧૨૦ રૂપિયામાં મળે છે.

**કૉરોનરી હૃદયરોગ નિવારણ પુસ્તિકાસપ્તક**

| | |
|---|---|
| ૧. હૃદયરોગને ઓળખો અને અટકાવો | રૂા. ૧૫ |
| ૨. હૃદયરોગમાં તનાવ અને તનાવપ્રબંધ | રૂા. ૧૫ |
| ૩. હૃદયરોગમાં શવાસન અને ધ્યાન | રૂા. ૨૦ |
| ૪. હૃદયરોગ અને આહાર | રૂા. ૨૦ |
| ૫. હૃદયરોગ અને યુનિવર્સલ કાર્યક્રમ | રૂા. ૧૫ |
| ૬. હૃદયરોગમાં વિજ્ઞાન અને અધ્યાત્મ | રૂા. ૨૨ |
| ૭. વારંવાર પૂછાતા પ્રશ્નો | રૂા. ૧૩ |
| કુલ છાપેલી કિંમતરૂપિયા | ૧૨૦ |

પરંતુ વધુ નકલો ખરીદનારને તે નીચેની યોજના મુજબ મળશે.

૧. એક સાથે ૫૦ કે તેથી વધુ સેટલેનારને રૂા. ૯૦ લેખે, રવાનગી ખર્ચ અલગ

૨. એક સાથે ૫૦ કે તેથી વધુ સેટલેનારને રૂા. ૯૦ લેખે, રવાનગી ખર્ચ અલગ

૩. એક સાથે ૧૦૦ કે તેથી વધુ સેટલેનારને રૂા. ૭૦ લેખે, રવાનગી ખર્ચ અલગ

વધુ માહિતી માટે સંપર્ક કરો : **ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન: ૦૭૯ ૨૨૧૪૪૬૬૩. મોબાઈલ: ૦૯૨૨૭૦૪૪૭૭૭.

ઈમેલ :goorjar@yahoo.com.Website: gurjarbooksonline.com

વૉટ્સઅપ નં. 9879500182, 9825268759.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૧ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

**(તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫)**

**સાતમો દિવસ : તા. ૧૬-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - તેરમું ● વિષય : સમાધિ કા તંત્ર ● વક્તા : મનીષ મોદી**

## પરમાત્માની સ્તુતિ કરીને આપણે પાપ કાઢીએ છીએ

*[ મનિષ મોદી તેમના પ્રપિતામહે સ્થાપેલી પ્રકાશન પેઢીનો વહીવટ સંભાળે છે. તેમણે મુંબઈ વિદ્યાપીઠમાંથી બી.કોમ. અને એલએલ.બી.ની ડીગ્રી મેળવી છે. વર્ષ ૨૦૦૧માં તેમને આચાર્ય કુંદકુંદ ભારતી તરફથી સુવર્ણચંદ્રક એનાયત કરાયો હતો. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અનેક પુસ્તકોનો અંગ્રેજી અને હિન્દીમાં અનુવાદ કર્યો છે. ]*

મનિષ મોદીએ 'સમાધિ તંત્ર કા રહસ્ય' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે ચોથી અને પાંચમી શતાબ્દીમાં થઈ ગયેલા આચાર્ય દેવનંદી પૂજ્યપાદે ઈષ્ટોપદેશ અને અને સમાધિતંત્ર જેવા ગ્રંથોની રચના કરી છે. ઈષ્ટોપદેશ પ્રાથમિક સ્તરનો ગ્રંથ છે. ત્યારપછી તેના ઉપલા સ્તરે સમાધિતંત્રનો ગ્રંથ છે. ધર્મ મોક્ષ જેવી અદ્‌ભુત સ્થિતિ અપાવી શકે છે. તેથી તેના માટે ભૌતિક સુખ અપાવવાનું સામાન્ય છે. આચાર્ય સાધના માટે મન, વચન અને કાયાને ખાસ મહત્ત્વ આપે છે. આચાર્યના ગ્રંથ વૈદ્યસારમાં કાયાની, વ્યાકરણ ગ્રંથમાં વચનની તેમજ ઈષ્ટોપદેશના અને સમાધિતંત્રનામાં મનની વાત છે. ભક્તિથી શું થવાનું છે ? એવી માન્યતા છોડવી જોઈએ. વિતરાગની ભક્તિથી આપણામાં વિતરાગ પ્રવેશે છે. ભગવાન એકમાત્ર સર્વસ્વ છે એવું માનીને પ્રાર્થના કરો ત્યારે તેમાં કઈ ભાષા બોલો છો તે ગૌણ છે. કબૂતર કે માછલીને ખવડાવવાથી પુણ્ય મળે છે પણ તેનાથી વધારે અગત્યનું ભાવ શુદ્ધ રાખવાનું છે. આત્માના ત્રણ પ્રકાર છે. પહેલું બહિરાત્મા એટલે શરીરને જ આત્મા માનવો. બહિરાત્મા હંમેશાં મૂંઝવણમાં હોય છે. તેમાં જીવન શરીર કેન્દ્રિત છે એમ માને છે. ચેતના પ્રત્યેની જાગૃતિ ઓછી છે. ઈન્દ્રિયો ચપળ, ચતુર અને બિનભરોસાપાત્ર છે. તે સુખદુ:ખને ઈન્દ્રીય આધારિત માને છે. શરીરને પણ પોતાનું માને છે. બીજું, અંતરાત્મા માને છે કે આ શરીર મારું નથી, પરંતુ કર્તવ્ય છે એટલે સંસારની જવાબદારી અદા કુરં છું અને વ્યવહાર નિભાવું છું. તેને હંમેશાં અહેસાસ હોય છે કે બહારના દેહરૂપી પિંજરાથી અલગ છું. વિતરાગ અવસ્થા શકય નથી તે બાબત જાણે છે. ઘાતીયા કર્મ તો જ્યારે કપાશે ત્યારે કપાશે. તેને સમ્યક્‌દર્શન પાક્કું છે તેનાથી કર્મ પણ ઘટશે.

ત્રીજું પરમાત્મા એટલે કે જેણે બધા વિકલ્પોનું શમન કર્યું છે અને મોહનીય કર્મોને કાપી નાખ્યા છે. પરમાત્મા નિર્મળ અને શુદ્ધ છે. રાગદ્વેષ છોડી દીધા છે. પરમાત્મા અરિહંત અને સિદ્ધ હોઈ શકે છે. બહિરાત્મા મમતામાં રહે છે. મમતા હોય ત્યાં સમતા રહેતી નથી. જ્યારે પરમાત્મા પોતાનામાં લીન રહે છે. તેમની સ્તુતિ કરીને આપણે પાપ કાપીએ છીએ અને પુણ્ય ભેગા કરીએ છીએ. નર્કમાં જવા રાગદ્વેષ વધારો અને સ્વર્ગમાં જવા સત્કર્મ કરો. મોક્ષમાં જવા બધા વિકલ્પો તજો. શ્રાવક એટલે જે સાધુ બનવા શ્રમ કરે તે છે. શ્રાવક ચોથા ગુણ સ્થાનમાં હોય છે. આપણે દેરાસર જશું, પુસ્તકો વાંચશું અને ઉપવાસ કરશું પણ તેનાથી મોક્ષ નહીં મળે. વીતરાગ આવે એ અગત્યનું છે. દેરાસર જવું સારું છે. પણ તેનાથી આગળ કેમ વધાય તેનું વિચારો અને પ્રયત્ન કરો. ઈષ્ટોપદેશમાં શ્લોક છે કે જે આત્મા પ્રત્યે જાગે છે તે સંસાર પ્રત્યે સુએ છે. આત્મા અને સંસાર બંને સાથે રાખવા મુશ્કેલ છે. આત્માને પોતાનો માનવાનું છોડો અને ઈન્દ્રિયોને પોષવાનું છોડો. તેનાથી સંસારના દુ:ખોમાંથી છૂટી શકાશે. આત્માના ગુણ શબ્દાતીત છે. તેને અનુભવથી સમજી શકાય. આત્મામાં રહો, વસો અને તેની પ્રતીતિ રાખો. આ માર્ગે જ મોક્ષ મળશે.

**સાતમો દિવસ : તા. ૧૬-૯-૨૦૧૫ : વ્યાખ્યાન ચૌદમું ● વિષય : મહાવીર કા સચ્ચા માર્ગ ● વક્તા : વલ્લભ ભંશાલી**

## શુભ ભાવનારૂપી સ્ટેશનથી પાછા ન વળો ત્યાંથી અંતરની દષ્ટિનાં જવાની ટિકિટ કઢાવી આગળ વધો

*[ વલ્લભ ભણશાલી સરસ્વતી અને ધ્યાનના ઉપાસક છે. એનામ સિક્યુરિટિસના અધ્યક્ષ અને સહસ્થાપક છે. ગ્લોબલ વિપશ્યના ફાઉન્ડેશનના ટ્રસ્ટી અને ફ્લેમ આર્ટ યુનિવર્સિટીના સ્થાપક ડીરેક્ટર છે. તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કાયદાશાસ્ત્રની ડિગ્રી પણ ધરાવે છે. ]*

વલ્લભ ભંશાલીએ 'મહાવીર કા સચ્ચા માર્ગ' એ વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે સાડા બાર વર્ષની તપશ્ચર્યા પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું તે ભગવાન મહાવીરના જીવનની શ્રેષ્ઠ ક્ષણ હતી. તેમના જ્ઞાનનો અર્ક આપણે સમજવાનો છે. મહાવીર કહે છે કે હું જીવાત્મા હતો અને તમે હજુ જીવાત્મા છો. મેં ભવાત્માથી અહીં સુધી પહોંચવાનો માર્ગ શોધી કાઢ્યો તેની વાત તમને કહું છું. તમારે

અશુભમાંથી શુભભાવમાં જવાનું છે. ત્યાંથી શુદ્ધભાવમાં આગળ વધવાનું છે. અશુભમાંથી શુભ જવાનું મુશ્કેલ છે તેથી વધુ મુશ્કેલ માર્ગ શુભભાવમાંથી શુદ્ધમાર્ગમાં જવાનું છે. મનની બહાર બધું ભ્રામક કે ઠગાઈ જ છે. આપણી આદતો આરામ-સગવડો શોધવાની છે. આપણો સ્વભાવ બદલવો મુશ્કેલ છે. આ જગત સતત ચાલ્યા કરે છે. તે અટકતું નથી. હું અને અન્યો બદલાઈ શકતા નથી. આપણને રાગે બાંધી રાખ્યા છે. આવતો ભવ કેવો હશે? સુખસગવડો મળશે અને આ જન્મના રોગોનો પીછો છુટશે? તેની ચિંતા પણ છે. રાગ જીવમાં સંતાઈને બેઠો છે. રાગને આપણે પોતાની ઓળખ બનાવી દઈએ છીએ. અને તે ભવો ભવ ચાલે એમ ઈચ્છીએ છીએ. કર્મો પ્રત્યેનો રાગ પણ હોય છે. મહાવીરે કહ્યું છે કે મારી જેમ તમે પણ મહાવીર બની શકો છો. આપણને ગુસ્સો આવે ત્યારે સંયમ રાખી શકીએ છીએ. તે કામ મહાવીરના કામ સમાન છે પણ તે આપણે એકધારું કરી શકતા નથી. શુભભાવ એક સ્ટેશન છે. ત્યાંથી આપણે આગળ વધવાનું છે. ત્યાં જવું અને પાછું આવવું એવું કરવાનું નથી. શુભ ભાવના સ્ટેશનથી બહારની દૃષ્ટિ છોડી અંદરની એટલે કે આત્મા ભણી ગતિ કરવાની દૃષ્ટિરૂપી ટિકિટ લેવાની છે. બહાર બધું બદલાયા કરે છે પણ આપણી અંદર બધું કાયમી અને નિત્ય છે. તેથી જ તે સત્ય છે. આ પ્રવાસમાં ભાથું અને સામાન જોઈએ તે શું હોઈ શકે? તત્ત્વાર્થ સૂત્રના નવમા અધ્યાયમાં બાર ભાવનાની વાત છે. મનમાં જે પોતાની મેળે જાગે તે ભાવના છે. ઉદાહરણ તરીકે પિતાની સેવા કરવાની ભાવના. આ પ્રવાસમાં ત્રણ ભાવના જગાડવાની છે. પહેલું બહારનું જગત અનિત્ય છે. બહારના ભ્રમ કે ઠગાઈ બાબત પ્રત્યે જાગૃતિ રાખવી. બીજું, અશરણ ભાવ છે. આપણી અંદર જઈ પોતાનું શરણું લેવાનું છે. એકલાએ જ યાત્રા કરવાની છે તેમાં માત્ર અંદરની જાગૃતિ, કર્મ અને જ્ઞાનનું શરણ લેવાનું છે. પરમાત્માનું શરણ પણ લેવાનું નથી. ત્રીજું, વિશ્વ છે. બહારની દુનિયાની કોઈ સમસ્યા નથી. આપણી અંદર પણ વિશ્વ છે. વિશ્વ હું ચલાવું છું, હું બોલું છું અને હું જ આ બધું કરું છું. બીજાની બુરાઈ જોવામાં શુદ્ધનો માર્ગ ભૂલાઈ જાય છે. આ ત્રણ ભાવના માટે અનુચિંતન અને અનુપ્રેક્ષા એ શબ્દો શાસ્ત્રોમાં છે. આપણે બધા બધી બાબતોમાં હસ્તક્ષેપ કરીએ છીએ પણ હવે સમાનતા કેળવવાની જરૂર છે. આપણાં શાસ્ત્રોમાં મનોગુપ્તી, વચનગુપ્તી અને કાયગુપ્તી એવા શબ્દો છે. આપણે ચાલવામાં સૂતા, બોલતા (નિંદા અને કડવા શબ્દો), અને ભોજન સહિત જે લેતા હો તેમાં ધ્યાન રાખવાની જરૂર છે. જે આ પ્રમાણે કરે તેને પાપકર્મ બંધાતું નથી. આ સમતા છે. ત્યારપછી પ્રવાસ સાથે ધ્યાન રાખવાનું છે. ધ્યાન શું છે? જીવ છે તે જાણે છે તે જુએ છે અને સમજે છે. ત્યારપછી જે કરે તે ચારિત્ર છે. ચારિત્ર ધ્યાન સિવાય કશું જ નથી. પ્રવાસમાં આગળ વધતાં અંદરની દુનિયામાં રૂપ, શબ્દ, ગંધ, રસ, સ્પર્શ અને વિચાર ચાલતા નથી. મેં શાસ્ત્ર ભણ્યા, નવકાર ઉચ્ચારણ કર્યું અને તીર્થયાત્રા કરી તે ચલણ ત્યાં ચાલતું નથી. અંદરની દુનિયામાં માત્ર સમતા અને જાગૃતિ જ ચાલે છે. અંદરની ભાષામાં ચારિત્ર કેવળ અનુભવનું જ નામ છે. આપણે વિશ્વનું એક શ્રેષ્ઠ સૂત્ર બનાવ્યું છે. તે એ કે જે પણ શ્રેષ્ઠ કરવા યોગ્ય છે તેના માટે કાયોત્સર્ગ કરવું.

શુભની આગળનું સ્ટેશન છે તેનો પ્રવાસ શરૂ કરો અને જીવનને સફળ બનાવો.

**આઠમો દિવસ : તા. ૧૯-૯-૨૦૧૫ : વ્યાખ્યાન પંદરમું ● વિષય : ઉવ્વસગહરં ગાન ● સંગીત : ડૉ. રાહુલ જોષી**

## ઉવ્વસગહરં સ્તોત્રની રચના ભદ્રબાહુસ્વામીએ કરી હતી

[ *ડૉ. રાહુલ જોશી હોમિયોપેથીમાં અનુસ્તાનકની ડિગ્રી ધરાવે છે. તેઓ મહારાષ્ટ્રના રાજ્યપાલના માનદ્ તબીબ છે. તેમણે સંગીત વિશારદની અને મુંબઈ વિદ્યાપીઠમાંથી શાસ્ત્રીય સંગીતના વિષય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવી છે. તેમણે પોતાના પિતા ડૉ. પ્રકાશ જોશી પાસે સંગીત શીખવાની શરૂઆત કરી હતી.* ]

ડૉ. રાહુલ જોશીએ ઉવ્વસગરહરં સ્તોત્રને અલગ અલગ રાગોમાં ગાઈ સંભળાવ્યું હતું. તેમાં સવારે ગાવાનો રાગ-જૌનપુરી, બપોરે ગાવાનો રાગ-ભીમપલાસ, ઉંઘવામાં મદદ કરે એવો રાગ-માલકૌશ અને સાંજનો રાગ યમન રાગનો સમાવેશ થતો હતો. ઉવ્વસગરહરં સ્તોત્રને આપણે પાર્શ્વનાથ સ્તોત્ર તરીકે પણ ઓળખીએ છીએ. આ સ્તોત્રની રચના ઈ. સ. પૂર્વે ૪૨૮માં ભદ્રબાહુ સ્વામીએ કરી હતી. તેમના ભાઈ વરાહમીહીરને ત્યાં પુત્રજન્મ થયો ત્યારે ભદ્રસ્વામીએ જ કહ્યું કે આ બાળક સાત દિવસ જ જીવશે અને તેના મૃત્યુમાં બિલાડી નિમિત્ત બનશે. જ્યારે વરાહમીહીરે આગાહી કરી કે આ બાળક ૧૦૦ વર્ષનો થશે. આઠમા દિવસે ઘરના દરવાજાની ફ્રેમ પડી અને બાળકનું મૃત્યુ થયું હતું. તે દરવાજા ઉપર બિલાડીની તસવીર હતી.

આ બનાવથી વરાહમીહીરને ભારે આઘાત લાગ્યો અને તેઓ જંગલમાં ચાલ્યા ગયા. બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. બીજા જન્મમાં જંગી થઈને સહુને હેરાન કરતા હતા. તેથી લોકોએ ભદ્રબાહુ સ્વામીને મુક્ત કરાવવાની વિનંતી કરી હતી. ત્યારે ભદ્રબાહુ સ્વામીએ આ સ્તોત્રની રચના કરી હતી. શરૂઆતમાં તેનું નામ ઉપસર્ગ સ્તોત્ર હતું.

## આઠમો દિવસ: તા. ૧૯-૯-૨૦૧૫ • વ્યાખ્યાન સોળમું • વિષય : સવ્વે જીવા ખમંતુ મે...છે ખરું ?

**• વક્તા : પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ •**

# જૈન દર્શન એટલે માણસ, પશુપંખી અને પ્રકૃતિના અસ્તિત્વનું દર્શન

*[ જૈન સાહિત્ય, ચિંતન, અધ્યાત્મ, પત્રકારત્વ અને શિક્ષણ ક્ષેત્રમાં જાણીતા કુમારપાળ દેસાઈએ ગુજરાત સાહિત્ય ભવનના ડીરેક્ટર અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન જેવા હોદ્દા શોભાવ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ૨૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડીગ્રી મેળવી છે. 'ગુજરાત સમાચાર' દૈનિકમાં ૪૧ વર્ષથી 'ઈંટ અને ઇમારત' કોલમ લખે છે. તેમના અનેક પુસ્તકોનો અનુવાદ હિન્દી અને અંગ્રેજી ભાષામાં થયો છે. ]*

જાણીતા ચિંતક કુમારપાળ દેસાઈએ 'સવ્વે જિવા ખમંતુ મે... છે ખરું ?' વિશે વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે જૈન દર્શનની વિશિષ્ટતા એ છે કે તે વૈશ્વિકદર્શન છે. તે દર્શન પ્રાણી એકતા પુરતું મર્યાદિત નથી. તેમાં માણસ, પશુપંખી અને પ્રકૃતિના અસ્તિત્વનું દર્શન છે. જૈન ધર્મના શાશ્વત સિદ્ધાંતોને વર્તમાન જીવનમાં ઉજાગર કરવામાં અને આરોગ્યશાસ્ત્રને સમજાવવામાં ઉણા ઉતર્યા છીએ. આપણે શાકાહારનું મહત્ત્વ સમજાવી શક્યા હોત તો આજના કોઈ વિવાદો સર્જાયા નહોત. મહાવીરે કહ્યું છે કે જીવનો વધ એ તારો પોતાનો વધ છે. મનુષ્ય અને પ્રાણીઓના સંબંધોનો વિચાર માત્ર જૈન ધર્મમાં થયો છે. અહિંસાના પ્રશિક્ષણ માટે આપણે પાઠશાળા શરૂ કરવી જોઈએ. ગાંધીજીએ કહ્યું છે કે હિંસા કરતાં અહિંસાનું બળ અનેકગણું વધારે છે, જે લોકોએ પ્રાણીઓને માત્ર બચાવવાની જ નહીં પણ તેઓના જીવનની વાત કરી છે. અમેરિકાના જોન્સ રોબિને માંસાહારના દુષ્પરિણામો વિશે લખ્યું છે. આપણે એવી કોઈ પ્રયોગશાળા ઊભી નથી કરી કે જેમાં હિંસાના ખરાબ અને અહિંસાના સારા પરિણામો વિશે વૈજ્ઞાનિક રીતે અભ્યાસ થાય અને તેના તારણો બહાર પડે અને આજનું તાર્કિક અને બૌદ્ધિક જગત તેનો વિચાર કરે. આ કામમાં જૈન સમાજે પહેલ કરવાની જરૂર છે. પાંજરાપોળોએ સંગઠીત થઈને પ્રાણીઓમાં થનાર રોગોનો અભ્યાસ, તેઓ પર થતા પ્રયોગો અને પ્રાણીઓ વિશેના સંશોધનની વિગતો જગતને આપવી જોઈએ. સામાયિક અને પ્રતિક્રમણ કરતાં પહેલાં ઈરિયાવાઈ સૂત્રમાં ધર્મઆરાધના માટે આવતાં રસ્તામાં કોઈ જીવની હિંસા અજાણે થઈ હોય તો તેની ક્ષમા માગવામાં આવે છે. માણસના ચિત્તમાં અહિંસાના સંસ્કાર મૂકવામાં આવે તો પછી બહુ વાંધો આવતો નથી. સ્વામીનારાયણ સંપ્રદાયના લોકો ઉત્તમ શાકાહારી વાનગી આરોગવા માંસાહારીઓ૦ને બોલાવે છે અને સાથે તેઓને રેસીપી લઈ જવા આપે છે. આ રીતે તેઓ સીધા હૃદયમાં પેસીને શાકાહારનો પ્રચાર કરે છે. ઈંગ્લેન્ડમાં નીતિન મહેતા નામના જૈન હાઈડપાર્કમાં માંસાહારીઓને બોલાવીને જૈન વાનગીઓ જમાડે છે. સાથે રેસીપી આપીને શાકાહારનો પ્રચાર કરે છે. તેમની કિર્તી છેક બકીંગહામ પેલેસ અને ત્યાંની પાર્લામેન્ટ સુધી પહોંચી છે. ઇરિયાવાઈ સૂત્રમાં નાનામાં નાના જંતુની વાત છે. તેમાં જંતુને તકલીફ આપવા બદલ ૧૮,૨૪,૧૨૦ જીવોની માફી માંગવામાં આવે છે. જૂનાજમાનામાં ઘરની દિવાલ બનાવતા કબૂતર અને ચકલી માટે બખોલ બનાવવામાં આવતી હતી. કેટલાક લોકો વર્ષમાં કેટલા વસ્ત્રો વાપરવા તેનું પચ્ચક્ખાણ લેતા હતા. અગ્રણી ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈ વર્ષમાં ચાર ધોતિયા જ વાપરતા હતા. આપણી અપરિગ્રહતા અને અહિંસાની સૂક્ષ્મતા છે. આ જાણકારી જીવનમાં ઉતરી નથી તેનો અફસોસ છે. આપણા પરિવારોમાં પહેલી રોટલી ગાય અને કૂતરા માટે રાખવામાં આવતી હતી. જાણીતા દાનવીર દીપચંદ ગાર્ડીને કીડીયારું ભરવાનું બહુ ગમતું હતું. જાણીતા થિંકરનું વાક્ય છે હિંસાની શરૂઆત ડાયનીંગ ટેબલ પરના છરીકાંટાથી થાય છે. ૧૨૫ વર્ષ પહેલાં વીરચંદ ગાંધીએ અમેરિકામાં 'સાયન્સ ઓફ ઈટીંગ' વિશે ઉપદેશ આપ્યો હતો. તેમણે કહ્યું છે કે માંસાહારથી પ્રાણી જેવા થવાય છે. જમતાં પહેલાં હાથ ધોવા જોઇએ. 'યુનો'એ તાજેતરમાં ફતવો બહાર પાડીને જમતાં પહેલાં હાથ ધોવાનો ઉપદશ આપ્યો હતો. ૧૮ પાપસ્થાનકમાં પ્રાણાતીત પાપને પહેલાં સ્થાનમાં મૂકવામાં આવ્યું છે. બીજા જીવ ઉપર દયા કરીને તમે પોતાની જાતનું ભલું કરો છો. જીવદયાની સાથે અભયદાનનો મહિમા છે. પહેલાં જ્ઞાન મેળવીને પછી દયા કરો.

આ જગતમાં અનાજની તંગી માંસાહારીઓને લીધે છે. હત્યા કરતાં પહેલાં મરઘીને કમ સે કમ ત્રણ માસ સુધી ખવડાવવું પડે છે. તેથી ભૂખમરો દૂર કરવા બધાએ શાકાહારી બનવું જોઈએ. આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યાયમાં કોઈપણ જીવની હિંસા ન કરવી એ શાશ્વત ધર્મ છે. અહિંસા એ બાહ્યાચાર નથી પણ જીવનશૈલી છે. પ્રાણીઓના રક્ષણની જવાબદારી આપણી છે. આપણામાં સંવેદના, સમભાવ અને સમાનતાની આવશ્યકતા છે. સંવેદના નષ્ટ થાય તો કુટુંબ, સ્નેહ, સંબંધો અને સંસ્કાર નષ્ટ થશે. સમભાવનો વિસ્તાર એ જૈન ધર્મનું લક્ષણ છે. જૈન ધર્મ પાળવા વૈશ્વિક દર્શન જોઈએ. હું જગતનો અંશ છું એવી ભાવના કેળવો. સમાનતા એટલે કે હવે ધર્મના સ્થાનો ઉપર ધનનું પ્રભુત્વ વધ્યું છે. આપણાં ધર્મમાં પુણ્યશ્રાવક એ જ ઉત્તમ પુરુષ છે. આપણે મહાવીર અને ગૌતમના અનુયાયી તરીકે એકઠા થઈએ તો જીવોનું રક્ષણ કરી શકીશું.

✶ ✶ ✶

# ભાવ-પ્રતિભાવ

(૧)

'પ્રબુદ્ધ જીવન'ને આપે કેટલું બધું સંવાર્યું છે ? સંવાદિત બનાવ્યું છે ? સંસ્કાર્યું છે ? અને સુપ્રસિદ્ધ કર્યું છે ? તેનો ખ્યાલ તેમના વાંચકોએ લખેલા પ્રતિભાવો પરથી અને તેના ફેલાવા પરથી આવે છે.

અહીંનો એક લેખ પ્રસિદ્ધ થયો તેનાં ભાવ-પ્રતિભાવો દેશ અને દુનિયામાંથી અમને સાંપડ્યા છે...તેથી તો 'પ્રબુદ્ધ જીવન'ના મહત્ત્વનો ખ્યાલ આવ્યો. આપની જહેમતને અમારા નમન...

**□ નકુલ ભાવસાર**

વ્યવસ્થાપક, ગ્રામ સ્વરાજ સંઘ,નીલપર-કચ્છ

(૨)

શ્રીમદ્ રાજચંદ્ર, પૂ. ગાંધીજીથી બે વર્ષ મોટા હતા. બંન્ને સૂર્ય સમાન તેજસ્વી હતા તે જાણ્યું, માણ્યું. રાજચંદ્ર, ગાંધીજીનાં આધ્યાત્મિક માર્ગદર્શક હતા, ને ભીડમાં પૂ. ગાંધીજી, શ્રીમદ્નું માર્ગદર્શન મેળવતા એ વાત તમારા તુલનાત્મક અભ્યાસથી જાણવા મળી. વળી, આ બંન્ને ઋતંભરા પ્રજ્ઞાનાં સ્વામી, છતાં, ગૃહસ્થી , ટૉલ્સટોયથી અને રસ્કિન પણ ચડિયાતા, કે જેનામાં ખુદ ગાંધીજીને પણ ધર્મપરિવર્તનમાંથી બચાવવાની અમોઘ શક્તિ પડી હતી, તે નવું જાણવા મળ્યું. શ્રીમદ્ રાજચંદ્ર, પૈસા જેવી દુન્યવી બાબતોથી પર (above) હતા. અતિ સંવેદલશીલ આત્મા ધરાવતા હતા. પરહિત કાજે લાખો રૂપિયાના દસ્તાવેજો ફાડી નાખ્યાના ઉલ્લેખો, અન્યત્ર પણ વાંચ્યા છે. ગાંધીજી જે ધાર્મિક પુરુષ ભારતમાં શોધવા ઇચ્છતા હતા તે તેમને શ્રીમદ્ રાજચંદ્રમાંથી મળ્યા, એ એક ઐતિહાસિક બાબત ગણાય, તેને ઉજાગર કરવા માટે તમારી કલમને ધન્યવાદ.

શ્રીમદ્નું સાદું ભોજન, સાદો પોષાક, ધીમી ચાલ, અને આંખમાં ચમત્કાર-તેજસ્વીતા પણ જાણ્યું અને માણ્યું. વળી તેઓ આત્મા-પરમાત્મા, મુક્તિ-મોક્ષ ઉપરાંત પુનર્જન્મના પણ જ્ઞાતા હતા, તે વિષે જાણીને મારો આત્મા પણ પુલકિત થઈ ગયો! કેવા કેવા મહાન આત્માઓ આ ભારત-પૂર્વના દેશોમાં હત થઈ ગયા ! તેમની વચ્ચેનો બધો પત્રવ્યવહાર પ્રકાશિત થાય તો તે તમારી જેમ સૌને ગમે. કેટલાક મહાનુભાવો જનકરાજાની જેમ દેહમાં રહ્યા છતાં વિદેહી હોય છે. તે તમે પૂરવાર કર્યું.

**□ હરજીવન થાનકી**-પોરબંદર

(૩)

ગુણવંત શાહનો લેખ વાંચ્યો, વિચાર્યો. જૈન બનાય નહિ પણ હોવાય. તીવ્ર સંવેદના ધરાવતી કોઈ પણ વ્યક્તિને જૈન ગણવામાં વાંધો શો ? સારો અને સાચો માનવી પોતાને જૈન કહેવડાવે તો તેમાં શી હરકત ?

કોઈ પણ ધર્મે, તેની સંકુચિતતા ક્રિયાકાંડ કે કર્મકાંડથી મુક્ત થવાની જરૂર રહે. આ દુનિયામાં હજુ એક પણ તળાવ એવું નથી શોધાયું કે જેને તળીયે કાદવ ના હોય ! સ્થાપિત હિતો પ્રત્યેક ધર્મની ઘોર ખોદતાં રહે છે, પોતાનું આધિપત્ય જમાવતાં રહે છે. તેથી ધર્મ મૂંઝાતો-ચૂંથાતો રહે છે. આ દુનિયામાં સમયાંતરે કેટલા બધા ધર્મ, સંપ્રદાયો પાંગર્યા, સૌ પોતપોતાની વાડાબંધી કરતા રહ્યા. ભૌગોલિક પરિસ્થિતિની ઉપેક્ષા થતી રહી. જે સ્થળે, જે ધર્મ પાંગરે તે સ્થળના વાતાવરણની અસર તો તેના પર રહેવાની જ.

મૂળ વાત તીવ્ર સંવેદનાની છે. કોઈનું દુ:ખ જોઈ આપણું હૃદય જો પીગળે તો આપણે જૈન કહેવાઈએ. મા. શ્રી સી. કે. મહેતા અને તેમનાં ભાણેજ ભારતીબેન મારી દૃષ્ટિએ સવાયા જૈન પુરવાર થયા.મારી પુત્રીની વેદનામાં તેમને 'પોતાની પુત્રી' દેખાઈ. તેમણે તમારી ભલામણથી મને મદદ કરી તેથી મારા આત્માએ ખૂબ પ્રસન્નતા અનુભવી. અંદરખાનેથી હું પણ જૈન બની ગયો ! કેવો ચમત્કાર ?

**□ હરજીવન થાનકી**-પોરબંદર

(૪)

તમે, મારા વતી, દાતાશ્રી સી. કે. મહેતા ઉપર મુકેલી શ્રદ્ધા ફળી છે. તેમણે રૂપિયા પાંચ લાખનો ચેક મોકલીને પોતાની સહૃદયતા સાથે સંવેદનશીલતા વ્યક્ત કરી છે, તેથી મારા પરિવારમાં અત્યંત હર્ષ, ખુશી સાથે આભારની ભાવના છવાઈ ગઈ છે. ઇશ્વર આપ સૌનું કલ્યાણ કરે, તેવી લાગણી આ પત્ર દ્વારા વ્યક્ત કરું છું. હું તો સાદો-સીધો નમ્ર બ્રાહ્મણ છું. મેં કદી આટલી મોટી સખાવતની આશા રાખી નહોતી. હાલમાં, ચિ. વર્ષા, અહીં અમારે ઘેર આરામ કરવા આવી છે. તેને પણ પ્રસન્નતા થઈ. તેનાં હૃદયનાં બે વાલ્વ બદલવાનું ઑપરેશન સફળ થતાં, તે નવું જીવન અને જગત જોવા પામી છે. મારા પાંચ બાળકોમાં તે સૌથી મોટી પહેલા ખોળાની દીકરી હોઈ તેના બા, પ્રભા પણ આપ સૌની ભલી લાગણીથી પ્રભાવિત થયાં છે. મને ૮૧ તો તેમને ૭૪ વર્ષ થયાં છે. મારું આખું જીવન વાંચવા, વિચારવા અને લખવામાં પસાર થયું હોવાથી પૈસા પ્રાપ્ત કરવાનો કે ભૌતિક સુખ મેળવવાનો કદી વિચાર જ નથી આવ્યો. શરૂઆતથી જ સાદું જીવન અને ઉચ્ચ વિચારમાં ગાળતો આવ્યો છું. ૩૫ વર્ષના શિક્ષક તરીકેના વ્યવસાયમાં મેં કદી ટ્યૂશનો કર્યાં નથી. કેવળ પગારમાં જ ચલાવ્યું છે. મારા મામા કવિશ્રી દેવજી રા.

મોઢાએ મને પૈસા કે પૈસાદારો તરફ વળવા દીધો નહોતો. હું ભણતો એ દરમ્યાન પણ તેઓ મને કહેતા: 'પૈસા-બૈસા તો ઠીક! પણ, તું પાસ થઈ જા અને મારી જેમ શિક્ષક બન, અને સાદાઈથી રહે. બહુ પૈસા પાછળ શહીદ થવા જેવું નથી!' તેમની અસર નીચે આવ્યા પછી મેં પૈસા તરફ ઉપેક્ષાવૃત્તિ કેળવી, છતાં મારું કોઈ કામ અટક્યું નહીં. કુદરતે તે પૂરું કર્યું. શ્રી દેવજી રા. મોઢાનું એક મુક્તક છે:

*કેવુ વહે સભર જીવન વ્હેણ રાહ*
*સીધો ગ્રહિ મુજને, પ્રભુની દિશામાં.*

આમ, સાદાઈ, સરળતાઅને નિખાલસતામાં આખું જીવન હવે પૂરું થવા આવ્યું. ગુરુકુલ મારફત હજારો દીકરીઓને, ત્રણ ત્રણ દાયકા સુધી ભણાવી, એટલું નહીં પણ જીવનલક્ષી ભાષાકીય શિક્ષણ પૂરું પાડ્યું. આર્ય કન્યા ગુરુકુલમાં ૧૫૦૦ બાળાઓને રહેવાની, જમવાની અને ભણવાની સગવડ હતી. ધોરણ પાંચથી બી. એ. સુધીની સગવડ. શેઠશ્રી નાનજી કાલીદાસ મહેતાનું ગુરુકુલ ચાલે છે. તેમાં શિક્ષણ લઈને હજારો બાળાઓ પોતાનાં સંસારને દીપાવી રહી છે. સુશ્રી સવિતા દીદી, અમારા આચાર્યા હતાં. તેઓશ્રી મણિપુરી નૃત્યકાર પણ હતાં. દર વર્ષે ત્રણ દિવસનો વાર્ષિક ઉત્સવ યોજાતો, તેમાં અનેક મહાનુભાવો પધારતાં. તેમના પ્રવચનોનો લાભ પણ મળતો. આમ જીવન વીતતું રહ્યું. અંતે તો મારે આપ સૌનો, મુ. શ્રી સી. કે. મહેતા સાહેબ, તેમનાં ભાણેજ ભારતીબેન દીપકભાઈ મહેતાનો આભાર માનવો રહ્યો. આપ સૌએ જૈન ધર્મની દાનભાવના, મારા તરફ બતાવી, તેને પાત્ર હું ઠર્યો, તેમાં મને તો કુદરતની કમાલ જણાય છે. અંતે તો સૌને વંદન.

□ **હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર

(૫)

'પ્રબુદ્ધ જીવન' નિયમિત અમારે ખોરડે પ્રકાશ પાથરવા આવ્યા કરે છે. પ્રકાશ ભરનીંદરમાંથી જગાડે તેવો ઝળહળાટ પાથરે છે. પર્વાધિરાજ પર્યુષણ અંક તો જ્ઞાનસાગર છે. અજૈનો માટે શ્રેષ્ઠ વિચારોનું પ્રદાન તો કરે જ છે. ને ક્યારેક પણ કણ આચરણ બની શકે છે. બાકી અમે તો કડવી વેલે તૂંબડાં કહેવાઈએ. મારી ઉંમર ૯૪મા વર્ષમાં પ્રવેશી રહી છે ત્યારે 'પ્રબુદ્ધ જીવન' સહારો બનેલ છે. વેદના ત્રણ ઋષિઓ ઇચ્છતા હોય છે દશે દિશાએથી સારા વિચારો પ્રાપ્ત થાઓ. 'પ્રબુદ્ધ જીવન' કલ્યાણકારી વિચારોનો પ્રસાર કરી જીવનને ઉજાળે છે.

□ **શંભુ યોગી**
કનૈયા મહાડ, વડનગર-૩૮૪ ૩૫૫. જિ. મહેસાણા

(૬)

નવેમ્બર ૨૦૧૫ના સંપાદકીય પર નજર કરતાં જ એમાં ઝંપલાવવાનું મન થયું છે. એમાંની 'એક યુવાન સાથેની વાત'ના સંદર્ભમાં...

મને પુનઃ પુનઃ માનવદેહ મળે જેથી હું પ્રત્યેક જીવને પ્રેમ કરી શકું. અહીં પ્રેમને બદલે કરુણા શબ્દ મૂકો તો? વર્તમાનમાં પ્રેમના જે અર્થ સંદર્ભો છે એટલે. બાકી તો આ ભાવનાઓની સાર્થકતા અમાપ છે.

ગૌતમ બુદ્ધે કદાચ એવું કહ્યું છે કે જ્યાં લગી જગતનો છેલ્લો જીવ નિર્વાણ ન પામે ત્યાં લગી એને નિર્વાણ નથી જોઈતું. જ્યારે અમુક ચિંતકો આવી ભાવનાને વ્યક્તિગત અહમ માને છે.

એ જ સંવાદમાં આપે પુનર્જન્મ, આત્માના અસ્તિત્વ અને કર્મબંધનની ઘટના પ્રત્યે શ્રદ્ધા બતાવી છે. અને નિયતિ કર્મ અનુસાર બને છે, એમ પણ કહ્યું. તો આપનું જીવનદર્શન સ્પષ્ટ છે. છતાં એ કાળ ભગવાન પાસે 'અમને વિકલ્પોમાંથી છોડાવો' એવી પ્રાર્થના કેમ કરી?

હું આ વાતોમાં નિશ્ચયપૂર્વક કંઈ કહી શકતો નથી, પણ એક સિદ્ધાંત કે પરિકલ્પના ચિત્તમાં ઉપસે છે કે, કર્મ પુદ્ગલ રૂપે છે. એનું પદાર્થ જગતનું dynamics છે. ચૈતન્ય બેહોશીમાં હોય ત્યારે આ dynamics સક્રિય હોય. જ્યારે ચૈતન્ય અપ્રમાદમાં પ્રવૃત્તમાન હોય ત્યારે પદાર્થ જગતનું dynamics બંધ પડે; એ software કામ કરે નહીં અથવા એમ કહો કે ચૈતન્ય જગતનું dynamics ઉચ્ચ સ્તરનું છે.

મનુષ્યના મનને – ચિત્તને બધું, તર્કસંગત, કાર્યકારણના નિયમો અનુસારનું જ જોવામાં રસ છે.

જયંત નારલીકર કહે છે કે જગતની રચના આપણે ઈચ્છીએ એથી ઘણી વધુ જટિલ છે.

□ **કિર્તીચંદ્ર શાહ**
૧૩, ઋષભ મહાલ, ઑફ હાજી બાપુ રોડ,
મલાડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૭

(૭)

'પ્રબુદ્ધ જીવન' નિયમિતતા, મુખપૃષ્ઠ અને વિશેષ પ્રકારનું સાહિત્ય સતત પીરસતું રહ્યું છે જ.

પ્રકાશનો, વ્યાખ્યાનમાળા, બે સૂર્ય, સેજલ શાહનો લેખ જે નવતર પ્રયોગથી આલેખાયેલો છે તેનાથી વિશેષ પ્રભાવિત થવાયું. તંત્રી મહાશયને હૃદયપૂર્વક ધન્યવાદ આપું છું. ૧૯૧૯ની સાલ, રજૂઆત વિચાર ચર્ચા માગી લે છે. ઘણા અભ્યાસુ, રસરુચિવાળાને ગમશે જ. વિદેશોમાં જૈનો એ લેખ દ્વારા પણ વિશેષ જાણકારી મળવે છે. વિશ્વ એ જ જાણે પરિવારની પ્રતીતિ કરાવે છે.

ડિસેમ્બર '૧૫મા ૨૦૧૫-૨૦૧૭ની સંઘની કાર્યવાહી પાના ૩૪,૩૫ પર પ્રકાશિત કરવામાં આવેલ એ પરથી સમજાય છે કે

માત્ર સંપાદક, તંત્રી જ નહીં પરંતુ ઝાઝા હાથ રળિયામણા, યુનિટી નું પ્રમાણ પ્રકાશન પાછળ રહેલું છે. તન, મન, ધનનું યોગદાન જે દાતાઓ આપી રહ્યા છે તેઓને પ્રણામ વંદના હોય જ. 'પ્રબુદ્ધ જીવન' સમૃદ્ધિ, સામર્થ્યની એક નોખી રીતભાત પ્રકાશનોમાં પાડે છે. નિયમિતતા અને છપામણી ગમે તેવી છે. પંથે પંથે પાથેય વાંચી પ્રસન્નતા થાય છે. અભિનંદન સ્વીકારશો.

**□ દામોદર કૂ. નાગર 'જુગનુ'**

ઉમરેઠ, જિલ્લો આણંદ.મો.:૦૯૭૨૩૪૪૯૦૯૨

(૮)

'પ્રબુદ્ધ જીવન'નો હું ઘણા વર્ષોથી ચાહક, ગ્રાહક અને વાચક છું. રૂપરંગ અને સરસ મુખપૃષ્ઠ–સરસ્વતીદેવી સાથે કલાત્મક પ્રવેશદ્વારનો સરસ ભાવ હાથમાં લેતાંજ જગાડે છે. વર્ષમાં બેત્રણ વિશેષાંક પણ ઘણી મહેનત લઈ યોગ્ય વ્યક્તિઓ દ્વારા તૈયાર કરાવો છો.

આજનો સમય દૃશ્યશ્રાવ્યનો છે. રેડીયોની જગ્યાએ ટીવી વગેરે આવી ગયા છે. કહેવાય છે કે એક ચિત્ર બરાબર ૧૦૦ શબ્દો.

આપણા જાણીતા સામયિકો – નવનીત-સમર્પણ, કુમાર, ચિત્રલેખા વિગેરે લાંબા સમયથી 'સચિત્ર' રહ્યાં છે અને સારા પ્રમાણમાં વેચાય છે–વંચાય છે. મારું સૂચન છે કે આપણે પણ 'પ્રબુદ્ધ જીવન'ના અંકોમાં લેખકોની તસવીરો અથવા લેખને અનુરૂપ ૧૨-૧૫ તસવીરો મૂકી શકીએ તો સામયિકમાં ઉઠાવ આવે અને વાચકોની અપેક્ષાઓ પણ પૂરી કરી શકાય. જૈન સિમ્બોલનો ઉપયોગ પણ ઘણી જગ્યાએ કરી શકાય.

'કુમાર'માં મધુકરી વિભાગનું ચિત્ર – એક બાળક હાથમાં ૮-૧૦ પુસ્તકો લઈ ચાલતો હોય છે. કેટલું વિષયને અનુરૂપ આ ચિત્ર છે! વર્ષોથી કુમારમાં આવે છે.

તસવીરો મૂકવાથી કદાચ ખર્ચ થોડો વધુ આવે પણ એ સાથે પોપ્યુલારીટી અને સબસ્ક્રાઈબર્સ પણ વધે. તમને સૌને અને 'પ્રબુદ્ધ જીવન'ની કમિટીને આ સૂચન યોગ્ય લાગે તો ઘટતું કરશો.

**□ કિરણ શેઠ**

105, Martin Ave., Saten Islend, N.Y.10314-6807

[કોઈ પણ પ્રકારનું ચિત્ર કે ફોટો ન છાપવા એ 'પ્રબુદ્ધ જીવન'ની નીતિ રહી છે. 'પ્રબુદ્ધ જીવન' અક્ષર અને તત્ત્વને મહત્વ આપે છે. ફોટો જેટલી જગ્યા રોકે એટલી જગ્યામાં ઘણાં સુંદર વિચારો પિસાઈ જાય. શબ્દની રમણિયતા સૂક્ષ્મ છે. સ્પર્શીલી છે. –તંત્રી]

(૯)

'પ્રબુદ્ધ જીવન'ના ડિસેમ્બર ૨૦૧૫ના અંકમાં તથાગતનું દર્શન લેખમાં ભાણદેવજીએ સંક્ષિપ્તમાં બૌદ્ધદર્શનની વિગતવાર સુંદર માહિતી આપી છે. અજાણ વ્યક્તિને બૌદ્ધદર્શનના આચાર-વિચારની સુંદર સમજણ પ્રાપ્ત થાય છે. લેખ વાંચી ખૂબ આનંદ પામ્યો છું. સ્વાભાવિક છે પોતાની માના વખાણ સૌ કરે. તેનું ધ્યાન માની ખૂબીઓ પર કેન્દ્રિત રહે, ખામીઓ પર નહીં પણ પૂર્વગ્રહ વિના આ લેખ વાંચી જૈન ધર્મ પ્રત્યે મારું મન ખૂબ વધી ગયું. શાસ્ત્રોમાં સોનાની પરીક્ષાની જેમ કશ-છેદ-તાપની પરીક્ષામાં સફળ થાય તેને શ્રેષ્ઠ દર્શન માનવામાં આવે છે. સોનાને પત્થર ઉપર લીટો દોરી કશથી પરીક્ષા કરવામાં આવે પછી તેના નાના નાના ટુકડા કરી બીજી ધાતુની ભેળસેળ તપાસવામાં આવે પછી અગ્નિમાં નાખી હલકી ધાતુ દૂર કરી શુદ્ધ સોનું હોય તો તપાસવામાં આવે તેમ કોઈ પણ દર્શનના સિદ્ધાંતો-લક્ષ્યો પછી તે પ્રમાણે રચાયેલા શાસ્ત્રો, ગ્રંથો અને લક્ષ્ય પ્રાપ્ત માટેના અનુરૂપ આચાર-વિચારો આ ત્રણે પરીક્ષામાં વિરોધાભાવ વિના એકવાક્યતા જોવા મળે તો તે દર્શન સચોટ મનાય છે. સમજવા ખાતર અહિંસાના સિદ્ધાંત પછી યજ્ઞમાં બલિ ચઢાવવવાના આચાર સિદ્ધાંત વિરુદ્ધ જાય છે. વિશેષ ન લખતા માત્ર એટલું જ લખવું છે કે સર્વજ્ઞ વીતરાગે સ્થાપેલો જૈનધર્મ અને બતાવેલો મોક્ષ માર્ગ કશ-છેદ-તાપની કસોટીમાંથી સફળ થાય છે. આવો વિચાર આ લેખ વાંચવાથી આવ્યો છે.

આ જ અંકમાં હિંમતલાલ ગાંધી લિખિત 'વિદેશોમાં જૈનો અને જૈનધર્મ'માં લેખકે કોઈપણ પૂર્વગ્રહ કે ભય વિના જૈનોના આચાર-વિચારની હકીકત સ્પષ્ટ કરી છે. અમેરિકન સિટીઝન તરીકે મારા આઠ વર્ષના વસવાટ અને અઢાર વર્ષના પર્યુષણના આમંત્રણથી કરાયેલી આરાધનાના અનુભવથી એમની વાતમાં સંમતી આપતાં લખવું પડે છે કે ત્યાં ધર્મ કરવો છે પણ ધર્મી નથી બનવું કે જિન શાસનને વફાદાર નથી રહેવું એવો અભિગમ છે. ત્રીજા ભવે મરિચિએ ઉચ્ચાર્યું કે પ્રભુ ઋષભદેવના સંઘમાં ધર્મ છે અને એવો ધર્મ મારો છે તે ઉત્સુત્ર પ્રરૂપણાને લીધે અસંખ્ય વર્ષોનો સંસાર વધારી દીધો છે. જેની તાકાત ચોથા આરાની શરૂઆતમાં જ ઋષભદેવના શાસનમાં મોક્ષે જવાની હતી તેને ચોથા આરાના છેડા સુધી અસંખ્ય ભવો અને મોટા ૨૭ ભવોનું સંસાર પરિભ્રમણ કર્યું. જિનાજ્ઞા વિરુદ્ધ આચાર-વિચાર રાખનાર વિદેશમાં વસતા જૈનોને આવો કોઈ ભય નથી. કદાચ આજના પંચમકાળમાં બધે ખૂબ ઓછાને હશે. એમના લેખમાં શાસ્ત્ર વિરુદ્ધની બીજી ઘણી પ્રવૃત્તિઓનું લીસ્ટ ઉમેરી શકાય એમ છે. દર્શન-પૂજન-ભાવનામાં અવિધિ, આશાતનાના દોષ તથા એસી હોલમાં પ્રતિક્રમણ, સ્ત્રી-પુરુષ સાથે રહીને થતી સામાયિક પ્રતિક્રમણની ક્રિયા, પ્રતિક્રમણ નવા કપડાં પહેરીને કરવાનો રિવાજ, પ્રતિક્રમણમાં હાથમાં બેટરી રાખી પ્રકાશમાં પુસ્તકમાં જોવાની પ્રથા વગેરે અનેક અવિધિભર્યા આશાતના ભર્યા આચારોને ત્યાં ઘણે ઠેકાણે જોવા મળે છે અને તેને સત્ય ઠેરવવા બેહુદી દલીલો સાંભળવા મળે છે. એમનો લેખ વિદેશના સંઘોને મોકલી આપવા જેવો છે. જો

સુધારો જોવા મળે અને અવિધિ આશાતનાથી દૂર થાય એવી આશા રાખીને.

☐ **ડૉ. પ્રવીણ સી. શાહ**
અમેરિકન સિટીઝન

(૧૦)

'વિદેશોમાં જૈનો અને જૈન ધર્મ' વિશે હિંમતલાલ ગાંધીનો લેખ છે, આપણે ક્યાં જઈ રહ્યા છીએ, શું કરીએ છીએ એની વેદના આ લેખમાં છે.

જૈન ધર્મ એ પ્રભાવનાનો નહિ પણ પ્રયોગનો માર્ગ છે. પ્રયોગ છોડીને આપણે પ્રભાવનામાં પડ્યા એટલે જ એનું પરિણામ આવું આવ્યું છે અને આવશે. આવું વિદેશમાં જ છે એવું નથી; અહીં પણ આવું જ દેખાઈ રહ્યું છે. પ્રમાણ ભલે ઓછું હશે પણ પ્રભાવનાનો પ્રભાવ ક્યાંય દેખાતો નથી. પ્રભાવનાના નામે આશ્રમો, સેન્ટરો, પ્રોજેક્ટો માટે ભંડોળ કરવા પર જ પ્રાયઃ લક્ષ છે એ સાચી વાત છે. હિંમતભાઈએ આપણી સમક્ષ સાચું ચિત્ર રજૂ કર્યું છે એ બદલ ધન્યવાદ.

આત્માની સાચી શક્તિની વાતો થાય છે, પણ આત્મબળથી પ્રભાવના કેવી થાય એનો પ્રયોગ થશે ત્યારે સાચી પ્રભાવના થશે. એનો પ્રયોગ તો ગાંધીજીએ કરીને દુનિયાને એનું થોડું દર્શન તો કરાવ્યું જ છે ને! ચારિત્રથી ચમત્કાર ક્યારે થશે?

☐ **રમેશ દોશી**
બી-૬૦૧, નંદનવન એપાર્ટમેન્ટ, નરસિંગ લેન, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૬૪. મો. ૭૫૦૬૭૫૦૨૫૧

## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041
  --Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015
- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**
**સંપર્ક :હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**
વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

**–મેનેજર**

(૧૧)

'પ્રબુદ્ધ જીવન' સાથે ગૂંથાયેલ તાણાવાણાને ઉકેલતાં 'પંથે પંથે પાથેય'ના લેખોના આરંભકાલીન દિવસોનું સ્મરણ થઈ આવે છે. વર્ષોથી પ્રબુદ્ધ જનમાનસને આકર્ષતું રહેલું 'પ્રબુદ્ધ જીવન' આપના તંત્રીપદ તળે ક્રમશઃ નિખરતું રહ્યું છે. આવા એક સંનિષ્ઠ સામયિક સાથે અનુબંધિત થયાનો હર્ષ પણ અનુભવું છું. સ્મૃતિના સથવારે પગ માંડતા તાજા થાય છે એ દિવસો જ્યારે મેં 'પંથે પંથે પાથેય' શીર્ષકથી લખવાનું પ્રારંભેલું. હૃદયને સ્પર્શી જતી કોઈ ક્ષણ, વ્યક્તિ, સ્થાન કે પ્રકૃતિ એ લેખોના નિમિત્તે શબ્દસ્થ થતી રહી. એ સિલસિલો આજ પર્યંત અકબંધ છે. એ ઘટના પણ રોમને પુલકિત કરી જાય છે. આપને 'પંથે પંથે પાથેય' શીર્ષક એવું તો જચી ગયું કે આપે તેને 'પ્રબુદ્ધ જીવન'ના 'પ્રાઈમ પેજ' પર સ્થાન આપ્યું, અને અન્ય લેખકો પણ આ કોલમમાં પોતાની લાગણીઓને વાચા આપતા રહ્યા; ને વાચક વર્ગ સંવેદનાઓથી સમૃદ્ધ થતો રહ્યો. આ બધી બાબતોનો રાજીપો મનને શાતા પમાડી જાય છે.

તેમાં વળી વાચકોનો સ્નેહ ભળ્યો; તેની નોંધ તો લેવી જ રહી. આટલા બધાના હાથ અને હૈયા સુધી મારા ભાવો પહોંચે, મારી સાથે તેઓ સમસંવેદન અનુભવે અને પોતાનો ઉમળકો વ્યક્ત કરે, એ ગમે છે તો ખરું જ પણ કોઈ સંસ્થા કે જરૂરિયાતમંદ વ્યક્તિ વિશેનો લેખ વાંચી મારા અને જે તે સંસ્થાથી અજાણ્યા એવા લોકો તેમને આર્થિક રીતે સહયોગી થાય એ વાત કેટલી મોટી છે! વાચકને લેખક પર કેટલો વિશ્વાસ છે, સામયિક પર કેટલી શ્રદ્ધા છે તે અહીં છતું થાય છે. લેખક અને ભાવક વચ્ચે શબ્દસેતુ બનેલ 'પ્રબુદ્ધ જીવન' એ સંદર્ભમાં પણ મારા માટે વિશેષ પોતીકું લાગે છે. શબ્દની આ સફરમાં આવા આવા હમસફરો એવી તો કલ્પના જ નહોતી, સગપણ વગરના આ નેહનું મારે મન ભારે મૂલ્ય છે. અત્યારે તો હર્ષ પુલકિત થયેલા મનથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'પ્રબુદ્ધ જીવન', આપ જેવા વિદ્વાન તંત્રીશ્રી અને સૌ વાચકો સમક્ષ સ્નેહભાવથી નતમસ્તક થઈ જવાય છે. આભાર માનવા કોઈ શબ્દો ન સૂઝતા મૌનના શરણે જઈ અટકું છું.

☐ **ગીતા જૈન**
Mobile 9406585665

## ખાસ સૂચના

'પ્રબુદ્ધ જીવન'ના લવાજમના ચેક અથવા રોકડ રકમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નામે બૅંકમાં ઑફ ઇન્ડિયા BOI CURRENT A/C PRARTHANA SAMAJ BRANCH MUMBAI-400 004 A/C No. 00920100020260 એ ખાતામાં જમા કરાવીને સ્લીપની ઝેરૉક્ષ કોપી સંસ્થાની ઑફિસે મોકલવા વિનંતી.

**વ્યવસ્થાપક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# જે. પી.
# અમારા ભામાશા

જયંતીભાઈ પોપટલાલ, પણ વહાલના અને સૌજન્યના દરિયા જેવા આ ભલા ઈસમને બધા જે. પી. જ કહે.

આ સંસ્થા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે આ જે. પી. અને એમના પરિવાર સાથેનો સંબંધ ચાર દાયકાથી પણ વધુનો.

૧૯૨૯થી સ્થપાયેલી આ સંસ્થાની પ્રસિદ્ધ પર્યુષણ વ્યાખ્યાન-માળાને આર્થિક રીતે સ્થિર કરવા ૧૯૮૨માં જયંતીભાઈના પારિવારિક ટ્રસ્ટ – સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટે રૂા. દોઢ લાખ આપ્યા, અને વ્યાખ્યાનમાળાને આ ટ્રસ્ટનું નામ આપવામાં આવ્યું.

પરંતુ પ્રતિવર્ષે ખર્ચ વધતો જાય એમ આ સંસ્થાને વધુ રકમ પહોંચાડતા જાય, કોર્પસ માટે, જે આજે વીસ લાખ સુધી પહોંચી છે, ઉપરાંત આ કોર્પસના વ્યાજમાં ઘટ પડે તો બાકીની રકમ પણ મોકલી આપે. એમનો એક જ ધ્યેય – વ્યાખ્યાનમાળાનું સ્તર ચઢતું જ થવું જોઈએ. જે. પી.ની દીર્ઘદૃષ્ટિ એક બે નહિ પણ ત્રણ પેઢી જોઈ શકે એવી.

જે. પી. અમારા ડૉ. રમણભાઈના પરમ સ્નેહી. ડૉ. રમણભાઈના દેહવિલય પછી અમારે ત્યાં શૂન્યાવકાશ ન થાય એ માટે એમણે એમના લઘુબંધુ લલિતભાઈને અમારી કાર્યવાહક કમિટિને આપી દીધા.

યુવક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિ ઉપર જયંતીભાઈ પ્રેમભરી દૃષ્ટિ રાખે. અને પ્રતિપળે પ્રોત્સાહિત કરતા રહે.

આ વ્યાખ્યાનમાળાની વધુ રકમ માટે હમણાં ત્રણ માસ પહેલાં મારે એમને મળવાનું થયું. એમની તબિયત તંદુરસ્ત નહિ છતાં આપણી વાત શાંતિથી સાંભળે અને મુખ ઉપર સ્મિત રેખા એવી દર્શાવે કે આપણે એમના થઈ જઈએ. બોલી ન શકે એટલે ટેબલ ઉપર મૂકેલી અક્ષર અને ચિત્રપટ્ટી ઉપર આંગળી મૂકી આપણને જવાબ આપે. પછી આપણા મુખના ભાવની નોંધ કરી એ પ્રમાણે ઉત્સાહ અને સંમતિ આપે.

જે. પી.નો પરિવાર એટલે ભારતના સંયુક્ત પરિવારનું ઉમદા ઉદાહરણ, આશ્ચર્ય પમાડે એવું. ખૂબ જ બહોળા પરિવારને, લગભગ ૧૦૦ થી વધુ સભ્યો હશે, એકસૂત્રે બાંધી રાખવું એ સરળ નથી. આ સંયુક્તમાળાનો દોર અને મોર આ આપણા જે. પી. પરિવારના સામ્રાજ્યને એમણે જગન્નાથના રથની જેમ બધાં પાસે ચલાવરાવ્યો છે. આજે એમની પાંચમી પેઢી આ રથને ચલાવી રહી છે.

૭ મે ૧૯૨૯ થી ૯ જાન્યુઆરી ૨૦૧૬, જે. પી.નું આ મઘમઘતું જીવન વર્તુળ.

શિક્ષણ, ધર્મ, સમાજ, અને પરિવાર તેમ જ ઉદ્યોગ–આમ જીવનના બધાંજ ક્ષેત્રોમાં સફળ થવું અને યશ પ્રાપ્ત કરવો એ સિદ્ધિ અને શુદ્ધિ તો કોઈ ભાગ્યશાળીને જ મળે. જે. પી. આવો પુણ્યોદય પામ્યા અને પુણ્યકર્મનું ભાથું લઈને અહીંથી સિધાવ્યા કોઈ અન્ય પરિવારને ઉજાળું કરવા.

વ્હાલા જે. પી.! અમે, આપનો પરિવાર અને આપનું ઉદ્યોગ સામ્રાજ્ય, તેમજ જે જે હૃદયને તમારો શ્વાસ અને ચિંતન સ્પર્શ્યું હશે એ કોઈ તમને પોતાના અંતિમ શ્વાસ સુધી ભૂલી નહિ શકે. તમે એવા છો જ.

સૌના વ્હાલા આ જે. પી.નું જીવનચરિત્ર લખાવવું જોઈએ.

ૐ શાંતિ, ૐ શાંતિ, ૐ શાંતિઃ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પરિવાર**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને જાન્યુઆરીમાં પ્રાપ્ત થયેલ અનુદાન

